पञ्चशतप्रकरणप्रासाद-सूत्रणसूत्रधार-पूर्वधरमहर्षि-वाचकप्रवर-
श्री उमास्वाति-भगवत्-प्रणीतं स्वोपज्ञकारिका-भाष्ययोरुपरि चतुश्चत्वारिंशदधिक-
चतुर्दशशत-प्रकरणकर्तृ श्रीमद्-हरिभद्रसूरि-विरचितवृत्तिसमलङ्कृतम्

# શ્રી તત્ત્વાર્થાધિગમ સૂત્રમ્

## અધ્યાય-૪


(ગુજરાતી અનુવાદ)





* ભાવાનુવાદકાર *


પૂ. આચાર્ય શ્રી વિજયરાજશેખરસૂરીશ્વરજી મહારાજા


# વિદ્વદ્વર્ય પરમ પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય રાજશે





(બે ભાગ)









(બે ભાગ)










(બે ભાગ)





(બે ભાગ)










(બે ભાગ)









## ખરસૂરીશ્વરજી મહારાજા આદિએ કરેલું સાહિત્ય સર્જન





















(બે ભાગ)













(ત્રણ ભાગ)












(દશ ભાગ)









॥ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ ॥

॥ શ્રીમદ્ વિજય-દાન-પ્રેમ-રામચંદ્ર-હીરસૂરિ સદ્ગુરુભ્યો નમઃ ॥

॥ ऐं नमः ॥

ક્રમાંક:
હઠીસિંહની વાડી

**पञ्चशतप्रकरणप्रासाद-सूत्रणसूत्रधार-पूर्वधरमहर्षि-वाचकप्रवर**
**श्री उमास्वाति भगवत् प्रणीतं स्वोपज्ञकारिका-भाष्ययोरुपरि चतुश्चत्वारिंशदधिक**
**चतुर्दशशत प्रकरणकर्तृ श्रीमद् हरिभद्रसूरि विरचितवृत्तिसमलङ्कृतम्**

# ॥ શ્રી તત્ત્વાર્થાધિગમ સૂત્રમ્ ॥

## અધ્યાય-૪

## (ગુજરાતી અનુવાદ)

* ભાવાનુવાદકાર *

પ.પૂ.આ. શ્રીમદ્ વિજય **પ્રેમસૂરીશ્વરજી મહારાજાના પટ્ટાલંકાર**
પ.પૂ.આ. શ્રીમદ્ વિજય **હીરસૂરીશ્વરજી મહારાજાના પટ્ટાલંકાર**
પ.પૂ.આ. શ્રીમદ્ વિજય **લલિતશેખરસૂરીશ્વરજી મહારાજાના શિષ્યરત્ન**
અનેક ગ્રંથોના ભાવાનુવાદકાર
પ.પૂ.આ. શ્રીમદ્ વિજય **રાજશેખરસૂરીશ્વરજી મહારાજા**

* સંપાદક *

**પૂ. મુનિરાજ શ્રી ધર્મશેખરવિજયજી ગણી**

* સહયોગી *

**પૂ. મુનિરાજ શ્રી દિવ્યશેખરવિજયજી**

**પ્રથમ આવૃત્તિ : વિ.સં. ૨૦૭૦, વી.સં. ૨૫૪૦, નકલ : ૧૦૦૦**

* પ્રકાશક *

**શ્રી અરિહંત આરાધક ટ્રસ્ટ**
**પૂજ્ય આચાર્યશ્રી રાજશેખરસૂરિ ભાવાનુવાદ ભવન**
૪૯/૩૬, સીલ્વર લીફની સામે, કામતઘર રોડ, ભિવંડી-૪૨૧ ૩૦૫.

* પ્રાપ્તિ સ્થાન *

**હિન્દુસ્તાન મિલ સ્ટોર્સ**
૪૮૧, ગની એપાર્ટમેન્ટ, રતન ટોકીઝની સામે, આગ્રા રોડ, ભિવંડી-૪૨૧ ૩૦૫.
ફોન : (૦૨૫૨૨) ૨૩૨૨૬૬, મો. ૯૩૨૧૨ ૩૨૨૬૬

**મૂલ્ય : રૂા. ૧,૫૦૦/- (ભાગ : ૧ થી ૧૦)**

# સુકૃતમ્

વ્યાખ્યાન વાચસ્પતિ પરમ પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજાના સમુદાયવર્તી સિદ્ધહસ્ત લેખક પરમ પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય પૂર્ણચંદ્રસૂરીશ્વરજી મહારાજાના શિષ્યરત્ન તપસ્વી મુનિરાજ શ્રી પ્રશમપૂર્ણ વિજયજી મહારાજ સાહેબની પાવન પ્રેરણાથી **'શ્રી આલવાડા જૈન સંઘ'** તરફથી શ્રી સંઘના જ્ઞાનનિધિમાંથી આ 'શ્રી તત્ત્વાર્થાધિગમ સૂત્ર' પુસ્તક પ્રકાશનનો સંપૂર્ણ લાભ લેવામાં આવેલ છે.

શ્રી અરિહંત આરાધક ટ્રસ્ટ તેની ખૂબ ખૂબ અનુમોદના કરે છે.

*** સૂચના ***

આ પુસ્તક જ્ઞાનદ્રવ્યમાંથી છપાવ્યું હોવાથી ગૃહસ્થે મૂલ્ય ચૂકવ્યા વિના આ પુસ્તકની માલિકી કરવી નહીં. વાંચવા માટે આ પુસ્તકનો ઉપયોગ કરવો હોય તો યોગ્ય નકરો જ્ઞાનભંડાર ખાતે આપવો જરૂરી જાણવો.



અગ્નિ સંસ્કાર ભૂમિ પર નવનિર્મિત
પ.પૂ.આ.ભ.શ્રી રાજશેખરસૂરીશ્વરજી મહારાજાનું ગુરુમંદિર
નિલમ વિહાર - પાલીતાણા

## * ભૂમિકા *

પ્રસ્તુત શાસ્ત્રનું (સૂત્રનું) મુખ્ય નામ તત્ત્વાર્થાધિગમ છે. આ શબ્દનો અર્થ સંબંધકારિકાની ૨૨મી કારિકાની ટીકામાં જણાવ્યો છે. પણ વર્તમાનમાં તેને તત્ત્વાર્થસૂત્ર એવા સંક્ષિપ્ત નામથી ઓળખવામાં આવે છે. આ ગ્રંથના કર્તા પૂજ્ય ઉમાસ્વાતિ મહારાજા છે. આ સૂત્રો ઉપર ભાષ્ય પણ તેમણે જ રચેલું છે. દિગંબરો "જ્યાં વસ્ત્ર ત્યાં મુક્તિ નહિ" એવી એમની માન્યતાને બાધ આવતો હોવાથી ભાષ્યને ઉમાસ્વાતિ મહારાજા કૃત માનતા નથી. તેઓ ભલે ન માને પણ કેટલીક દલીલો વગેરેના આધારે ભાષ્ય ઉમાસ્વાતિ મહારાજાનું જ છે એમ સિદ્ધ થાય છે. જિજ્ઞાસુએ એ દલીલો પ.પૂ. આચાર્ય શ્રીમદ્ આનંદસાગરસૂરીશ્વરજી મહારાજાએ લખેલા ઉપક્રમમાંથી જાણી લેવી. એ ઉપક્રમ આ ગ્રંથના પહેલા ભાગના અંતે મુદ્રિત કરવામાં આવ્યો છે.

### ગ્રંથનો પરિચય

આ ગ્રંથ મુખ્યતયા દ્રવ્યાનુયોગનો વિષય છે. જૈનશાસનમાં દ્રવ્યાનુયોગ, ચરણકરણાનુયોગ, ગણિતાનુયોગ અને ધર્મકથાનુયોગ એમ ચાર અનુયોગ પ્રસિદ્ધ છે. અનુયોગ એટલે વ્યાખ્યાન કે વર્ણન. જેમાં જીવાદિ દ્રવ્યોના(=તત્ત્વોના) વ્યાખ્યાનની પ્રધાનતા હોય તે દ્રવ્યાનુયોગ. જેમાં આચારોનું વિશેષથી વર્ણન હોય તે ચરણકરણાનુયોગ. જેમાં ગણિત આવતું હોય તે ગણિતાનુયોગ. જેમાં ધર્મકથાનું વર્ણન આવતું હોય તે ધર્મકથાનુયોગ. આ ચાર અનુયોગોમાં દ્રવ્યાનુયોગ અને ચરણકરણાનુયોગ એ બે અનુયોગો મુખ્ય છે. તે બેમાં પણ અપેક્ષાએ દ્રવ્યાનુયોગનું મહત્ત્વ વધારે છે. પ્રસ્તુત તત્ત્વાર્થસૂત્ર દ્રવ્યાનુયોગની પ્રધાનતાવાળું છે. કારણ કે તેમાં જીવ વગેરે સાત દ્રવ્યોનું(=તત્ત્વોનું) વર્ણન છે. આથી આ ગ્રંથનું મહત્ત્વ ઘણું છે.

આ ગ્રંથને બરાબર સમજવાથી સમ્યગ્દર્શન પ્રગટે છે અને પ્રગટ થયેલું સમ્યગ્દર્શન દૃઢ અને નિર્મળ થાય છે. જેમકે પાંચમા અધ્યાયમાં

સૂત્ર ૩૨ "स्निग्धरूक्षत्वात् बन्धः" વગેરે સૂત્રોમાં કરેલું પુદ્ગલોના બંધનું વર્ણન આપણને સ્પષ્ટ સમજાવે છે કે સર્વજ્ઞ વિના બીજો કોઇ આવી બાબતો કહી શકે નહિ. આ તો માત્ર એક દૃષ્ટાંત રૂપે જણાવ્યું. બીજી ઘણી બાબતો એવી છે કે જે સર્વજ્ઞ વિના બીજો કોઇ કહી શકે નહિ.

**પ્રશ્ન–** ઉમાસ્વાતિ મહારાજા ક્યાં સર્વજ્ઞ હતા ? એ તો છદ્મસ્થ હતા એથી એમનું કહેલું સર્વજ્ઞોએ કહ્યું છે એમ કેમ કહી શકાય ?

**ઉત્તર–** પૂ. ઉમાસ્વાતિ મહારાજાએ આ બધું પોતાની મતિકલ્પનાથી નથી કહ્યું. કિંતુ તેમની પૂર્વે થયેલા વિદ્વાન અને મહાન આચાર્યોએ જે કહ્યું તેના આધારે કહ્યું છે. તેમની પૂર્વે થયેલા આચાર્યોએ પણ પોતાની પૂર્વે થયેલા મહાન જ્ઞાની આચાર્યોના કથન મુજબ કહ્યું છે એમ આગળ વધતાં વધતાં પૂર્વકાલીન આચાર્યોએ ગણધરોના ઉપદેશ મુજબ કહ્યું છે અને ગણધરોએ સર્વજ્ઞ ભગવંતે કહેલા ઉપદેશના આધારે કહ્યું છે. તેથી આ શાસ્ત્રના મૂળમાં સર્વજ્ઞ ભગવંત છે. જેના મૂળમાં સર્વજ્ઞ ભગવંત ન હોય તેવા અન્ય દર્શનકારોનું કથન સાચું ન ગણાય.

અહીં કહેવાનો આશય આ પ્રમાણે છે- જન્મથી અંધ હોય તેવા એક પુરુષે હાથીને સ્પર્શીને હાથી કેવો હોય તેનો નિર્ણય કર્યો. તેણે બીજા જન્મથી અંધ પુરુષને હાથી કેવા પ્રકારનો હોય તે કહ્યું. તેણે(=બીજાએ) ત્રીજાને કહ્યું. આમ જન્માંધ પુરુષોની ગમે તેટલી લાંબી પરંપરા સુધી હાથીના આકારનું વર્ણન થતું રહે તો પણ કોઇનેય હાથીના સાચા આકારનું જ્ઞાન ન થાય. કારણ કે પ્રથમ જન્માંધ પુરુષને હાથીના આકારનો સાચો નિર્ણય થયો નથી. આંખોથી દેખતો પુરુષ હાથીના આકારનો જેવો નિર્ણય કરી શકે તેવો નિર્ણય જન્માંધ પુરુષ ગમે તેટલો બુદ્ધિશાળી હોય તો પણ ન કરી શકે. (અહીં "જન્મથી અંધપુરુષની પરંપરા" કહેવાનું કારણ એ છે કે આ પરંપરામાં કોઇ પુરુષ દેખતો હોય તો તેને હાથીના સાચા આકારનું જ્ઞાન થવાનો સંભવ રહે પણ પરંપરામાં બધા જ જન્માંધ હોય એટલે કોઇનેય હાથીના સાચા સ્વરૂપનું(=આકારનું) જ્ઞાન ન થાય.)

તેવી રીતે પ્રસ્તુત જૈનદર્શન સિવાયના બધા જ દર્શનકારો છદ્મસ્થ હોવાથી તેમની ચાલેલી પરંપરામાં આવનારા બધા જ છદ્મસ્થ પુરુષોને આત્મા આદિ પદાર્થોના સાચા સ્વરૂપનું જ્ઞાન થતું નથી એટલે તેઓ "અમારી આટલી લાંબી પરંપરાથી આ જ્ઞાન અમને મળતું આવ્યું છે" એમ કહે તો પણ એમનું જ્ઞાન સત્ય નથી. (યોગબિંદુ ગા.૪૨૯ વગેરે)

જૈનદર્શનમાં તો આત્મા આદિને સાક્ષાત્ જાણનારા સર્વજ્ઞપુરુષથી પરંપરા ચાલી છે, એટલે જૈનદર્શનની સાચી પરંપરામાં આવેલું જ્ઞાન યથાર્થ છે, માટે આ તત્ત્વાર્થ સૂત્રને જાણવા માટે ખાસ પ્રયત્ન કરવો જોઈએ. આ ગ્રંથ માત્ર ૨૦૦ શ્લોકથી ઓછા પ્રમાણવાળો હોવા છતાં તેમાં સંપૂર્ણ જૈનશાસનનો સાર સમાવી દીધો છે. જાણે કે ગાગરમાં સાગરને સમાવી દીધો છે. તેથી જ કલિકાલસર્વજ્ઞ આ.શ્રીહેમચંદ્રસૂરિ મહારાજ સ્વરચિત સિદ્ધહેમ શબ્દાનુશાસનમાં અ.૨ પા.૨ સૂ.૩૯ માં <u>उपोमास्वातिं संग्रहीतारः</u>=ઘણા વિષયનો થોડામાં સંક્ષેપ કરવાના વિષયમાં ઉમાસ્વાતિ મહારાજા જેવા બીજા કોઈ શ્રેષ્ઠ નથી. એમ જણાવ્યું છે.

## ગ્રંથકારનો પરિચય

ગ્રંથકારની માહિતી ગ્રંથકારે પોતે ગ્રંથના અંતે પ્રશસ્તિમાં સંક્ષેપથી જણાવી છે. તે આ પ્રમાણે–

"જેમનો યશ જગતમાં પ્રગટ છે તે શિવશ્રી નામના વાચકમુખ્યના પ્રશિષ્ય અગ્યાર અંગોના જ્ઞાતા ઘોષનંદી ક્ષમાશ્રમણના શિષ્ય, વાચનાથી (ભણાવનારની અપેક્ષાએ) મહાવાચક શ્રમણ મુંડપાદના શિષ્ય, વિસ્તૃત કીર્તિવાળા મૂલ નામના વાચકાચાર્યના શિષ્ય કૌભીષણ ગોત્રવાળા સ્વાતિ નામના પિતા અને વાત્સી ગોત્રવાળી ઉમા નામની માતાના પુત્ર ન્યગ્રોધિકા ગામમાં જન્મેલા, કુસુમપુર (પાટલીપુત્ર) નામના શ્રેષ્ઠ નગરમાં વિચરતા, ઉચ્ચ નાગર શાખાના વાચક શ્રી ઉમાસ્વાતિજીએ ગુરુપરંપરાથી મળેલા ઉત્તમ અરિહંત વચનોને સારી રીતે સમજીને (શરીર-મનના) દુઃખોથી પીડિત તથા અસત્યઆગમથી

નષ્ટબુદ્ધિવાળા જગતને જોઈને જીવોની અનુકંપાથી સ્પષ્ટ અર્થવાળા આ તત્ત્વાર્થાધિગમ નામના શાસ્ત્રની રચના કરી.”

આ વિશે હું વિશેષ વિવેચન લખતો નથી. કારણ કે બહુ વિસ્તારથી લખવું પડે. બહુ વિસ્તારથી લખાયેલા લખાણને વાંચવાનો રસ બહુ અલ્પજીવોને હોય છે તથા હું આંખની તકલીફના કારણે વિસ્તારથી લખવા માટે સમર્થ પણ નથી. આથી જિજ્ઞાસુઓએ આ વિશે વિશેષ માહિતી માટે “ઉમાસ્વાતિ મહારાજા ક્યારે થયા ? કયા વંશમાં થયા” ઈત્યાદિ વિગતો જૈનપરંપરાનો ઈતિહાસ ભાગ-૧ માંથી તથા પંડિત શ્રી સુખલાલજી કૃત તત્ત્વાર્થ વિવેચનવાળા પુસ્તકમાંથી તથા પૂ.આ. ભગવંત શ્રીકેસરસૂરિજી મહારાજાના સમુદાયનાં આ. શ્રીહેમપ્રભ-સૂરિજીના શિષ્ય વિદ્વાન મુનિ શ્રીઉદયપ્રભવિજયજીગણિવરે લખેલ સિદ્ધસેનગણિકૃત ટીકાના પ્રથમ અધ્યાયના ટીકાનુવાદમાં લખેલી ભૂમિકામાંથી તથા પ.પૂ. આગમોદ્ધારક શ્રીઆનંદસાગરસૂરિ મહારાજાએ લખેલ तत्त्वार्थकर्तृतन्मतनिर्णयः નામના પુસ્તકમાંથી જોઈ લેવું.

## ટીકાકાર મહર્ષિનો પરિચય

તત્ત્વાર્થકારિકા અને ભાષ્યની ટીકા કરનારા શ્રીહરિભદ્રસૂરિ મહારાજા જૈનશાસનમાં યાકિનીમહત્તરા ધર્મપુત્ર તરીકે પ્રસિદ્ધિને પામેલા અને ચૌદશો ગ્રંથના પ્રણેતા હરિભદ્રસૂરિ મહારાજા સમજવા. એમણે ડુપડુપિકા નામની ટીકા રચી છે. શબ્દકોષમાં ડુપડુપિકા શબ્દનો અર્થ જોવામાં આવ્યો નથી. પણ ડુપડુપિકા એટલે નાવડી એવો અર્થ મને જણાય છે. આ ટીકા પૂર્વે વિ.સં. ૧૯૯૨માં રતલામ નિવાસી શ્રેષ્ઠી ઋષભદેવજી કેસરીમલ જૈન શ્વેતાંબર સંસ્થા દ્વારા મુદ્રિત થઈ હતી. તેમાં લખાયેલા ઉપક્રમ પ્રમાણે આ ટીકા સૌથી પ્રાચીન છે. અર્થાત્ સિદ્ધસેન ગણિકૃત મોટી ટીકાથી પણ પ્રાચીન છે, તેના કારણો [1]ઉપક્રમમાંથી જાણી લેવા તથા તત્ત્વાર્થસૂત્રના ભાષ્યના કર્તા પણ ઉમાસ્વાતિ મહારાજા હતા.

---

૧. ઉપક્રમ આ પુસ્તકને અંતે આપેલો છે.

તેના કારણો પણ ઉપક્રમમાંથી જાણી લેવા. ભવિષ્યમાં વિદ્વાનોને ઉપયોગી બને તે માટે આ ઉપક્રમ આ ગ્રંથના પ્રથમ ભાગના અંતમાં મુદ્રિત કરવામાં આવ્યો છે. આ. શ્રીહરિભદ્રસૂરિ મહારાજાએ છઠ્ઠા અધ્યાયના ત્રેવીસમાં સૂત્રના "વિનયસંપન્નતા" પદ સુધીની ટીકા કરી છે. ત્યાર પછી એમની ટીકા જોવામાં આવતી નથી. કદાચ એ દરમિયાન એ મહાપુરુષ બિમાર પડ્યા હોય અને કાળધર્મ પામ્યા હોય એ બનવા જોગ છે. બાકી રહેલી એ ટીકાને આચાર્યશ્રી યશોભદ્રસૂરિએ ઉદ્ધાર કરવાનો પ્રારંભ કર્યો. તેમણે ત્યાંથી(=વિનયસંપન્નતા પછીથી) દશમા અધ્યાયના છઠ્ઠા સૂત્ર સુધીની ટીકા ઉદ્ધરી[1] છે. બાકીની ટીકા તેમના શિષ્યે ઉદ્ધૃત કરી છે. આ વિગત દશમા અધ્યાયના છઠ્ઠા સૂત્રની ટીકાના અંતે લખાયેલા પાઠથી સ્પષ્ટ થાય છે. આના ઉપરથી એ પણ નિશ્ચિત થાય છે કે સિદ્ધસેન ગણિની મોટી ટીકાથી આ ટીકા પ્રાચીન[2] છે.

## અનુવાદ અંગેની માહિતી

વિ.સં. ૨૦૫૩માં મારું ચાતુર્માસ પાલીતાણામાં થયું. તે વખતે સાધુ-સાધ્વીજીઓએ મારી પાસે ચાતુર્માસમાં વાંચના આપવાની માંગણી કરી. આથી તત્ત્વાર્થસૂત્ર ઉપર વાચના આપવાનું નિશ્ચિત થયું. તત્ત્વાર્થસૂત્ર ઉપર વર્તમાનમાં સિદ્ધસેન ગણિકૃત મોટી ટીકા અને શ્રીહરિભદ્રસૂરિકૃત નાની ટીકા એ બે ટીકાઓ પ્રસિદ્ધ છે. આ બે ટીકાઓને જોતાં મને લાગ્યું કે સિદ્ધસેન ગણિકૃત મોટી ટીકા ઘણી કઠિન છે. આથી હરિભદ્રસૂરિકૃત

---

૧. અહીં ઉદ્ધૃત=ઉદ્ધાર કર્યો એ શબ્દથી શું સમજવું ? દશમા અધ્યાયના છઠ્ઠા સૂત્રની વૃત્તિના અંતે લખેલા પાઠના આધારે મને એમ સમજાય છે કે સિદ્ધસેન ગણિકૃત ટીકામાંથી ઉદ્ધાર કર્યો છે. અહીં શબ્દશઃ ઉદ્ધાર કર્યો છે એમ ન સમજવું. કિંતુ જ્યાં સિદ્ધસેન ગણિકૃત ટીકામાં પાઠ લાંબા હોય તેને ટૂંકાવી દીધા, જ્યાં શબ્દની કઠિનતા હોય ત્યાં સરળ શબ્દો મૂક્યા અને ક્યાંક પોતાને યોગ્ય લાગ્યા તેવા શબ્દો મૂક્યા. આ રીતે તેમણે ઉદ્ધાર કર્યો એમ મને જણાય છે.

૨. શ્રીહરિભદ્રસૂરિએ અપૂર્ણ ટીકા લખી એ દરમ્યાન સિદ્ધસેન ગણિએ એ ટીકાને પૂર્ણ કરવાને બદલે સ્વતંત્ર પોતાની મોટી ટીકા લખી. પછી યશોભદ્રસૂરિએ એ ટીકાના આધારે હરિભદ્રસૂરિની બાકીનો ટીકાનો ઉદ્ધાર કર્યો.

નાની ટીકા ઉપર વાચના આપવાનો નિર્ણય કર્યો. શાશ્વતી ઓળી આદિના દિવસો સિવાય ચાર માસ સુધી નિયમિત વાચના ચાલી.

આ સમયે મેં શ્રી તત્ત્વાર્થસૂત્રની શ્રીહરિભદ્રસૂરિકૃત ટીકાનો અનુવાદ કરવાનો સંકલ્પ કર્યો પણ અન્ય ગ્રંથોના અનુવાદના કારણોસર આ અનુવાદ થઇ શક્યો નહિ. વિ.સં. ૨૦૬૪માં દહાણુ સ્ટેશનના ઈરાની રોડ ઉપર આવેલા ઉપાશ્રયમાં આનો અનુવાદ શરૂ કર્યો પણ તેમાં શારીરિક બિમારી આદિ ઘણા વિઘ્નો આવ્યા. આમ છતાં વિઘ્નો રૂપ ખડકો સાથે અથડાતી કુટાતી પણ આ અનુવાદ નૌકા ઘણા વિલંબથી પણ પૂર્ણતાના કિનારે આવેલી જોઇને મારું મન હર્ષવિભોર બની જાય એ સહજ છે.

આ અનુવાદમાં વિદ્વાનોને ઘણી ક્ષતિઓ દેખાશે, ક્યાંક વિસ્તારથી લખવાનું હોવા છતાં વિસ્તારથી ન લખ્યું હોય, ક્યાંક સંસ્કૃત શબ્દને અનુરૂપ ગુજરાતી શબ્દ લખવામાં ભૂલ કરી હોય, ક્યાંક ભાવાર્થ સમજવામાં નિષ્ફળ બન્યો હોઉં, ક્યાંક સૂત્ર-ટીકાનો અર્થ ખોટો થયો હોય ઇત્યાદિ ઘણી ક્ષતિઓ દેખાશે. આમ છતાં વિદ્વાનોને હું પૂ. ઉમાસ્વાતિ મહારાજાના શબ્દોમાં વિનંતી કરું છું કે—

पुत्रापराधवन्मम मर्षयितव्यं बुधैः सर्वम् । (પ્રશમરતિ ગા.૩૧૨)

પિતા પુત્રના અપરાધને માફ કરે તેમ વિદ્વાનોએ માફ કરવું.

હું એક તરફ મારી બુદ્ધિની મંદતાને જોઉં છું બીજી તરફ આ અનુવાદને જોઉં છું તો મારી સામે 'હું આ કેવી રીતે કરી શક્યો ?' એવો પ્રશ્નાર્થચિહ્ન ખડો થાય છે પણ મારા ઉપકારી સિદ્ધાંત મહોદધિ પ.પૂ.આ.શ્રી પ્રેમસૂરીશ્વરજી મહારાજા અને નિઃસ્પૃહતામૂર્તિ પરમ ગુરુદેવ શ્રીહીરસૂરીશ્વરજી મહારાજાની દિવ્ય કૃપાદષ્ટિનું સ્મરણ થતાં જ એ પ્રશ્નાર્થચિહ્ન અદૃશ્ય થઇ જાય છે. આથી આ પ્રસંગે એ બે મહાપુરુષોને હર્ષ ભરેલા હૃદયથી વંદન કરું છું તથા વર્ધમાનતપોનિધિ (વર્ધમાનતપ આયંબિલની ૧૦૦ + ૮૮ ઓળીના આરાધક) પૂ. ગુરુદેવ શ્રી લલિતશેખરસૂરીશ્વરજી મ.ને પણ ભાવભર્યું નમન કરું છું.

## સહાયકોનું સંસ્મરણ

અનુવાદ પૂર્ણ કરી દેવા માત્રથી કાર્ય પૂર્ણ થઇ જતું નથી. અનુવાદ તૈયાર થયા પછી જ્યાં સુધી પુસ્તક રૂપે પ્રકાશિત ન થાય ત્યાં સુધી ઘણી જવાબદારી વહન કરવાની હોય છે. મુનિ શ્રીધર્મશેખરવિજયજીએ આ બધી જવાબદારી પોતાના શિરે લઇને મને એ જવાબદારીમાંથી મુક્ત કર્યો. આમ કરીને તેમણે મારા પ્રત્યે રહેલા હાર્દિક ભાવની અભિવ્યક્તિ કરી છે. અર્થની કે શબ્દની અશુદ્ધિ ન રહે એ માટે એમણે પ્રથમ અધ્યાયથી આરંભી દશમા અધ્યાય સુધીનું મેટર શાંતિથી અને એકાગ્રતાથી વાંચ્યું. પછી પ્રુફ સંશોધનમાં પણ ઘણી મહેનત કરી રહ્યા છે. પ્રુફ સંશોધનમાં મુનિ દિવ્યશેખરવિજયજી પણ ઘણો સહયોગ આપી રહ્યા છે.

મને આંખની તકલીફ થયા પછી બધો અનુવાદ લખવામાં (હું બોલું અને તે લખે એ રીતે) તેમણે જ લખી આપ્યો છે. ટીકાના પ્રારંભના ચાર અધ્યાયના અનુવાદની પ્રેસકોપી મુનિ શ્રીહિતશેખરવિજયજીએ કરી છે. બાકીના સંપૂર્ણ ભાષ્યસહિત ટીકાના અનુવાદની પ્રેસકોપી મુનિ શ્રીસુમતિશેખરવિજયજીએ સુવાચ્ય અક્ષરોમાં તૈયાર કરી છે તથા કોઇ કોઇ સ્થળે અનુવાદ લખવાનો રહી ગયો હોય તે અનુવાદ પણ તેમણે લખી આપ્યો છે.

આ પ્રસંગે મને સાધુસેવા કરવાનો ગુણ જેના સ્વભાવમાં રહેલો છે તેવા મુનિ શ્રીકૈવલ્યદર્શનવિજયજી યાદ આવ્યા વિના રહેતા નથી. વિ.સં. ૨૦૬૪નાં વાપીનાં ચાતુર્માસમાં મને આવેલી બિમારીમાં તેમણે લગભગ બે મહિનાથી પણ અધિક સમય સુધી નિઃસ્વાર્થપણે મારી હાર્દિક સેવા કરી. મુનિ શ્રીદિવ્યશેખરવિજયજી માટે હું શું લખું ? અને કેટલું લખું ? એ પ્રશ્ન મને મૂંઝવી રહ્યો છે. એમના માટે ટૂંકમાં એટલું જ લખું છું કે શરીર અનેક તકલીફોથી ઘેરાતું જાય છે અને અત્યંત કૃશ બનતું જાય છે એવી અવસ્થામાં મારા માટે એ જ સર્વસ્વ છે. દરરોજ સવાર-બપોર-સાંજે એ ત્રણે સમયે માતા જેમ બાળકને ખવડાવે તેમ મને આહાર

વપરાવે છે અને એક પછી એક દવાઓ આપે છે. મને ક્યારેક આ દૃશ્યની સ્મૃતિ થાય છે ત્યારે મારી આંખો આંસુઓથી ભીની થઇ જાય છે.

મને જ્યારે ભૂતકાળની સ્મૃતિ થાય છે ત્યારે મુનિશ્રી (હમણા પંન્યાસ) રવિશેખરવિજયજી યાદ આવ્યા વિના રહેતા નથી. વર્ષો સુધી મારી સેવા કરીને મારી સંયમયાત્રામાં અને સાહિત્યયાત્રામાં સાથ આપ્યો છે.

વિ.સં. ૨૦૫૦માં શેષકાળમાં મને પૂના - ટીંબર માર્કેટમાં ગાઢ બિમારી આવી ત્યારે મેં જીવવાની આશા છોડી દીધી હતી તેવી અવસ્થામાં એકલા[૧] હાથે મારી સેવા કરનારા મુનિ શ્રીહર્ષશેખરવિજયજીને પણ હું કેમ ભૂલી શકું ?

સહવર્તી સર્વમહાત્માઓ મારી સેવા કરવામાં સદા ઉત્સુક રહે છે આમ છતાં મારું શારીરિક આરોગ્યનું પુણ્ય અત્યંત નબળું હોવાના કારણે જેમાં સમાધિ રાખવી કઠિન બની જાય તેવી નવી નવી તકલીફો ઉત્પન્ન થયા કરે છે. આમ છતાં આવા સેવાભાવી મહાત્માઓના પ્રભાવથી મારું સંપૂર્ણ જીવન સમાધિમય બની રહે એ જ અભ્યર્થના.

આ અનુવાદમાં ગ્રંથકારના આશયથી, ભાષ્યકારના આશયથી, ટીકાકારના આશયથી અને જિનાજ્ઞાથી વિરુદ્ધ કંઇ પણ લખાયું હોય તેનું મિચ્છા મિ દુક્કડં આપવાપૂર્વક મારી લેખિનીને અહીં થોભાવી દઉં છું.

**- આચાર્ય રાજશેખરસૂરિ**
વિ.સં. ૨૦૬૬, આસો વદ-૧૨
કલ્પનગરી, મુંબઇ-મુલુંડ

૧. આ સમયે મુનિ શ્રીધર્મશેખરવિજયજી પણ પૂના હતા, તેઓ કેમ્પમાં ગાઢ બિમારીના કારણે પથારીવશ થયેલા મુનિ શ્રીકર્મજિતવિજયજી મ.સા.ની સેવામાં રોકાયેલા હતા.

## ⁂ સંપાદકની સંવેદના ⁂

સિદ્ધાંત મહોદધિ પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજાના ગુરુકુલવાસમાં વસીને સિદ્ધહસ્ત ભાવાનુવાદકાર પરમ સંવેગી પૂજ્યપાદ ગુરુદેવ આચાર્યદેવ શ્રીમદ્ વિજય રાજશેખર સૂરીશ્વરજી મહારાજાએ ૫૫ વર્ષના નિર્મળ સંયમની ક્ષણોને સંયમ, સ્વાધ્યાય અને ગુરુસમર્પણભાવની પવિત્ર ગંગોત્રીમાં અવગાહન કરતાં લગભગ આઠ વર્ષના અલ્પ ચારિત્ર પર્યાયે તો અત્યંત કઠીન ગણાતા 'પએસબંધો' નામના કર્મગ્રંથ વિષયક ગ્રંથરત્નની ટીકા રચી. ત્યારથી પ્રારંભાયેલી પૂજ્યશ્રીની સાહિત્યયાત્રા અવિરત ચાલતી રહી. અત્યંત નાજુક નાદુરસ્તી વચ્ચે પણ આંતરિક મજબૂત લોખંડી મનોબળના કારણે આત્માને તંદુરસ્ત બનાવે તેવા કેટલાય ગ્રંથરત્નોના ભાવાનુવાદ, લેખન, સંપાદન, સંકલન કર્યા. સાહિત્યયાત્રાનું અંતિમ માઈલસ્ટોન કહીએ તો પ્રસ્તુત 'તત્ત્વાર્થાધિગમ સૂત્ર' આ ગ્રંથ સાથે અનેક ઘટનાઓ સંકળાયેલી છે. 'श्रेयांसि बहुविघ्नानि महतामपि जायते' આ ઉક્તિ આ સર્જનમાં સાર્થક નીવડી છે.

પ્રેસર (ઉંચું લોહીનું દબાણ)ની તકલીફ વધતાં તેની અસર પૂજ્યશ્રીની ચક્ષુ ઉપર થઈ. તાત્કાલિક ઉપાયો કરાવવા છતાં એક આંખે લગભગ દૃષ્ટિ જતી રહી. એક આંખથી પણ કામ ચાલું રહ્યું. તેમાં ભીવંડીના ચાતુર્માસ દરમિયાન બીજી આંખમાં મોતીયો ઉતરાવ્યો. લેન્સ જે નંબરનો હોવો જોઈએ તેના કરતાં જૂદો બેસાડ્યો. પરિણામે બીજી આંખે પણ લગભગ દેખાવાનું બંધ જેવું થયું. આ દરમિયાન તત્ત્વાર્થાધિગમ સૂત્રનો ભાવાનુવાદ ચાલું હતો. મુંબઈમાં ડૉ. સુજલ શાહ કે જેઓ પ્રભુશાસનના તત્ત્વજ્ઞાનના પરમ પિપાસુ, સાધુ વેયાવચ્ચના રસિયા હતા. તેમના સતત સતત પ્રયાસથી લગભગ ૧૫ ટકા જેટલી દૃષ્ટિનો ઉઘાડ થયો. જે અનુવાદનું કાર્ય બાકી હતું તેના વિશાળ કદના અક્ષરોવાળી ઝેરોક્ષ નકલો કરાવી. પૂજ્યશ્રીની આંખે ચોવીશ નંબરના ચશ્મા પહેરાવ્યા. બિલકુલ નિકટમાં લાવીને અક્ષરો વંચાય તેના આધારે પૂજ્યશ્રી તેઓશ્રીના વિનયી શિષ્ય મુ.શ્રી દિવ્યશેખર વિ.ને કહેતા જાય અને ગ્રંથનું કાર્ય આગળ વધતું જાય. આ રીતે દશ અધ્યાયનું કાર્ય પૂર્ણ થતાં ખ્યાલ આવ્યો કે પ્રારંભના પાંચ અધ્યાયના 'ભાષ્ય'નો અનુવાદ તો બાકી રહી ગયો છે. તે પણ આવી આંખે પૂજ્યશ્રીએ પૂર્ણ કરાવ્યો. સવાર થતાં જ ગુરુ-શિષ્યની જોડી આ કાર્યમાં જોડાઈ જાય એ સુખદ દૃશ્ય તો જેણે જોયું તે ધન્ય બન્યા ! જૈનશાસનના રાજા જેવું તૃતીયપદ મળ્યું હોવા છતાં પૂજ્ય ઉપાધ્યાયજી મહારાજાની પેલી પંક્તિ 'बाह्यदृष्टि प्रचारेषु मुद्रितेषु महात्मनः, अन्तरेवावभासन्ते स्फुटाः सर्वा समृद्धयः ॥ - જ્ઞાનસાર' ને પૂજ્યશ્રીએ સ્વજીવનની પ્રત્યેક ક્ષણોમાં સાર્થક કરી હતી.

અથાક પ્રયત્ને પૂર્ણ કરેલા અનુવાદ પછીની જે કાર્ય સિદ્ધિની સુખદ ક્ષણો હતી તેના સાક્ષી જે બન્યા હોય તે કહી શકે કે પૂજ્યશ્રી કેટલા પ્રસન્ન હતા !

સિદ્ધિની અનુભૂતિઓને અક્ષર દેહ આપીને પ્રસ્તાવના રૂપે લખવાનો જ્યારે અવસર આવ્યો તે ક્ષણે હું (મુનિ ધર્મ શે.વિ.) તથા મુ.શ્રી દિવ્ય શે.વિ. સામે બેઠા હતા. પૂજ્યશ્રી જેમ જેમ લખતા જતા હતા તેમ તેમ નેત્રો પણ સજળ બનતા જતા હતા. અત્યંત

સંવેદનશીલતાપૂર્વક લખાયેલી પ્રસ્તાવનામાં નાનામાં નાના સાધુએ કે કોઇ શ્રાવકે કંઇક મદદ કરી હોય તો તે બધાને સ્મૃતિપથમાં લીધા હતા.

અનુવાદનું કાર્ય પૂજ્ય ગુરુદેવશ્રીએ પૂર્ણ કર્યું તે વખતે એક પુણ્યાત્માને પત્ર દ્વારા જણાવ્યું હતું કે 'તત્ત્વાર્થાધિગમ સૂત્રનું અનુવાદનું કાર્ય પૂર્ણ થયું છે. પ્રેસમાં પણ મોકલી આપ્યું છે. છપાવવા વગેરેનું કાર્ય મારા શિષ્યાદિ સંભાળી લેશે. તેથી હવે ઉંમરના કારણે કે શારીરિક અસ્વસ્થતાને કારણે મારી ગેરહાજરી હોય તો પણ પુસ્તક છપાઇ જશે !' જાણે પૂજ્યશ્રીને પોતાના જીવનસમાપ્તિનો સંકેત મળી ગયો હશે !

અનુવાદ કરતી વખતે અનેક પ્રતોનો સહારો લેવાયો હતો. જે મુદ્રિત પ્રતના આધારે અનુવાદ શરૂ કર્યો હતો તેમાં ઘણી અશુદ્ધિઓ હતી, ક્યાંક ક્યાંક અનુસંધાન પણ મળતું નહોતું. વરસોથી અનુવાદની સિદ્ધહસ્તતાને કારણે પૂજ્યશ્રીએ પોતાના અનુભવથી તે તે પાઠોનું અન્ય અન્ય પ્રતોના આધારે અનુસંધાન ગોઠવી દીધું હતું. ખાસ કરીને 'શ્રી સિદ્ધસેન ગણિ' કૃત તત્ત્વાર્થની ટીકાના આધારે ઘણા સુધારા કર્યા હતા. શ્રુતોપાસિકા સાધ્વીજી શ્રી ચંદનબાળાશ્રીજી મહારાજે પણ હસ્તલિખિત પ્રત મેળવી આપવામાં ઘણી સહાય કરી હતી. આ રીતે અનુવાદ કરી શેષ કાર્ય છપાવવા વગેરેની જવાબદારી મને સોંપી પૂજ્ય ગુરુદેવશ્રી પાલિતાણા મુકામે વિ.સં. ૨૦૬૮ ના ચૈત્ર વદ ૪ ના સ્મૃતિશેષ થયા.

ગુરુદેવશ્રીની હાજરીમાં તો ક્યાંક ક્ષતિ રહી હોય તો પ્રમાર્જના કરાવવા માટે તુરંત તેમની પાસે દોડીને પહોંચી જતો હતો. હવે તેઓશ્રીની ગેરહાજરીમાં આ કાર્ય કોની પાસે કરવું ? તેમાં પૂ. બાપજી મહારાજાના સમુદાયના વિદ્વદ્વર્ય પૂ. આચાર્યદેવ શ્રી મુનિચન્દ્ર સૂ.મહારાજાને આ પ્રુફ સંશોધન માટે વિનંતિ કરતાં વરસોથી સાહિત્ય સંશોધનાદિ કારણે જેઓ પૂજ્યશ્રી સાથે આત્મીય ભાવે જોડાયેલા હતા તેથી આ અંગે હૃદયોદ્ગાર જણાવતાં એઓશ્રીએ જણાવ્યું કે 'ઋણ ચૂકવવાની સુંદર તક આપી.' પૂ. પંન્યાસશ્રી નયભદ્ર વિ.મહારાજે પણ પ્રુફ સંશોધન કર્યું. મુ.શ્રી દિવ્યશેખર વિજયજી તો સદા ઉપયોગી બન્યા રહે છે. મુ.શ્રી પદ્મશ્રમણ વિ.મહારાજે પણ પ્રુફો મેળવવામાં સહકાર આપ્યો. પૂજ્ય ગુરુદેવશ્રીએ કેટલાક સ્થળો જોવા માટે પ્રેમ-ભુવનભાનુ સૂ.મ.ના સમુદાયના વિદ્વાન પંન્યાસપ્રવર શ્રી યશોવિજયજી મહારાજને મેટર મોકલી આપ્યું હતું. તેમણે પણ કાર્ય ખંતથી કરી અનુવાદ મોકલ્યો તે પણ આ ગ્રંથમાં સમાવિષ્ટ છે.

મેટર પ્રેસમાં આપ્યા પછી ત્રણ ત્રણ વર્ષ પસાર થઇ ગયા. તેજસ પ્રિન્ટર્સના તેજસભાઇએ પણ ખૂબ ધીરજથી ચીવટપૂર્વક કાર્ય પૂર્ણ કર્યું છે. એક ગ્રંથરત્નનું સર્જન જ્યારે અનેક આરાધકોની સહાયથી પૂર્ણ થઇ રહ્યું છે ત્યારે પૂજ્ય ગુરુદેવશ્રીની હાજરીમાં ન થયાની અધુરાશ છે. છતાં પરમગુરુદેવ ગચ્છસ્થવિર પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય લલિતશેખર સૂ.મહારાજાનું વાત્સલ્ય, પ્રેરણા, અવસરે કાર્યભારને વહેલી તકે પૂર્ણ કરવાની મળતી ટકોરે આ કાર્ય પૂર્ણ થઇ રહ્યાનો સંતોષ અનુભવું છું. આ સર્જનમાં જેનો જેનો સહકાર મળ્યો તે સહુનો હું ઋણી છું.

વિ.સં. ૨૦૭૦, પોષ સુદ ૬, સોમવાર, **- મુનિ ધર્મશેખર વિજયજી ગણિ**
તા. ૦૯-૦૧-૨૦૧૪, વર્ધમાનનગર, રાજકોટ

## * વિષયાનુક્રમ *


| વિષય | પૃષ્ઠ |
|---|---|
| ◆ ચોથો અધ્યાય | ૧ |
| ◆ દેવોના ભેદો | ૨ |
| ◆ **સૂત્ર-૧ :** देवाश्चतुर्निकायाः | ૨ |
| ◆ જ્યોતિષ્કદેવોની લેશ્યા | ૪ |
| ◆ **સૂત્ર-૨ :** तृतीयः पीतलेश्यः | ૪ |
| ◆ દેવોના અવાંતર ભેદો | ૫ |
| ◆ **સૂત્ર-૩ :** दशा-ऽष्ट-पञ्च-द्वादश-विकल्पाः | ૫ |
| ◆ ભવનપતિ આદિના પ્રત્યેક અવાંતર ભેદના ભેદો | ૭ |
| ◆ **સૂત્ર-૪ :** इन्द्र-सामानिक-त्रायस्त्रिंश-पारिषद्या | ૭ |
| ◆ વ્યંતર અને જ્યોતિષી દેવોમાં ત્રાયસ્ત્રિંશ અને લોકપાલનો અભાવ | ૧૦ |
| ◆ **સૂત્ર-૫ :** त्रायस्त्रिंश-लोकपालवर्ज्या व्यन्तर-ज्योतिष्काः | ૧૦ |
| ◆ ભવનપતિ અને વ્યંતરનિકાયમાં ઈન્દ્રોની સંખ્યા | ૧૦ |
| ◆ **સૂત્ર-૬ :** पूर्वयोर्द्वीन्द्राः | ૧૦ |
| ◆ ભવનપતિ અને વ્યંતરનિકાયમાં લેશ્યા | ૧૨ |
| ◆ **સૂત્ર-૭ :** पीतान्तलेश्याः | ૧૨ |
| ◆ દેવોમાં મૈથુનસેવવાની વિચારણા | ૧૩ |
| ◆ **સૂત્ર-૮ :** कायप्रवीचारा आ ऐशानाद् | ૧૩ |
| ◆ ઈશાનથી ઉપર મૈથુનસેવન | ૧૪ |
| ◆ **સૂત્ર-૯ :** शेषाः स्पर्श-रूप-शब्द-मनःप्रवीचारा | ૧૪ |
| ◆ મૈથુનસેવનનો અભાવ | ૧૮ |
| ◆ **સૂત્ર-૧૦ :** परेऽप्रवीचाराः | ૧૮ |
| ◆ ભવનપતિનિકાયના દશ ભેદોના નામો | ૨૧ |
| ◆ **સૂત્ર-૧૧ :** भवनवासिनो-ऽसुर-नाग-विद्युत् | ૨૧ |
| ◆ રત્નપ્રભા પૃથ્વીનો સંપૂર્ણ દેખાવ (આકૃતિ) | ૨૬ |
| ◆ દશ ભવનપતિની વિશેષતા (કોષ્ટક) | ૨૯ |
| ◆ વ્યંતરનિકાયના આઠ ભેદોના નામો | ૩૦ |

- **સૂત્ર-૧૨ :** व्यन्तराः किन्नर-किम्पुरुष-महोरग .................. ૩૦
- આઠે વ્યંતરોની વિશેષતા (કોષ્ટક) .......................... ૩૪
- ત્રીજા જ્યોતિષ્કનિકાયના પાંચ ભેદોના નામો ..................... ૩૫
- **સૂત્ર-૧૩ :** ज्योतिष्काः सूर्याश्चन्द्रमसो ग्रह-नक्षत्र................ ૩૫
- જ્યોતિષચક્ર (આકૃતિ) .......................................... ૩૮
- જ્યોતિષ્ક વિમાનોનું પરિભ્રમણ ક્ષેત્ર .......................... ૪૧
- **સૂત્ર-૧૪ :** मेरुप्रदक्षिणा नित्यगतयो नृलोके .................. ૪૧
- ચંદ્ર આદિની સંખ્યા (કોષ્ટક) .................................. ૪૨
- સૂર્યાદિ વિમાનોનું પ્રમાણ (કોષ્ટક) .......................... ૪૩
- જ્યોતિષ્ક વિમાનોની ગતિથી કાળ ............................... ૪૯
- **સૂત્ર-૧૫ :** तत्कृतः कालविभागः...................................... ૪૯
- સમયથી લઇ પુદ્ગલ પરાવર્ત સુધીની સંખ્યા (ફૂટનોટ) ........ ૫૨
- સંવત્સરના પાંચ પ્રકાર .......................................... ૬૧
- પલ્યોપમના ત્રણ પ્રકાર ......................................... ૬૩
- ઉત્સર્પિણી-અવસર્પિણી.......................................... ૬૫
- મનુષ્યલોકની બહાર જ્યોતિષ્ક વિમાનોની સ્થિરતા ............ ૬૭
- **સૂત્ર-૧૬ :** बहिरवस्थिताः ............................................ ૬૭
- વૈમાનિકનિકાયનો અધિકાર ...................................... ૬૯
- **સૂત્ર-૧૭ :** वैमानिकाः.................................................. ૬૯
- વૈમાનિકદેવોના મુખ્ય બે ભેદો.................................. ૭૦
- **સૂત્ર-૧૮ :** कल्पोपपन्नाः कल्पातीताश्च.............................. ૭૦
- વૈમાનિકનિકાયના દેવલોકનું અવસ્થાન ........................... ૭૦
- **સૂત્ર-૧૯ :** उपर्युपरि.................................................. ૭૦
- વૈમાનિક ભેદોનાં ક્રમશઃ નામો .................................. ૭૧
- **સૂત્ર-૨૦ :** सौधर्मेशान-सनत्कुमार-माहेन्द्र-ब्रह्मलोक ............ ૭૧
- ઉપર ઉપર સ્થિત આદિની અધિકતા .............................. ૭૮
- **સૂત્ર-૨૧ :** स्थिति-प्रभाव-सुख-द्युति-लेश्या.................... ૭૮
- અવધિજ્ઞાનના ક્ષેત્ર (કોષ્ટક) ..................................... ૮૩

✦ ઉપર ઉપર ગતિ આદિની હીનતા .................... ૮૪
✦ **સૂત્ર-૨૨ :** गति-शरीर-परिग्रहाभिमानतो हीनाः.................... ૮૪
✦ અવધિજ્ઞાનના આકારનું ચિત્ર (આકૃતિ) .................... ૮૫
✦ દરેક દેવલોકે વિમાનોની સંખ્યા (કોષ્ટક) .................... ૯૪
✦ વૈમાનિકનિકાયમાં લેશ્યા .................... ૯૭
✦ **સૂત્ર-૨૩ :** पीत-पद्म-शुक्ललेश्या द्वि-त्रि-शेषेषु.................... ૯૭
✦ કલ્પની અવધિ .................... ૯૮
✦ **સૂત્ર-૨૪ :** प्राग् ग्रैवेयकेभ्यः कल्पाः .................... ૯૮
✦ લોકાંતિકદેવોનું સ્થાન .................... ૯૯
✦ **સૂત્ર-૨૫ :** ब्रह्मलोकालया लोकान्तिकाः.................... ૯૯
✦ નવ પ્રકારના લોકાંતિક દેવોનાં નવ નામો .................... ૧૦૦
✦ **સૂત્ર-૨૬ :** सारस्वता-ऽऽदित्य-वह्न्य-ऽरुण .................... ૧૦૦
✦ કૃષ્ણરાજી .................... ૧૦૧
✦ કૃષ્ણરાજીનું ચિત્ર (આકૃતિ) .................... ૧૦૨
✦ વિજયાદિ ચાર વિમાનના દેવોનો સંસારકાળ .................... ૧૦૩
✦ **સૂત્ર-૨૭ :** विजयादिषु द्विचरमाः.................... ૧૦૩
✦ તિર્યંચસંજ્ઞાવાળા પ્રાણીઓ.................... ૧૦૫
✦ **સૂત્ર-૨૮ :** औपपातिकमनुष्येभ्यः शेषास्तिर्यग्योनयः .................... ૧૦૫
✦ સ્થિતિનો અધિકાર.................... ૧૦૬
✦ **સૂત્ર-૨૯ :** स्थितिः.................... ૧૦૬
✦ ભવનપતિનિકાયમાં દક્ષિણાર્ધના ઇન્દ્રોની ઉત્કૃષ્ટ સ્થિતિ .................... ૧૦૬
✦ **સૂત્ર-૩૦ :** भवनेषु दक्षिणार्धाधिपतीनां .................... ૧૦૬
✦ ભવનપતિનિકાયમાં ઉત્તરાર્ધના ઇન્દ્રોની ઉત્કૃષ્ટ સ્થિતિ .................... ૧૦૭
✦ **સૂત્ર-૩૧ :** शेषाणां पादोने .................... ૧૦૭
✦ ભવનપતિનિકાયના ઇન્દ્રોની સ્થિતિમાં અપવાદ .................... ૧૦૮
✦ **સૂત્ર-૩૨ :** असुरेन्द्रयोः सागरोपममधिकं च .................... ૧૦૮
✦ **સૂત્ર-૩૩ :** सौधर्मादिषु यथाक्रमम्.................... ૧૦૯
✦ **સૂત્ર-૩૪ :** सागरोपमे.................... ૧૧૦

- **सूत्र-૩૫ :** अधिके च ........................ ૧૧૦
- **सूत्र-૩૬ :** सप्त सनत्कुमारे ........................ ૧૧૧
- **सूत्र-૩૭ :** विशेष-त्रि-सप्त-दशैकादश-त्रयोदश ........................ ૧૧૧
- **सूत्र-૩૮ :** आरणाच्युतादूर्ध्वमेकैकेन नवसु ग्रैवेयकेषु ........................ ૧૧૨
- ગૈવેયકમાં સ્થિતિ (કોષ્ટક) ........................ ૧૧૪
- જઘન્યસ્થિતિના અધિકારનો પ્રારંભ ........................ ૧૧૫
- **सूत्र-૩૯ :** अपरा पल्योपममधिकं च ........................ ૧૧૫
- **सूत्र-૪૦ :** सागरोपमे ........................ ૧૧૫
- **सूत्र-૪૧ :** अधिके च ........................ ૧૧૬
- **सूत्र-૪૨ :** परतः परतः पूर्वा पूर्वाऽनन्तरा ........................ ૧૧૬
- ભવનપતિ દેવ-દેવીઓની ઉત્કૃષ્ટ સ્થિતિ (કોષ્ટક) ........................ ૧૧૭
- જ્યોતિષ દેવ-દેવીઓની ઉત્કૃષ્ટ-જઘન્ય સ્થિતિ (કોષ્ટક) ........................ ૧૧૭
- વૈમાનિક દેવીઓની ઉત્કૃષ્ટ-જઘન્ય સ્થિતિ (કોષ્ટક) ........................ ૧૧૮
- વૈમાનિક દેવોની ઉત્કૃષ્ટ-જઘન્ય સ્થિતિ (કોષ્ટક) ........................ ૧૧૮
- **सूत्र-૪૩ :** नारकाणां च द्वितीयादिषु ........................ ૧૨૦
- **सूत्र-૪૪ :** दशवर्षसहस्राणि प्रथमायाम् ........................ ૧૨૧
- **सूत्र-૪૫ :** भवनेषु च ........................ ૧૨૨
- **सूत्र-૪૬ :** व्यन्तराणां च ........................ ૧૨૨
- **सूत्र-૪૭ :** परा पल्योपमम् ........................ ૧૨૩
- **सूत्र-૪૮ :** ज्योतिष्काणामधिकम् ........................ ૧૨૩
- **सूत्र-૪૯ :** ग्रहाणामेकम् ........................ ૧૨૩
- **सूत्र-૫૦ :** नक्षत्राणामर्धम् ........................ ૧૨૪
- **सूत्र-૫૧ :** तारकाणां चतुर्भागः ........................ ૧૨૪
- **सूत्र-૫૨ :** जघन्या त्वष्टभागः ........................ ૧૨૪
- **सूत्र-૫૩ :** चतुर्भागः शेषाणाम् ........................ ૧૨૪
- ભાવાનુવાદકારની પ્રશસ્તિ ........................ ૧૨૫
- મૂળસૂત્ર ........................ ૧૨૬

# श्री तत्त्वार्थाधिगम सूत्रम्

## ચોથો અધ્યાય

॥ नमोऽर्हते ॥

**भाष्यावतरणिका–** अत्राह- उक्तं भवता भवप्रत्ययोऽवधिर्नारक-देवानामिति । तथौदयिकेषु भावेषु देवगतिरिति । 'केवलिश्रुतसङ्घ-धर्मदेवावर्णवादो दर्शनमोहस्य' 'सरागसंयमादयो देवस्य' । 'नारक-सम्मूर्च्छिनो नपुंसकानि' 'न देवाः' । तत्र के देवाः । कतिविधा वेति । अत्रोच्यते–

**ભાષ્યાવતરણિકાર્થ–** "નારકો અને દેવોને ભવપ્રત્યય અવધિજ્ઞાન હોય છે." (અ.૧ સૂ.૨૨) "ઔદયિક ભાવોમાં દેવગતિ છે." (અ.૨ સૂ.૬) "કેવલિ, શ્રુત, સંઘ, ધર્મ, દેવોનો અવર્ણવાદ દર્શનમોહનો આસ્રવ છે." (અ.૬ સૂ.૧૪) સરાગ સંયમ વગેરે દેવાયુષ્યના આસ્રવો છે. (અ.૬ સૂ.૨૦) નારકો અને સંમૂર્ચ્છિમ જીવો નપુંસક છે. દેવો નપુંસક નથી. (અ.૨ સૂ.૫૦-૫૧) એમ આપે કહ્યું છે. તેમાં દેવો કોણ છે ? અને કેટલા પ્રકારના છે ? ઉત્તર–

**टीकावतरणिका–** इदानीं चतुर्थ आरभ्यते-अत्र चायं सम्बन्धग्रन्थः, 'अत्राह-उक्तं भवते'त्यादि किमुक्तमित्याह-'भवप्रत्ययोऽवधिर्नारक-देवाना'मिति प्रथमेऽध्याये, तथा द्वितीय औदयिकेषु [भावेषु] प्ररूप्य-माणेषु 'देवगति'रित्युक्तं, एवमष्टमे 'केवलिश्रुतसंङ्घधर्मदेवावर्णवादो दर्शनमोहस्य' आश्रव इति वक्ष्यते, तथाऽत्रैव 'सरागसंयमादयो दैवस्य' आयुष आश्रव इति वक्ष्यते, आदिशब्दात् सरागसंयमसंयमासंयमाकाम-निर्जराबालतपांसि दैवस्येति सूत्राक्षेपः, तथा द्वितीये 'नारक-सम्मूर्च्छिनो नपुंसकानि' 'न देवा' इत्युक्तं, एवमनेकधा देवशब्दश्रुतेः संजातजिज्ञासः पृच्छति-'तत्र के देवाः' कतिविधा वेति' तत्र-तेषु सूत्रेषु के देवाः

प्रतिपत्तव्याः, क्रीडाद्यर्थबहुत्वात्, कतिविधा वा-कतिभेदा वेति प्रश्नद्वये सूरिराह अत्रोच्यते प्रतिवचनं–

**ટીકાવતરણિકાર્થ–** હવે ચોથો અધ્યાય શરૂ કરવામાં આવે છે. અહીં આ સંબંધ ગ્રંથ છે- "अत्राह उक्तं भवता" इत्यादि અહીં પ્રશ્નકાર કહે છે કે, આપે પ્રથમ અધ્યાયમાં નારકો અને દેવોને ભવપ્રત્યય અવધિજ્ઞાન હોય (૧-૨૨) એમ કહ્યું છે તથા બીજા અધ્યાયમાં ઔદયિક આદિ ભાવોની પ્રરૂપણા કરવામાં (૨-૬ સૂત્રના ભાષ્યમાં) "દેવગતિ" એમ કહ્યું છે. એ પ્રમાણે આઠમા અધ્યાયમાં "કેવળીનો, શ્રુતનો, ધર્મનો અને દેવોનો અવર્ણવાદ દર્શનમોહનીયનો આશ્રવ છે." (૬-૧૪) એમ કહેવામાં આવશે તથા આઠમા અધ્યાયમાં જ સરાગસંયમ એ સ્થળે રહેલા આદિ શબ્દથી सरागसंयम-संयमासंयम-ऽकामनिर्जरा-बालतपांसि दैवस्य એવા સૂત્રનું ગ્રહણ કરવું તથા બીજા અધ્યાયમાં નારક અને સંમૂર્ચ્છિમ જીવો નપુંસક છે. દેવો નપુંસક નથી હોતા (૨-૫૦/૫૧) એમ કહ્યું છે. આ પ્રમાણે અનેક વખત 'દેવ' શબ્દને સાંભળવાના કારણે જીજ્ઞાસુ બનેલ (શિષ્ય) પૂછે છે કે, તેમાં દેવો કોણ છે? દેવો કેટલા પ્રકારના છે? અર્થાત્ તે સૂત્રોમાં કોને દેવ જાણવા? ("કેમકે दीव् ધાતુ ઉપરથી दीव्यतीति देवः એમ દેવ શબ્દ બન્યો છે. તેમાં) दीव् ધાતુના ક્રીડા વગેરે ઘણા અર્થો છે. અથવા દેવો કેટલા પ્રકારના છે? આવા બે પ્રશ્નો થતાં આચાર્ય ભગવંત કહે છે કે અહીં ઉત્તર કહેવામાં આવે છે–

**દેવોના ભેદો–**

## देवाश्चतुर्निकायाः ॥४-१॥

**સૂત્રાર્થ–** દેવો ચાર નિકાયના=ચાર પ્રકારના છે. (૪-૧)

**भाष्यं–** देवाश्चतुर्निकाया भवन्ति । तान्पुरस्ताद्वक्ष्यामः ॥४-१॥

**ભાષ્યાર્થ–** દેવો ચાર નિકાયના=ચાર પ્રકારના હોય છે. તે પ્રકારોને આગળ (અ.૪ સૂ.૧૧ વગેરેમાં) કહીશું. (૪-૧)

**टीका–** प्रश्नद्वयेऽप्यनुरूपं प्रतिवचनमिति सूत्रसमुदायार्थः । अवयवार्थं त्वाह–'देवा' इत्यादिना ग्रन्थेन, तत्र दीव्यन्तीति देवाः–स्वच्छन्दचारिणः अनवरतक्रीडासक्तचेतसः परमद्युतिमन्तः प्राणिन एव, ते चतुर्निकाया भवन्ति, चत्वारो निकाया–निवासाः सङ्घा वा येषां ते चतुर्निकाया भवन्तीति, देवगतिनामकर्मोदयाद्भवनादिषूत्पद्यन्त इत्यर्थः, अनेनातिमुग्धपरिकल्पितनित्यदेवव्युदासः, 'तान् पुरस्ताद्वक्ष्यामः' इति तान् एतान् निकायभेदभिन्नान् देवान् पुरस्तात्–पुरो वक्ष्यामः, उद्देशमात्रोपन्यासस्त्वयं, ननु च भगवत्यां–"कइविहा णं भंते ! देवा पण्णत्ता ?, गोयमा ! पंचविधा देवा पण्णत्ता, तं जहा–भविअदव्वदेवा णरदेवा धम्मदेवा देवाहिदेवा भावदेवा य", भव्यद्रव्यदेवा–एकभविकादायः, नरदेवाश्चक्रवर्त्तिनः, धर्म्मदेवाः साधवः, देवाधिदेवाः तीर्थकराः, भावदेवा भवनपत्यादयः, एवं पञ्चभेदेषु सत्स्वेतेषु किमर्थं चतुर्निकाया इत्युपन्यासः ?, उच्यते, भावदेवाभिधानार्थः, तदन्येषां मनुष्यभेदत्वात् इत्यादि, अत एव प्राधान्यत इदमाह ॥४–१॥

**ટીકાર્થ–** બંનેય પ્રશ્નોના પ્રશ્નને અનુરૂપ ઉત્તર છે. આ પ્રમાણે સૂત્રનો સમુદિત અર્થ છે. અવયવાર્થને તો દેવા ઇત્યાદિથી ભાષ્યકાર કહે છે- દેવો ચાર નિકાયવાળા છે. તેમાં दीव्यन्तीति देवाः એવો દેવશબ્દનો વ્યુત્પત્તિથી થતો અર્થ છે. દેવો સ્વચ્છંદપણે ફરનારા, સતત ક્રીડામાં આસક્ત ચિત્તવાળા અને અત્યંત કાંતિવાળા પ્રાણીઓ જ છે. તે દેવો ચારનિકાયવાળા છે. અહીં નિકાય એટલે નિવાસ, અથવા સંઘ(સમૂહ). ચાર પ્રકારના હોવાથી દેવો ચાર નિવાસવાળા છે. સંઘ એટલે સજાતીય પ્રાણીઓનો સમૂહ. (દેવો ચાર સમૂહમાં વહેંચાયેલા હોવાથી દેવો ચાર સંઘવાળા છે.) દેવો દેવગતિ નામકર્મના ઉદયથી ભવન આદિમાં ઉત્પન્ન થાય છે. આ કથનથી અત્યંત મુગ્ધ જીવોએ કલ્પેલા નિત્ય દેવોનો નિષેધ કર્યો. નિકાયના ભેદથી ભિન્ન આ દેવોને અમે આગળ કહીશું. કારણ કે અહીં આ ઉલ્લેખ માત્ર સંક્ષેપથી કહેવા માટે છે.

**પ્રશ્ન–** ભગવતી સૂત્રમાં કહ્યું છે કે, હે ભગવંત ! દેવો કેટલા પ્રકારના છે ? હે ગૌતમ ! દેવો પાંચ પ્રકારના છે. તે આ પ્રમાણે- ભવ્યદ્રવ્યદેવ, ધર્મદેવ, નરદેવ, દેવાધિદેવ અને ભાવદેવ. જે પંચેંદ્રિય તિર્યંચોએ કે મનુષ્યોએ દેવનું આયુષ્ય બાંધી દીધું છે, એથી અનંતર ભવમાં દેવગતિમાં ઉત્પન્ન થશે તે ભવ્યદ્રવ્યદેવો છે. ચક્રવર્તીઓ નરદેવો છે. સાધુઓ ધર્મદેવો છે. તીર્થંકરો દેવાધિદેવો છે. ભવનપતિ વગેરે દેવો ભાવદેવો છે. આ પ્રમાણે દેવોના પાંચ પ્રકાર હોવાથી અહીં "દેવો ચાર નિકાયવાળા છે" એવો ઉલ્લેખ શા માટે છે ?

**ઉત્તર–** અહીં ભાવદેવોને કહેવા માટે તેવો ઉલ્લેખ છે. તેનાથી બીજા દેવો મનુષ્યના ભેદરૂપ છે, ઈત્યાદિ. આથી જ દેવોની પ્રધાનતાને આશ્રયીને આ(=નીચેના સૂત્રમાં કહ્યું છે તે) કહે છે– (૪-૧)

**જ્યોતિષ્ક દેવોની લેશ્યા–**

**तृतीयः पीतलेश्यः ॥४-२॥**

**સૂત્રાર્થ–** ત્રીજા પ્રકારના દેવો પીતલેશ્યાવાળા[1] છે. (૪-૨)

**भाष्यं–** तेषां चतुर्णां देवनिकायानां तृतीयो देवनिकायः पीतलेश्य एव भवति । कश्चासौ । ज्योतिष्क इति ॥४-२॥

**ભાષ્યાર્થ–** દેવોના ચાર નિકાયમાં ત્રીજો દેવનિકાય પીતલેશ્યાવાળો જ છે.

**પ્રશ્ન–** ત્રીજો નિકાય કયો છે ?

**ઉત્તર–** ત્રીજો નિકાય જ્યોતિષ્ક છે. (૪-૨)

**टीका–** समुदायार्थः प्रतीतः, अवयवार्थं त्वाह-'तेषा'मित्यादि भाष्यम्, तेषां चतुर्णां देवनिकायानां 'भवणवइवाणमंतरजोइसवासी विमाणवासी य'त्ति प्रवचनप्रसिद्धक्रमाणां तृतीयो निकायः तत्सूत्रार्थ-

---

૧. અહીં લેશ્યા શબ્દ 'શરીરનો વર્ણ' અર્થમાં છે, કારણ કે અધ્યવસાય રૂપ લેશ્યા તો છએ હોય છે. (શ્રી.સિદ્ધ.ટીકા)

क्रमोक्तः, किमित्याह-पीतलेश्य इति, तेजोलेश्य एव भवति, न कृष्णादिलेश्य इति, अवधारणं सूत्रे न, सामर्थ्यगम्यमेतत्, सूचनात् सूत्रमितिकृत्वा, कश्चासौ तृतीय इत्याह-ज्योतिष्क इति, लेश्याग्रहणं चेह [डौ] क्रीडार्थप्रधानाङ्गताख्यापनार्थं, तृतीयग्रहणं चाश्रयप्रत्यक्षतया सुखप्रतिपत्त्यर्थमिति ॥४-२॥

**ટીકાર્થ–** આ સૂત્રનો સમુદિત અર્થ સુગમ છે. અવયવાર્થને તો કહે છે- "तेषाम्" ઇત્યાદિ ભાષ્ય છે. ચાર દેવનિકાયોમાં પ્રવચનપ્રસિદ્ધ भवणवइ-वाणमंतर-जोइसवासी विमाणवासी य (શાંતિસ્નાત્ર મહાપૂજનમાં તિજયપહુત્ત સૂત્રની બોલાતી ગાથા) એ સૂત્રાર્થના ક્રમથી કહેલો ત્રીજો નિકાય તેજોલેશ્યાવાળો જ હોય છે, કૃષ્ણાદિ લેશ્યાવાળો નહિ. સૂત્રમાં અવધારણ નથી. અવધારણ સામર્થ્યથી જાણી શકાય છે. કેમકે સૂત્ર તો માત્ર સૂચન કરે છે-સામાન્યથી કહે છે. (વિશેષથી તો ટીકા વગેરેથી જાણી શકાય છે.)

ત્રીજો નિકાય કયો છે ? એવા પ્રશ્નના ઉત્તરમાં કહે છે- જ્યોતિષ્ક.

આ સૂત્રમાં લેશ્યાનું ગ્રહણ(दीव् ધાતુનો) ક્રીડા રૂપ જે અર્થ છે તે અર્થનું પ્રધાન કારણ જણાવવા માટે છે, અર્થાત્ ક્રીડા રૂપ અર્થ મુખ્યપણે દેવોમાં ઘટે છે. તૃતીય શબ્દનું ગ્રહણ એ દેવોનો આશ્રય(=વિમાનો) પ્રત્યક્ષ હોવાથી "દેવો છે એમ" સુખેથી જાણી શકાય એ માટે છે. (૪-૨)

**टीकावतरणिका–** शेषान् निकायान् भेदतोऽभिधातुमाह–

**ટીકાવતરણિકાર્થ–** બાકીના દેવોના ભેદોને જણાવવા માટે કહે છે–

**દેવોના અવાંતર ભેદો–**

**दशा-ऽष्ट-पञ्च-द्वादश-विकल्पाः कल्पोपपन्नपर्यन्ताः ॥४-३॥**

**સૂત્રાર્થ–** ભવનપતિ આદિ ચાર પ્રકારના દેવોના અનુક્રમે દશ, આઠ, પાંચ અને બાર ભેદો છે. આ બાર ભેદો કલ્પોપપન્ન વૈમાનિક દેવોના છે. (૪-૩)

**भाष्यं–** ते च देवनिकाया यथासङ्ख्यमेवंविकल्पा भवन्ति । तद्यथा-दशविकल्पा भवनवासिनोऽसुरादयो वक्ष्यन्ते । अष्टविकल्पा व्यन्तराः किन्नरादयः । पञ्चविकल्पा ज्योतिष्काः सूर्यादयः । द्वादशविकल्पा वैमानिकाः कल्पोपपन्नपर्यन्ताः सौधर्मादिष्विति ॥४-३॥

**ભાષ્યાર્થ–** તે દેવ નિકાયોના ભેદો અનુક્રમે આ પ્રમાણે છે- ભવન-વાસિદેવોના અસુર વગેરે દશ ભેદો આગળ (અ.૪ સૂ.૧૧ માં) કહેવાશે. વ્યંતરોના કિંનર વગેરે આઠ ભેદો છે. જ્યોતિષ્કના સૂર્ય વગેરે પાંચ વિકલ્પો છે. વૈમાનિકોના કલ્પોપપન્ન સુધીના સૌધર્મ વગેરે બાર વિકલ્પો (અ.૪ સૂ.૨૦ વગેરે) છે. (૪-૩)

**टीका–** प्रस्तुताश्चत्वारो निकाया इति सूत्रसमुदायार्थः, अवयवार्थस्तु सुगमः 'ते च देवनिकाया' इत्यादि भाष्यादेव, नवरं कल्पोपपन्नपर्यन्ता इति, अत्र कल्पशब्दोऽधिवासवाची, सौधर्मादिष्विति कल्पोपलक्षणं, कल्पोपपन्नः पर्यन्त एषामिति विग्रहः, अनेन तदतीतग्रैवेयकमहा-विमानद्वयापक्षेप इति ॥४-३॥

**ટીકાર્થ–** પ્રસ્તુત ચાર નિકાયો દશ આદિ ભેદવાળા છે એમ સૂત્રનો સમુદિત અર્થ છે. અવયવાર્થ તો ते च देवनिकाया ઇત્યાદિ ભાષ્યથી જ સુગમ છે. સૌધર્મ આદિમાં [1]કલ્પ ઉપલક્ષણ છે, અર્થાત્ કલ્પ શબ્દ સૌધર્મ આદિ બાર દેવલોકને ઓળખાવે છે. અહીં કલ્પશબ્દ અધિવાસ(રહેઠાણ) અર્થવાળો છે. कल्पोपपन्नः पर्यन्त एषां ते कल्पोपपन्नपर्यन्ताः એ પ્રમાણે સમાસ વિગ્રહ છે.

कल्पोपपन्नपर्यन्ता એવા ઉલ્લેખથી તેની ઉપર રહેલા ગ્રૈવેયક અને મહાવિમાનો એ બે ભેદોને દૂર કર્યા=આમાં સમાવેશ કર્યા નથી. (૪-૩)

**टीकावतरणिका–** दशादीनि प्रत्येकं पुनर्बिभित्सुराह–

---

१. अथ कथं कल्पसंज्ञा ? इन्द्रादय प्रकारा दश एतेषु कल्प्यन्त इति कल्पाः । भवनवासिसु तत्कल्पानां सम्भवेऽपि रूढिवशाद् वैमानिकेष्वेव भवति कल्पशब्दः ॥

**ટીકાવતરણિકાર્થ–** દશ વગેરે ભેદના પ્રત્યેકભેદના વિભાગ કરવાની ઈચ્છાવાળા ગ્રંથકાર કહે છે- અર્થાત્ દશ વગેરે ભેદના પ્રત્યેક ભેદના અવાંતર ભેદોને કહે છે–

**ભવનપતિ આદિના પ્રત્યેક અવાંતર ભેદના ભેદો–**

**इन्द्र-सामानिक-त्रायस्त्रिंश-पारिषद्या-ऽऽत्मरक्ष-लोकपाला-ऽनीक-प्रकीर्णका-ऽऽभियोग्य-किल्बिषिकाश्चैकशः ॥४-४॥**

**સૂત્રાર્થ–** ભવનપતિ આદિના પ્રત્યેકભેદના ઈન્દ્ર, સામાનિક, ત્રાયસ્ત્રિંશ, પારિષદ્ય, આત્મરક્ષ, લોકપાલ, અનીક, પ્રકીર્ણક, આભિયોગ્ય, કિલ્બિષિક એ દશ ભેદો છે. (૪-૪)

**भाष्यं–** एकैकशश्चैतेषु देवनिकायेषु देवा दशविधा भवन्ति । तद्यथा–इन्द्राः सामानिकाः त्रायस्त्रिंशाः पारिषद्याः आत्मरक्षाः लोकपालाः अनीकानि अनीकाधिपतयः प्रकीर्णकाः आभियोग्याः किल्बिषिकाश्चेति । तत्रेन्द्राः भवनवासिव्यन्तरज्योतिष्कविमानाधिपतयः । इन्द्रसमाः सामानिका अमात्य-पितृगुरूपाध्यायमहत्तरवत् केवलमिन्द्रत्वहीनाः । त्रायस्त्रिंशा मन्त्रिपुरोहित-स्थानीयाः । पारिषद्या वयस्यस्थानीयाः । आत्मरक्षाः शिरोरक्षस्थानीयाः । लोकपाला आरक्षिकार्थचरस्थानीयाः । अनीकाधिपतयो दण्डनायकस्थानीयाः । अनीकान्यनीकस्थानीयान्येव । प्रकीर्णकाः पौरजनपदस्थानीयाः । आभियोग्या दासस्थानीयाः । किल्बिषिका अन्तस्थस्थानीया इति ॥४-४॥

**ભાષ્યાર્થ–** આ દેવનિકાયોમાં એક એક દેવનિકાયમાં દશ પ્રકારના દેવો છે. તે આ પ્રમાણે- ઈન્દ્ર, સામાનિક, ત્રાયસ્ત્રિંશ, પારિષદ્ય, આત્મરક્ષ, લોકપાલ, અનીક=અનીકાધિપતિ, પ્રકીર્ણક, આભિયોગિક અને કિલ્બિષિક.

તેમાં ઈન્દ્ર એટલે ભવનવાસી, વ્યંતર, જ્યોતિષ્ક વિમાનોના અધિપતિ. જે ઈન્દ્રની સમાન હોય તે સામાનિક. સામાનિક દેવો ઈન્દ્રના મંત્રી, પિતા, ગુરુ, ઉપાધ્યાય અને વડીલ જેવા હોય છે, ફક્ત ઈન્દ્રપણાથી રહિત હોય છે. ત્રાયસ્ત્રિંશ દેવો મંત્રી અને પુરોહિત જેવા હોય છે. પારિષદ્ય દેવો ઈન્દ્રના મિત્ર જેવા હોય છે.

આત્મરક્ષકદેવો ઇન્દ્રના મસ્તકરક્ષક(=અંગરક્ષક) જેવા હોય છે.

લોકપાલ દેવો કોટવાળ અને ચરપુરુષો જેવા હોય છે.

[1]અનીકાધિપતિ દંડનાયક=સેનાધિપતિ જેવા હોય છે.

અનીક દેવો સેના જેવા હોય છે.

પ્રકીર્ણક દેવો નગરની અને દેશની સામાન્ય પ્રજા જેવા હોય છે.

આભિયોગ્ય દેવો દાસ જેવા હોય છે.

કિલ્બિષિક દેવો ચંડાળ જેવા હલકા હોય છે. (૪-૪)

**टीका–** एकैकदेवनिकाये दश दशैते भेदा उत्सर्गतः भवन्ति, सूत्रसमुदायार्थः, अवयवार्थं त्वाह-'एकैकशश्चे'त्यादिना, एकैकशश्च-एकैकस्मिन् एतेषु देवनिकायेषु, किमित्याह-देवा दशविधा भवन्ति इन्द्रादिभेदेन, 'तद्यथे'त्यादि प्रकटार्थं, नवरमिन्द्रास्तद्भवनाद्यपेक्षया परमैश्वर्यभाजः, समानस्थानभवाः सामानिकाः, 'समानस्य तदादेश्चे'ति वचनादौपसङ्ख्यानिकः, त्रयस्त्रिंशदेव त्रायस्त्रिंशाः, स्वार्थे अण्, अर्थचरो राजस्थानीयकल्पः, दण्डनायको-निक्षेपाधिपतिः, अनीकानि-सैन्यानि प्रकीर्णको-विषयाभिमुखीकृतः, कर्मविशेषोऽभियोगः तत्-कर्माभियोग्यं तदेषां विद्यत इत्याभियोग्याः, किल्बिषिकाः-अन्तस्था-श्चण्डालादय इति, लोकस्वभावत एतदित्थमेषामिति ।।४-४।।

**ટીકાર્થ–** એક એક દેવનિકાયમાં દશ દશ ભેદો ઉત્સર્ગથી હોય છે. આ પ્રમાણે સૂત્રનો સમુદિત અર્થ છે. અવયવાર્થને તો ભાષ્યકાર "एकैकशश्च" ઇત્યાદિથી કહે છે- આ દેવનિકાયોમાં એકએક ભેદમાં દેવો ઇંદ્રાદિ ભેદથી દશ પ્રકારના હોય છે.

'तद्यथा' ઇત્યાદિ ભાષ્યનો અર્થ સ્પષ્ટ છે. ફક્ત આ વિશેષ છે-

૧. ભાષ્યકારે અનીકાધિપતિની અલગ વિવક્ષા કરી છે. પરંતુ અનિક અને અનિકાધિપતિ એ બે ભેદોને એક જ ભેદ ગણવો. અન્યથા દશ સંખ્યાની વ્યવસ્થા ન રહે. (સિદ્ધસેનગણિ ટીકા)

**ઈંદ્રો–** તે ભવન આદિની અપેક્ષાએ પરમ ઐશ્વર્યવાળા હોય છે.

**સામાનિકો–** (આયુષ્ય આદિથી) ઈંદ્રની સમાન હોય છે. समाने भवाः એ અર્થમાં "समानस्य तदादेश्च" એ સૂત્રથી તદ્ધિતનો इकण् પ્રત્યય આવ્યો છે.

**ત્રાયસ્ત્રિંશ–** ત્રયસ્ત્રિંશ એ જ ત્રાયસ્ત્રિંશ, સ્વાર્થમાં अण् પ્રત્યય આવ્યો છે.

**લોકપાલ–** લોકપાલ એટલે અર્થચર. અર્થચર એટલે રાજસ્થાનીય જેવો, અર્થાત્ [1]ચરપુરુષ જેવો.

**અનીકાધિપતિ–** અનીકાધિપતિ એટલે દંડનાયક. દંડનાયક એટલે નિક્ષેપાધિપતિ, નિક્ષેપાધિપતિ એટલે સેનાધિપતિ.

**અનીક–** એટલે સૈન્ય.

**પ્રકીર્ણક–** ભોગસાધનોને અભિમુખ(=સન્મુખ) કરાયેલ, અર્થાત્ સામાન્ય પ્રજા સમાન.

**આભિયોગ્ય–** અભિયોગ કર્મવિશેષ છે. (ઇચ્છા ન હોવા છતાં જે કર્મના ઉદયથી બીજાના કહ્યા પ્રમાણે કરવું પડે તે અભિયોગ કર્મ.) અભિયોગ કર્મ તે આભિયોગ્ય. આભિયોગ્ય જેમને હોય તે આભિયોગ્ય દેવો.

**ભાવાર્થ–** નોકર સમાન દેવો આભિયોગ્ય દેવો છે. તેમને વિમાન-વહન આદિ કાર્યો ફરજિયાત કરવા પડે છે.

**કિલ્બિષિક–** ચંડાલ વગેરે જેવા હલકા દેવો.

દેવોની આ પ્રમાણેની વ્યવસ્થા લોકસ્વભાવથી જ છે, અર્થાત્ કોઈ આવી વ્યવસ્થા કરતા નથી, કિંતુ અનાદિકાળથી જ રહેલી છે. (૪-૪)

**टीकावतरणिका–** एवमिममुत्सर्गमभिधायैकशो ग्रहणेनाऽधुनाऽपवादमाह–

**ટીકાવતરણિકાર્થ–** "एकशः" એવા ઉલ્લેખથી આ પ્રમાણે ઉત્સર્ગ કહીને હવે અપવાદને કહે છે–

---

૧. ચરપુરુષ એટલે ગુપ્તચર અથવા છૂપી પોલીસ.

**વ્યંતર અને જ્યોતિષી દેવોમાં ત્રાયસ્ત્રિંશ અને લોકપાલનો અભાવ–**

**त्रायस्त्रिंश-लोकपालवर्ज्या व्यन्तर-ज्योतिष्का: ॥४-५॥**

**સૂત્રાર્થ–** વ્યંતર અને જ્યોતિષ્ક નિકાય ત્રાયસ્ત્રિંશ અને લોકપાલથી રહિત છે. (૪-૫)

**भाष्यं–** व्यन्तरा ज्योतिष्काश्चाष्टविधा भवन्ति त्रायस्त्रिंशलोकपालवर्जा इति ॥४-५॥

**ભાષ્યાર્થ–** વ્યંતરો અને જ્યોતિષ્કો ત્રાયસ્ત્રિંશ અને લોકપાલ સિવાય આઠ પ્રકારના હોય છે. (૪-૫)

**टीका–** समुदायार्थावयवार्थौ प्रतीतावेव ॥४-५॥

**ટીકાર્થ–** સમુદિત અર્થ અને અવયવાર્થ જણાઈ જ ગયેલા છે. (૪-૫)

**टीकावतरणिका–** निकायेष्विन्द्रव्यवस्थानियममाह–

**ટીકાવતરણિકાર્થ–** નિકાયોમાં ઇંદ્રની વ્યવસ્થાના નિયમને કહે છે–

**ભવનપતિ અને વ્યંતર નિકાયમાં ઇન્દ્રોની સંખ્યા–**

**पूर्वयोर्द्वीन्द्रा: ॥४-६॥**

**સૂત્રાર્થ–** પૂર્વના બે નિકાયમાં(=ભવનપતિ-વ્યંતરમાં) બે બે ઇન્દ્રો છે. (૪-૬)

**भाष्यं–** पूर्वयोर्देवनिकाययोर्भवनवासिव्यन्तरयोर्देवविकल्पानां द्वौ द्वाविन्द्रौ भवत: । तद्यथा– भवनवासिषु तावद् द्वौ असुरकुमाराणामिन्द्रौ भवतश्चमरो बलिश्च । नागकुमाराणां धरणो भूतानन्दश्च । विद्युत्कुमाराणां हरिर्हरिसहश्च । सुपर्णकुमाराणां वेणुदेवो वेणुदारी च । अग्निकुमाराणा-मग्निशिखोऽग्निमाणवश्च । वातकुमाराणां वेलम्ब: प्रभञ्जनश्च । स्तनित-कुमाराणां सुघोषो महाघोषश्च । उदधिकुमाराणां जलकान्तो जलप्रभश्च । द्वीपकुमाराणां पूर्णोऽवशिष्टश्च । दिक्कुमाराणाममितोऽमितवाहनश्चेति ॥

व्यन्तरेष्वपि द्वौ किन्नराणामिन्द्रौ किन्नर: किम्पुरुषश्च । किम्पुरुषाणां सत्पुरुषो महापुरुषश्च । महोरगाणामतिकायो महाकायश्च । गन्धर्वाणां

गीतरतिर्गीतयशाश्च । यक्षाणां पूर्णभद्रो माणिभद्रश्च । राक्षसानां भीमो महाभीमश्च । भूतानां प्रतिरूपोऽतिरूपश्च । पिशाचानां कालो महाकालश्चेति । ज्योतिष्काणां तु बहवः सूर्याश्चन्द्रमसश्च ॥ वैमानिकानामेकैक एव । तद्यथा- सौधर्मे शक्रः । ऐशाने ईशानः । सनत्कुमारे सानत्कुमार इति । एवं सर्वकल्पेषु स्वकल्पाह्वाः । परतस्त्विन्द्रादयो दश विशेषा न सन्ति । सर्व एव स्वतन्त्रा इति ॥४-६॥

**ભાષ્યાર્થ–** પૂર્વના ભવનવાસી અને વ્યંતર એ બે દેવનિકાયોમાં દેવ-ભેદોના બે બે ઇન્દ્રો હોય છે. તે આ પ્રમાણે- ભવનવાસી દેવોમાં અસુરકુમારોના ચમર અને બલી એ બે ઇન્દ્રો છે. નાગકુમારોના ધરણ અને ભૂતાનંદ, વિદ્યુત્કુમારોના હરિ અને હરિસહ, સુપર્ણકુમારોના વેણુદેવ અને વેણુદાલિ, અગ્નિકુમારોના અગ્નિશિખ અને અગ્નિમાણવ, વાયુકુમારોના વેલંબ અને પ્રભંજન, સ્તનિતકુમારોના સુઘોષ અને મહાઘોષ, ઉદધિકુમારોના જલકાંત અને જલપ્રભ, દ્વીપકુમારોના પૂર્ણ અને અવશિષ્ટ, દિક્કુમારોના અમિત અને અમિતવાહન એમ બે બે ઇન્દ્રો હોય.

વ્યંતરોમાં પણ કિન્નરોના કિન્નર અને કિંપુરુષ, કિંપુરુષોના સત્પુરુષ અને મહાપુરુષ, મહોરગોના અતિકાય અને મહાકાય, ગંધર્વોના ગીતરતિ અને ગીતયશા, યક્ષોના પૂર્ણભદ્ર અને માણિભદ્ર, રાક્ષસોના ભીમ અને મહાભીમ, ભૂતોના પ્રતિરૂપ અને અતિરૂપ, પિશાચોના કાલ અને મહાકાલ એમ બે બે ઇન્દ્રો હોય છે.

જ્યોતિષ્કોના તો ઘણાં સૂર્યો અને ઘણાં ચન્દ્રો હોય છે. (એથી એમના ઇન્દ્રો પણ ઘણાં છે.)

વૈમાનિક દેવોના એક એક જ ઇન્દ્રો હોય છે. તે આ પ્રમાણે- સૌધર્મમાં શક્ર, ઐશાનમાં ઈશાન, સનત્કુમારમાં સાનત્કુમાર ઇન્દ્ર છે એ પ્રમાણે સર્વ કલ્પોમાં પોતાના કલ્પના નામવાળા ઇન્દ્રો હોય છે. કલ્પથી આગળ ઇન્દ્ર વગેરે દશ ભેદો નથી. બધા જ સ્વતંત્ર હોય છે. (૪-૬)

**टीका–** इदमपि प्रतीतसमुदायार्थमेव, नवरं ज्योतिष्काणां तु बहवः सूर्याश्चन्द्रमसश्चेन्द्राः, असङ्ख्येयद्वीपसमुद्रवर्त्तित्वात्, तथा स्वकल्पाह्वा इति स्वकल्पाख्याः, माहेन्द्रे माहेन्द्रः ब्रह्मलोके ब्रह्मा लान्तके लान्तकः महाशुक्रे महाशुक्रः सहस्रारे सहस्रारः आनतप्राणतयोरप्येक एवेन्द्रः प्राणताभिधानः, आरणाच्युतयोरपि कल्पयोरेक एवेन्द्रः अच्युतः, 'परतस्त्वि'त्यादि, अच्युतकल्पात् परतः पुनर्ग्रैवेयकानुत्तरविमानेषु, किमित्याह–इन्द्रादयो दश विकल्पाः प्रागुक्ता न भवन्ति, किं तर्हि ?, ते सर्वे एव देवाः स्वतन्त्रा इत्यहमिन्द्रा गमनागमनादिरहिताश्च प्रायः प्रयोजनाभावादिति ॥४–६॥

**ટીકાર્થ–** આનો પણ સમુદિતાર્થ જણાઇ જ ગયેલો છે. ફક્ત આ વિશેષ છે- જ્યોતિષ્કના ઘણાં સૂર્ય-ઇંદ્રો અને ચંદ્ર-ઇંદ્રો છે. કારણ કે સૂર્ય-ચંદ્ર અસંખ્ય દ્વીપ-સમુદ્રોમાં રહેલા છે.

"स्वकल्पाह्वा" इति, સ્વકલ્પના નામવાળા. જેમકે માહેંદ્રમાં માહેંદ્ર ઇંદ્ર, બ્રહ્મલોકમાં બ્રહ્મ ઇંદ્ર, લાંતકમાં લાંતક ઇંદ્ર, મહાશુક્રમાં મહાશુક્ર ઇંદ્ર, સહસ્રારમાં સહસ્રાર ઇંદ્ર, આનત-પ્રાણતમાં પ્રાણત નામનો એક જ ઇંદ્ર છે. આરણ-અચ્યુતમાં પણ અચ્યુત નામે એક જ ઇંદ્ર છે.

परतस्तु इत्यादि, અચ્યુત દેવલોક પછી ગ્રૈવેયક અને અનુત્તરવિમાનોમાં પૂર્વોક્ત ઇંદ્રાદિ દશ વિકલ્પો હોતા નથી. તો શું હોય ? તે બધાય દેવો સ્વતંત્ર હોવાથી અહમિંદ્ર કહેવાય છે અને પ્રાયઃ ગમનાગમનાદિ પ્રવૃત્તિથી રહિત હોય છે. કારણ કે તેમને ગમનાગમનાદિ પ્રવૃત્તિ કરવાનું કોઇ કારણ નથી. (૪-૬)

### ભવનપતિ અને વ્યંતરનિકાયમાં લેશ્યા–

### पीतान्तलेश्याः ॥४–७॥

**સૂત્રાર્થ–** પૂર્વના બે નિકાય પીતલેશ્યા સુધીની લેશ્યાવાળા છે. (૪-૭)

**भाष्यं–** पूर्वयोर्निकाययोर्देवानां पीतान्ताश्चतस्रो लेश्या भवन्ति ॥४–७॥

**ભાષ્યાર્થ–** પૂર્વના બે નિકાયોમાં પીત સુધીની ચાર લેશ્યા હોય છે. (૪-૭)

**टीका–** प्रक्रमात् सम्बद्धार्थमेव, प्रतीतसमुदायार्थं च ॥ 'पूर्वयो'रित्यादि भाष्यम्, पूर्वयोर्निकाययोः-भवनपतिव्यन्तरयोः देवानाम्, उपलक्षणत्वा-द्देवीनां च, किमित्याह-पीता अन्ते यासां लेश्यानां ताः पीतान्ताः-कृष्ण-नीलकापोततैजसश्चतस्रो लेश्या भवन्ति, लाघवार्थमेतदुत्तरत्रैतयोर्लेश्या-नभिधानादिति ॥४-७॥

**ટીકાર્થ–** પ્રસંગથી આ સૂત્રના અર્થનો સંબંધ થઈ જ ગયો છે. સમુદિત અર્થ જણાઈ જ ગયેલો છે. पूर्वयोः ઇત્યાદિ ભાષ્ય છે. ભવનપતિ-વ્યંતર એ બે નિકાયના દેવોને અને દેવીઓને કૃષ્ણ, નીલ, કાપોત, તૈજસ એ ચાર લેશ્યા હોય. હવે પછી આ બે નિકાયની લેશ્યા ન કહેવાના હોવાથી લાઘવ માટે અહીં આ કથન છે. (૪-૭)

**टीकावतरणिका–** एते च सर्वे त्रिविधा देवा भवन्ति-सदेवीकाः सप्रवीचाराः १ अदेवीकाः सप्रवीचाराः २ अदेवीकाः अप्रवीचारा ३ इति, तत्राद्यानधिकृत्याह–

**ટીકાવતરણિકાર્થ–** આ બધા દેવો ત્રણ પ્રકારના છે. તે આ પ્રમાણે- (૧) દેવી સહિત અને પ્રવિચારથી સહિત. (૨) દેવી રહિત પ્રવિચારથી સહિત. (૩) દેવીથી રહિત અને પ્રવિચારથી રહિત. તેમાં પહેલા પ્રકારના દેવોને આશ્રયીને કહે છે–

**દેવોમાં મૈથુનસેવનની વિચારણા–**

## कायप्रवीचारा आ ऐशानाद् ॥४-८॥

**સૂત્રાર્થ–** ઈશાન સુધીના દેવો કાયાથી પ્રવિચાર(=મૈથુન સેવન) કરે છે. (૪-૮)

**भाष्यं–** भवनवास्यादयो देवा आ ऐशानात्कायप्रवीचारा भवन्ति । कायेन प्रवीचार एषामिति कायप्रवीचाराः । प्रवीचारो नाम मैथुनविषयोप-सेवनम् । ते हि संक्लिष्टकर्माणो मनुष्यवन्मैथुनसुखमनुप्रलीयमा-

नास्तीव्रानुशयाः कायसङ्क्लेशजं सर्वाङ्गीणं स्पर्शसुखमवाप्य प्रीतिमुपलभन्त इति ॥४-८॥

**ભાષ્યાર્થ–** ભવનવાસીથી માંડીને ઇશાન સુધીના દેવો કાયાથી પ્રવિચારવાળા હોય છે. પ્રવિચાર એટલે મૈથુન(=વિષયસેવન). સંક્લિષ્ટ કર્મવાળા તે દેવો મનુષ્યની જેમ મૈથુનસુખમાં મગ્ન થાય છે અને વિષયસુખના તીવ્ર અધ્યવસાયવાળા તે દેવો કાયસંક્લેશથી થનારા સર્વાંગ સંબંધી સ્પર્શ સુખને પામીને આનંદ પામે છે. (૪-૮)

**टीका–** प्रकटसमुदायार्थम्, नवरं आऐशानादित्यभिधानाद् ऐशानान् अवधिकृत्येत्यैशानोऽपि कायप्रवीचार एवेति ॥४-८॥

**ટીકાર્થ–** સમુદિત અર્થ સ્પષ્ટ છે. ફક્ત આ વિશેષ છે- आ ऐशानाद् એમ કહ્યું હોવાથી ઇશાનની અવધિ કરીને ઇશાનના દેવો પણ કાયાથી જ પ્રવીચાર કરે છે. (૪-૮)

**ઇશાનથી ઉપર મૈથુનસેવન–**

**शेषाः स्पर्श-रूप-शब्द-मनःप्रवीचारा द्वयोर्द्वयोः ॥४-९॥**

**સૂત્રાર્થ–** ઇશાનથી ઉપરના દેવો બે બે કલ્પમાં અનુક્રમે 'સ્પર્શ, રૂપ, શબ્દ અને મન' વડે મૈથુન સેવન કરે છે. (૪-૯)

**भाष्यं–** ऐशानादूर्ध्वं शेषाः कल्पोपपन्ना देवा द्वयोर्द्वयोः स्पर्श-रूपशब्दमनःप्रवीचारा भवन्ति यथासङ्ख्यम् । तद्यथा- सनत्कुमारमाहेन्द्र-योर्देवान्मैथुनसुखप्रेप्सूनुत्पन्नास्थान्विदित्वा देव्य उपतिष्ठन्ते । ताः स्पृष्ट्वैव च ते प्रीतिमुपलभन्ते विनिवृत्तास्थाश्च भवन्ति ॥ तथा ब्रह्मलोकलान्तकयोर्देवानेवम्भूतोत्पन्नास्थान्विदित्वा देव्यो दिव्यानि स्वभावभास्वराणि सर्वाङ्गमनोहराणि शृङ्गारोदाराभिजाताकारविलासा-न्युज्ज्वलचारुवेषाभरणानि स्वानि रूपाणि दर्शयन्ति । तानि दृष्ट्वैव ते प्रीतिमुपलभन्ते निवृत्तास्थाश्च भवन्ति ॥ तथा महाशुक्रसहस्रारयो-र्देवानुत्पन्नप्रवीचारास्थान्विदित्वा देव्यः श्रुतिविषयसुखानत्यन्तमनोहरान्

शृङ्गारोदाराभिजातविलासाभिलाषच्छेदतलतालाभरणरवमिश्रान्हसित-कथितगीतशब्दानुदीरयन्ति । तान् श्रुत्वैव ते प्रीतिमुपलभन्ते निवृत्तास्थाश्च भवन्ति ॥ आनतप्राणतारणाच्युतकल्पवासिनो देवाः प्रवीचारायोत्पन्नास्था देवीः संकल्पयन्ति, संकल्पमात्रेणैव च ते परां प्रीतिमुपलभन्ते विनिवृत्तास्थाश्च भवन्ति ॥ एभिश्च प्रवीचारैः परतः परतः प्रीतिप्रकर्षविशेषोऽनुपमगुणो भवति, प्रवीचारिणामल्पसङ्क्लेशत्वात् । स्थितिप्रभावादिभिरधिका इति वक्ष्यते ॥४-९॥

**ભાષ્યાર્થ–** ઐશાનથી ઉપર બાકીના કલ્પોપપન્ન દેવો બે બે કલ્પોમાં અનુક્રમે સ્પર્શ, રૂપ, શબ્દ, માનસિક પ્રવિચારવાળા હોય છે. તે આ પ્રમાણે- સનત્કુમાર અને માહેન્દ્ર એ બે કલ્પોના દેવોને મૈથુનસુખને પ્રાપ્ત કરવાની ઇચ્છાવાળા અને મૈથુનસુખની અપેક્ષાવાળા થયેલા જાણીને દેવીઓ હાજર થાય છે. દેવીઓને સ્પર્શીને જ તે દેવો આનંદ પામે છે અને વિષયસુખની અપેક્ષાથી રહિત બને છે. તથા બ્રહ્મલોક અને લાંતક કલ્પના દેવોને આવા પ્રકારની અપેક્ષાવાળા થયેલા જાણીને દિવ્ય, સ્વાભાવિક ભાસ્વર (દેદીપ્યમાન) સર્વ અંગોના મનોહર શૃંગાર રસથી યુક્ત, ઉદાર અને શ્રેષ્ઠ પ્રકારના વિલાસોવાળા, ઉજ્જ્વલ અને સુંદર વેશવાળા અને આભરણોવાળા પોતાના રૂપોને બતાવે છે. રૂપોને જોઇને જ તે દેવો આનંદ પામે છે અને મૈથુનસુખની અપેક્ષા દૂર થાય છે. તથા મહાશુક્ર અને સહસ્રાર દેવલોકના દેવોને વિષયસુખની ઇચ્છાવાળા થયેલા જાણીને દેવીઓ કાનના વિષયસુખવાળા, અત્યંત મનોહર શૃંગારથી યુક્ત, ઉદાર અને શ્રેષ્ઠ વિલાસોવાળા વિષયના અભિલાષને છેદે તેવા તલતાલ[1] અને આભરણના અવાજથી યુક્ત હાસ્યપૂર્વક કહેલા(=ગવાયેલા) ગીતના શબ્દોને બોલે છે. તે શબ્દોને સાંભળીને જ તે દેવો આનંદ પામે છે અને વિષયસુખની અપેક્ષાથી રહિત બને છે. આનત, પ્રાણત, આરણ, અચ્યુત કલ્પવાસી દેવો વિષયસુખ માટે ઇચ્છા

૧. तलताल- એટલે હથેળી ઠોકીને વગાડવાનું એક વાજિંત્ર.

ઉત્પન્ન થાય ત્યારે દેવીઓનો સંકલ્પ કરે છે. સંકલ્પમાત્રથી જ તે દેવો અત્યંત આનંદ પામે છે અને વિષયસુખની અપેક્ષાથી રહિત બને છે. આનાથી(=આ વિષયસુખોથી) પછી પછીના દેવોને અનુપમ ગુણવાળો અધિક [1]આનંદવિશેષ થાય છે, કેમ કે વિષયસુખની ઇચ્છાવાળા તે દેવો અલ્પસંક્લેશવાળા છે.

પછી પછીના દેવો સ્થિતિ અને પ્રભાવાદિથી અધિક છે એ પ્રમાણે (અ.૪ સૂ.૨૧ માં) કહેવાશે. (૪-૯)

**टीका–** प्रायो निगदसिद्धम्, मैथुनसुखप्रेप्सून् मैथुनसुखप्राप्तीच्छाभिमुखीकृतान् उत्पन्नास्थान् प्रादुर्भूतदशान् विदित्वा तत्प्रभावत एवावबुध्य देव्य उपतिष्ठन्ते अपरिगृहीताः सौधर्मेशानदेव्यो गणिकाकल्पाः, ताः स्पृष्ट्वैव च ते देवाः प्रीतिमुपलभन्ते, अल्पसङ्क्लेशत्वात्, विनिवृत्तास्थाश्च विनिवृत्तादराश्च भवन्ति, अत एव हेतोरिति, एवं सर्वत्र भावनीयं । नवरं एता देव्यः अनेन क्रमेणैषां भवन्ति, "सोहम्मि विमाणाणं छच्चेव हवंति सयसहस्साइं । चत्तारि अ ईसाणे अपरिग्गहिआण देवीणं ॥१॥ सपरिग्गहेयराणं सोहम्मीसाण पलिअ साहीअं । उक्कोस्स सत्त पण्णा णव पणपण्णा य देवीणं ॥२॥ पलिओवमाइ समयाहिआ ठिई जासिं जाव दस पलिआ । सोहम्मगदेवीणं ताओ उ सणंकुमाराणं ॥३॥ एएण कमेण भवे समयाहियदसगपलिअवुड्ढीए । बंभमहासुक्काण य आरणदेवाण पण्णासा ॥४॥ साहिअपलिआ समयाहिआ ठिई जासिं जाव पण्णरस । ईसाणगदेवीओ ताओ माहिंददेवाणं ॥५॥ एएण कमेण भवे समयाहिअपलिअदसगवुड्ढीए । लंतसहस्सारपाणयअच्चुअदेवाण पणपण्णा ॥६॥ इति, एताः प्रतीतार्था एवेति ॥४-९॥

**ટીકાર્થ–** આ સૂત્ર પ્રાયઃ બોલતાં જ સમજાઇ જાય તેવું છે. દેવોને મૈથુનસુખ મેળવવાની ઇચ્છાની સન્મુખ કરાયેલા અને પ્રગટેલી કામની

૧. અહીં તાત્પર્ય આ છે–સ્પર્શથી થતા આનંદથી રૂપદર્શનમાં વધારે આનંદ થાય છે, તેનાથી શબ્દ શ્રવણમાં વધારે આનંદ થાય છે અને તેનાથી માનસિક સંકલ્પમાં વધારે આનંદ થાય છે.

અવસ્થાવાળા જોઈને, પ્રગટેલી કામાવસ્થાના પ્રભાવથી જ (દેવોને તેવા) જાણીને સૌધર્મ-ઈશાનની વેશ્યા જેવી અપરિગૃહીતા દેવીઓ તેમની પાસે હાજર થાય છે. તે દેવો અલ્પ સંક્લેશવાળા હોવાથી તેમને સ્પર્શીને જ પ્રીતિને પામે છે અને અલ્પસંક્લેશવાળા હોવાથી જ તેમની (તત્કાલીન) ભોગાસક્તિ દૂર થાય છે. આ પ્રમાણે રૂપ દર્શન આદિ બધામાં વિચારવું.

ફક્ત આ વિશેષ છે- નીચેના ક્રમથી તે તે દેવીઓ તે તે દેવોની થાય છે. સૌધર્મ દેવલોકમાં અપરિગૃહીતા દેવીઓનાં છ લાખ વિમાનો છે. ઈશાન દેવલોકમાં અપરિગૃહીતા દેવીઓનાં ચાર લાખ વિમાનો છે. (૧) પરિગૃહીતા અને અપરિગૃહીતા એ બંને દેવીઓનું જઘન્ય આયુષ્ય સૌધર્મમાં ૧ પલ્યોપમ અને ઈશાનમાં સાધિક ૧ પલ્યોપમ છે. સૌધર્મ દેવલોકમાં ઉત્કૃષ્ટ આયુષ્ય પરિગૃહીતા દેવીઓનું ૭ પલ્યોપમ અને અપરિગૃહીતા દેવીઓનું ૫૦ પલ્યોપમ છે. ઈશાન દેવલોકમાં પરિગૃહીતા દેવીઓનું ઉત્કૃષ્ટ આયુષ્ય ૯ પલ્યોપમ અને અપરિગૃહીતા દેવીઓનું ૫૫ પલ્યોપમ છે. (૨) સૌધર્મ દેવલોકની એક પલ્યોપમની આદિથી સમય સમય અધિક કરતાં યાવત્ જેઓની દશ પલ્યોપમની સ્થિતિ છે, અર્થાત્ એક પલ્યોપમથી પ્રારંભી દશ પલ્યોપમ સુધીના આયુષ્યવાળી દેવીઓ સનત્કુમાર દેવલોકમાં ઉપભોગ માટે જાય છે. (૩) આ જ ક્રમથી દશ પલ્યોપમથી પ્રારંભી સમયાદિની વૃદ્ધિએ દશ દશ પલ્યોપમની વૃદ્ધિથી અનુક્રમે બ્રહ્મ, મહાશુક્ર, આનત દેવલોકના દેવોને ભોગ્ય છે, અર્થાત્ દશ પલ્યોપમમાં એક સમયની વૃદ્ધિથી પ્રારંભી ૨૦ પલ્યોપમના આયુષ્ય સુધીની અપરિગૃહીતા દેવીઓ બ્રહ્મલોકના દેવોને ભોગ્ય છે. ૨૦ પલ્યોપમમાં એક સમયની વૃદ્ધિથી પ્રારંભી ૩૦ પલ્યોપમના આયુષ્ય સુધીની અપરિગૃહીતા દેવીઓ શુક્ર દેવલોકના દેવોને ભોગ્ય છે. ૪૦ પલ્યોપમ આયુષ્ય સુધીની અપરિગૃહીતા દેવીઓ આનત દેવલોકના દેવોને ભોગ્ય છે, ૫૦ પલ્યોપમના આયુષ્યવાળી અપરિગૃહીતા દેવીઓ આરણ દેવોને ભોગ્ય છે. (૪) ઈશાન દેવલોકની સાધિક પલ્યોપમની

આદિથી સમય-સમય અધિક કરતાં યાવત્ ૧૫ પલ્યોપમના આયુષ્ય સુધીની અપરિગૃહીતા દેવીઓ માહેન્દ્ર દેવોને ભોગ્ય છે. (૫) આ ક્રમથી સમય-સમય અધિક કરતાં દશ પલ્યોપમની વૃદ્ધિથી અનુક્રમે લાંતક, સહસ્રાર, પ્રાણત, યાવત્ પંચાવન પલ્યોપમની આયુષ્યવાળી અપરિગૃહીતા દેવીઓ અચ્યુત દેવોને ભોગ્ય છે, અર્થાત્ ૧૫ પલ્યોપમના આયુષ્ય સુધીની અપરિગૃહિતા દેવીઓ માહેંદ્ર દેવોને ભોગ્ય છે, ૨૫ પલ્યોપમ આયુષ્ય સુધીની અપરિગૃહીતા દેવીઓ લાંતક દેવોને ભોગ્ય છે, ૩૫ પલ્યોપમના આયુષ્ય સુધીની અપરિગૃહીતા દેવીઓ સહસ્રાર દેવોને ભોગ્ય છે, ૪૫ પલ્યોપમ આયુષ્ય સુધીની અપરિગૃહીતા દેવીઓ પ્રાણત દેવોને ભોગ્ય છે. ૫૫ પલ્યોપમ આયુષ્ય સુધીની અપરિગૃહીતા દેવીઓ અચ્યુત દેવોને ભોગ્ય છે.[1]

આ ગાથાઓ સુગમ અર્થવાળી છે. (૪-૯)

**મૈથુનસેવનનો અભાવ–**

## परेऽप्रवीचाराः ॥४-१०॥

**સૂત્રાર્થ–** બીજાઓ=બારમા દેવલોકથી ઉપરના દેવો મૈથુનસેવનથી રહિત હોય છે. (૪-૧૦)

**भाष्यं–** कल्पोपपन्नेभ्यः परे देवा अप्रवीचारा भवन्ति, अल्पसङ्क्लेशत्वात् स्वस्थाः शीतीभूताः । पञ्चविधप्रवीचारोद्भवादपि प्रीतिविशेषादपरिमितगुणप्रीतिप्रकर्षाः परमसुखतृप्ता एव भवन्ति ॥४-१०॥

**ભાષ્યાર્થ–** કલ્પોપપન્ન દેવોથી બીજા દેવો વિષયસુખોથી રહિત હોય છે, કેમકે તે દેવો અલ્પસંક્લેશવાળા હોવાથી સ્વસ્થ અને શીતીભૂત (=કામના આવેગથી શાંત) થયેલા હોય છે. પાંચ પ્રકારના વિષયસુખોથી ઉત્પન્ન થયેલા આનંદવિશેષ કરતા અપરિમિત આત્મગુણોની પ્રીતિનો પ્રકર્ષ હોવાથી પરમસુખ(આત્મસુખ)માં તૃપ્ત થયેલા જ રહે છે. (૪-૧૦)

૧. આ ગાથાઓ થોડા ફેરફારવાળી બૃહત્સંગ્રહણીમાં ૧૭૨ થી ૧૭૫ સુધીની છે.

**टीका–** ग्रैवेयकानुत्तरविमानवासिदेवा इति सूत्रसमुदायार्थः, अवयवार्थं त्वाह–'कल्पोपपन्नेभ्य'इत्यादिना, एतेभ्यः परे देवा–ग्रैवैयकनिवास्यादयः अप्रवीचारा भवन्ति, पञ्चविधप्रवीचारापेक्षया, अल्पसङ्क्लेशत्वात् मन्दरागत्वात् स्वस्थाः कायक्लेशरहितत्वेन शीतीभूताः स्वल्पवेदाग्नितया, न तर्हि सुखभाज एते इत्याशङ्क्याह–पञ्चविधप्रवीचारोद्भवादपि काया-दिप्रवीचारोत्पन्नादपीत्यर्थः, प्रीतिविशेषात् सुखविशेषात् अपरिमित-गुणप्रीतिप्रकर्षाः अपरिमितगुणः–असङ्ख्येयगुणः प्रीतिप्रकर्षो येषां ते तथाविधाः, अविपरीतक्रियया अविपरीतसमाधिजपुण्यविपाक एषां, अत आह–परमसुखतृप्ता एव भवन्ति, स्पर्शादिविषयापेक्षाभावात्, स्वाङ्गस्पर्शादीनामेव तद्भावावियोगिनामत्यन्तसौन्दर्यविलसितमेतत्, प्रतनुमोहोदयत्वेनेत्याचार्याः, कथमेते न ब्रह्मचारिण एव उच्यन्ते ?, चारित्रपरिणामाभावात्, अतोऽप्याशयात् शुभतरोऽयं प्रत्यस्तमित-सुखादिविकल्पः क्षायोपशमिकादिभावभेद इति भावनीयं ॥४-१०॥

**ટીકાર્થ–** ગ્રૈવેયક-અનુત્તર વિમાનવાસી દેવો મૈથુનસેવનથી રહિત છે એ પ્રમાણે સૂત્રનો સમુદિત અર્થ છે. અવયવાર્થને તો कल्पोपपन्नेभ्यः ઇત્યાદિથી ભાષ્યકાર કહે છે- કલ્પોપપન્નથી બીજા ગ્રૈવેયક નિવાસી વગેરે દેવો પાંચ પ્રકારના મૈથુનસેવનની અપેક્ષાએ મૈથુનસેવનથી રહિત હોય છે. કારણ કે અલ્પરાગવાળા હોય છે. તે દેવો કાયક્લેશથી રહિત હોવાથી સ્વસ્થ અને વેદરૂપ અગ્નિ અત્યંત અલ્પ હોવાથી શાંત હોય છે.

તો પછી એ દેવો સુખના ભાગી નથી એવી આશંકા કરીને કહે છે- તે દેવોને કાયાદિથી મૈથુનસેવનથી ઉત્પન્ન થયેલા સુખવિશેષથી પણ અસંખ્યગુણ ઉત્કૃષ્ટ સુખ હોય છે. તે દેવોને અવિરુદ્ધ ક્રિયાથી અવિરુદ્ધ(=સહજ) સમાધિથી ઉત્પન્ન થયેલ પુણ્યનો વિપાક હોય છે. આથી જ ભાષ્યકાર કહે છે- परमसुखतृप्ता एव भवन्ति=તે દેવો પરમસુખથી તૃપ્ત જ હોય છે. કારણ કે તેમને સ્પર્શાદિ વિષયોની અપેક્ષા હોતી નથી.

સ્વશરીરના સ્પર્શાદિવાળા જ અને સ્વશરીર સ્પર્શાદિભાવના વિયોગથી રહિત એવા તે દેવોનો આ અત્યંત સૌંદર્યનો વિલાસ છે. કેમકે તેમનો મોહોદય અત્યંત પાતળો થઇ ગયો હોય છે.

[અહીં ભાવાર્થ એ જણાય છે કે- તે દેવોનો પોતાના શરીરનો સ્પર્શ, શરીરનું રૂપ, મુખમાંથી નીકળતા મનોહર શબ્દો, શરીરમાંથી પ્રસરતી સુગંધ અત્યંત આહ્લાદક હોય છે. તેથી તે દેવો સ્વશરીરના સ્પર્શાદિથી જ સતત સુખનો અનુભવ કરે છે. એથી તે દેવો પરમસુખથી તૃપ્ત જ હોય છે.

ગ્રૈવેયક આદિ દેવોની પાસે બીજા કોઇ ભૌતિક સુખનાં સાધનો હોતા નથી. તે દેવો પોતાના વિમાનથી બહાર ગમનાગમન કરતા નથી. તો પછી એ કેવી રીતે સુખી હોય ? આ દેવોમાં બધા સમ્યગ્દષ્ટિ જ હોય એવો નિયમ નથી. ઘણા મિથ્યાદૃષ્ટિ દેવો પણ હોય. એમને આધ્યાત્મિક સુખ ન હોય તો પછી સુખી કેવી રીતે હોય ? આ વિચારતાં અહીં જણાવેલો ટીકાર્થ અને ભાવાર્થ યોગ્ય જણાય છે.]

**પ્રશ્ન–** તો પછી તે દેવો બ્રહ્મચારી કેમ કહેવાતા નથી ?

**ઉત્તર–** તેમને (દેવભવના કારણે જ) ચારિત્રનો પરિણામ ન થાય. આ આશયથી પણ(=ગ્રૈવેયકાદિના સુખના આશયથી પણ) જેમાં પરિમિત સુખ આદિનો વિકલ્પ નથી તેવો ક્ષાયોપશમિક આદિ ભાવનો ભેદ અધિક શુભ છે.

[અહીં ભાવાર્થ એ છે કે- ગ્રૈવેયકાદિના સુખથી પણ આધ્યાત્મિક સુખ અધિક શ્રેષ્ઠ છે. કેમકે ગ્રૈવેયકાદિનું સુખ પરિમિત છે. ક્ષાયોપશમિક ભાવ આદિનું સુખ અપરિમિત છે. ગ્રૈવેયકાદિનું સુખ અનિત્ય અને અપૂર્ણ છે. આધ્યાત્મિક સુખ નિત્ય અને પૂર્ણ હોય છે. આથી જ સાધુઓ દેવોથી પણ અધિક સુખી હોય છે. દેવોનું અત્યંત ઉચ્ચ કોટીનું પણ સુખ પુણ્ય વિપાકવાળું છે, જ્યારે સાધુઓનું સુખ ક્ષાયોપશમિક ભાવવાળું હોય.] (૪-૧૦)

**भाष्यावतरणिका—** अत्राह- उक्तं भवता देवाश्चतुर्निकाया दशाष्ट-पञ्चद्वादशविकल्पा इति, तत् के निकायाः के चैषां विकल्पा इति । अत्रोच्यते- चत्वारो देवनिकायाः । तद्यथा- भवनवासिनो व्यन्तरा ज्योतिष्का वैमानिका इति ॥ तत्र—

**ભાષ્યાવતરણિકાર્થ— પ્રશ્ન—** દેવોના ચાર નિકાયો અનુક્રમે દશ, આઠ, પાંચ અને બાર ભેદવાળા છે એમ આપે કહ્યું છે. તેથી તે નિકાયો કયા છે અને એમના ભેદો કયા છે ?

**ઉત્તર—** દેવનિકાયો ચાર છે. તે આ પ્રમાણે- ભવનવાસીઓ, વ્યંતરો, જ્યોતિષ્કો અને વૈમાનિકો. તેમાં—

**टीकावतरणिका—** सूत्रान्तरसम्बन्धार्थमाह-'अत्राहे'त्यादि 'देवा-श्चतुर्निकाया' इत्युक्तमध्यायादौ, तथा 'दशाष्टपञ्चद्वादशविकल्पा' इत्येतच्च, तत् के निकायास्तेषां के वा विकल्पा भेदा दशादय इति, अत्रोच्यते इति प्रश्नसमाधिः, चत्वारो देवनिकायाः, क एते इत्याह-'तद्यथा भवनवासिनो' इत्यादि ॥ तत्र—

**ટીકાવતરણિકાર્થ—** અન્ય સૂત્રનો સંબંધ કરવા માટે કહે છે- અહીં પ્રશ્નકાર કહે છે કે- આપે પ્રસ્તુત અધ્યાયના પ્રારંભમાં "દેવો ચાર નિકાયના છે" એમ કહ્યું છે. તથા દેવોના અનુક્રમે દશ, આઠ, પાંચ અને બાર ભેદો છે. (૪-૩) એમ પણ કહ્યું છે. તેથી નિકાયો કયા કયા છે ? અને તેમના દશ વગેરે ભેદો કયા છે ?

अत्रोच्यते એ વચન પ્રશ્નના સમાધાન રૂપ છે. દેવનિકાયો ચાર છે. એ ચાર નિકાયો કયા છે એવા પ્રશ્નના ઉત્તરને કહે છે- "तद्यथा भवनवासिनो" इत्यादि, ભવનવાસી, વ્યંતર, જ્યોતિષ્ક અને વૈમાનિક એ ચાર નિકાયો છે. તેમાં—

**ભવનપતિનિકાયના દશ ભેદોના નામો—**

**भवनवासिनो-ऽसुर-नाग-विद्युत्-सुपर्णा-ऽग्नि-वात-स्तनितोदधि-द्वीप-दिक्कुमाराः ॥४-११॥**

**સૂત્રાર્થ–** અસુરકુમાર, નાગકુમાર, વિદ્યુત્કુમાર, સુપર્ણકુમાર, અગ્નિકુમાર, વાતકુમાર, સ્તનિતકુમાર, ઉદધિકુમાર, દ્વીપકુમાર, દિક્કુમાર એ પ્રમાણે ભવનપતિ નિકાયના દશ ભેદોનાં નામો છે. (૪-૧૧)

**भाष्यं–** प्रथमो देवनिकायो भवनवासिनः । इमानि चैषां विधानानि भवन्ति । तद्यथा-असुरकुमारा नागकुमारा विद्युत्कुमाराः सुपर्णकुमारा अग्निकुमारा वातकुमाराः स्तनितकुमारा उदधिकुमारा द्वीपकुमारा दिक्कुमारा इति । कुमारवदेते कान्तदर्शनाः सुकुमारा मृदुमधुरललितगतयः शृङ्गाराभिजातरूपविक्रियाः कुमारवच्चोद्धतरूपवेषभाषाभरणप्रहरणा-वरणयानवाहनाः कुमारवच्चोल्बणरागाः क्रीडनपराश्चेत्यतः कुमारा इत्युच्यन्ते । असुरकुमारावासेष्वसुरकुमाराः प्रतिवसन्ति शेषास्तु भवनेषु । महामन्दरस्य दक्षिणोत्तरयोर्दिग्विभागयोर्बह्वीषु योजनशतसहस्र-कोटीकोटीष्वावासा भवनानि च दक्षिणार्धाधिपतीनामुत्तरार्धाधिपतीनां च यथास्वं भवन्ति । तत्र भवनानि रत्नप्रभायां बाहल्यार्धमवगाह्य मध्ये भवन्ति । भवनेषु वसन्तीति भवनवासिनः ॥

भवप्रत्ययाश्चैषामिमा नामकर्मनियमात्स्वजातिविशेषनियता विक्रिया भवन्ति । तद्यथा- गम्भीराः श्रीमन्तः काला महाकाया रत्नोत्कटमुकुट-भास्वराश्चूडामणिचिह्ना असुरकुमारा भवन्ति । शिरोमुखेष्वधिकप्रतिरूपाः कृष्णश्यामा मृदुललितगतयः शिरस्सु फणिचिह्ना नागकुमाराः । स्निग्धा भ्राजिष्णवोऽवदाता वज्रचिह्ना विद्युत्कुमाराः । अधिकरूपग्रीवोरस्काः श्यामावदाता गरुडचिह्नाः सुपर्णकुमाराः । मानोन्मानप्रमाणयुक्ता भास्वन्तोऽवदाता घटचिह्ना अग्निकुमारा भवन्ति । स्थिरपीनवृत्तगात्रा निमग्नोदरा अश्वचिह्ना अवदाता वातकुमाराः । स्निग्धाः स्निग्धगम्भीरा-नुनादमहास्वनाः कृष्णा वर्धमानचिह्नाः स्तनितकुमाराः । ऊरुकटिष्व-धिकप्रतिरूपाः कृष्णश्यामा मकरचिह्ना उदधिकुमाराः । उरःस्कन्धबाह्व-ग्रहस्तेष्वधिकप्रतिरूपाः श्यामावदाताः सिंहचिह्ना द्वीपकुमाराः ।

जङ्घाग्रपादेष्वधिकप्रतिरूपाः श्यामा हस्तिचिह्ना दिक्कुमाराः । सर्वे विविधवस्त्राभरणप्रहरणावरणा भवन्तीति ॥४-११॥

**ભાષ્યાર્થ–** પહેલો દેવનિકાય ભવનવાસીનો છે. આ (સૂત્રમાં કહેલા) એમના પ્રકારો છે. તે આ પ્રમાણે- અસુરકુમારો, નાગકુમારો, વિદ્યુત્કુમારો, સુપર્ણકુમારો, અગ્નિકુમારો, વાતકુમારો, સ્તનિતકુમારો, ઉદધિકુમારો, દ્વીપકુમારો અને દિક્કુમારો. આ દેવો કુમારના જેવા પ્રિયદર્શનવાળા હોય છે. અતિશય સુંદર, મૃદુ, મધુર, લલિતગતિવાળા શૃંગારરસથી શ્રેષ્ઠ રૂપને વિકુર્વનારા કુમારની જેમ રૂપ, વેશ, ભાષા, આભરણ, પ્રહરણ[1], આવરણ[2], યાનવાહનવાળા[3], કુમારની જેમ ઉત્કટ સ્નેહવાળા ક્રીડા કરવામાં તત્પર હોય છે. આથી તે દેવો કુમારો કહેવાય છે. અસુરકુમારના આવાસોમાં અસુરકુમારો રહે છે. બાકીના નાગકુમારો વગેરે ભવનોમાં રહે છે. મેરુપર્વતના દક્ષિણ અને ઉત્તર દિશા વિભાગમાં ઘણાં લાખ કોડાકોડિ યોજન વિસ્તારોમાં આવાસો છે અને દક્ષિણાર્ધના અધિપતિઓના અને ઉત્તરાર્ધના અધિપતિઓના યથાયોગ્ય ભવનો છે. તેમાં રત્નપ્રભા પૃથ્વીમાં તેની જાડાઇના કંઇક ન્યૂન અડધા ભાગ પછી મધ્ય ભાગમાં ભવનો હોય છે. તે દેવો ભવનોમાં રહે છે માટે ભવનવાસી કહેવાય છે.

ભવનવાસીઓની ભવનિમિત્તક નામકર્મના નિયમનથી સ્વજાતિ-વિશેષથી નિયત થયેલી આ વિક્રિયાઓ હોય છે. તે આ પ્રમાણે–

**અસુરકુમારો** ગંભીર, શોભાવાળા, શ્યામ, મહાકાયવાળા, રત્નજડિત મુકુટોથી અતિશય દેદીપ્યમાન, (મુગુટમાં) ચૂડામણિના ચિહ્નવાળા હોય છે.

**નાગકુમારો** મસ્તક અને મુખના ભાગમાં અધિક શોભાવાળા, અધિક શ્યામ, મૃદુ-લલિત ગતિવાળા, મસ્તકે(=મુકુટમાં) સર્પના ચિહ્નવાળા હોય છે.

---

૧. પ્રહરણ એટલે શસ્ત્ર.

૨. આવરણ એટલે ઢાલ.

૩. યાન એટલે જેમાં બેસીને અન્ય સ્થળે જવાય તેવું રથ વગેરે સાધન.

**વિદ્યુત્કુમારો** સ્નિગ્ધ, દેદીપ્યમાન, નિર્મળ અને વજ્રના ચિહ્નવાળા હોય છે.

**સુવર્ણકુમારો** ડોક અને છાતીમાં અધિક રૂપાળા શ્યામ, નિર્મળ અને ગરુડ ચિહ્નવાળા હોય છે.

**અગ્નિકુમારો** માન, ઉન્માન, પ્રમાણથી યુક્ત, દેદીપ્યમાન, ઉજ્જ્વળ અને ઘટના ચિહ્નવાળા હોય છે.

**વાતકુમારો** સ્થિર, પુષ્ટ, ગોળ અવયવવાળા, ઊંડા પેટવાળા અને અશ્વના ચિહ્નવાળા નિર્મળ હોય છે.

**સ્તનિતકુમારો** સ્નિગ્ધ અને ગંભીર અવાજવાળા, પડઘો પડે તેવા મોટા અવાજવાળા, શ્યામ અને વર્ધમાન ચિહ્નવાળા હોય છે.

**ઉદધિકુમારો–** છાતીમાં અને કેડમાં અધિક રૂપવાળા, અધિક શ્યામવર્ણવાળા અને મગરના ચિહ્નવાળા હોય છે.

**દ્વીપકુમારો** છાતી, સ્કન્ધ અને બાહુના અગ્રભાગમાં અધિક રૂપવાળા, શ્યામ, નિર્મળ અને સિંહના ચિહ્નવાળા હોય છે.

**દિક્કુમારો** જંઘાના અગ્રભાગમાં અને ચરણોમાં અધિક રૂપવાળા, શ્યામ અને હાથીના ચિહ્નવાળા હોય છે.

બધા ભવનવાસી દેવો વિવિધ વસ્ત્ર, આભરણ, શસ્ત્ર, ઢાલવાળા હોય છે. (૪-૧૧)

**टीका–** समुदायार्थावयवार्थावस्य निगदसिद्धौ प्रायो, नवरं भूमिष्ठ-त्वाद्भवनानि तेषु वस्तुं शीलाः भवनवासिनः कुमारशब्दप्रवृत्तिनिमित्तमाह-'कुमारवदेते'इत्यादिना असुरकुमारावासेषु इत्यत्रावासाः कायमान-स्थानीयाः अतिमनोहरास्तेषु प्रायोऽसुरकुमाराः प्रतिवसन्ति, कदाचिद्भ-वनेष्वपि, शेषास्तु नागादयः प्रायो भवनेषु कदाचिच्चाऽऽवासेष्वपि इति। भवनावासस्थानमाह-'महामन्दरस्ये'त्यादि महामन्दरग्रहणं धातकी-खण्डादिमन्दरव्यावृत्त्यर्थं, चिह्नमात्रं चैतद् अस्य, योजनसहस्रमात्रा-


वगाहित्वात्, 'दक्षिणोत्तरयोर्दिग्भागयोरि'त्यादि, दक्षिणोत्तरस्यां दिशि तिर्यग् बह्वीषु योजनलक्षकोटीनां कोटीषु, भवन्त्यावासाः, भवनानि च दक्षिणार्धाधिपतीनां चमरादीनामुत्तरार्धाधिपतीनां च बलिप्रभृतीनां यथायथमसुरादीनामिति तत्र भवनानि रत्नप्रभायां बाहल्यार्धमवगाह्य नवतिसहस्राणि व्यतीत्येति भावः, मध्ये भवन्तीति, आवासास्तूर्ध्वमधश्च प्रत्येकं योजनसहस्रं विहायेति भाष्यकाराभिप्रायः, न चायमन्याय्यो, बहुश्रुतत्वेनास्य क्वचिदित्थं विशेषदर्शनसम्भवादिति । 'भवप्रत्ययाश्चे'-त्यादि, भवप्रत्ययाश्च-जन्महेतुकाश्चैषाम्-असुरकुमाराणां, न तु तपोऽ-नुष्ठानसाध्याः, इमा वक्ष्यमाणाः नामकर्मनियमाद्धेतोः अङ्गोपाङ्गादिनाम-कर्मोदयेन स्वजातिविशेषनियताः प्रतिजातिविशेषकारिण्यः विक्रिया भवन्ति-जायन्ते गम्भीराः घनशरीराः श्रीमन्तः सर्वाङ्गसुन्दरा इति ॥४-११॥

**ટીકાર્થ–** સૂત્રના સમુદિતાર્થ અને અવયવાર્થ પ્રાયઃ બોલતાં જ સમજાઈ જાય તેવા છે. ફક્ત આ વિશેષ છે- ભૂમિ ઉપર રહેલા હોવાથી ભવનો કહેવાય છે. ભવનોમાં રહેવાના સ્વભાવવાળા હોય તે ભવનવાસી. તેમને કુમાર કેમ કહેવામાં આવે છે ? તે "कुमारवद् एते" ઇત્યાદિથી કહે છે- આ દેવો કુમારની જેમ મનોહર દર્શનવાળા, સુકોમળ મૃદુ, મધુર, લલિતગતિવાળા, શૃંગાર સહિત શ્રેષ્ઠ વૈક્રિયરૂપવાળા, કુમારની જેમ ઉત્કટરૂપ, વેષ, ભાષા, આભૂષણ, પ્રહરણ, ઢાલ, યાન, વાહનવાળા, કુમારની જેમ પ્રબળ રાગવાળા અને ક્રીડા કરવામાં તત્પર હોય છે, આથી કુમાર કહેવાય છે.

અસુરકુમારો અસુરકુમારના આવાસોમાં રહે છે. બાકીના ભવનપતિ દેવો ભવનોમાં રહે છે. અસુરકુમારના આવાસો કાયા જેટલા પ્રમાણવાળા અને અત્યંત મનોહર હોય છે. અસુરકુમારો મોટા ભાગે આવાસોમાં રહે છે. નાગકુમારો વગેરે પ્રાયઃ ભવનોમાં રહે છે. ક્યારેક આવાસોમાં પણ રહે છે.


# રત્નપ્રભા પૃથ્વીનો યથાર્થ સંપૂર્ણ દેખાવ

## ॥ પ્રથમ નરકમાં રહેલા પ્રતરોની વ્યવસ્થા... ॥



# રત્નપ્રભા પૃથ્વીનો યથાર્થ સંપૂર્ણ દેખાવ

## ॥ ભવનપતિ દેવોનું સ્થાન... ॥



"महामन्दरस्य" इत्यादि, ભવન અને આવાસોના સ્થાનને કહે છે– અહીં મહામંદરનું ગ્રહણ ધાતકીખંડ આદિના મેરુ પર્વતોનો નિષેધ કરવા માટે છે. મહામંદરનું ગ્રહણ માત્ર ચિહ્નરૂપ જ છે. કારણ કે મેરુપર્વત નીચે ભૂમિમાં માત્ર હજાર યોજન છે. (જ્યારે ભવનો અને આવાસો નીચે ભૂમિમાં હજાર યોજન પછી છે.)

"दक्षिणोत्तरयोर्दिग्भागयोः" इत्यादि મેરુપર્વતની દક્ષિણ દિશામાં અને ઉત્તર દિશામાં તિર્યગ્ ઘણા લાખ કોડાકોડિ યોજન પછી દક્ષિણાર્ધના અધિપતિ ચમર વગેરેના અને ઉત્તરાર્ધના અધિપતિ બલિ વગેરેના યથાયોગ્ય આવાસો અને ભવનો હોય છે.

તેમાં ભવનો રત્નપ્રભામાં જાડાઇના અર્ધા ભાગનું અવગાહન કરીને, અર્થાત્ નેવું હજાર યોજન ગયા પછી મધ્યમાં હોય છે. આવાસો તો ઉપર હજાર યોજન અને નીચે હજાર યોજન છોડીને હોય છે. આ ભાષ્યકારનો અભિપ્રાય છે. આ અભિપ્રાય અયોગ્ય નથી. કારણ કે આ ભાષ્યકાર બહુશ્રુત હોવાથી એમણે ક્યાંક આ પ્રમાણે વિશેષ જોયું હોય એવો સંભવ છે. તે દેવો ભવનમાં રહે છે માટે ભવનવાસી છે.

"भवप्रत्ययाश्च" इत्यादि, આ દેવોમાં તપરૂપ અનુષ્ઠાનથી સાધી શકાય તેવી નહિ કિંતુ જન્મ નિમિત્તે થનારી, અંગોપાંગાદિ નામકર્મના ઉદયથી પોતાની જાતિમાં વિશેષરૂપે નિયત થયેલી, અર્થાત્ દરેક જાતિનો ભેદ કરનારી આ (હવે કહેવાશે તે) વિશેષતાઓ હોય છે. તે આ પ્રમાણે–

અસુરકુમારો ઘનશરીરવાળા, સર્વાંગ સુંદર, શ્યામ, મહાકાયાવાળા, રત્નના તેજસ્વી મુગુટથી દેદીપ્યમાન અને મુગુટમાં ચૂડામણિના ચિહ્નવાળા હોય છે.

નાગકુમારો મસ્તકે અને મુખે અધિક રૂપાળા, અધિક કાળા, મૃદુ લલિતગતિવાળા અને મસ્તકે સર્પના ચિહ્નવાળા હોય છે.

વિદ્યુત્કુમારો સ્નિગ્ધ, દીપતા, શ્વેત અને વજ્રના ચિહ્નવાળા હોય છે.

## - દરેક જાતિનો ભેદ કરનારી વિશેષતાઓ -

| [illegible] | [illegible] | [illegible] | [illegible] | [illegible] | [illegible] | [illegible] |
|---|---|---|---|---|---|---|
| ૧ | અસુર | ચૂડામણિ | કાળો | રાતો | ૩૪ લાખ | ૩૦ લાખ |
| ૨ | નાગ | સર્પફણા | ગૌર | લીલો | ૪૪ લાખ | ૪૦ લાખ |
| ૩ | વિદ્યુત્ | વજ્ર | શ્વેત | લીલો | ૩૮ લાખ | ૩૪ લાખ |
| ૪ | સુવર્ણ | ગરુડ | શ્યામ | ધોળો | ૪૦ લાખ | ૩૬ લાખ |
| ૫ | અગ્નિ | કળશ | રક્ત | લીલો | ૪૦ લાખ | ૩૬ લાખ |
| ૬ | વાયુ | અશ્વ | લીલો | સંધ્યાવત્ | ૪૦ લાખ | ૩૬ લાખ |
| ૭ | સ્તનિત | શરાવ-સંપુટ | કાળો | ધોળો | ૪૦ લાખ | ૩૬ લાખ |
| ૮ | ઉદધિ | મગર | ગૌર | લીલો | ૪૦ લાખ | ૩૬ લાખ |
| ૯ | દ્વીપ | સિંહ | શ્યામ | લીલો | ૫૦ લાખ | ૪૬ લાખ |
| ૧૦ | દિક્ | હસ્તિ | શ્યામ | ધોળો | ૪૦ લાખ | ૩૬ લાખ |

સુવર્ણકુમારો છાતીએ અને ડોકે અધિક રૂપાળા, શ્યામ હોવા છતાં મનોહર અને ગરુડના ચિહ્નવાળા હોય છે.

અગ્નિકુમારો માન-ઉન્માન-પ્રમાણથી યુક્ત શરીરવાળા, દેદીપ્યમાન, નિર્મલ અને ઘટ(=કળશ)ના ચિહ્નવાળા હોય છે.

વાતકુમારો સ્થિર-પુષ્ટ-ગોળ ગાત્રોવાળા, ગંભીર પેટવાળા, અશ્વના ચિહ્નવાળા અને નિર્મળ હોય છે.

સ્તનિતકુમારો સ્નિગ્ધ-ગંભીર અને પડઘો પડે તેવા મોટા અવાજવાળા, કાળા અને વર્ધમાન(=શરાવસંપૂટ) ચિહ્નવાળા હોય છે.

ઉદધિકુમારો સાથળ અને કેડમાં અધિક રૂપાળા, અધિક શ્યામ અને મગરના ચિહ્નવાળા હોય છે.

દ્વીપકુમારો છાતી, ખભા, ભુજા, હસ્તના અગ્રભાગમાં અધિક રૂપાળા, શ્યામ, નિર્મલ અને સિંહના ચિહ્નવાળા હોય છે.

દિક્કુમારો જંઘા અને પગના આગળના ભાગમાં અધિક રૂપાળા, શ્યામ અને હાથીના ચિહ્નવાળા હોય છે.

આ સઘળાના વસ્ત્રો, આભૂષણો, હથિયારો અને ઢાલ વિવિધ હોય છે. (૪-૧૧)

**વ્યંતરનિકાયના આઠ ભેદોનાં નામો–**

**व्यन्तराः किन्नर-किम्पुरुष-महोरग-गन्धर्व-यक्ष-राक्षस-भूत-पिशाचाः ॥४-१२॥**

**સૂત્રાર્થ–** કિન્નર, કિંપુરુષ, મહોરગ, ગાંધર્વ, યક્ષ, રાક્ષસ, ભૂત અને પિશાચ એ પ્રમાણે વ્યંતર નિકાયના આઠ ભેદોનાં નામો છે. (૪-૧૨)

**भाष्यं–** अष्टविधो द्वितीयो देवनिकायः । एतानि चास्य विधानानि भवन्ति । अधस्तिर्यगूर्ध्वं च त्रिष्वपि लोकेषु भवननगरेष्वावासेषु च प्रतिवसन्ति । यस्माच्चाधस्तिर्यगूर्ध्वं च त्रीनपि लोकान् स्पृशन्तः स्वातन्त्र्यात्पराभियोगाच्च प्रायेण प्रतिपतन्त्यनियतगतिप्रचारा, मनुष्यानपि केचिद्भृत्यवदुपचरन्ति । विविधेषु च शैलकन्दरान्तरवनविवरादिषु प्रतिवसन्त्यतो व्यन्तरा इत्युच्यन्ते ।

तत्र किन्नरा दशविधाः । तद्यथा– किन्नराः किम्पुरुषाः किम्पुरुषोत्तमाः किन्नरोत्तमा हृदयङ्गमा रूपशालिनोऽनिन्दिता मनोरमा रतिप्रिया रतिश्रेष्ठा इति ॥

किम्पुरुषा दशविधाः । तद्यथा– पुरुषाः सत्पुरुषा महापुरुषाः पुरुषवृषभाः पुरुषोत्तमा अतिपुरुषा मरुदेवा मरुतो मरुत्प्रभा यशस्वन्त इति ॥

महोरगा दशविधाः । तद्यथा– भुजगा भोगशालिनो महाकाया अतिकायाः स्कन्धशालिनो मनोरमा महावेगा महेष्वक्षा मेरुकान्ता भास्वन्त इति ॥

गान्धर्वा द्वादशविधाः । तद्यथा- हाहा हूहू तुम्बुरवो नारदा ऋषिवादिका भूतवादिकाः कादम्बा महाकादम्बा रैवता विश्वावसवो गीतरतयो गीतयशस इति ॥

यक्षास्त्रयोदशविधाः । तद्यथा- पूर्णभद्रा माणिभद्राः श्वेतभद्रा हरिभद्राः सुमनोभद्रा व्यतिपातिकभद्राः सुभद्राः सर्वतोभद्रा मनुष्ययक्षा वनाधिपतयो वनाहारा रूपयक्षा यक्षोत्तमा इति ।

सप्तविधा राक्षसाः । तद्यथा- भीमा महाभीमा विघ्ना विनायका जलराक्षसा राक्षसराक्षसा ब्रह्मराक्षसा इति ॥

भूता नवविधाः । तद्यथा- सुरूपाः प्रतिरूपा अतिरूपा भूतोत्तमाः स्कन्दिका महास्कन्दिका महावेगाः प्रतिच्छन्ना आकाशगा इति ॥

पिशाचाः पञ्चदशविधाः । तद्यथा- कूष्माण्डाः पटका जोषा आह्वकाः काला महाकालाश्चौक्षा अचौक्षास्तालपिशाचा मुखरपिशाचा अधस्तारका देहा महाविदेहास्तूष्णीका वनपिशाचा इति ॥

तत्र किन्नराः प्रियङ्गुश्यामाः सौम्याः सौम्यदर्शना मुखेष्वधिकरूपशोभा मुकुटमौलिभूषणा अशोकवृक्षध्वजा अवदाताः । किम्पुरुषा ऊरु-बाहुष्वधिकशोभा मुखेष्वधिकभास्वरा विविधाभरणभूषणाश्चित्रस्रगनु-लेपनाश्चम्पकवृक्षध्वजाः ॥ महोरगाः श्यामावदाता महावेगाः सौम्याः सौम्यदर्शना महाकायाः पृथुपीनस्कन्धग्रीवा विविधानुविलेपना विचित्राभरणभूषणा नागवृक्षध्वजाः । गान्धर्वा रक्तावदाता गम्भीराः प्रियदर्शनाः सुरूपाः सुमुखाकाराः सुस्वरा मौलिधरा हारविभूषणा-स्तुम्बुरुवृक्षध्वजाः । यक्षाः श्यामावदाता गम्भीरास्तुन्दिला वृन्दारकाः प्रियदर्शना मानोन्मानप्रमाणयुक्ता रक्तपाणिपादतलनखतालुजिह्वौष्ठा भास्वरमुकुटधरा नानारत्नविभूषणा वटवृक्षध्वजाः । राक्षसा अवदाता भीमा भीमदर्शनाः शिरःकराला रक्तलम्बौष्ठास्तपनीयविभूषणा नाना-

भक्तिविलेपनाः खट्वाङ्गध्वजाः । भूताः श्यामाः सुरूपाः सौम्या आपीवरा नानाभक्तिविलेपनाः सुलसध्वजाः कालाः । पिशाचाः सुरूपाः सौम्यदर्शना हस्तग्रीवासु मणिरत्नविभूषणाः कदम्बवृक्षध्वजाः । इत्येवंप्रकारस्वभावानि वैक्रियाणि रूपचिह्नानि व्यन्तराणां भवन्तीति ॥४-१२॥

**ભાષ્યાર્થ–** બીજો દેવનિકાય આઠ પ્રકારે છે. આ(=સૂત્રમાં કહેલા) દ્વિતીય નિકાયના ભેદો છે. નીચે, તિર્યગ્ અને ઊર્ધ્વ આમ ત્રણેય લોકમાં ભવન, નગર અને આવાસોમાં રહે છે. જેથી નીચે, તિર્યગ્ અને ઉપર એમ ત્રણેય લોકમાં ફરતા સ્વતંત્રતાથી કે (ઇંદ્ર વગેરેની) પરાધીનતાથી પ્રાયઃ કરીને (अनियतगतिप्रचाराः) ગમે ત્યારે ગમે ત્યાં (प्रतिपतन्ति=)જાય છે. કેટલાકો મનુષ્યોની પણ નોકરની જેમ સેવા કરે છે. ભિન્ન ભિન્ન પર્વતો, ગુફાઓ, વનો અને બખોલ વગેરેમાં રહે છે. આથી તે દેવો વ્યંતર કહેવાય છે.

**તેમાં કિન્નરો દશ પ્રકારના છે.** તે આ પ્રમાણે- કિન્નર, કિંપુરુષ, કિંપુરુષોત્તમ, કિન્નરોત્તમ, હૃદયંગમ, રૂપશાલી, અનિંદિત, મનોરમ, રતિપ્રિય અને રતિશ્રેષ્ઠ.

**કિંપુરુષો દશ પ્રકારના છે.** તે આ પ્રમાણે- પુરુષ, સત્પુરુષ, મહાપુરુષ, પુરુષવૃષભ, પુરુષોત્તમ, અતિપુરુષ, મરુદેવ, મરુત, મરુત્પ્રભ અને યશસ્વાન.

**મહોરગો દશ પ્રકારના છે.** તે આ પ્રમાણે- ભુજગ, ભોગશાલી, મહાકાય, અતિકાય, સ્કંધશાલી, મનોરમ, મહાવેગ, મહેષ્વક્ષ, મેરુકાંત અને ભાસ્વાન.

**ગાંધર્વો દશ પ્રકારના છે.** તે આ પ્રમાણે- હાહા, હૂહૂ, તુંબુરુ, નારદ, ઋષિવાદિક, ભૂતવાદિક, કાદંબ, મહાકાદંબ, રૈવત, વિશ્વાવસુ, ગીતરતિ અને ગીતયશ.

**યક્ષો તેર પ્રકારના છે.** તે આ પ્રમાણે- પૂર્ણભદ્ર, માણિભદ્ર, શ્વેતભદ્ર, હરિભદ્ર, સુમનોભદ્ર, વ્યતિપાતિકભદ્ર, સુભદ્ર, સર્વતોભદ્ર, મનુષ્યયક્ષ, વનાધિપતિ, વનાહાર, રૂપયક્ષ અને યક્ષોત્તમ.

**રાક્ષસો સાત પ્રકારના છે.** તે આ પ્રમાણે- ભીમ, મહાભીમ, વિઘ્ન, વિનાયક, જલરાક્ષસ, રાક્ષસરાક્ષસ અને બ્રહ્મરાક્ષસ.

**ભૂતો નવ પ્રકારના છે.** તે આ પ્રમાણે- સુરૂપ, પ્રતિરૂપ, અતિરૂપ, ભૂતોત્તમ, સ્કંદિક, મહાસ્કંદિક, મહાવેગ, પ્રતિચ્છન્ન અને આકાશગ.

**પિશાચો પંદર પ્રકારના છે.** તે આ પ્રમાણે- કૂષ્માંડ, પટક, જોષ, આહ્નક, કાલ, મહાકાલ, ચૌક્ષ, અચૌક્ષ, તાલપિશાચ, મુખરપિશાચ, અધસ્તારક, દેહ, મહાવિદેહ, તૂષ્ણીક અને વનપિશાચ.

તેમાં **કિન્નરો** પ્રિયંગુ વૃક્ષ જેવા લીલા રંગવાળા, સૌમ્ય, સૌમ્ય દર્શનવાળા, મુખમાં અધિક રૂપ શોભાવાળા, મસ્તકે મુગુટ અલંકારવાળા, ધ્વજામાં અશોકવૃક્ષના ચિહ્નવાળા અને નિર્મલ હોય છે.

**કિંપુરુષો** સાથળ અને બાહુમાં અધિક શોભાવાળા, મુખમાં અધિક દેદીપ્યમાન, વિવિધ આભરણ અને આભૂષણોની શોભાવાળા, વિવિધ માળા અને વિલેપનવાળા અને ધ્વજામાં ચંપક વૃક્ષના ચિહ્નવાળા હોય છે.

**મહોરગો** શ્યામ, નિર્મળ, ઘણા વેગવાળા, સૌમ્ય, સૌમ્યદર્શનવાળા, મહાકાય, પહોળા-પુષ્ટ ખભા-ડોકવાળા, વિવિધ વિલેપનવાળા, વિવિધ આભરણ અને આભૂષણની શોભાવાળા અને ધ્વજામાં નાગવૃક્ષના ચિહ્નવાળા હોય છે.

**ગાંધર્વો** લાલ, નિર્મળ, ગંભીર, પ્રિયદર્શનવાળા, સુંદરરૂપવાળા, સુંદરમુખાકૃતિવાળા, સુસ્વરવાળા, મુગુટને ધારણ કરનારા અને ધ્વજામાં તુંબુરુ વૃક્ષના ચિહ્નવાળા હોય છે.

**યક્ષો** શ્યામ, નિર્મળ, ગંભીર, મોટા પેટવાળા, મનોહર, પ્રિયદર્શનવાળા, માન-ઉન્માન-પ્રમાણથી યુક્ત, જેમના હાથ-પગનાં તળિયાં, નખ, તાળવું, જીભ અને હોઠ લાલ છે તેવા. દેદીપ્યમાન

મુગુટને ધારણ કરનારા, વિવિધ રત્નોના આભૂષણોવાળા અને ધ્વજામાં વટવૃક્ષના ચિહ્નવાળા હોય છે.

**રાક્ષસો** નિર્મળ, ભયંકર, ભયંકર દેખાવવાળા, વિકરાળ મસ્તકવાળા, લાલ અને લાંબા હોઠવાળા, સુવર્ણના આભૂષણોવાળા, વિવિધ પ્રકારના વિલેપનવાળા અને ધ્વજામાં ખટ્વાંગના ચિહ્નવાળા હોય છે.

**ભૂતો** શ્યામ, રૂપાળા, સૌમ્ય, અત્યંતપુષ્ટ, વિવિધ પ્રકારના વિલેપનવાળા, ધ્વજામાં સુલસવૃક્ષના ચિહ્નવાળા અને કાળા હોય છે.

**પિશાચો** રૂપાળા, સૌમ્યદર્શનવાળા, હાથ-ડોકમાં મણિરત્નના આભૂષણવાળા અને ધ્વજામાં કદંબ વૃક્ષનાં ચિહ્નવાળા હોય છે.

આ પ્રમાણે વ્યંતરોના આવા પ્રકારના સ્વરૂપો, વિક્રિયાઓ (વિવિધ રૂપ) વગેરેને વિકુર્વવા વગેરે રૂપો અને ચિહ્નો સ્વતઃ સિદ્ધભાવવાળા હોય છે. (૪-૧૨)

| [illegible] | [illegible] | [illegible] | [illegible] |
|---|---|---|---|
| કિન્નર | કિંપુરુષ આદિ દશ | અશોક વૃક્ષ | લીલો |
| કિંપુરુષ | પુરુષ આદિ દશ | ચંપક વૃક્ષ | ધોળો |
| મહોરગ | ભુજગ આદિ દશ | નાગ વૃક્ષ | શ્યામ |
| ગાંધર્વ | હાહા આદિ બાર | તુંબુરુ વૃક્ષ | શ્યામ |
| યક્ષ | પૂર્ણભદ્ર આદિ તેર | વટ વૃક્ષ | શ્યામ |
| રાક્ષસ | ભીમ આદિ સાત | ખટ્વાંગ | શ્વેત |
| ભૂત | સુરૂપ આદિ નવ | સુલસ વૃક્ષ | શ્યામ |
| પિશાચ | કુષ્માંડ આદિ પંદર | કદંબ વૃક્ષ | શ્યામ |

**टीका—** इदमपि प्रायो निगदसिद्धमेव, नवरमध इत्यादिना अन्वर्थमाह, विविधमन्तरमावासानां येषामिति व्यन्तराः, एतदेव स्पष्टयति 'यस्माद्' इत्यादिना, स्वातन्त्र्यतः स्वेच्छया पराभियोगाच्च शक्राद्याज्ञया मनुष्यानपि

चक्रधरादीन् केचित् सामान्याः भृत्यवदुपचरन्त्यतो विगतान्तरा मनुष्येभ्य इति, 'विविधेषु चे'त्यादि अतो व्यन्तरा विगतान्तरत्वादिति ॥४-१२॥

**ટીકાર્થ—** આ સૂત્ર પણ પ્રાયઃ બોલતાં જ સમજાઇ જાય તેવું છે. ફક્ત આ વિશેષ છે- "अधः" ઇત્યાદિથી અન્વર્થને કહે છે- જેમના આવાસોનો વિવિધ અંતર હોય તે વ્યંતરો. આ જ વિષયને 'यस्माद्' ઇત્યાદિથી સ્પષ્ટ કરે છે. જેથી ઊર્ધ્વ, અધો અને તિર્યગ્ એમ ત્રણેય લોકમાં ફરતા સ્વતંત્રતાથી કે (ઇંદ્ર વગેરેથી) પરાધીનતાથી પ્રાયઃ કરીને ગમે ત્યારે ગમે ત્યાં જાય છે. કેટલાક સામાન્ય વ્યંતરો ચક્રવર્તી વગેરે મનુષ્યોની પણ નોકરની જેમ સેવા કરે છે. આથી મનુષ્યોથી અંતર પણ જતું રહેવાથી (મનુષ્ય જેવા થઇ જવાથી) વ્યંતર કહેવાય છે. ભિન્ન ભિન્ન પર્વતો, ગુફાઓ, વનો અને બખોલ વગેરેમાં રહે છે. (૪-૧૨)

**भाष्यावतरणिका—** तृतीयो देवनिकायः—

**ભાષ્યાવતરણિકાર્થ—** ત્રીજો દેવનિકાય—

**टीकावतरणिका—** तृतीयो देवनिकायः प्रवचनक्रमप्रामाण्यात्

**ટીકાવતરણિકાર્થ—** પ્રવચનમાં પ્રસિદ્ધ ક્રમની પ્રામાણિકતાથી ત્રીજો નિકાય આ છે—

**ત્રીજા જ્યોતિષ્કનિકાયના પાંચ ભેદોના નામો—**

## ज्योतिष्काः सूर्याश्चन्द्रमसो ग्रह-नक्षत्र-प्रकीर्णतारकाश्च ॥४-१३॥

**સૂત્રાર્થ—**સૂર્ય, ચંદ્ર, ગ્રહ, નક્ષત્ર અને તારા એ પાંચ જ્યોતિષ્કો છે. (૪-૧૩)

**भाष्यं—** ज्योतिष्काः पञ्चविधा भवन्ति तद्यथा- १ सूर्या २ श्चन्द्रमसो ३ ग्रहा ४ नक्षत्राणि ५ प्रकीर्णतारका इति पञ्चविधा ज्योतिष्का इति । असमासकरणमार्षाच्च सूर्याश्चन्द्रमसोः क्रमभेदः कृतः, यथा गम्येत् एतदेवैषामूर्ध्वनिवेश आनुपूर्व्यमिति । तद्यथा-सर्वाधस्तात्सूर्यास्-ततश्चन्द्रमसस्ततो ग्रहास्ततो नक्षत्राणि ततोऽपि प्रकीर्णतारा: । ताराग्रहास्-

त्वनियतचारित्वात्सूर्यचन्द्रमसामूर्ध्वमधश्च चरन्ति । सूर्येभ्यो दशयोजनाऽवलम्बिनो भवन्तीति । समाद्भूमिभागादष्टसु योजनशतेषु सूर्यास्ततो योजनानामशीत्यां चन्द्रमसस्ततो विंशत्यां तारा इति । द्योतयन्त इति ज्योतींषि विमानानि तेषु भवा ज्योतिष्का ज्योतिषो वा देवा ज्योतिरेव वा ज्योतिष्काः । मुकुटेषु शिरोमुकुटोपगूहितैः प्रभामण्डलकल्पैरूज्ज्वलैः सूर्यचन्द्रतारामण्डलैर्यथास्वं चिह्नैर्विराजमाना द्युतिमन्तो ज्योतिष्का भवन्तीति ॥४-१३॥

**ભાષ્યાર્થ–** જ્યોતિષ્કો પાંચ પ્રકારના છે. તે આ પ્રમાણે- સૂર્યો, ચંદ્રો, ગ્રહો, નક્ષત્રો અને પ્રકીર્ણક તારાઓ એ પ્રમાણે પાંચ પ્રકારના જ્યોતિષ્કો છે.

**પ્રશ્ન–** અહીં સૂત્રમાં સમાસ કેમ ન કર્યો? (ચંદ્ર-સૂર્ય એવા) આર્ષના ક્રમનો ભેદ કેમ કર્યો?

**ઉત્તર–** સૂત્રમાં જણાવેલા ક્રમ પ્રમાણે ઉપર જ્યોતિષ્કો આવેલા છે એમ જણાય, એ માટે અહીં સૂત્રમાં સમાસ કર્યો નથી અને ક્રમનો ભેદ કર્યો આનાથી સૂત્રકાર એ જણાવે છે કે- જ્યોતિષ્કોનો ઉપર ઉપર નિવાસસ્થાન છે અને સૂત્રમાં જણાવેલા ક્રમ પ્રમાણે ઉપર ઉપર નિવાસસ્થાન છે. તે આ પ્રમાણે- સર્વથી નીચે સૂર્યો છે. તેની ઉપર ચંદ્રો છે, તેની ઉપર ગ્રહો છે, તેની ઉપર નક્ષત્રો છે અને તેની ઉપર પ્રકીર્ણક(=છૂટા છૂટા) તારાઓ છે. તારા અને ગ્રહો અનિયત રીતે ફરનારા હોવાથી ક્યારેક સૂર્ય અને ચંદ્રની ઉપર ક્યારેક નીચે ફરે છે.

સમભૂતલા પૃથ્વીથી ઉપર આઠસો યોજન પછી સૂર્ય છે. ત્યાર બાદ ૮૦ યોજન પછી ચંદ્ર છે. ત્યાર બાદ ૨૦ યોજન પછી તારા છે.

જે પ્રકાશે તે જ્યોતિષ વિમાનો. જ્યોતિષ વિમાનોમાં થયેલા=રહેનારા દેવો જ્યોતિષ્કો અથવા જ્યોતિષ્ શબ્દનો દેવો એવો અર્થ છે. જ્યોતિષ્ એ જ જ્યોતિષ્ક દેવો. (પહેલી વ્યુત્પત્તિમાં ભવઅર્થમાં તદ્ધિત પ્રત્યયનો क છે અને બીજી વ્યુત્પત્તિમાં સ્વાર્થમાં તદ્ધિતનો क પ્રત્યય છે.)

જ્યોતિષ્ક દેવો મસ્તકે પહેરેલા મુગુટોમાં[1] રહેલા પ્રભામંડલ સમાન

૧. उपगूढानि નો શબ્દાર્થ ભેટેલ એવો થાય. ગુજરાતીમાં વાક્યરચના બંધબેસતી થાય એ માટે मुगुटेषु शिरोमुगुटोपगूढैः એ પદોનો મુગુટોમાં રહેલા એવો ભાવાર્થ કર્યો છે.

અને ઉજ્જ્વળ એવા સૂર્ય-ચંદ્ર-તારા મંડલ રૂપ ચિહ્નોથી દેદીપ્યમાન અને પ્રકાશવાળા છે, અર્થાત્ સૂર્યના મુગુટમાં સૂર્યનું અને ચંદ્રના મુકુટમાં ચંદ્રનું ચિહ્ન હોય છે.

**[જ્યોતિષ્ક નિકાયનાં સૂર્ય, ચંદ્ર, ગ્રહ, નક્ષત્ર અને તારા એમ પાંચ ભેદો છે.**

**જ્યોતિષ્કનું સ્થાન–** સમભૂતલા પૃથ્વીથી ૭૯૦ યોજન ઊંચે તારા આવેલા છે. તેનાથી દશ યોજન ઉપર સૂર્ય, તેનાથી ૮૦ યોજન ઉપર ચંદ્ર, તેનાથી ચાર યોજન ઉપર નક્ષત્ર, તેનાથી ચાર યોજન ઉપર બુધ ગ્રહ, તેનાથી ત્રણ યોજન ઉપર શુક્ર ગ્રહ, તેનાથી ત્રણ યોજન ઉપર ગુરુ ગ્રહ, તેનાથી ત્રણ યોજન ઉપર મંગળ ગ્રહ અને તેનાથી ત્રણ યોજન ઉપર શનિ ગ્રહ આવેલ છે.


**પ્રશ્ન–** ગ્રહો ૮૮ છે. તો અહીં પાંચ જ ગ્રહોનું સ્થાન કેમ બતાવ્યું ?

**ઉત્તર–** બૃહત્સંગ્રહણીમાં બીજા ગ્રહોના સ્થાનો 'આદિ' શબ્દથી સમજી લેવા એમ કહ્યું છે. જેમ કે—કેટલાક ગ્રહો બુધની જેટલી ઊંચાઇ છે તેટલી ઊંચાઇમાં હોવાથી બુધ વગેરે ગ્રહો સમજવા. કેટલાક ગ્રહો શુક્રની જેટલી ઊંચાઇ છે તેટલી ઊંચાઇમાં હોવાથી શુક્ર વગેરે ગ્રહો સમજવા. એમ પછીના ગ્રહોમાં પણ આદિ શબ્દથી અન્ય ગ્રહો સમજી લેવા. તે આ પ્રમાણે–

સમભૂતલા પૃથ્વીથી ૮૮૮ યોજન ઊંચે બુધ આદિ ગ્રહો આવેલા છે.
સમભૂતલા પૃથ્વીથી ૮૯૧ યોજન ઊંચે શુક્ર આદિ ગ્રહો આવેલા છે.
સમભૂતલા પૃથ્વીથી ૮૯૪ યોજન ઊંચે ગુરુ આદિ ગ્રહો આવેલા છે.
સમભૂતલા પૃથ્વીથી ૮૯૭ યોજન ઊંચે મંગલ આદિ ગ્રહો આવેલા છે.
સમભૂતલા પૃથ્વીથી ૯૦૦ યોજન ઊંચે શનિ આદિ ગ્રહો આવેલા છે.

આ પ્રમાણે સંપૂર્ણ જ્યોતિષચક્ર ઊંચાઇમાં ૧૧૦ યોજન અને લંબાઇમાં અસંખ્ય દ્વીપ-સમુદ્ર પ્રમાણ છે.

## તિર્યગ્ લોક, તેનું મધ્ય અને જ્યોતિષચક્ર



સૂર્યાદિ દેવો તથા તેમનાં વિમાનો જ્યોતિષ=પ્રકાશ કરનારા હોવાથી તેમને જ્યોતિષ્ક કહેવામાં આવે છે. સૂર્ય આદિ તે તે જાતિના દેવોના મુકુટમાં પોતપોતાની જાતિ પ્રમાણે સૂર્ય આદિનું પ્રભાના મંડલ સમાન દેદીપ્યમાન ચિહ્ન હોય છે, અર્થાત્ સૂર્ય જાતિના દેવોના મુકુટમાં પ્રભામંડલ સમાન દેદીપ્યમાન સૂર્ય આકારનું ચિહ્ન હોય છે. ચંદ્ર જાતિના દેવોના મુકુટમાં પ્રભામંડલ સમાન દેદીપ્યમાન ચંદ્રના આકારનું ચિહ્ન હોય છે. એ પ્રમાણે તારા આદિ વિષે પણ જાણવું.] (૪-૧૩)

**टीका—** इदमपि प्रायः प्रकटसमुदायावयवार्थमेव, नवरमसमासकरणं सूत्रे सूर्याश्चन्द्रमस इत्येवं, तथा चार्षात्, तत्र चन्द्रसूर्यपाठात्, सूर्यचन्द्रमसोः क्रमभेदः कृतः सूत्रकृता, किमर्थमित्याह-यथा गम्येत प्रतरभेदेन एतदेवैषां सूर्यादीनां ऊर्ध्वं निवेशः मण्डलिकापोहेन आनुपूर्व्यम् अनुपूर्वभाव इति, एतदेव प्रकटयति-'तद्यथे'त्यादिना ताराग्रहाः पुनरनियतचारित्वात् कारणात्, किमित्याह-सूर्यचन्द्रमसामूर्ध्वमधश्च चरन्ति, तु (च) शब्दात् तिर्यक्, सूर्येभ्यः सकाशाद्दशयोजनावलम्बिनो भवन्ति अङ्गारादयः तथाऽनियतचारित्वाद्, इह किलाधस्ताद्भरण्य एव, सर्वोपरि स्वातिनक्षत्रं सर्वदक्षिणतो मूलं, सर्वोत्तरतश्चाभीचीरिति, एतदिह समाद् भूमिभागात् ध्रुवकाश्रयेणेति 'ज्योतिषो वा देवा' इति ॥ विमानगतज्योतिषः सम्बन्धिनो देवास्तेन दीव्यन्ति, ज्योतिरेव च भास्वरशरीरत्वाज्ज्योतिष्काः, स्वार्थे कन् । 'मुकुटेष्वि'त्यादि, मुकुटेषु चिह्नानि भवन्ति, शिरोमुकुटोपगूढानि प्रभामण्डलस्थानीयान्युज्ज्वलानि सूर्यादीनि, सूर्यस्य सूर्याकारं चन्द्रादीनां चन्द्राद्याकारमिति ॥४-१३॥

**ટીકાર્થ—** આ સૂત્રનો પણ સમુદિત અને અવયવાર્થ લગભગ સ્પષ્ટ જ છે. ફક્ત આ વિશેષ છે. सूर्याश्चन्द्रमसः એમ સમાસ ન કર્યો અને આર્ષના ચંદ્ર-સૂર્ય એવા ક્રમના સ્થાને સૂર્ય-ચંદ્ર એમ ક્રમ ભેદ કર્યો

એનાથી સૂત્રકાર એ જણાવે છે કે જ્યોતિષ્કોનું નિવાસ-સ્થાન પ્રતર ભેદથી ઉપર-ઉપર છે અને સૂત્રમાં જણાવેલા ક્રમ પ્રમાણે ઉપર-ઉપર છે. (અસમાસથી એ જણાવે છે કે જ્યોતિષ્કોનું નિવાસસ્થાન તિર્યગ્ મંડલાકારે નથી કિંતુ ઉપર-ઉપર છે. સૂર્ય-ચંદ્ર એમ ક્રમ ભેદ કરીને એ જણાવે છે કે જ્યોતિષ્કોનું ઉપર-ઉપર નિવાસ સ્થાન આ સૂત્રમાં જણાવેલા ક્રમ પ્રમાણે છે. આર્ષમાં પાઠ તો પહેલા ચંદ્ર અને પછી સૂર્ય એમ છે અને નિવાસસ્થાનનો ક્રમ એ પ્રમાણે નથી.)

આ જ અર્થને ભાષ્યકાર तद्यथा ઇત્યાદિથી પ્રગટ કરે છે. પણ (આમાં આટલો ભેદ છે કે) તારા અને ગ્રહો અનિયત રીતે ફરનારા હોવાથી ક્યારેક સૂર્ય અને ચંદ્રની ઉપર અને ક્યારેક નીચે ફરે છે. च શબ્દથી એવો પણ અર્થ થાય કે ક્યારેક તિર્યગ્ પણ ફરે છે.

અંગાર(=મંગળ) વગેરે ગ્રહો સૂર્યથી દશ યોજન નીચે આવેલા છે. અહીં જ્યોતિષ્કોમાં સર્વથી નીચે ભરણી નક્ષત્ર છે અને સર્વથી ઉપર સ્વાતિ નક્ષત્ર છે. બધાથી દક્ષિણમાં મૂળ નક્ષત્ર છે, અને બધાની ઉત્તરમાં અભીચિ નક્ષત્ર છે.

समाद् भूभागात् એટલે સમભૂતલા પૃથ્વીથી. સમભૂતલા પૃથ્વી નિત્ય આશ્રય છે, અર્થાત્ જ્યારે પણ કોઈ પણ વસ્તુ ઉપર કેટલી દૂર છે અને નીચે કેટલી દૂર છે, એમ માપવું હોય ત્યારે સમભૂતલા પૃથ્વીથી મપાય છે. માટે સમભૂતલા પૃથ્વી નિત્ય આશ્રય છે.

'ज्योतिषो वा देवा' इति જ્યોતિષ વિમાનમાં રહેલા દેવો જ્યોતિષ વિમાનથી દીપે છે. તેથી જ્યોતિષશબ્દથી જ્યોતિષવિમાનમાં રહેલા દેવો સમજવા. દેદીપ્યમાન શરીરવાળા હોવાથી જ્યોતિષો એ જ જ્યોતિષ્કો. અહીં સ્વાર્થમાં कन् પ્રત્યય લાગ્યો છે.

"मुकुटेषु" इत्यादि મસ્તકે પહેરેલા મુકુટોમાં પ્રભામંડલ સમાન અને નિર્મળ સૂર્યાદિ ચિહ્નો હોય છે, અર્થાત્ સૂર્યનાં મુકુટમાં સૂર્યના આકારનું અને ચંદ્ર આદિના મુકુટમાં ચંદ્રાદિના આકારનું ચિહ્ન હોય છે. (૪-૧૩)

## જ્યોતિષ્ક વિમાનોનું પરિભ્રમણક્ષેત્ર–

## मेरुप्रदक्षिणा नित्यगतयो नृलोके ॥४-१४॥

**સૂત્રાર્થ–** ઉક્ત પાંચે પ્રકારનાં જ્યોતિષ્કો મનુષ્યલોકમાં સદાગતિવાળા હોય છે અને મેરુ પર્વતને પ્રદક્ષિણા આપતાં પરિભ્રમણ કરે છે. (૪-૧૪)

**भाष्यं–** मानुषोत्तरपर्यन्तो मनुष्यलोक इत्युक्तम् । तस्मिन् ज्योतिष्का मेरुप्रदक्षिणानित्यगतयो [१]भ्रमन्ति । मेरोः प्रदक्षिणा नित्या गतिरेषामिति मेरुप्रदक्षिणानित्यगतयः । एकादशस्वेकविंशेषु योजनशतेषु मेरोश्चतुर्दिशं प्रदक्षिणं चरन्ति । तत्र द्वौ सूर्यौ जम्बूद्वीपे, लवणजले चत्वारो, धातकीखण्डे द्वादश, कालोदे द्विचत्वारिंशत्, पुष्करार्धे द्विसप्ततिरित्येवं मनुष्यलोके द्वात्रिंशत्सूर्यशतं भवति । चन्द्रमसामप्येष एव विधिः । अष्टाविंशतिर्नक्षत्राणि, अष्टाशीतिर्ग्रहाः, षट्षष्टिः सहस्राणि नव शतानि पञ्चसप्ततीनि ताराकोटीकोटीनामेकैकस्य चन्द्रमसः परिग्रहः । सूर्याश्चन्द्रमसो ग्रहा नक्षत्राणि च तिर्यग्लोके, शेषास्तूर्ध्वलोके ज्योतिष्का भवन्ति । अष्टचत्वारिंशद्योजनैकषष्टिभागाः सूर्यमण्डलविष्कम्भः, चन्द्रमसः षट्पञ्चाशद्, ग्रहाणामर्धयोजनं, गव्यूतं नक्षत्राणां, सर्वोत्कृष्टायास्ताराया अर्धक्रोशो, जघन्यायाः पञ्चधनुःशतानि विष्कम्भार्धबाहल्याश्च भवन्ति । सर्वे सूर्यादयो नृलोक इति वर्तते । बहिस्तु विष्कम्भबाहल्याभ्यामतोऽर्धं भवन्ति ॥

एतानि च ज्योतिष्कविमानानि लोकस्थित्या प्रसक्तावस्थितगतीन्यपि ऋद्धिविशेषार्थमाभियोग्यनामकर्मोदयाच्च नित्यं गतिरतयो देवा वहन्ति । तद्यथा–पुरस्तात्केसरिणो, दक्षिणतः कुञ्जरा, अपरतो वृषभा, उत्तरतो जविनोऽश्वा इति ॥४-१४॥

**ભાષ્યાર્થ–** માનુષોત્તર પર્વત સુધી મનુષ્ય લોક છે એમ (અ.૩ સૂ.૧૪ માં) કહ્યું છે, તેમાં જ્યોતિષ્કો મેરુને પ્રદક્ષિણાકારે નિત્ય ગતિવાળા ભમે છે. (અહીં સમાસ આ પ્રમાણે છે) મેરુને પ્રદક્ષિણા અને

१. भवन्ति इति पाठान्तरम् ।

નિત્યગતિ છે જેમની તે "मेरुप्रदक्षिणानित्यगतयः" મેરુથી ૧૧૨૧ યોજન દૂર રહીને મેરુની ચારે દિશામાં પ્રદક્ષિણાકારે ફરે છે. તેમાં જંબૂદ્વીપમાં બે સૂર્યો, લવણ સમુદ્રમાં ચાર સૂર્યો, ધાતકીખંડમાં ૧૨ સૂર્યો, કાલોદધિ સમુદ્રમાં ૪૨ સૂર્યો અને પુષ્કરાર્ધમાં ૭૨ સૂર્યો છે. એ પ્રમાણે મનુષ્યલોકમાં ૧૩૨ સૂર્યો છે. ચંદ્ર અંગે પણ આ રીતે જ જાણવું. અઠ્ઠાવીસ નક્ષત્રો, અઠ્યાસી ગ્રહો, ૬૬૯૭૫ કોટાકોટી તારા એક ચંદ્રનો પરિવાર છે. સૂર્યો, ચંદ્રો, ગ્રહો અને નક્ષત્રો તિર્ચ્છાલોકમાં છે. બાકીના જ્યોતિષ્કો ઊર્ધ્વલોકમાં છે.

| [illegible] | [illegible] | [illegible] | [illegible] | [illegible] | [illegible] |
|---|---|---|---|---|---|
| જંબૂદ્વીપ → | ૨ | ૨ | ૧૭૬ | ૫૬ | ૧,૩૩,૯૫૦ કોડા કોડી |
| લવણસમુદ્ર→ | ૪ | ૪ | ૩૫૨ | ૧૧૨ | ૨,૬૭,૯૦૦ કોડા કોડી |
| ધાતકીખંડ → | ૧૨ | ૧૨ | ૧૦૫૬ | ૩૩૬ | ૮,૦૩,૭૦૦ કોડા કોડી |
| કાલોદધિ → | ૪૨ | ૪૨ | ૩૬૯૬ | ૧૧૭૬ | ૨૮,૧૨,૯૫૦ કોડા કોડી |
| પુષ્કરાર્ધ → | ૭૨ | ૭૨ | ૬૩૩૬ | ૨૦૧૬ | ૪૮,૨૨,૨૦૦ કોડા કોડી |

સૂર્યમંડલનો વિષ્કમ્ભ(=લંબાઇ-પહોળા) ૪૮/૬૧ યોજન છે. ચંદ્રનો વિષ્કંભ ૫૬/૬૧ યોજન છે. ગ્રહોનો વિષ્કંભ અડધો યોજન, નક્ષત્રોનો વિષ્કંભ ૧ ગાઉ અને સર્વોત્કૃષ્ટ તારાઓનો વિષ્કંભ ૦॥ ગાઉ છે. જઘન્ય તારાઓનો વિષ્કંભ ૫૦૦ ધનુષ્ય છે. વિષ્કંભથી ઊંચાઇ અડધી છે. આ સૂર્ય વગેરે બધા જ્યોતિષ્કો મનુષ્ય લોકમાં છે. સૂત્રમાં नृलोके એવું પદ છે. મનુષ્યલોકની બહાર તો જ્યોતિષ્કો વિષ્કંભ અને ઊંચાઇથી અડધા છે.

આ જ્યોતિષ્ક વિમાનો લોકાનુભાવથી (प्रसक्तावस्थितगतीन्यपि=) સદા પરિભ્રમણશીલ હોવા છતાં વિશેષ ઋદ્ધિ કરવા માટે અને આભિયોગ્ય નામકર્મના ઉદયથી સદા જ ગતિ કરવા રૂપ ક્રીડા કરવાના સ્વભાવવાળા દેવો વિમાનોને વહન કરે છે. તે આ પ્રમાણે- આગળની બાજુ (પૂર્વ)માં સિંહના રૂપે, દક્ષિણ (જમણી) બાજુ હાથીના રૂપે,

## —સૂર્યાદિ વિમાનનું પ્રમાણ—

| | | |
|---|---|---|
| ચંદ્ર | ૫૬/૬૧ યોજન | ૨૮/૬૧ યોજન |
| સૂર્ય | ૪૮/૬૧ યોજન | ૨૪/૬૧ યોજન |
| ગ્રહ | ૨ ગાઉ | ૧ ગાઉ |
| નક્ષત્ર | ૧ ગાઉ | ૦॥ ગાઉ |
| તારા | ૦॥ ગાઉ | ૦। ગાઉ |

પાછળની(=પશ્ચિમ) બાજુ બળદના રૂપે અને ઉપર(=ડાબી) બાજુ વેગવાળા અશ્વના રૂપે દેવો વિમાનોને વહન કરે છે. (૪-૧૪)

**टीका—** अपि ज्योतिष्का इति सूत्रसमुदायार्थः ॥ अवयवार्थमाह—'मानुषोत्तरे'त्यादिना मानुषोत्तरो गिरिस्तत्पर्यन्तो नृलोक इत्युक्तं प्राक् तस्मिन् लोके ज्योतिष्काः—सूर्यादयः मेरुप्रदक्षिणानित्यगतयो भ्रमन्ति, एतदेव व्याचष्टे—मेरोः प्रदक्षिणा नित्या गतिरेषामिति, अनवरतप्रवृत्तेत्यर्थः, मेरुप्रदक्षिणानित्यगतयो ज्योतिष्का इति, विमानभ्रमणशीलत्वे 'तात्स्थ्यात् तद्व्यपदेश' इति, ध्रुवाभ्रमणेऽपि तत्तदेकदेशतया अविरोधः, कस्मिँश्चिद-गच्छत्यपि स्कन्धावारप्रयाणवत्, अथवा तत्रैव स्थाने ध्रुवभ्रमणादविरोधः, नास्य मेरुप्रादक्षिण्येन गतिरिति चेत्, न नाम, तदेकाप्रादक्षिण्येऽपि तदपरप्रादक्षिण्यात्, एवं च मेरुप्रदक्षिणाऽनित्या गतिर्ज्योतिषामिति विगृह्यते, ततश्चायं वाक्यार्थः—मेरुप्रदक्षिणा अनित्या गतिः केषाञ्चिद्भवति केषाञ्चिन्नित्येत्यप्यविरोधः, 'एकादशस्वि'त्यादि, एकादशस्वेकविंशेषु योजनशतेषु मेरोर्जम्बूद्वीपसम्बन्धिनः चतुर्दिशमिति दिक्शब्देन समानार्थो दिशाशब्दः, तमनुसन्धायैतत् प्रदक्षिणं चरन्तीति, प्रादक्षिण्येन चरन्त्येव, न तिष्ठन्त्यपि, नृलोके एव, कियन्मानाश्चैते एतस्मिन्नित्याह—'तत्रे'त्यादिना द्वौ सूर्यौ जम्बूद्वीपे, तापक्षेत्रानुसारात्, एतच्चान्तः सङ्कटं बहिर्विशालं, मूले च कुसुमाकृतिः, सप्तचत्वारिंशद्योजनसहस्रादिमानं, यथोक्तम्—

"सीयालीस सहस्सा दो अ सया जोयणाण तेवट्ठा। इगवीस सट्ठिभागा कक्कडमाइम्मि पेच्छ णरा ॥१॥" इत्यादि, 'लवणजले चत्वार'इत्यादि, यावद् 'इत्येवं मनुष्यलोके मानुषोत्तरपर्यन्ते द्वात्रिंशत् सूर्यशतं द्वात्रिंशदुत्तरं सम्पिण्डितं सत्, चन्द्रमसामप्येष एव विधिः, सूर्यतुल्यत्वादिति, अष्टाविंशतिर्नक्षत्राणि अभिचिना सह, अष्टाशीतिर्ग्रहाः भस्मराश्यादयः, षट्षष्टिः सहस्राणि नव च शतानि पञ्चसप्तत्यधिकानि ताराकोटाकोटी-नामिति, कोटीनां कोट्यः एतावत्यः एकैकस्य चन्द्रमसः परिग्रह इति, इह च सूर्याः चन्द्रमसो ग्रहा नक्षत्राणि च तिर्यग्लोके भवन्ति, शेषास्तूर्ध्वलोके ज्योतिष्काः तारालक्षणा इति वृत्तिकाराभिप्रायः तद्-बाहुश्रुत्यादविरुद्ध एव, अष्टादशयोजनशतोच्छ्रितत्वेऽपि तिर्यग्लोकस्य अधऊर्ध्वादिभावो भवत्यविरोधात्, 'अष्टचत्वारिंशद्'इत्यादि, इह सूर्यमण्डलविष्कम्भ इति सूर्यविमानविष्कम्भः, चन्द्रमसः षट्पञ्चाश-द्योजनैकषष्टिभागा इति, ग्रहाणामर्द्धयोजनं मण्डलविष्कम्भः गव्यूतं नक्षत्राणां, अयमेव सर्वोत्कृष्टायाः तारायाः, स्थित्यैवेति गम्यते, क्रोशो मण्डलमानं, जघन्यायास्तु स्थित्यैव पञ्च धनुःशतानि, मण्डलविष्कम्भ इति वर्त्तते, विष्कम्भचिन्तया आयामश्चिन्तित एव, परिवर्त्तुलत्वाद्विमानानां, तेषामेव बाहल्यातिदेशमाह-'विष्कम्भार्द्धबाहल्याश्च भवन्ति' 'तात्स्थ्यात् तद्व्यपदेशः' इति नीतेः सूर्यादय एव गृह्यन्ते, तथा चाह-'सर्वे सूर्यादय'इति, नृलोक इति वर्त्तते, सूत्रोपन्यासाद्, 'बहिस्त्वि'त्यादि बहिर्नृलोकात्, किमित्याह-विष्कम्भबाहल्याभ्यामुदितलक्षणाभ्यां, मण्डलमानमिति वर्त्तते, किमित्याह-'अतोऽर्द्धं भवती'त्यनन्तरोदिता-द्विष्कम्भादिमानादर्द्धं भवति, अष्टचत्वारिंशद्योजनैकषष्टिभागाश्च सूर्य-विमानविष्कम्भः नृलोके बहिः त एव चतुर्विंशतिरिति, एवं शेषाणामपि वाच्यं, एवं बाहल्येऽपि, तद्यथा-नृलोके चतुर्विंशतिर्योजनैकषष्टिभागाः सूर्यविमानबाहल्यं, बहिस्तु द्वादशेत्यादि, एतानि चालोकादारभ्य

एकादशस्वेकादशोत्तरेषु योजनशतेष्ववतिष्ठन्ते, यथोक्तम्-"एक्कार-सेक्कवीसा सय एक्काराहिआ य एक्कारा। मेरुअलोगाबाहं जोइसचक्कं चरइ ठाइ ॥१॥" कथं नृलोके यथोदितपरिवारमतां चन्द्रादीनामवस्थानं ?, उच्यते- कोटीकोटिनां संज्ञान्तरत्वात्, कोटिवाचकत्वात्, यथोक्तं-"कोडाकोडी सण्णंतरं तु मन्नंति केइ थोवतया। अण्णे उस्सेहंगुलमाणं काऊण ताराणं ॥१॥" 'एतानि चे'त्यादि अधिकृतानि ज्योतिष्कविमानानि लोकस्थित्या लोकानुभावेन प्रसक्तावस्थितगतीन्यपि प्रसक्ताः-सम्बद्धा अवस्थिता आभिक्ष्ण्येन गतिर्येषामिति विग्रहः, ऋद्धिविशेषार्थं समृद्धिविशेषप्रकटनाय आभियोग्यनामकर्मोदयाच्च नित्यगतिरतयः सदैव गमनक्रीडाशीलाः देवा वहन्ति, नैषां भारजनितं दुःखमस्ति, तथाविधकर्मोदयोपपत्तेः, कामिनीरत्नाभरणभारदुःखवत्, ते च देवाः सिंहाद्याकाराः, यथाह-'तद्यथा-पुरस्तात् केशरिण' इत्यादि ॥४-१४॥

**ટીકાર્થ–** પણ જ્યોતિષ્ક વિમાનો મનુષ્યલોકમાં સદા ગતિવાળા હોય છે, અને મેરુપર્વતને પ્રદક્ષિણા આપતાં પરિભ્રમણ કરે છે, એ પ્રમાણે સૂત્રનો સમુદિત અર્થ છે. અવયવાર્થને ભાષ્યકાર "मानुषोत्तर" ઇત્યાદિથી કહે છે- માનુષોત્તર પર્વત સુધી મનુષ્યલોક છે એમ પૂર્વે (૩-૧૪ સૂત્રમાં) કહ્યું છે. તે મનુષ્યલોકમાં સૂર્ય વગેરે જ્યોતિષ્કો મેરુને પ્રદક્ષિણા આપતાં સદા જ ગતિ કરે છે. જો કે જ્યોતિષ્ક વિમાનો ભ્રમણ કરવાના સ્વભાવવાળા છે, છતાં तात्स्थ्यात् तद्व्यपदेशः એ ન્યાયથી જ્યોતિષ્કદેવો પરિભ્રમણ કરવાના સ્વભાવવાળા છે એમ (ઉપચારથી) કહેવાય. (તેમાં રહેવાના કારણે રહેનાર તે કહેવાય. જેમકે જ્યોતિષ્ક વિમાનમાં રહેનાર દેવ જ્યોતિષ્ક કહેવાય. તેમ પ્રસ્તુતમાં વિમાનમાં રહેવાના કારણે વિમાનમાં રહેનારા જ્યોતિષ્કો પરિભ્રમણ કરે છે એમ ઉપચારથી કહેવાય.)

**પૂર્વપક્ષ–** જ્યોતિષ્કો સદા ગતિ કરે છે એમ કહ્યું. પણ ધ્રુવનામનો તારો સદા સ્થિર રહે છે. તેથી જ્યોતિષ્કો સદા ગતિ કરે છે એવો નિયમ ન રહ્યો.

**ઉત્તરપક્ષ–** ધ્રુવ તારો સ્થિર રહે છે. એ તારો જ્યોતિષ્કોનો એક દેશ હોવાથી જ્યોતિષ્કો સદા ગતિ કરે છે એમાં કોઇ વિરોધ નથી. જેમકે, છાવણીમાં રહેલા કોઇક માણસો ન જવા છતાં છાવણીએ પ્રયાણ કર્યું એમ બોલાય છે અથવા તે જ સ્થાનમાં ધ્રુવ તારો પણ ભમે છે. (ધ્રુવ તારો ઉત્તર દિશામાં (અલ્પ) પરિભ્રમણ કરે છે. પરિભ્રમણ અત્યંત અલ્પ હોવાથી સામાન્ય લોકની નજરમાં ન આવે.)

**પૂર્વપક્ષ–** ધ્રુવ તારો ઉત્તર દિશામાં (અલ્પ) પરિભ્રમણ કરતો હોવા છતાં મેરુને પ્રદક્ષિણા આપતો ફરતો નથી.

**ઉત્તરપક્ષ–** એક ધ્રુવ તારો મેરુને પ્રદક્ષિણા આપતો ન હોવા છતાં તેનાથી બીજા જ્યોતિષ્કો મેરુને પ્રદક્ષિણા આપે છે. એથી સૂત્રમાં मेरुप्रदक्षिणाऽनित्यगतिर्ज्योतिषाम् એ પ્રમાણે વિગ્રહ કરવો, અર્થાત્ नित्यगतयः ના સ્થાને अनित्यगतयः એમ अ કાઢવો. તેથી વાક્યાર્થ આ થાય- મેરુને પ્રદક્ષિણા આપતી ગતિ અનિત્ય છે, કેટલાક જ્યોતિષ્કોની મેરુને પ્રદક્ષિણા આપતી ગતિ થાય છે, કેટલાક જ્યોતિષ્કોની મેરુને પ્રદક્ષિણા આપતી ગતિ થતી નથી. આ પ્રમાણે પણ વિરોધ નથી.

"एकादशसु" इत्यादि, આ વિમાનો મેરુથી ૧૧૨૧ યોજન દૂર રહીને જંબૂદ્વીપના મેરુ પર્વતની ચારે દિશામાં પ્રદક્ષિણા આપતાં ફરે છે.

ભાષ્યમાં चतुर्दिशं એ પ્રયોગમાં રહેલા दिक् શબ્દથી સમાન અર્થવાળો શબ્દ દિશા શબ્દ છે, અર્થાત્ દિક્ એટલે દિશા. ચારે દિશાનું લક્ષ કરીને જ્યોતિષ્ક વિમાનો પ્રદક્ષિણા આપતાં ફરે છે. પ્રદક્ષિણા આપતાં ફરે જ છે, સ્થિર પણ રહે છે એમ નથી. મનુષ્યલોકમાં જ ફરે છે.

મનુષ્યલોકમાં આ જ્યોતિષ્કો કેટલા પ્રમાણવાળા છે ? (કેટલી સંખ્યા છે ?) એવા પ્રશ્નનો 'तत्र' ઇત્યાદિથી ઉત્તર કહે છે- જંબૂદ્વીપમાં પ્રકાશક્ષેત્રના અનુસારે બે સૂર્ય છે. બંને સૂર્યો જ્યારે સર્વાભ્યંતર મંડલે રહેલા હોય ત્યારે પ્રકાશ ક્ષેત્રની આકૃતિ અભ્યંતરમાં(=મેરુ તરફ), સાંકડી(=ગાડાની ઊધના મૂળ ભાગ જેવી) હોય છે. બહાર (સમુદ્ર)

તરફ વિસ્તૃત(=ગાડાના ઊધના છેડાના ભાગ જેવી) હોય છે અને મૂળમાં (મેરુ પાસે) ઊંચા મુખવાળા નાળવાળા પુષ્પ જેવી હોય છે. સુડતાલીસ હજાર આદિ માન આ પ્રમાણે છે- કર્કસંક્રાતિના પ્રથમ દિવસે સુડતાલીસ હજાર બસો ત્રેશઠ યોજન અને સાઈઠીયા એકવીસ ભાગ (૪૭૨૬૩-૨૧/૬૦ યોજન) પ્રકાશક્ષેત્ર મનુષ્યો જુએ છે.

"लवणजले चत्वार" इत्यादि લવણસમુદ્રમાં ચાર સૂર્યો હોય છે... ઈત્યાદિ યાવત્ માનુષોત્તર પર્વત સુધી મનુષ્યલોકમાં આ પ્રમાણે બધા ભેગા મળીને એકસોને બત્રીસ(=૧૩૨) સૂર્યો છે.

ચંદ્રોની પણ આ જ સંખ્યા છે. કેમકે ચંદ્રો સૂર્યની તુલ્ય છે.

અભિચિ નક્ષત્રની સાથે ૨૮ નક્ષત્રો છે, ભસ્મરાશિ આદિ ૮૮ ગ્રહો અને ૬૬૯૭૫ કોડાકોડિ તારાઓ આટલો એક ચંદ્રનો પરિગ્રહ (=પરિવાર) છે.

સૂર્યો, ચંદ્રો, ગ્રહો અને નક્ષત્રો તિર્યગ્લોકમાં છે. બાકીના તારા રૂપ જ્યોતિષ્કો [1]ઊર્ધ્વલોકમાં છે એવો ભાષ્યકારનો અભિપ્રાય છે. ભાષ્યકાર બહુશ્રુત હોવાથી તેમનો અભિપ્રાય વિરુદ્ધ નથી જ. [જો કે તિર્યગ્લોક ૧૮૦૦ યોજન પ્રમાણ છે. તો પણ વિરોધ ન આવે તે રીતે અધોલોકનો અને ઊર્ધ્વલોકનો વિભાગ થઈ શકે છે.]

"अष्टचत्वारिंशद्" इत्यादि, અહીં સૂર્યમંડલનો વિષ્કંભ એટલે સૂર્ય વિમાનનો વિષ્કંભ. સૂર્યવિમાનનો ૪૮/૬૧ યોજન, ચંદ્રનો ૫૬/૬૧ યોજન, ગ્રહોનો બે ગાઉ અને નક્ષત્રોનો ૧ ગાઉ વિષ્કંભ છે. [2]આ જ વિષ્કંભ સર્વોત્કૃષ્ટ સ્થિતિવાળા તારાનો છે, અર્થાત્ સર્વોત્કૃષ્ટ સ્થિતિવાળા તારા વિમાનનો વિષ્કંભ પ્રમાણ ૧ ગાઉ છે. જઘન્ય સ્થિતિવાળા તારા વિમાનનો

---

૧. બૃહત્સંગ્રહણી વગેરે ગ્રંથોમાં તારાનું સ્થાન સમભૂતલાથી ઉપર ૭૯૦ યોજને બતાવ્યું છે. જ્યારે અહીં ભાષ્યકાર તારાનું સ્થાન ઊર્ધ્વલોક જણાવી રહ્યા છે તત્ત્વકેવલીગમ્ય.

૨. अयमेव એ પ્રયોગથી ૧ ગાઉ ગ્રહણ થાય. કારણ કે પૂર્વે गव्यूतं नक्षत्राणां એવો ઉલ્લેખ છે. તથા આગળ પણ क्रोशो मण्डलमानं એવો ઉલ્લેખ છે. આથી ટીકાકારની દૃષ્ટિએ ઉત્કૃષ્ટ સ્થિતિવાળા તારાના વિમાનનો વિષ્કંભ ૧ ગાઉ છે. જ્યારે ભાષ્યમાં अर्धक्रोशो એવા ઉલ્લેખથી ભાષ્યકારના મતે ૦ાા ગાઉ છે. બીજા પણ પ્રાયઃ બધા ગ્રંથોમાં ૦ાા ગાઉનો નિર્દેશ છે.

વિષ્કંભ ૫૦૦ ધનુષ્ય (૦। ગાઉ) છે. વિષ્કંભની વિચારણામાં લંબાઇ વિચારાઇ જ ગઇ છે. કારણ કે વિમાનો ગોળ હોય છે. (ગોળ વસ્તુની લંબાઇ-પહોળાઇ એકસરખી હોય છે. ગોળ વસ્તુની લંબાઇ-પહોળાઇ એટલે વિષ્કંભ) જ્યોતિષ્કોની જ ઊંચાઇની ભલામણ કરે છે- સૂર્ય વગેરે સર્વ વિમાનોનો જેટલો વિષ્કંભ છે તેનાથી અર્ધી ઊંચાઇ જાણવી.

तात्स्थ्यात् तद्व्यपदेशः (તેમાં રહેવાના કારણે તે કહેવાય) એ ન્યાયથી સૂર્ય આદિ વિમાનમાં રહેનારા જ્યોતિષ્ક દેવો જ ગ્રહણ કરાય છે. તે પ્રમાણે ભાષ્યકાર કહે છે- સૂર્ય વગેરે સર્વ જ્યોતિષ્કો મનુષ્યલોકમાં છે. મનુષ્ય-લોકમાં એમ ચાલ્યું આવે છે. કારણ કે नृलोके એમ સૂત્રમાં ઉલ્લેખ છે.

"बहिस्तु" इत्यादि મનુષ્યલોકની બહારના જ્યોતિષ્ક વિમાનો સંબંધી વિષ્કંભ અને ઊંચાઇ મનુષ્યલોકમાં રહેલા જ્યોતિષ્ક સંબંધી વિષ્કંભ અને ઊંચાઇથી અર્ધા પ્રમાણમાં છે. જેમકે મનુષ્યલોકમાં સૂર્યવિમાનનો વિષ્કંભ ૪૮/૬૧ યોજન છે, તો મનુષ્યક્ષેત્રની બહાર ૨૪/૬૧ યોજન છે. એ પ્રમાણે બાકીના વિમાનોનું પણ અર્ધું પ્રમાણ કહેવું. એ પ્રમાણે ઊંચાઇમાં પણ અર્ધું પ્રમાણ છે. તે આ પ્રમાણે- સૂર્ય-વિમાનની ઊંચાઇ મનુષ્યલોકમાં ૨૪/૬૧ યોજન છે. તો બહાર ૧૨/૬૧ યોજન છે.

આ વિમાનો અલોકથી ૧૧૧૧ યોજન દૂર રહેલા છે, અર્થાત્ વિમાનો પછી ૧૧૧૧ યોજન દૂર અલોક છે. કહ્યું છે કે- "૧૧૨૧ યોજન અને ૧૧૧૧ યોજન અનુક્રમે મેરુ તથા અલોકની અબાધાએ જ્યોતિષ ચક્ર ફરે છે અને સ્થિર રહે છે, અર્થાત્ મનુષ્યલોકમાં મેરુથી ૧૧૨૧ યોજન દૂર રહીને જ્યોતિષ ચક્ર ફરે છે અને મનુષ્યલોકની બહાર અલોકથી ૧૧૧૧ યોજન અંદર રહીને સ્થિર રહે છે.[૧]

**પ્રશ્ન–** મનુષ્યલોકમાં યથોક્ત પરિવારવાળા ચંદ્ર વગેરેનું અવસ્થાન કેવી રીતે થઇ શકે? (તારાઓની સંખ્યા ઘણી છે, એથી તારાઓ જેટલા સ્થાનને રોકે તેના કરતાં મનુષ્યક્ષેત્ર નાનું છે એથી આ પ્રશ્ન થયો છે.)

---

૧. આ ગાથા થોડા ફેરફાર સાથે બૃહત્સંગ્રહણીમાં છે.

**ઉત્તર–** અહીં કોટાકોટિની બીજી સંજ્ઞા છે. અહીં કોટાકોટિ શબ્દ કોટિનો વાચક છે, અર્થાત્ અહીં કોટાકોટિથી કોટિ સંખ્યા સમજવી. કહ્યું છે કે- "કોઈક આચાર્યો કોડાકોડિની અન્ય સંજ્ઞા કહે છે. કારણ કે મનુષ્યક્ષેત્ર (તારાના ક્ષેત્રથી) થોડું છે. વળી અન્ય આચાર્યો તારાઓના વિમાનોને ઉત્સેધાંગુલથી માપવાનું કહે છે." (બૃહત્સંગ્રહણી ગા.૬૦)

"एतानि च" इत्यादि, પ્રસ્તુત જ્યોતિષ્ક વિમાનો લોકાનુભાવથી નિરંતર ગતિવાળા હોવા છતાં વિશેષ સમૃદ્ધિ પ્રગટ કરવા માટે અને આભિયોગ્ય નામકર્મના ઉદયથી સદા જ ગતિ કરવા રૂપ ક્રીડા કરવાના સ્વભાવવાળા દેવો વિમાનોને વહન કરે છે. (તે દેવો પરિભ્રમણ કરતાં વિમાનોની જેટલી ગતિ હોય તેટલી ગતિ પ્રમાણે વિમાનોની નીચે નીચે ચાલે છે.) છતાં સ્ત્રીને રત્નનાં આભૂષણોના ભારની જેમ તે દેવોને વિમાનને ઉપાડવાના ભારથી દુઃખ થતું નથી. તેવા પ્રકારના કર્મોદયથી આ ઘટી શકે છે. તે દેવો સિંહાદિના રૂપથી (વિમાનોને વહન કરે છે.)

તે પ્રમાણે ભાષ્યકાર "तद्यथा पुरस्ताद् केशरिणः" ઇત્યાદિથી કહે છે- તે આ પ્રમાણે- પૂર્વમાં સિંહના રૂપે, દક્ષિણમાં હાથીના રૂપે, પશ્ચિમમાં બળદના રૂપે અને ઉત્તરમાં વેગવાળા ઘોડાના રૂપે દેવો વિમાનોને વહન કરે છે. (૪-૧૪)

**જ્યોતિષ્ક વિમાનોની ગતિથી કાળ–**

## तत्कृतः कालविभागः ॥४-१५॥

**સૂત્રાર્થ–** જ્યોતિષ્ક વિમાનોની ગતિથી કાળનો વિભાગ(=ભેદ) કરાયો છે. (૪-૧૫)

**भाष्यं–** कालोऽनन्तसमयो वर्तनादिलक्षण इत्युक्तम् । तस्य विभागो ज्योतिष्काणां गतिविशेषकृतश्चारविशेषेण हेतुना । तैः कृतस्तत्कृतः । तद्यथा-अणुभागाश्चारा अंशाः कलालवा नालिका मुहूर्ता दिवसरात्रयः पक्षा मासा ऋतवोऽयनानि संवत्सरा युगमिति लौकिकसमो विभागः ॥ पुनरन्यो विकल्पः प्रत्युत्पन्नोऽतीतोऽनागत इति त्रिविधः ॥ पुनस्त्रिविधः परिभाष्यते-सङ्ख्येयोऽसङ्खेयोऽनन्त इति ॥

तत्र परमसूक्ष्मक्रियस्य सर्वजघन्यगतिपरिणतस्य परमाणोः स्वावगाहनक्षेत्रव्यतिक्रमकालः समय इत्युच्यते परमदुरधिगमोऽनिर्देश्यः । तं हि भगवन्तः परमर्षयः केवलिनो विदन्ति, न तु निर्दिशन्ति, परमनिरूद्धत्वात् । परमनिरूद्धे हि तस्मिन् भाषाद्रव्याणां ग्रहणनिसर्गयोः करणप्रयोगासम्भव इति । ते त्वसङ्ख्येया आवलिका । ताः सङ्ख्येया उच्छ्वासस्तथा निःश्वासः । तौ बलवतः पट्विन्द्रियस्य कल्यस्य मध्यमवयसः स्वस्थमनसः पुंसः प्राणः । ते सप्त स्तोकः । ते सप्त लवः । तेऽष्टात्रिंशदर्धं च नालिका । ते द्वे मुहूर्तः । ते त्रिंशदहोरात्रम् । तानि पञ्चदश पक्षः । तौ द्वौ शुक्लकृष्णौ मासः । तौ द्वौ मासावृतुः । ते त्रयोऽयनम् । ते द्वे संवत्सरः । ते पञ्च चन्द्रचन्द्राभिवर्धितचन्द्राभिवर्धिताख्या युगम् । तन्मध्येऽन्ते चाधिकमासकौ । सूर्यसावनचन्द्रनक्षत्राभिवर्धितानि युगनामानि । वर्षशतसहस्रं चतुरशीतिगुणितं पूर्वाङ्गम् । पूर्वाङ्गशतसहस्रं चतुरशीतिगुणितं पूर्वम् । एवं तान्ययुतकमलनलिनकुमुदतुट्यडडाववहाहाहूहूचतुरशीतिशतसहस्रगुणाः सङ्ख्येयः कालः । अत ऊर्ध्वमुपमानियतं वक्ष्यामः । तद्यथा हि नाम योजनविस्तीर्णं योजनोच्छ्रायं वृत्तं पल्यमेकरात्राद्युत्कृष्टसप्तरात्रजातानामङ्गलोम्ना गाढं पूर्णं स्याद्वर्षशतादेकैकस्मिन्नुद्ध्रियमाणे यावता कालेन तद्रिक्तं स्यादेतत्पल्योपमम् । तद्दशभिः कोटीकोटिभिर्गुणितं सागरोपमम् । तेषां कोटीकोटयश्चतस्रः सुषमसुषमा । तिस्रः सुषमा । द्वे सुषमदुःषमा । द्विचत्वारिंशद्वर्षसहस्राणि हित्वा एका दुःषमसुषमा । वर्षसहस्राणि एकविंशतिर्दुःषमा । तावत्येव दुःषमदुःषमा । ता अनुलोमप्रतिलोमा अवसर्पिण्युत्सर्पिण्यौ भरतैरावतेष्वनाद्यनन्तं परिवर्तेतेऽहोरात्रवत् । तयोः शरीरायुःशुभपरिणामानामनन्तगुणहानिवृद्धी, अशुभपरिणामवृद्धिहानी । अवस्थितावस्थितगुणा चैकैकान्यत्र । तद्यथा-कुरुषु सुषमसुषमा, हरिरम्यक्वासेषु सुषमा, हैमवतहैरण्यवतेषु सुषमदुःषमा, विदेहेषु सान्तरद्वीपेषु दुःषमसुषमा, एवमादिर्मनुष्यक्षेत्रे पर्यायापन्नः कालविभागो ज्ञेय इति ॥४-१५॥

**ભાષ્યાર્થ–** વર્તનાદિરૂપ કાળ અનંત સમયવાળો છે એમ (અ.૫ સૂ.૩૯ વગેરેમાં) કહ્યું છે. એ કાળનો વિભાગ જ્યોતિષ્કોના ભ્રમણવિશેષથી કરાયેલો છે. અહીં तैः कृतः तत्कृतः એમ (તૃતીયા તત્પુરુષ સમાસનો) વિગ્રહ છે. તે વિભાગ આ પ્રમાણે છે- અનુભાગ, ચાર, અંશ, કળા, લવ, નાલિકા, મુહૂર્ત, દિવસ, રાત્રિ, પક્ષ, માસ, ઋતુ, અયન, સંવત્સર, યુગ એ પ્રમાણે લોકમાં પ્રસિદ્ધકાળના વિભાગો છે.

વળી બીજી રીતે વર્તમાન, અતીત અને અનાગત એમ કાળના ત્રણ ભેદ છે.

વળી સંખ્યાત, અસંખ્યાત અને અનંત એમ કાળના ત્રણ પ્રકાર છે.

તેમાં અતિશય અલ્પક્રિયાવાળા, અર્થાત્ સર્વ જઘન્ય (અતિશય મંદ) ગતિથી પરિણત થયેલા, પરમાણુને સ્વઆકાશ ક્ષેત્રને ઓળંગવામાં, અર્થાત્ એક આકાશ પ્રદેશથી અનંતર બીજા આકાશ પ્રદેશ ઉપર જવામાં જેટલો કાળ થાય તેટલા કાળને 'સમય' કહેવામાં આવે છે. તે કાળ અત્યંત મુશ્કેલીથી જાણી શકાય તેવો અને ન કહી શકાય તેવો છે. તેને પરમર્ષિ કેવળી ભગવંતો જાણતા હોવા છતાં કહી શકતા નથી. કારણ કે કાળ અત્યંત અલ્પ છે. અતિશય અલ્પ કાળ રૂપ સમયમાં સમયને કહેનારા ભાષાદ્રવ્યોનો ગ્રહણ-નિસર્ગ સંબંધી કરણપ્રયોગનો અસંભવ છે.

અસંખ્યાત સમયની એક આવલિકા, સંખ્યાતી આવલિકાનો એક ઉચ્છ્વાસ તથા એક નિઃશ્વાસ, બલવાન, પટુઇંદ્રિયવાળા, નિરોગી, મધ્યમ વયવાળા અને સ્વસ્થ મનવાળા પુરુષના ઉચ્છ્વાસ અને નિઃશ્વાસનો એક પ્રાણ. સાત પ્રાણનો એક સ્તોક. સાત સ્તોકનો એક લવ. સાડા આડત્રીસ(=૩૮ાા) લવની એક નાલિકા. બે નાલિકાનો એક મુહૂર્ત. ત્રીસ મુહૂર્તનો એક અહોરાત્ર. પંદર અહોરાત્રનો એક પક્ષ. શુક્લપક્ષ અને કૃષ્ણપક્ષનો એક મહિનો. બે મહિનાની એક ઋતુ. ત્રણ ઋતુનો એક અયન (ઉત્તરાયણ કે દક્ષિણાયન). બે અયનનો એક સંવત્સર (વર્ષ). ચંદ્ર, ચંદ્ર, અભિવર્ધિત, ચંદ્ર અને અભિવર્ધિત નામના

પાંચ સંવત્સરનો એક યુગ. એક યુગના મધ્યમાં (અભિવર્ધિતમાં) એક માસ અને અંતે(=અભિવર્ધિતમાં) એક માસ એમ બે માસ અધિક હોય છે. પાંચ યુગના ક્રમશઃ સૂર્ય, સાવન, ચંદ્ર, નક્ષત્ર અને અભિવર્ધિત એ નામ છે. લાખ વર્ષને ચોર્યાસીથી ગુણતા ૮૪ લાખનો એક પૂર્વાંગ. ૮૪ લાખ પૂર્વાંગનો એક પૂર્વ. એ પ્રમાણે ક્રમશઃ પૂર્વ-પૂર્વની સંખ્યાને ૮૪ લાખથી ગુણવાથી ક્રમશઃ અયુત, કમલ, નલિન, કુમુદ, તુટિ, અડડ, અવવ, હાહા, હૂહૂ થાય છે.[1] આ કાળ સંખ્યાત કાળ છે.

૧. પ્રસ્તુતમાં સંખ્યા સંક્ષેપથી જણાવી છે. અન્ય ગ્રંથોમાં વિસ્તારથી સંખ્યા આ પ્રમાણે છે– સમયથી લઈ પુદ્ગલ-પરાવર્ત સુધીની કાલ સંખ્યાનું કોષ્ઠક : નિર્વિભાજ્ય કાળ પ્રમાણ તે : ૧ સમય, ૯ સમયનું : ૧ જઘન્ય અંતર્મુહૂર્ત, ચોથા જઘન્યયુક્ત અસંખ્યાતાની સંખ્યાપ્રમાણ સમયોની : ૧ આવલિકા, ૨૫૬ આવલિકાનો : ૧ ક્ષુલ્લક ભવ, ૨૨૨૩-૧૨૨૯/૩૭૭૩ આવલિકાનો : ૧ ઉચ્છ્વાસ અથવા નિઃશ્વાસ, ૪૪૪૬-૨૪૫૮/૩૭૭૩ આવલિકાનો અથવા સાધિક ૧૭ ક્ષુલ્લક-ભવનો અથવા ઉચ્છ્વાસ નિઃશ્વાસ મળીને : ૧ પ્રાણ (શ્વાસોચ્છ્વાસઃ, ૭ પ્રાણનો : ૧ સ્તોક, ૭ સ્તોકે : ૧ લવ, ૩૮॥ લવે (૨૪ મિનિટની જે ઘડી થાય છે તે) : ૧ ઘડી, ૭૭ લવે અથવા ૨ ઘડીએ અથવા ૬૫૫૩૬ ક્ષુલ્લકભવે અથવા ૧૬૭૭૭૨૧૬ આવલિકાએ અથવા ૩૭૭૩ પ્રાણે : ૧ (ચાંદ્ર)મુહૂર્ત થાય (એક સામાયિક વ્રત જેટલો કાળ), સમયોન ૨ ઘડીનું : ૧ ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત થાય.

અન્ય રીતે કાલની વ્યાખ્યા : નિર્વિભાજ્ય અસંખ્ય સમયનો : ૧ નિમેષ, ૧૮ નિમેષે : ૧ કાષ્ઠા, ૨ કાષ્ઠાએ : ૧ લવ, ૧૫ લવે : ૧ કલા, ૨ કલાએ : ૧ લેશ, ૧૫ લેશે : ૧ ક્ષણ, ૬ ક્ષણની : ૧ ઘટિકા, ૨ ઘટિકાએ : ૧ મુહૂર્ત, ૩૦ મુહૂર્તનો : ૧ દિવસ (અહોરાત્ર), ૧૫ દિવસનો : ૧ પક્ષ (પખવાડિયું), ૨ પક્ષે (૩૦ દિવસે) : ૧ માસ, ૨ માસે : ૧ ઋતુ, ૩ ઋતુએ (૧૮૩ દિવસે, વા ૬ માસે) : ૧ અયન (૬ માસ), ૨ અયને (૧૨ માસે) અથવા છ ઋતુએ : ૧ વર્ષ, ૫ (સૌર) વર્ષે : ૧ યુગ, ૨૦ યુગે : ૧ શત વર્ષ (૧૦૦), દશ શત વર્ષે : ૧ સહસ્ર વર્ષ, શત સહસ્ર વર્ષે : ૧ લક્ષ વર્ષ, ૮૪ લક્ષ વર્ષે : ૧ પૂર્વાંગ, ૮૪ લાખ પૂર્વાંગે (૭૦ લાખ ક્રોડ ૫૬ હજાર ક્રોડ સૂર્ય-વર્ષે) : ૧ પૂર્વ, ૮૪ લાખ પૂર્વે : ૧ ત્રુટિતાંગ (પ્રથમ પ્રભુનું આયુષ્ય), ૮૪ લાખ ત્રુટિતાંગે : ૧ ત્રુટિત, ૮૪ લાખ ત્રુટિતે : ૧ અડડાંગ, ૮૪ લાખ અડડાંગે : ૧ અડડ, ૮૪ લાખ અડડે : ૧ અવવાંગ, ૮૪ લાખ અવવાંગે : ૧ અવવ, ૮૪ લાખ અવવે : ૧ હુહુકાંગ, ૮૪ લાખ હુહુકાંગે : ૧ હુહુક, ૮૪ લાખ હુહુકે : ૧ ઉત્પલાંગ, ૮૪ લાખ ઉત્પલાંગે : ૧ ઉત્પલ, ૮૪ લાખ ઉત્પલે : ૧ પદ્માંગ, ૮૪ લાખ પદ્માંગે : ૧ પદ્મ, ૮૪ લાખ પદ્મે : ૧ નલિનાંગ, ૮૪ લાખ નલિનાંગે : ૧ નલિન, ૮૪ લાખ નલિને : ૧ અર્થનિપૂરાંગ, ૮૪ લાખ અર્થનિપૂરાંગે : ૧ અર્થનિપૂર, ૮૪ લાખ અર્થનિપૂરે : ૧ અયુતાંગ, ૮૪ લાખ અયુતાંગે : ૧ અયુત, ૮૪ લાખ અયુતે : ૧ પ્રયુતાંગ, ૮૪ લાખ પ્રયુતાંગે : ૧ પ્રયુત, ૮૪ લાખ પ્રયુતે : ૧ નયુતાંગ, ૮૪ લાખ નયુતાંગે : ૧ નયુત, ૮૪ લાખ નયુતે : ૧ ચૂલિકાંગ, ૮૪ લાખ ચૂલિકાંગે : ૧ ચૂલિકા, ૮૪ લાખ

હવે પછી(=સંખ્યાત કાળની પછી) ઉપમાથી નિયત થયેલા કાળને કહીશું. તે આ પ્રમાણે- એક યોજન વિસ્તૃત(=લાંબા-પહોળા), એક યોજન ઊંડા અને ગોળાકાર એક પ્યાલાને(=ખાડાને) એક અહોરાત્રથી પ્રારંભી ઉત્કૃષ્ટથી સાત અહોરાત્ર સુધીના થયેલા (બાળકના) વાળથી ગાઢ(=ઠાંસી-ઠાંસીને) ભરવો. પછી તેમાંથી દર સો વર્ષે એક એક વાળ કાઢતાં જેટલા કાળે તે પ્યાલો ખાલી થાય તે કાળ એક પલ્યોપમ. તેને(=પલ્યોપમને) દશ કોડાકોડિથી ગુણવાથી એક સાગરોપમ થાય. ચાર કોડાકોડિ સાગરોપમનો એક સુષમ-સુષમ આરો થાય. ત્રણ કોડાકોડિ સાગરોપમનો એક સુષમ આરો થાય. બે કોડાકોડિ સાગરોપમનો એક સુષમ-દુઃષમ આરો થાય. બેતાલીસ હજાર વર્ષ ન્યૂન એક કોડાકોડિ સાગરોપમનો દુઃષમ-સુષમ આરો થાય. એકવીસ હજાર વર્ષનો દુઃષમ આરો થાય. તેટલા જ(=૨૧ હજાર) વર્ષનો દુઃષમદુઃષમ આરો થાય.

આ આરા અનુક્રમથી અવસર્પિણી અને ઉલટા ક્રમથી ઉત્સર્પિણી કાળ છે. આ કાળ ભરત અને ઐરાવતક્ષેત્રમાં અનાદિ-અનંત કાળથી રાત-દિવસની જેમ પરિવર્તન પામતો રહે છે.

તે બંને કાળમાં શરીર, આયુષ્ય અને શુભપરિણામની ક્રમશઃ અનંતગુણી હાની-વૃદ્ધિ થાય છે, અર્થાત્ અવસર્પિણી કાળમાં હાની અને ઉત્સર્પિણી કાળમાં વૃદ્ધિ થાય છે અને અશુભ પરિણામની પણ ક્રમશઃ અનંતગુણી વૃદ્ધિ-હાની થાય છે, અર્થાત્ અવસર્પિણી કાળમાં વૃદ્ધિ અને ઉત્સર્પિણી કાળમાં હાની થાય છે. ભરત અને ઐરાવત સિવાયના અન્ય ક્ષેત્રોમાં એક એક આરો હોય છે. તે એક એક આરો અવસ્થિત

---

ચૂલિકાએ : ૧ શીર્ષપ્રહેલિકાંગ, ૮૪ લાખ શીર્ષપ્રહેલિકાંગે : ૧ શીર્ષપ્રહેલિકા (સંખ્યાતાં વર્ષ), અસંખ્યાતા વર્ષનો (પલ્ય પ્રરૂપણાએ) : ૧ પલ્યોપમ (છ ભેદે), ૧૦ કોડાકોડી પલ્યોપમનો : ૧ સાગરોપમ (કુલ ૬ પ્રકારે), ૧૦ કોડાકોડી અદ્ધા-સાગરોપમની : ૧ ઉત્સર્પિણી અથવા તેટલા જ કાળની ૧ અવસર્પિણી (તે છ છ આરા પ્રમાણ), ૨૦ કોડાકોડી અદ્ધા-સાગરોપમની અથવા ૧ ઉત્સર્પિણી અને ૧ અવસર્પિણી મળી : ૧ કાલચક્ર થાય, અનંતા કાળચક્રે : ૧ પુદ્ગલ-પરાવર્ત થાય અને તે ચાર પ્રકારે છે. (સંગ્રહણીરત્ન (બૃહત્સંગ્રહણી) ગુજરાતી ભાવાનુવાદમાંથી સાભાર ઉદ્ધૃત.)

અવસ્થિત(=સ્થિર)ગુણવાળો હોય છે. તે આ પ્રમાણે- દેવકુરુ-ઉત્તરકુરુમાં સુષમસુષમ આરો, હરિવર્ષ અને રમ્યક્ક્ષેત્રમાં સુષમ આરો, હૈમવત-હૈરણ્યવતક્ષેત્રમાં સુષમ-દુઃષમ આરો, મહાવિદેહમાં અને અંતર્દ્વીપોમાં દુઃષમ-સુષમ આરો હોય છે.

ઇત્યાદિ(=પૂર્વોક્ત વગેરે) કાલવિભાગ મનુષ્યક્ષેત્રમાં પર્યાયથી પ્રાપ્ત થયેલ જાણવો. (૪-૧૫)

**टीका–** ज्योतिष्कगतिकृतः कालविभाग इति सूत्रसमुदायार्थः । अवयवार्थं त्वाह–'कालोऽनन्तसमय'इत्यादिना, कलनं कालः कलासमूहो वा कालः सोऽनन्तसमयो द्रव्यविपरिणतिहेतुः, भेदकमन्तरेण तथाविधक्रियानुपपत्तेः, अत एवाह–वर्त्तनादिलक्षण इत्युक्तं सूत्रकृता पञ्चमेऽध्याये, 'तस्ये'त्यादि, तस्यैवंविधस्य कालस्य विभागोऽणुभागादिभेदः, किमित्याह–ज्योतिष्काणां गतिविशेषकृतः परिस्थूरः, कथमित्याह–चारविशेषेण हेतुना, तैः कृतस्तत्कृतः, तैरिति ज्योतिष्कचारविशेषैः, कृत इत्युपलक्षितः, तद्यथा– अणुभागाश्चारा अंशा इत्यादि सर्व एते कालविशेषाभिधायिनः शब्दाः लोकसिद्धा एव, पुनरन्यो विकल्पो लौकिकसमय एव प्रत्युत्पन्नोऽतीतोऽनागत इत्येवं त्रिविधः परिभाष्यते, कालत्वाभेदेऽपि तथोपाधिभेदात् पुनस्त्रिविधः सङ्ख्येयः असङ्ख्येयोऽनन्त इति, तथाविधैकघटादिवस्तुपरिणामनिबन्धनं, एतत्स्वरूपपरिज्ञानायैव सकलकालभेदादित्वात् समयमभिधातुमाह–'तत्रे'त्यादि तत्र–एतस्मिँस्त्रिविधकालव्याख्यावसरे समयस्तावदभिधीयते यदुत परमसूक्ष्मक्रियस्य अतिस्वल्पक्रियस्येत्यर्थः, एतदेव विवृण्वन्नाह–सर्वजघन्यगतिपरिणतस्य, कस्येत्याह–परमाणोर्द्रव्यभेदस्य स्वावगाहनक्षेत्रव्यतिक्रमकाल इति, एकाकाशप्रदेशव्यतिक्रमकाल इत्यर्थः, समय इत्युच्यते, अयं च परमदुरधिगमः परमाः–अतिशयसम्पन्ना योगिनस्तैरपि दुःखेनाधिगम्यते, सूक्ष्मत्वात्, अत एव चानिर्देश्यः निर्लुठितस्वरूपः, परेभ्यः प्रतिपादयितुमशक्य

इत्यर्थः, तं यस्माद्भगवन्तः समग्रैश्वर्यलक्षणाः परमऋषयो मोक्षगामिनः केवलिनः प्रक्षीणछद्मानो विदन्ति साक्षात्, न निर्दिशन्त्यन्यस्मै, तथैव समयेन, कुत इत्याह-परमनिरुद्धत्वात्, परमनिरुद्धे यस्मात् तस्मिन् समये भाषाद्रव्याणां तत्प्रतिपादकानां ग्रहणनिसर्गयोः-आदानमोक्षयोर्विषये करणप्रयोगासम्भव इति, करणयोः-कायवाक्पर्याययोः प्रयोगस्य असम्भवः, कायकरणप्रयोगेन हि भाषाद्रव्याण्यादाय वाक्पर्याप्तिकरण-व्यापारेण निसृज्यते, समय इति चैवेति यावदुच्चार्यते तावदसङ्ख्येयास्ते इति ब्रूमः इत्यसम्भव इति, ते त्वसङ्ख्येयाः समया आवलिकोच्यते, सा च जघन्ययुक्तकासङ्ख्येयकसमयमानाः, ताः सङ्ख्येया आवलिकाः उच्छ्वास एकः, तथा निश्वासः एकः एवंमान एव, एतद्भेदश्चोर्ध्वा-धोगमनभेदात्, तावुच्छ्वासनिश्वासौ बलवतः शारीरबलेन पट्विन्द्रिय-स्यानुपहतकरणग्रामस्य कल्यस्य-निरुजस्य मध्यमवयसः-भद्रयौवनवतः स्वस्थमनसो-ऽनाकुलचेतसः पुंसः-पुरुषस्य प्राणो नाम कालभेदः, विशेषणकलापस्त्वन्यथाभूतस्य तथाऽभावान्नेति, ते सप्त प्राणाः स्तोकः ते सप्त स्तोका लवः तेऽष्टात्रिंशल्लवाः अर्द्धं च लवस्यैव, किमित्याह-नालिका घटिकोच्यते, ते घटिके मुहूर्तः, ते त्रिंशन्मुहूर्ता अहोरात्रं, तानि पञ्चदश अहोरात्राणि पक्षः, शुक्लादिः, तौ द्वौ पक्षौ शुक्लकृष्णपक्षौ मासः-फाल्गुनादिः, तौ द्वौ मासौ ऋतुर्वसन्तादिः, ते ऋतवस्त्रयः अयनमुत्तरायणादि, ते द्वे अयने संवत्सरः प्रतीतः, ते पञ्च संवत्सराः-चन्द्रचन्द्राभिवर्धितचन्द्राभिवर्धिताख्याः युगं ।

तत्र चन्द्रसंवत्सरपरिज्ञानाय चन्द्रमासः परिमाणमेव तावदाख्यायते-एकोनत्रिंशद्दिनानि द्वात्रिंशच्च द्विषष्टिभागा दिवसस्य चन्द्रमासः, एवं-प्रकारेण मासेन द्वादशमासपरिमाणश्चान्द्रः संवत्सरः, स चायं-त्रीणि शतान्यह्नां चतुष्पञ्चाशदुत्तराणि द्वादश च द्विषष्टिभागा इति, एतेन शेषाणि चन्द्रसंवत्सराणि व्याख्यातानि ।

अधुनाऽभिवर्द्धितसंवत्सरपरिज्ञानायाभिवर्द्धितमासोऽभिधीयते-एकत्रिंशद्दिनान्येकविंशत्युत्तरशतं चतुर्विंशत्युत्तरशतभागानामभिवर्द्धितमासः, एवंविधेन मासेन द्वादशमासप्रमाणोऽभिवर्द्धितः संवत्सरः, स चायं-त्रीणि शतान्यह्नां त्र्यशीत्यधिकानि चतुश्चत्वारिंशच्च द्विषष्टिभागाः, एतैश्चन्द्रादिभिः पञ्चभिः संवत्सरैरेकं युगं भवति, तन्मध्ये चान्त्ये चाधिकमासकौ तेषां पञ्चानां संवत्सराणां मध्येऽभिवर्द्धिताख्येऽधिकमासकः, एतदन्ते चाभिवर्द्धित एव, सूर्यमासस्त्वयमवगन्तव्यः त्रिंशद्दिनान्यर्द्धं च, एवंविधद्वादशमासनिष्पन्नः संवत्सरः सावित्रः, स चायं-त्रीणि शतान्यह्नां षट्षष्ट्यधिकानि, अनेन च मानेन सर्वकालः सर्वायूंषि समा विभागाश्च गण्यन्ते, सावनमासस्त्रिंशदहोरात्रः, एष एव च कर्ममासो ऋतुमासश्चोच्यते, एवंविधद्वादशमासनिष्पन्नः सावनसंवत्सरः, स चायं-त्रीणि शतान्यह्नां षष्ट्यधिकानि, चन्द्राभिवर्द्धितावुक्तौ, नक्षत्रमासस्त्वयं-सप्तविंशतिर्दिनान्येकविंशतिः सप्तषष्टिभागाः, एवंविधद्वादशमासनिष्पन्नो नक्षत्रसंवत्सरः, स चायं-त्रीणि शतान्यह्नां सप्तविंशत्युत्तराण्येकपञ्चाशच्च सप्तषष्टिभागा, इत्येवं स्वस्वमासनामनिष्पन्नानि युगनामानि भवन्ति, विंशतियुगैर्वर्षशतं भवति, दशभिर्वर्षशतैर्वर्षसहस्रं भवति, शतगुणं वर्षसहस्रं वर्षशतसहस्रं, तच्च चतुरशीतिगुणितमेकं पूर्वांगं, पूर्वांगं चतुरशीतिलक्षेण गुणितं पूर्वं, पूर्वतः पूर्वतो विकल्पात् परः परो विकल्पः चतुरशीतिलक्षगुणो वेदितव्यः, तुट्यङ्गाद्यावच्छीर्षप्रहेलिकेति, [१]तुट्यंगं (?तुटिकाङ्गं) तुटिकं अटटांगं अटटं अववांगं अववो हुंहुकागं हुहुकं उत्पलाङ्गं उत्पलं पद्माङ्गं पद्मं नलिनाङ्गं नलिनं अर्थनिपूराङ्गं अर्थनिपूरं चूलिकाङ्गं चूलिका शीर्षप्रहेलिकाङ्गं शीर्षप्रहेलिका, प्रावचनः क्रमोऽयं, आचार्येण तूद्देशमात्रान्तः स्वल्पस्थानश्चेति, सर्वथा शीर्षप्रहेलिकान्तः सङ्ख्येयः कालो भवति, समयादिरिति, सूर्यप्रज्ञप्तौ तु पूर्वादुपरि लताङ्गादिक्रमः शीर्षप्रहेलिकान्तः, इत्येतावान् गणितशास्त्रविषयोऽपीति, अत

१. અહીં ભાષ્ય અનુસારે ટીકામાં ઘણો તફાવત જણાઇ રહ્યો છે.

ऊर्ध्वमुपमानियतं वक्ष्यामः इति सङ्ख्येयादनन्तरमसङ्ख्येयः कालो भण्यते, स च गणितविषयातीतत्वादुपमया नियम्यते, सर्वश्चैष बौद्धव्यवहारः परप्रतिपत्तये अभ्युपगम्यते बाह्यार्थशून्योऽन्यथा परमार्थविचारणायामतिदुष्करं स्यादिदं सर्वं, 'तद्यथा ही'त्यादि, यावत् स्यादेतत् पल्योपममिति सुज्ञानं, तच्च त्रिविधमद्धापल्योपममुद्धारपल्योपमं क्षेत्रपल्योपमं चेति, पुनर्बादरसूक्ष्मभेदादेकैकं द्विधा, तत्रोक्तलक्षणं भाष्ये बादराद्धापल्योपमं सङ्ख्येयवर्षकोटीव्यतिक्रान्तिसमकालं, तान्येव वालाग्राण्येकैकशोऽसङ्ख्येयान्यदृश्यानि खण्डानि कृत्वा बुद्ध्या स एव पल्यो भ्रियते, ततः प्रतिवर्षशतमेकैकवालाग्रोद्धारे वर्षाण्यसङ्ख्येयानि व्यतिक्रमन्ति एतत् सूक्ष्ममद्धापल्योपमम्, अस्य च प्रयोजनमुत्सर्प्पिण्यादिविभागपरिज्ञानं, ज्ञानावरणादिकर्मस्थितयः कायभवस्थितयश्च पृथिव्यादिकायानां निरूप्यन्त इति, उद्धारपल्योपमं तु बादरं स्थूलवालाग्रापहारे प्रतिसमयमेकैकस्मिन् सति भवति, तच्च सङ्ख्येयसमयपरिमाणं वेदितव्यं, एतान्येव वाला-ग्राण्येकैकशोऽसङ्ख्येयखण्डीकृतानि, ततः प्रतिसमयमेकैकवालाग्रोद्धारे वर्षकोटिभिः सङ्ख्येयाभिः सूक्ष्मोद्धारपल्यं भवति, अस्य च प्रयोजनं-अर्धतृतीयसागरोपमोद्धारसमयराशिप्रमाणतुल्या द्वीपसमुद्रा इति, क्षेत्र-पल्योपममपि बादरसूक्ष्मभेदाद् द्विविधं-बादरलोमखण्डभृतक्षेत्रप्रदेश-राश्यपहारे प्रतिसमयं बादरक्षेत्रपल्योपमं, सूक्ष्मलोमखण्डभृतक्षेत्र-प्रदेशराश्यपहारे प्रतिसमयं सूक्ष्मक्षेत्रपल्योपमं, असङ्ख्येयोत्सर्पिणीभिश्च परिनिष्ठानमस्य भवति, एतेन च पृथिव्यादिजीवपरिमाणमानीयत इति प्रवचनविदो वर्णयन्ति प्रयोजनं, एषां च त्रयाणामपि पल्योपमानां प्रत्येकं कोटीनां कोटी दशगुणिता सती सागरोपममिति व्यपदिश्यते त्रिविधमेव, एषां सागरोपमाणां चतस्रः कोटीकोट्यः सुषमसुषमा नाम कालविशेषः, तिस्रः कोटीकोट्यः सागरोपमानां सुषमा, सागरोपमानां कोटीकोट्यौ द्वे

सुषमदुष्षमा, द्विचत्वारिंशद्वर्षसहस्राणि हित्वा चैका कोटीनां कोटी दुष्षमसुषमा, एकविंशतिर्वर्षसहस्राणि दुष्षमा, तावत्येव दुष्षमदुष्षमा, एकविंशतिवर्षसहस्राणीत्यर्थः, ताः सुषमसुषमाद्या यथोपन्यस्ताः आनुलोम्येन षडप्यवसर्पिणी नामा कालः, शरीरोच्छ्रायायुष्ककल्पवृक्षादि-परिहाणेर्दशसागरोपमकोटीकोट्यः परिमाणतः, तथा प्रातिलोम्येनो-त्सर्पिणीनामा कालः, शरीरोच्छ्रायादिपरिवृद्धेर्दशसागरोपमकोटीकोट्य एव परिमाणतः, एतच्चोत्सर्पिण्यवसर्प्पिणीकालचक्रकं पञ्चसु भरतेष्वैरवतेषु च पञ्चस्वनाद्यनन्तं परिवर्त्तते, यथाऽहोरात्रे वासरो रजनी वा शक्यते न निरूपयितुमादित्वेन, अनादित्वादहोरात्रचक्रकप्रवृत्तेः, तथैतदपीति, तत्रावसर्पिण्यां शरीरोच्छ्रायोऽनन्तगुणपरिहीणः परतः परतः, सुषमसुषमायां गव्यूतत्रितयं शरीरोच्छ्रायो मनुष्याणामायुस्त्रीणि पल्योपमानि शुभपरिणामोऽपि कल्पवृक्षादिरनेकः, सुषमायां गव्यूतद्वयं द्वे पल्योपमे कल्पवृक्षादिपरिणामश्च शुभो हीनतरः, सुषमदुष्षमायामेकं गव्यूतमेकं पल्योपमं हीनतरश्च कल्पवृक्षादिपरिणामः, दुष्षमसुषमायां पञ्चधनुः-शतप्रभृतिः सप्तहस्तान्तं शरीरप्रमाणं आयुरपि पूर्वलक्षपरिमाणं, परिहीणश्च कल्पवृक्षादिपरिणामः, दुष्षमायां अनियतं शरीरप्रमाणमायुरप्यनियतं, वर्षशताद् अर्वाक्, पर्यन्ते विंशतिवर्षाणि परमायुः, शरीरोच्छ्रायो हस्तद्वयं, औषधीवीर्यपरिहाणिरनन्तगुणेति, अतिदुष्षमायामप्यनियतं शरीरोच्छ्रायादि सर्वं, पर्यन्ते तु हस्तप्रमाणं वपुः, परमायुः षोडश वर्षाणि, निरवशेषौषधिपरिहाणिश्चेति, एवं वृद्धिः प्रातिलोम्येन वक्तव्या, अशुभानां परिणामविशेषाणामवसर्पिण्यां वृद्धिः उत्सर्पिण्यां हानिरिति, अवस्थिताः स्वरूपेण न भ्रमन्ति ये च गुणास्तस्यां ते चावस्थिताः कल्पवृक्षादिपरिणामविशेषाः अतोऽवस्थिताऽवस्थितगुणा अन्यत्रैकैका सुषमसुषमादिर्भवति, तद्यथा-देवकुरूत्तरकुरुषु सुषमासुषमानुभावः सर्वदाऽवस्थितः, हरिरम्यकवासे तु सुषमानुभावोऽवस्थितः,

हैमवतहैरण्यवतेषु सुषमदुष्षमानुभावोऽवस्थितः, विदेहक्षेत्रेषु षट्पञ्चाशत्सु चान्तरद्वीपेषु दुष्षमसुषमानुभावोऽवस्थितः, एवमादि-मनुष्यक्षेत्रे पर्यायापन्नः कालविभागो ज्ञेय इति, एवमादिरित्यनेनानेकभेदत्वमादर्शयति कालस्य, पुद्गलपरावर्त्तादिः सर्वाद्धादिश्चानन्तः काल इति, मनुष्यक्षेत्र-पर्यायापन्न इति परिमितदेशवर्त्तित्वं कालस्यावगमयन्ति, इह प्रसिद्धे-नान्यत्रापि वर्त्तमाना देवादयो व्यवहरन्ति, कालस्य समूहबुद्ध्यङ्गीकृतस्य समयादिर्विभागो वेदितव्यः इति, असङ्ख्येयत्वमनन्तत्वं च कालस्य भाष्यादेव परिगन्तव्यं, गणितविषयातीतोऽसङ्ख्येयः, अविद्यमानो-ऽन्तोऽनन्त इति कृतं प्रसङ्गेन, प्रकृतं प्रस्तुमः ॥४-१५॥

**ટીકાર્થ–** કાળનો વિભાગ(=ગણતરી) જ્યોતિષ્ક વિમાનોની ગતિથી કરાયેલો છે. આ પ્રમાણે સૂત્રનો સમુદિત અર્થ છે. અવયવાર્થને તો ભાષ્યકાર "कालोऽनन्तसमयः" ઇત્યાદિથી કહે છે- कलनं(=ગતિ કરવી તે) कालः. અથવા કલાનો સમૂહ તે કાલ. કાળ અનંત સમય સ્વરૂપ છે અને દ્રવ્યોના વિશેષ પ્રકારના પરિણામનું કારણ છે.

भेदकमन्तरेण तथाविधक्रियानुपपत्तेः=જો કોઇ ભેદક=અલગ કરનાર ન હોય તો તેવા પ્રકારની ક્રિયા ઘટી શકે નહિ. જેમકે- કુંભારે ઘટ બનાવ્યો. કુંભાર ઘટ બનાવે છે, કુંભાર ઘટ બનાવશે. વર્ષાદ વરસ્યો, વર્ષાદ વરસે છે, વર્ષાદ વરસશે. આમ ભૂતકાળ-વર્તમાનકાળ-ભવિષ્યકાળની ક્રિયામાં ભેદ કરનાર કોણ છે ? કાળ જ ભેદ કરનાર છે. માટે કાળ દ્રવ્ય છે એમ સિદ્ધ થાય છે.

આથી જ ભાષ્યકાર કહે છે- કાળ વર્તનાદિ લક્ષણવાળો છે એમ સૂત્રકારે પાંચમા અધ્યાયમાં કહ્યું છે.

"तस्य" इत्यादि, આવા પ્રકારના તે કાળનો સમય આદિ ભેદ જ્યોતિષ્ક વિમાનોની ગતિવિશેષથી કરાયેલો છે. તે ભેદ સ્થૂલ છે.

સમય આદિ ભેદ કેવી રીતે કરાયેલો છે=શાના કારણે કરાયેલો છે ? એવા પ્રશ્નના ઉત્તરને કહે છે-चारविशेषेण हेतुना=જ્યોતિષ્ક વિમાનોના પરિભ્રમણ

રૂપ વિશેષ હેતુથી સમય આદિ ભેદ કરાયો છે. તૈઃ એટલે જ્યોતિષ્ક વિમાનોના પરિભ્રમણ રૂપ વિશેષોથી કૃતઃ એટલે ઓળખાયેલો છે.

"तद्यथा अणुभागाश्चारा अंशा" इत्यादि, કાળવિશેષને કહેનારા આ બધા શબ્દો લોકમાં પ્રસિદ્ધ છે.

વળી અન્ય વિકલ્પ(=ભેદ) લૌકિકશાસ્ત્રમાં જ ભૂત, વર્તમાન અને ભવિષ્ય એમ ત્રણ પ્રકારે કહેવાય છે. કાળપણામાં ભેદ ન હોવા છતાં તેવા પ્રકારની ઉપાધિના(=વિશેષણના) ભેદથી કાળમાં ભેદ પડે છે. (જેમકે પસાર થઈ ગયેલો કાળ, પસાર થઈ રહેલો કાળ, ભવિષ્યમાં આવનાર કાળ.)

વળી સંખ્યાત-અસંખ્યાત અને અનંત એમ ત્રણ પ્રકારનો કાળ છે.

કાળ તેવા પ્રકારના એક ઘટ વગેરે વસ્તુના પરિણામનું કારણ છે.

કાળના સ્વરૂપને જાણવા માટે જ કાળના સઘળા ભેદોમાં પ્રથમ હોવાથી સમયને જણાવવા માટે કહે છે- 'तत्र' इत्यादि, તેમાં=આ ત્રણ પ્રકારના કાળના વ્યાખ્યાનના અવસરે સમય કહેવાય છે. અતિશય અલ્પક્રિયાવાળા, અર્થાત્ સર્વજઘન્ય(=અત્યંત મંદ)ગતિથી પરિણત થયેલા અને દ્રવ્યનો ભેદ એવા પરમાણુને સ્વઅવકાશ ક્ષેત્રને ઓળંગવામાં, અર્થાત્ એક આકાશ પ્રદેશથી અનંતર બીજા આકાશ પ્રદેશ ઉપર જવામાં, જેટલો કાળ થાય તેટલા કાળને "સમય" કહેવામાં આવે છે. તે કાળ અતિશયને પામેલા યોગીઓથી પણ દુઃખેથી જાણી શકાય છે. કેમકે (અતિશય) સૂક્ષ્મ છે. આથી જ તે કાળ નિર્દેશ ન કરી શકાય તેવો છે=જેનું સ્વરૂપ હરાઈ ગયું છે તેવો છે, અર્થાત્ બીજાઓને તેનું સ્વરૂપ જણાવવાનું અશક્ય છે. કારણ કે તેને ભગવાન=સંપૂર્ણૈશ્વર્ય સ્વરૂપવાળા, પરમઋષિઓ=(તે જ ભવમાં)મોક્ષગામી અને કેવલીઓ=ઘાતિકર્મોનું આવરણ જેમનું દૂર થયું છે તેવા જીવો સમયને સાક્ષાત્ જાણે છે, પણ (तथैव समयेन=)સમયનું જેવું સ્વરૂપ છે તેવું જ સ્વરૂપ એક સમયમાં બીજાઓને કહેતા નથી=કહી શકતા નથી. કારણ કે કાળ અત્યંત અલ્પ છે. અતિશય અલ્પકાળ રૂપ સમયમાં સમયને કહેનારા ભાષાદ્રવ્યોનો

ગ્રહણ-નિસર્ગ સંબંધી કરણપ્રયોગનો અસંભવ છે. ગ્રહણ એટલે લેવું. નિસર્ગ એટલે છોડી દેવું. કાયપર્યાય અને વચનપર્યાય એ બે કરણ છે. એ બે કરણોના પ્રયોગનો=વ્યાપારનો અસંભવ છે. કાયકરણના વ્યાપારથી ભાષાદ્રવ્યોને લઇને વચનપર્યાપ્તિરૂપ કરણના વ્યાપારથી છોડી દેવામાં આવે છે. 'સમય' એમ જેટલા કાળમાં ઉચ્ચરવામાં આવે તેટલા કાળમાં અસંખ્ય સમયો થઇ જાય છે, એમ અમે કહીએ છીએ. આથી ગ્રહણ-નિસર્ગ સંબંધી કરણપ્રયોગનો અસંભવ છે.

અસંખ્ય સમયની એક આવલિકા કહેવાય છે. તે આવલિકા જઘન્યયુક્તક અસંખ્ય સમય પ્રમાણવાળી છે. તે સંખ્યાતી આવલિકાનો એક ઉચ્છ્વાસ થાય. તથા સંખ્યાતી આવલિકાનો એક નિઃશ્વાસ થાય. વાયુ ઊર્ધ્વ જાય તે ઉચ્છ્વાસ અને વાયુ નીચે જાય તે નિઃશ્વાસ. આવો ઉચ્છ્વાસ-નિઃશ્વાસનો ભેદ છે. શરીરબળથી બલવાન, જેનો ઇંદ્રિય સમૂહ હણાયો નથી તેવા, નિરોગી, ભદ્ર યૌવનવાળા અને આકુળતાથી રહિત ચિત્તવાળા પુરુષના ઉચ્છ્વાસ-નિઃશ્વાસનો એક પ્રાણ. આ પ્રાણ કાળનો ભેદ છે. (અહીં દશ પ્રકારના પ્રાણ રૂપ પ્રાણ અર્થ નથી.) અહીં જણાવેલા વિશેષણોથી રહિત પુરુષનો ઉચ્છ્વાસ-નિઃશ્વાસનો એક પ્રાણ ન થાય. સાત પ્રાણનો એક સ્તોક થાય. સાત સ્તોકનો એક લવ થાય. સાડા આડત્રીસ લવની એક નાલિકા=ઘટિકા થાય. બે ઘટિકાનો એક મુહૂર્ત થાય. ત્રીસ મુહૂર્તનો એક અહોરાત્ર થાય. પંદર અહોરાત્રનો એક કૃષ્ણ વગેરે પક્ષ થાય. શુક્લ-કૃષ્ણ પક્ષનો ફાગણ વગેરે માસ થાય. બે માસની વસંત વગેરે ઋતુ થાય. ત્રણ ઋતુનું ઉત્તરાયણ વગેરે એક અયન થાય. બે અયનનો એક સંવત્સર(=વર્ષ) થાય. સંવત્સર પ્રસિદ્ધ છે.

### સંવત્સરના પાંચ પ્રકાર

ચંદ્ર, ચંદ્ર, અભિવર્ધિત, ચંદ્ર, અભિવર્ધિત એ નામના પાંચ સંવત્સરનો એક યુગ થાય.

તેમાં ચંદ્રસંવત્સરને જાણવા માટે ચંદ્રમાસનું પરિમાણ જ કહેવામાં આવે છે- ઓગણત્રીસ દિવસ અને ઉપર દિવસના બાસઠીયા બત્રીસ

ભાગ (૨૯-૩૨/૬૨) ચંદ્રમાસનું પરિમાણ છે. આવા પ્રકારના માસથી બાર માસનો એક ચંદ્રસંવત્સર થાય છે. તે સંવત્સરનું ત્રણસોને ચોપન દિવસ અને દિવસના બાસઠીયા બાર ભાગ (૩૫૪-૧૨/૬૨) પ્રમાણ છે. આનાથી બાકીના ચંદ્રસંવત્સરોનું વ્યાખ્યાન કર્યું.

હવે અભિવર્ધિત સંવત્સરને જાણવા માટે અભિવર્ધિત માસ કહેવામાં આવે છે, અર્થાત્ અભિવર્ધિત માસના પરિમાણને કહેવામાં આવે છે- અભિવર્ધિત માસનું પરિમાણ ૩૧-૧૨૧/૧૨૪ દિવસો છે. આવા પ્રકારના માસથી બાર માસનો એક અભિવર્ધિત સંવત્સર થાય છે. તે સંવત્સરનું પ્રમાણ ૩૮૩-૪૪/૬૨ દિવસ છે. આ ચંદ્ર આદિ પાંચ સંવત્સરોથી એક યુગ થાય છે. તે પાંચ સંવત્સરોમાં અભિવર્ધિત નામના મધ્ય સંવત્સરમાં એક માસ અને અભિવર્ધિત નામના અંત્ય સંવત્સરમાં એક માસ એમ બે માસ અધિક હોય છે.

**સાવિત્ર સંવત્સર–** ૩૦ દિવસ પૂર્ણ અને અર્ધો દિવસ (૩૦-૧/૨) સૂર્ય માસનું પ્રમાણ છે. આવા પ્રકારના બાર માસથી સાવિત્ર સંવત્સર થાય છે. તે સંવત્સરનું પ્રમાણ ૩૬૬ દિવસ છે. આ માપથી સર્વ પ્રકારનો કાળ, સર્વ આયુષ્ય અને વર્ષોનો વિભાગ ગણવામાં આવે છે.

**સાવન સંવત્સર–** ત્રીસ દિવસનો એક સાવનમાસ થાય. આ સાવન માસને જ કર્મ માસ કે ઋતુ માસ કહેવાય છે. આવા પ્રકારના બાર માસથી સાવન સંવત્સર થાય છે. તે સંવત્સરનું પ્રમાણ ૩૬૦ દિવસ છે.

ચંદ્રમાસ અને અભિવર્ધિત માસ પૂર્વે કહ્યા છે.

**નક્ષત્ર સંવત્સર–** ૨૭-૨૧/૬૭ દિવસ નક્ષત્ર માસનું પ્રમાણ છે. આવા પ્રકારના બાર માસથી નક્ષત્ર સંવત્સર થાય છે. તે સંવત્સરનું પ્રમાણ ૩૨૭-૫૧/૬૭ દિવસ છે.

આ પ્રમાણે પોત પોતાના માસના નામ પ્રમાણે યુગનાં નામો છે. વીસ યુગોથી સો વર્ષ થાય. દસ સો વર્ષોથી એક હજાર વર્ષ થાય. હજાર વર્ષને સોથી ગુણવાથી એક લાખ વર્ષ થાય. લાખ વર્ષને ચોરાસીથી ગુણવાથી એક

પૂર્વાંગ થાય. પૂર્વાંગને ચોરાશી લાખથી ગુણવાથી એક પૂર્વ થાય. તુટિઅંગથી આરંભી શીર્ષપ્રહેલિકા સુધી પૂર્વ પૂર્વના ભેદથી પછી પછીનો ભેદ ચોરાસી લાખ ગુણો જાણવો. શાસ્ત્રમાં કહેલો ક્રમ આ છે- તુટિઅંગ-(તુટિકાંગ), તુટિક, અટટાંગ, અટટ, અવવાંગ, અવવ, હુહુકાંગ, હુહુક, ઉત્પલાંગ, ઉત્પલ, પદ્માંગ, પદ્મ, નલિનાંગ, નલિન, અર્થનિપૂરાંગ, અર્થનિપૂર, ચૂલિકાંગ, ચૂલિકા, શીર્ષપ્રહેલિકાંગ, શીર્ષપ્રહેલિકા.

આચાર્ય ભગવંતે તો માત્ર સંક્ષેપથી અંત(=સીમા) કર્યો છે અને અતિશય અલ્પ સ્થાનોનો ઉલ્લેખ કર્યો છે.

[1]બધી રીતે સમયથી પ્રારંભી શીર્ષપ્રહેલિકા સુધી સંખ્યાત કાળ છે. સૂર્ય પ્રજ્ઞપ્તિમાં (સૂ.નં.૨૯ ઉદયસંસ્થિતિ અધિકારમાં) તો... પૂર્વથી ઉપર લતાંગથી પ્રારંભી શીર્ષપ્રહેલિકા સુધીની સંખ્યા બતાવી છે અને એ સંખ્યા ગણિતશાસ્ત્રનો પણ વિષય છે.

"अत ऊर्ध्वमुपमानियतं वक्ष्यामः" इति, સંખ્યેય કાળ પછી તુરત અસંખ્યેય કાળ કહેવાય છે. અસંખ્યેય કાળ ગણિતશાસ્ત્રનો વિષય ન હોવાથી ઉપમાથી નિયમન કરાય છે. બુદ્ધિથી કલ્પેલો અને બાહ્ય પદાર્થથી રહિત આ સઘળો ય વ્યવહાર બીજાને બોધ કરાવવા માટે સ્વીકારાય છે. જો આ વ્યવહાર ન સ્વીકારવામાં આવે તો પરમાર્થની વિચારણા કરવામાં આ બધું અતિશય દુષ્કર બને.

तद्यथा हि થી પ્રારંભી एतत् पल्योपमम् સુધી સરળતાથી સમજી શકાય તેવું છે.

### પલ્યોપમના ત્રણ પ્રકાર

પલ્યોપમ અદ્ધાપલ્યોપમ, ઉદ્ધારપલ્યોપમ અને ક્ષેત્રપલ્યોપમ એમ ત્રણ પ્રકારે છે. તે ત્રણે પ્રકારનું પલ્યોપમ સૂક્ષ્મ અને બાદર એવા બે ભેદથી બે પ્રકારે છે. તેમાં ભાષ્યમાં જેનું સ્વરૂપ કહ્યું છે તે **બાદર અદ્ધાપલ્યોપમ** સંખ્યાત ક્રોડ વર્ષોને ઓળંગી જવા તુલ્ય કાળ છે, અર્થાત્ તે કાળ સંખ્યાને ઓળંગી ગયેલું છે=અસંખ્યાત છે.

૧. સંક્ષેપથી કે વિસ્તારથી એમ બધી રીતે.

**સૂક્ષ્મ અદ્ધાપલ્યોપમ–** તે જ (ભાષ્યમાં કહેલા) વાલાગ્રોના એક એકના અસંખ્ય અદૃશ્ય ટુકડા કરીને બુદ્ધિથી તે જ પ્યાલો ભરાય. પછી દર સો વર્ષે એક એક વાલાગ્રને કાઢતાં અસંખ્ય વર્ષો પસાર થઇ જાય છે. આટલો કાળ સૂક્ષ્મ અદ્ધા પલ્યોપમ છે. આનાથી ઉત્સર્પિણી આદિના (આદિ શબ્દથી અવસર્પિણીના) વિભાગનું જ્ઞાન થાય એ આનું પ્રયોજન છે. આનાથી જ્ઞાનાવરણીય આદિ કર્મની સ્થિતિઓ, પૃથ્વીકાયાદિ જીવોની કાયસ્થિતિ અને ભવસ્થિતિનું નિરૂપણ કરાય છે.

**બાદર ઉદ્ધાર પલ્યોપમ–** સ્થૂલ વાલાગ્રોમાંથી પ્રત્યેક સમયે એક એક વાલાગ્રનો ઉદ્ધાર કરવાથી બાદર ઉદ્ધાર પલ્યોપમ થાય છે. તે સંખ્યાત પરિમાણવાળું જાણવું.

**સૂક્ષ્મ ઉદ્ધાર પલ્યોપમ–** આ જ વાલાગ્રોના એક એક વાલાગ્રના અસંખ્ય ટુકડા કરવા, પછી પ્રત્યેક સમયે એક એક વાલાગ્રનો ઉદ્ધાર કરતા સંખ્યાતા ક્રોડો વર્ષોથી સૂક્ષ્મ ઉદ્ધાર પલ્યોપમ થાય. દ્વીપ-સમુદ્રો અઢી ઉદ્ધાર સાગરોપમ રાશિના પ્રમાણની તુલ્ય છે, અર્થાત્ અઢી ઉદ્ધાર સાગરોપમના જેટલા સમયો થાય તેટલા દ્વીપ-સમુદ્રો છે, આમ અઢી દ્વીપ-સમુદ્રનું માપ જાણવું એ સૂક્ષ્મ ઉદ્ધાર પલ્યોપમનું પ્રયોજન છે.

**બાદર-સૂક્ષ્મ ક્ષેત્ર પલ્યોપમ–** ક્ષેત્ર પલ્યોપમ પણ બાદર અને સૂક્ષ્મ એવા બે ભેદથી બે પ્રકારનું છે. બાદર વાલાગ્રોથી ભરેલા ક્ષેત્ર પ્રદેશોમાંથી પ્રત્યેક સમયે એક એક આકાશ પ્રદેશને દૂર કરતાં(=બહાર કાઢતાં) જેટલો સમય થાય તે બાદર ક્ષેત્રપલ્યોપમ છે. સૂક્ષ્મ વાલાગ્રોથી ભરેલા ક્ષેત્ર પ્રદેશોમાંથી પ્રત્યેક સમયે એક એક આકાશપ્રદેશને દૂર કરતાં(=બહાર કાઢતાં) જેટલો સમય થાય તે સૂક્ષ્મ ક્ષેત્ર પલ્યોપમ છે. અસંખ્ય ઉત્સર્પિણીઓથી આ કાર્ય પૂર્ણ થાય. આનાથી પૃથ્વીકાય આદિ જીવોનું પરિમાણ લાવવામાં આવે છે એમ પ્રવચન કુશળ પુરુષો કહે છે.

આ ત્રણેય પલ્યોપમોનું પ્રયોજન આ છે– પ્રત્યેક પલ્યોપમની કોડાકોડિને દશથી ગુણવાથી સાગરોપમ થાય, અર્થાત્ દશ કોડાકોડિ

પલ્યોપમનો એક સાગરોપમ કહેવાય છે. ત્રણ પ્રકારના પલ્યોપમ પ્રમાણે સાગરોપમ પણ ત્રણ પ્રકારે જ છે.

## ઉત્સર્પિણી-અવસર્પિણી

ચાર કોડાકોડિ સાગરોપમનો સુષમ-સુષમા નામનો આરો થાય. ત્રણ કોડાકોડિ સાગરોપમનો સુષમા નામનો આરો થાય. બે કોડાકોડિ સાગરોપમનો સુષમ-દુઃષમા નામનો આરો થાય. ૪૨ હજાર વર્ષ ન્યૂન એક કોડાકોડિ સાગરોપમનો દુઃષમ-સુષમા નામનો આરો થાય. ૨૧ હજાર વર્ષનો દુઃષમા નામનો આરો થાય. ૨૧ હજાર વર્ષનો દુઃષમ-દુઃષમા નામનો આરો થાય.

સુષમસુષમા વગેરે જે ક્રમથી કહ્યા છે તે જ ક્રમથી છ આરારૂપ અવસર્પિણી નામનો કાળ છે. આમાં શરીરની ઊંચાઇ, આયુષ્ય અને કલ્પવૃક્ષ વગેરેની હાની થતી હોવાથી અવસર્પિણી કાળ છે. તેનું પ્રમાણ દશ કોડાકોડિ સાગરોપમ છે. આ જ વિપરીતક્રમથી ઉત્સર્પિણી નામનો કાળ છે. કારણ કે આમાં શરીરની ઊંચાઇ વગેરેની વૃદ્ધિ થાય છે. આનું પણ પ્રમાણ દશ કોડાકોડિ સાગરોપમ જ છે. આ અવસર્પિણી-ઉત્સર્પિણી રૂપ કાળચક્ર પાંચ ભરતોમાં અને પાંચ ઐરવતોમાં અનાદિ-અનંત કાળ પરાવર્તન પામતું રહે છે. જેમકે દિવસ-રાત. દિવસ અને રાત બેમાં કોણ આદિ છે એમ કહી શકાતું નથી. કેમકે દિવસ-રાતના ચક્રની પ્રવૃત્તિ અનાદિથી છે. તે રીતે અવસર્પિણી-ઉત્સર્પિણી રૂપ કાળચક્ર પણ અનાદિથી છે. તેમાં અવસર્પિણી કાળમાં શરીરની ઊંચાઇ પછી પછી અનંતગુણહીન થતી જાય છે. સુષમ-સુષમા આરામાં મનુષ્યોના શરીરની ઊંચાઇ ત્રણ ગાઉ, આયુષ્ય ત્રણ પલ્યોપમ અને શુભ પરિણામ પણ કલ્પવૃક્ષ વગેરે અનેક હોય છે, અર્થાત્ કલ્પવૃક્ષ વગેરે અનેક શુભપરિણામ હોય છે. સુષમા આરામાં શરીરની ઊંચાઇ બે ગાઉ, આયુષ્ય બે પલ્યોપમ અને કલ્પવૃક્ષ વગેરે શુભ પરિણામ સુષમ-સુષમા

આરાથી હીન હોય છે. સુષમ-દુઃષમા આરામાં શરીરની ઊંચાઇ એક ગાઉ, આયુષ્ય એક પલ્યોપમ અને કલ્પવૃક્ષ વગેરે પરિણામ પૂર્વથી હીન હોય છે. દુઃષમ-સુષમા આરામાં શરીરની ઊંચાઇ ૫૦૦ ધનુષ્યથી પ્રારંભી સાત હાથ સુધી, આયુષ્ય પણ લાખ પૂર્વ જેટલું, કલ્પવૃક્ષાદિ પરિણામ પૂર્વથી અધિક હીન હોય છે. દુઃષમા આરામાં શરીરનું પ્રમાણ અને આયુષ્ય પણ અનિયત હોય છે. ઉત્કૃષ્ટ આયુષ્ય શરૂઆતમાં સો વર્ષનું અને અંતભાગમાં વીસ વર્ષનું હોય છે. શરીરની ઊંચાઇ બે હાથ હોય છે. ઔષધિબળ વગેરેની હાની અનંતગુણી હોય છે. અતિ દુઃષમા(=દુઃષમ-દુઃષમા) આરામાં પણ શરીરની ઊંચાઇ વગેરે સર્વ અનિયત હોય છે. અંતે તો શરીરનું પ્રમાણ એક હાથ, ઉત્કૃષ્ટ આયુષ્ય ૧૬ વર્ષ અને ઔષધિની સંપૂર્ણ હાની હોય છે, અર્થાત્ ઔષધિ(=ધાન્ય-શાકભાજી વગેરે વનસ્પતિ)નો તદ્દન અભાવ હોય છે. એ પ્રમાણે વિપરીત ક્રમથી વૃદ્ધિ કહેવી. અશુભપરિણામવિશેષોની અવસર્પિણીમાં વૃદ્ધિ થાય છે અને ઉત્સર્પિણીમાં હાની થાય છે.

**અવસ્થિત અવસ્થિત ગુણવાળો–** અવસ્થિત એટલે સ્વરૂપથી ફરે નહિ, અર્થાત્ જેવા સ્વરૂપે હોય તેવા સ્વરૂપે રહે. તથા તેમાં કલ્પવૃક્ષાદિ પરિણામવિશેષ રૂપ જે ગુણો હોય છે તે ગુણો અવસ્થિત હોય છે. માટે તે આરો અવસ્થિત અવસ્થિત ગુણવાળો કહેવાય છે. ભરત-ઐરવત સિવાય અન્ય ક્ષેત્રોમાં સુષમ-સુષમા વગેરે એક-એક આરો હોય છે. તે આ પ્રમાણે- દેવકુરુ-ઉત્તરકુરુમાં સુષમ-સુષમા (પહેલા આરાનો) પ્રભાવ સદા અવસ્થિત હોય છે. હરિવર્ષ અને રમ્યક્ક્ષેત્રમાં સુષમાનો(=બીજા આરાનો) પ્રભાવ સદા અવસ્થિત હોય છે. હૈમવત અને હિરણ્યવતક્ષેત્રમાં સુષમ-દુઃષમાનો(=ત્રીજા આરાનો) પ્રભાવ સદા અવસ્થિત હોય છે. મહાવિદેહક્ષેત્રમાં અને ૫૬ અંતર્દ્વીપોમાં દુઃષમ-સુષમાનો(=ચોથા આરાનો) પ્રભાવ સદા અવસ્થિત હોય છે.

"एवमादिर्मनुष्यक्षेत्रे पर्यायापन्नः कालविभागो ज्ञेयः" इति, एवमादिः એવા પ્રયોગથી કાળના અનેક ભેદોને જણાવે છે. પુદ્ગલ પરાવર્ત વગેરે અને અદ્ધાપલ્યોપમ વગેરે સર્વ કાળ અનંત છે.

मनुष्यक्षेत्रपर्यापन्नः એવા પ્રયોગથી "કાળ પરિમિત દેશમાં રહેલો છે" એમ જણાવે છે. બીજા સ્થળે પણ રહેલા દેવો વગેરે અહીં પ્રસિદ્ધ થયેલા કાળથી વ્યવહાર કરે છે. કાળનો સમય વગેરે વિભાગ સમૂહબુદ્ધિથી સ્વીકારેલો જાણવો. કાળનું અસંખ્યાતપણું અને અનંતપણું (तद्यथा हि इत्यादि) ભાષ્યથી જ જાણવું. ગણિતના વિષયને ઓળંગી ગયેલો કાળ અસંખ્ય કાળ છે. જેનો અંત નથી તે અનંત.

પ્રાસંગિક વર્ણનથી સર્યું. પ્રસ્તુત વિષયને શરૂ કરીએ છીએ. (૪-૧૫)

**टीकावतरणिका–** तत्र–

**ટીકાવતરણિકાર્થ–** તેમાં–

**મનુષ્યલોકની બહાર જ્યોતિષ્ક વિમાનોની સ્થિરતા–**

**बहिरवस्थिताः ॥४-१६॥**

**સૂત્રાર્થ–** મનુષ્યલોકની બહાર સર્વ જ્યોતિષ્ક વિમાનો અવસ્થિત-સ્થિર છે. (૪-૧૬)

**भाष्यं–** नृलोकाद् बहिर्ज्योतिष्का अवस्थिताः । अवस्थिता इत्य-विचारिणोऽवस्थितविमानप्रदेशाऽवस्थितलेश्याप्रकाशा इत्यर्थः । सुख-शीतोष्णरश्मयश्चेति ॥४-१६॥

**ભાષ્યાર્થ–** મનુષ્યલોકની બહાર રહેલા જ્યોતિષ્કો અવસ્થિત=સ્થિર હોય છે. અવસ્થિત એટલે પરિભ્રમણથી રહિત. વિમાનને રહેવાનો પ્રદેશ(=સ્થળ) અવસ્થિત(=નિશ્ચિત) હોય છે તથા તેમનો વર્ણ[1] અને પ્રકાશ સ્થિર હોય છે તથા સુખ થાય તેવા શીતોષ્ણ કિરણોવાળા હોય છે. (૪-૧૬)

---

૧. મનુષ્યલોકમાં ઉપરાગ વગેરેથી વર્ણ બદલાઇ જાય પણ મનુષ્યલોકની બહાર ઉપરાગ (ગ્રહણ) વગેરે ન હોવાથી કાયમ માટે પીત વર્ણ રહે છે તથા સ્થિર હોવાથી એક લાખ યોજન સુધી તેમનો પ્રકાશ પહોંચે છે.

**टीका–** सम्बद्धमेव, मेरुप्रदक्षिणानित्यगतयो नृलोक इत्यनन्तरसूत्राभिधानात् ज्योतिष्का इति सूत्रसमुदायार्थः । अवयवार्थमाह- 'नृलोकात्' इत्यादिना मानुषोत्तरगिरेर्बहिर्ये इति ज्योतिष्का 'तात्स्थ्यात्तद्व्यपदेशः' ते च स्थिता इत्येतदाचष्टे-अवस्थिता इत्यविचारिणः न विचरणशीलाः, स्पष्टतरमाह-अवस्थिताः निश्चलाः विमानप्रदेशा बुध्नादयो येषामिति विग्रहः, किमुक्तं भवति ?-अवस्थितौ लेश्याप्रकाशौ चवर्णालोकौ येषां ते तथाविधा इत्यर्थः, उपरागोदयाद्यभावादिति, एतदेव निगमयन्नाह-सुखा शीतोष्णाः रश्मयो येषामिति विग्रहः, नात्यन्तशीताश्चन्द्रमसः, नाप्यत्यन्तोष्णाः सूर्यस्य, किन्तु साधारणा द्वयोरपीति, [१]योजनशतसहस्रपरिमाणप्रकाशा इत्याचार्याः ॥४-१६॥

**ટીકાર્થ–** સૂત્ર સંબંધવાળું જ છે. કેમકે અનંતરસૂત્રમાં "પાંચે પ્રકારનાં જ્યોતિષ્કનાં વિમાનો મનુષ્ય લોકમાં સદા મેરુપર્વતને પ્રદક્ષિણા આપતા પરિભ્રમણ કરે છે." એમ કહ્યું છે. મનુષ્યલોકની બહાર રહેલા જ્યોતિષ્ક વિમાનો અવસ્થિત છે એમ સૂત્રનો સમુદિત અર્થ છે. અવયવાર્થને "नृलोके" ઇત્યાદિથી ભાષ્યકાર કહે છે- માનુષોત્તર પર્વતની બહાર જે [૨]જ્યોતિષ્ક વિમાનો છે તે સ્થિર છે. આ વિષયને કહે છે- અવસ્થિત છે એટલે પરિભ્રમણ કરવાના સ્વભાવવાળા નથી. આને જ અધિક સ્પષ્ટ કહે છે- અવસ્થિત છે એટલે જેમના તળિયુ વગેરે વિમાનપ્રદેશો નિશ્ચલ છે તેવા છે.

આનો ભાવાર્થ આ છે- વિમાનોનો વર્ણ અને પ્રકાશ સ્થિર છે. કેમકે ગ્રહણ વગેરે થતું નથી. ઉપસંહાર કરતા ભાષ્યકાર આને જ કહે છે-

---

૧. योजनशतसहस्रपरिमाणो निष्कम्पत्वाद् अस्तमयोदयाभावाच्चेति सिद्धसेनीयायां वृत्तौ, स्यादनेन तस्याः पश्चाद्भाविता ।

૨. ટીકામાં तात्स्थ्यात् तद्व्यपदेशः એ ન્યાયનો અર્થ આ પ્રમાણે છે- તેમાં રહેવાના કારણે તેનો વ્યવહાર થાય. જ્યોતિષ્ક દેવો વિમાનોમાં રહેતા હોવાથી જ્યોતિષ્ક દેવોનાં વિમાનો પણ જ્યોતિષ્ક કહેવાય. જ્યોતિષ્ક શબ્દથી અહીં જ્યોતિષ્ક વિમાનો સમજવા એવો અહીં તાત્પર્યાર્થ છે.

તેમનાં શીત-ઉષ્ણ કિરણો સુખકારી છે, અર્થાત્ ચંદ્રનાં કિરણો અત્યંત ઠંડા નથી અને સૂર્યનાં કિરણો અત્યંત ઉષ્ણ નથી, કિંતુ બંનેના કિરણો સાધારણ(=સુખપૂર્વક સહન થઇ શકે તેવાં) છે. લાખ યોજન પરિમાણ પ્રકાશવાળા છે, અર્થાત્ તેમનો પ્રકાશ કાયમ માટે લાખ યોજન સુધી પહોંચે છે, એમ આચાર્યો કહે છે. (૪-૧૬)

**टीकावतरणिका–** उक्ता ज्योतिष्काः, तदभिधानात्तृतीयो देवनिकायः, साम्प्रतं चतुर्थमाह–

**ટીકાવતરણિકાર્થ–** જ્યોતિષ્કો કહ્યા. જ્યોતિષ્કોના કથનથી ત્રીજો દેવનિકાય કહ્યો. હવે ચોથા દેવનિકાયને કહે છે–

**વૈમાનિકનિકાયનો અધિકાર–**

**वैमानिकाः ॥४-१७॥**

**સૂત્રાર્થ–** અહીંથી વૈમાનિક નિકાયના દેવોનો અધિકાર શરૂ થાય છે. (૪-૧૭)

**भाष्यं–** चतुर्थो देवनिकायो वैमानिकाः । तेऽत ऊर्ध्वं वक्ष्यन्ते । विमानेषु भवा वैमानिकाः ॥४-१७॥

**ભાષ્યાર્થ–** ચોથો દેવનિકાય વૈમાનિકો છે. હવે પછી વૈમાનિકો કહેવાશે. વિમાનમાં ઉત્પન્ન થયેલા તે વૈમાનિકો. (૪-૧૭)

**टीका–** प्रायो निगदसिद्धं, नवरं अत ऊर्ध्वमिति इतः प्रभृति ऊर्ध्वं प्राक् स्थितेरिति, तथा विशेषेण सुकृतिनो मानयन्तीति विमानानि ॥४-१७॥

**ટીકાર્થ–** આ સૂત્ર પ્રાયઃ બોલતાં જ સમજાઇ જાય તેવું છે. ફક્ત આ વિશેષ છે- હવે પછી એટલે અહીંથી પ્રારંભીને આયુષ્યની સ્થિતિના વર્ણન સુધી. જેમને પુણ્યશાળીઓ વિશેષથી માને=સેવે તે વિમાનો. (૪-૧૭)

**टीकावतरणिका–** एते च–

**ટીકાવતરણિકાર્થ–** આ વૈમાનિક દેવો–

**વૈમાનિકદેવોના મુખ્ય બે ભેદો–**

**कल्पोपपन्नाः कल्पातीताश्च ॥४-१८॥**

**સૂત્રાર્થ–** કલ્પોપપન્ન અને કલ્પાતીત એમ બે પ્રકારના છે. (૪-૧૮)

**भाष्यं–** द्विविधा वैमानिका देवाः । कल्पोपपन्नाः कल्पातीताश्च । तान् परस्ताद्वक्ष्याम इति ॥४-१८॥

**ભાષ્યાર્થ–** વૈમાનિક દેવો કલ્પોપપન્ન અને કલ્પાતીત એમ બે પ્રકારના છે તેમને આગળ (અ.૪ સૂ.૨૪) કહીશું. (૪-૧૮)

**टीका–** एतदपि प्रायो निगदसिद्धमेव, नवरमिन्द्रादिदशभेदकल्पनात् कल्पा इति ॥४-१८॥

**ટીકાર્થ–** આ સૂત્ર પણ પ્રાયઃ બોલતાં જ સમજાઇ જાય તેવું છે. ફક્ત આ વિશેષ છે- ઇંદ્ર વગેરે દશનું કલ્પન(=રચના) કરવાના કારણે કલ્પો કહેવાય છે. (૪-૧૮)

**વૈમાનિકનિકાયના દેવલોકનું અવસ્થાન–**

**उपर्युपरि ॥४-१९॥**

**સૂત્રાર્થ–** વૈમાનિક નિકાયના કલ્પો ઉપર ઉપર આવેલા છે. (૪-૧૯)

**भाष्यं–** उपर्युपरि च यथानिर्देशं वेदितव्याः । नैकक्षेत्रे, नापि तिर्यगधो वेति ॥४-१९॥

**ભાષ્યાર્થ–** જે પ્રમાણે નિર્દેશ કર્યો છે તે પ્રમાણે (વૈમાનિક કલ્પો) ઉપર ઉપર આવેલા જાણવા. એક ક્ષેત્રમાં રહેલા નથી તથા તિર્યક્ અને નીચે પણ નથી. (૪-૧૯)

**टीका–** इदमपि प्रायः सुगममेव, नवरं 'यथानिर्देश'मिति वक्ष्यमाणसूत्रापेक्षया, नैकक्षेत्रे निरवयवे नापि तिर्यगधो वेत्यसमंजस इति ॥४-१९॥

**ટીકાર્થ–** આ સૂત્ર પણ પ્રાયઃ સહેલાઇથી સમજાઇ જાય તેવું જ છે. ફક્ત આ વિશેષ છે- હવે પછીના સૂત્રોમાં કહેવાશે તે પ્રમાણે કલ્પો ઉપર ઉપર

જાણવા. કલ્પો વિભાગ રહિત એક ક્ષેત્રમાં નથી, તિર્ચ્છા પણ નથી અને નીચે પણ નથી. આ પ્રમાણે કલ્પો ગમે તે રીતે રહેલા નથી. (૪-૧૯)

**टीकावतरणिका–** ते चामी क्रमादित्याह–

**ટીકાવતરણિકાર્થ–** તે કલ્પો ક્રમશઃ આ છે એમ કહે છે–

**વૈમાનિક ભેદોનાં ક્રમશઃ નામો–**

**सौधर्मैशान-सनत्कुमार-माहेन्द्र-ब्रह्मलोक-लान्तक-महाशुक्र-सहस्त्रारेष्वानत-प्राणतयोरारणाच्युतयोर्नवसु ग्रैवेयकेषु विजय-वैजयन्त-जयन्ता-ऽपराजितेषु सर्वार्थसिद्धे च ॥४-२०॥**

**સૂત્રાર્થ–** સૌધર્મ, ઈશાન, સનત્કુમાર, માહેન્દ્ર, બ્રહ્મલોક, લાંતક, મહાશુક્ર, સહસ્રાર, આનત, પ્રાણત, આરણ, અચ્યુત, નવગ્રૈવેયક, વિજય, વૈજયંત, જયંત, અપરાજિત અને સર્વાર્થસિદ્ધ વિમાનમાં વૈમાનિક દેવો રહે છે. (૪-૨૦)

**भाष्यं–** एतेषु सौधर्मादिषु कल्पविमानेषु वैमानिका देवा भवन्ति । तद्यथा–सौधर्मस्य कल्पस्योपर्यैशानः कल्पः । ऐशानस्योपरि सानत्कुमारः । सानत्कुमारस्योपरि माहेन्द्र इत्येवमासर्वार्थसिद्धादिति ॥ सुधर्मा नाम शक्रस्य देवेन्द्रस्य सभा । सा तस्मिन्नस्तीति सौधर्मः कल्पः । ईशानस्य देवराजस्य निवास ऐशानः, इत्येवमिन्द्राणां निवासयोग्याभिख्याः सर्वे कल्पाः ॥ ग्रैवेयकास्तु लोकपुरुषस्य ग्रीवाप्रदेशविनिविष्टा ग्रीवाभरणभूता ग्रैवा ग्रीव्या ग्रैवेया ग्रैवेयका इति ॥ अनुत्तराः पञ्च देवनामान एव । विजिता अभ्युदयविघ्नहेतव एभिरिति विजयवैजयन्तजयन्ताः । तैरेव विघ्नहेतुभिर्न पराजिता अपराजिताः । सर्वेष्वभ्युदयार्थेषु सिद्धाः सर्वार्थैश्च सिद्धाः सर्वे चैषामभ्युदयार्थाः सिद्धा इति सर्वार्थसिद्धाः । विजितप्रायाणि वा कर्माण्येभिरुपस्थितभद्राः परीषहैरपराजिताः सर्वार्थेषु सिद्धाः सिद्धप्रायोत्तमार्था इति विजयादय इति ॥४-२०॥

**ભાષ્યાર્થ–** આ સૌધર્માદિ કલ્પવિમાનોમાં વૈમાનિક દેવો હોય છે. તે આ પ્રમાણે- સૌધર્મકલ્પની ઉપર ઐશાનકલ્પ છે. ઐશાનની ઉપર સાનત્કુમાર છે. સાનત્કુમારની ઉપર માહેન્દ્ર છે. આ પ્રમાણે સર્વાર્થસિદ્ધ વિમાન સુધી જાણવું.

સુધર્મા એવું નામ શક્રદેવેન્દ્રની સભાનું છે. તે સુધર્મા સભા તેમાં છે તેથી તે કલ્પ સૌધર્મ કહેવાય છે. ઈશાન દેવેન્દ્રનો નિવાસ તે ઐશાન. આ પ્રમાણે બધા કલ્પો ઈન્દ્રોના નિવાસને યોગ્ય નામવાળા જાણવા. ગ્રૈવેયકો તો લોકપુરુષના ગ્રીવાપ્રદેશમાં(=ડોકના સ્થાને) રહેલા છે, તેથી ગ્રીવાના આભરણ રૂપ છે. ગ્રૈવ, ગ્રીવ્ય, ગ્રૈવેય અને ગ્રૈવેયક એ શબ્દો પર્યાયવાચી છે. દેવના નામવાળા જ પાંચ અનુત્તરો છે. (તે આ પ્રમાણે-) અભ્યુદયમાં વિઘ્ન કરનારા હેતુઓ એમનાથી જીતાયા છે એથી વિજય વૈજયન્ત અને જયન્ત કહેવાય છે. તે જ વિઘ્નહેતુઓથી પરાજિત (=પરાભવ પામેલા) નથી તેથી અપરાજિત કહેવાય છે. સર્વ અભ્યુદયવાળા કાર્યોમાં સિદ્ધ થયા છે, એથી સર્વાર્થસિદ્ધ કહેવાય છે. એમણે લગભગ કર્મોને જીતી લીધા છે. કલ્યાણો એમને ઉપસ્થિત થયા છે. પરિષહોથી અપરાજિત છે. (પરાભવ પામેલા નથી). (સાંસારિક) સર્વ કાર્યો સિદ્ધ થયેલા છે. એ પ્રમાણે (સકળ કર્મક્ષયરૂપ) ઉત્તમ કાર્યો લગભગ સિદ્ધ થયા છે માટે વિજય વગેરે નામો છે. (૪-૨૦)

**टीका–** भिन्नविभक्तिको निर्देश इह देवधर्मख्यापनार्थ इति सूत्र-समुदायार्थः । अवयवार्थमाह-'एतेष्वि'त्यादिना सौधर्मस्य कल्पस्य मेरोरुपर्यसङ्ख्येययोजनव्यवस्थितस्य मेरूपलक्षितदक्षिणभागार्द्धे स्थितिः अर्द्धचन्द्राकारस्य, उपर्यैशानः कल्प इति, सोऽप्येवंविध एव, किन्तु मेरूपलक्षितोत्तरभागार्द्धस्थितिः मनागूर्ध्वमर्धमिति, 'ऐशानस्योपरी'ति क्षेत्रविभागमात्रेण, बहूनि योजनान्यतिक्रम्य सनत्कुमारः सोधर्मसमश्रेण्यां व्यवस्थितः, एवं सनत्कुमारस्योपरि मनागूर्ध्वमित्यर्थः, माहेन्द्र इत्यैशान-समश्रेणिव्यवस्थितः, अनयोरुपरि बहूनि योजनान्यतिक्रम्य मध्यवर्त्ती

सम्पूर्णचन्द्राकृतिर्ब्रह्मलोकः, इह लोकग्रहणं लोकान्तिकदेवसत्ताख्यापनार्थं, एवमुपर्युपरि लान्तकमहाशुक्रसहस्रारास्त्रयः कल्पाः प्रतिपत्तव्याः, विभक्त्युपन्यासस्त्विह सामान्येनैव तिर्यग्मनुष्येभ्यः उपपातभेदख्यापनार्थः, तत ऊर्ध्वं बहूनि योजनान्युल्लङ्घ्य सौधर्मेशानकल्पद्वयवदानतप्राणतौ भवतः, विभक्त्युपन्यास इति एकेन्द्रत्वभेदप्रदर्शनार्थः, तदुपरि तत्समश्रेणिव्यवस्थितौ सनत्कुमारमाहेन्द्रयोरिवारणाच्युतौ, विभक्तिप्रयोजनं पूर्ववत्, तदुपरि ग्रैवेयकानि नवोपर्युपरि, इहापि विभक्त्यलोपे एतावान् सापायशेषसत्त्वोपपात इति विशेषप्रदर्शनार्थः, तत ऊर्ध्वं विजयादीनि चत्वारि विमानानि, एन्द्र्यादिप्रादक्षिण्येन, विभक्त्यलोपस्त्विति निरपायसम्यगुपपातभेदसन्दर्शनार्थः तदुपरि मनाक् सर्वार्थसिद्धमिति, इह विभक्त्यलोपो द्विचरमोपपातभेदप्रदर्शनार्थः । अमुमेवार्थं चेतसि निधायाह–'एवमासर्वार्थसिद्धादि'ति सर्वार्थसिद्धं यावदुपरीति । कल्पाभिधाननिबन्धनमाह–'सुधर्मे'त्यादिना सभा-प्रासादविशेषः सा तस्मिन् अस्तीति सौधर्मः 'चातुरर्थिकोऽन्' 'ईशानस्ये'त्यादि तस्य निवाससम्बन्धेन अणिति, 'एवमिन्द्राणा'मित्यादि, अतिदेशवाक्यं, 'ग्रैवेयकास्त्वि'त्यादि, ग्रीवा इति ग्रीवेव ग्रीवा तस्यां भवाः ग्रैवेयकाः, एवं ग्रीवायां भवाः ग्रीव्याः, एवं ग्रीवेयाः 'दिग्ग्रीवाभ्याश्चे'ति, एवं ग्रैवेयकाः ग्रीवायां प्रायो भवाः इति 'कुलकुक्षिग्रीवाभ्यः स्वास्यलङ्कारेषु ठकञ्' (पा.अ.४ पा.२ सू.९६) अनुत्तराः–सर्वप्रधानाः पञ्च देवनामान एव विमानविशेषाः, एतदेव नामान्वर्थमाह–'विजिता' इत्यादि विजिता अभिभूता अभ्युदयविघ्नहेतवः एभिरिति–देवैर्विजयवैजयन्तजयन्ता इति, तथा तैरेव विघ्नहेतुभिरप्युदयसम्बन्धिभिः न पराजिता इत्यपराजिताः, एवं सर्वेष्वभ्युदयार्थेषु प्रकृष्टेषु सिद्धा–अव्याहतशक्तयः सर्वार्थसिद्धा इति, सर्वार्थैश्च वा विषयवद्भिः प्रख्याताः सर्वे चैषामभ्युदयार्था अतिमनोहरा शब्दादयः सिद्धा इति सर्वार्थसिद्धाः । प्रकारान्तरमाह–

'विजितप्रायाणि वे'त्यादिना विजितप्रायाणि कर्माण्येभिरित्यासन्नभव्यतया, तथा उपस्थितभद्रा इत्युपनतपरमकल्याणाः, तथा परीषहैः क्षुत्पिपासादिभिः साधुजन्मनि न पराजिताः इत्यपराजिताः, एवं सर्वार्थेषु सांसारिकेषु सिद्धाः कृतकृत्या इति सर्वार्थसिद्धाः, एवं सिद्धप्रायः तथाऽऽसन्नतया उत्तमार्थः सकलकर्मक्षयलक्षणो येषां ते तथाविधा । 'इति' एवमनेन प्रकारेण विजयादय इति विजयादयोऽप्यपराजितसर्वार्थसिद्धा इति ॥४-२०॥

**ટીકાર્થ–** સૂત્રમાં એક જ વિભક્તિમાં નિર્દેશ ન કરતાં ભિન્ન ભિન્ન વિભક્તિમાં નિર્દેશ કર્યો છે તે દેવધર્મને જણાવવા માટે છે, અર્થાત્ તે તે દેવલોકમાં રહેલી વિશેષતાઓને જણાવવા માટે છે. (તે આ પ્રમાણે- સર્વ પ્રથમ સૌધર્મથી સહસ્રાર સુધીના શબ્દોની અલગ વિભક્તિ છે. આનું કારણ એ છે કે સહસ્રાર સુધી મનુષ્યો અને તિર્યંચો એ બંને પ્રકારના જીવો ઉત્પન્ન થાય છે. ત્યાર બાદ કેવળ મનુષ્યો જ ઉત્પન્ન થાય છે. આ ભેદ બતાવવા સહસ્રાર સુધીના શબ્દોની અલગ વિભક્તિ છે. આનત-પ્રાણત એ બે કલ્પોમાં સમુદિત એક ઇંદ્ર છે. તથા આરણ-અચ્યુત એ બે કલ્પોમાં સમુદિત એક ઇંદ્ર છે. આ ભેદને જણાવવા માટે આનત-પ્રાણત એ બે શબ્દોની તથા આરણ-અચ્યુત એ બે શબ્દોની અલગ-અલગ વિભક્તિ કરવામાં આવી છે. નવ ગ્રૈવેયક સુધી ઉત્પન્ન થનારા જીવો બહુલસંસારી પણ હોઇ શકે છે. જ્યારે વિજયાદિમાં ઉત્પન્ન થનારા જીવો અલ્પસંસારી જ હોય છે. આ ભેદને જણાવવા ગ્રૈવેયક શબ્દમાં અલગ વિભક્તિ છે. વિજયાદિ ચારમાં ઉત્પન્ન થનારા જીવો થોડા (=સંખ્યાતા) ભવો કરીને મોક્ષમાં જાય, જ્યારે સર્વાર્થસિદ્ધમાં ઉત્પન્ન થનારા જીવો એક ભવે મોક્ષ પામે છે. આ વિશેષતાનું સૂચન કરવા વિજયાદિ ચાર શબ્દોમાં અને સર્વાર્થસિદ્ધ શબ્દમાં અલગ-અલગ વિભક્તિ છે.) આ પ્રમાણે સૂત્રનો સમુદિત અર્થ છે. અવયવાર્થને ભાષ્યકાર "एतेषु" ઇત્યાદિથી કહે છે- આ સૌધર્માદિ કલ્પ વિમાનોમાં

વૈમાનિક દેવો હોય છે=રહે છે. તે આ પ્રમાણે- જ્યોતિષ ચક્રની ઉપર અસંખ્યાત યોજન પછી મેરુથી દક્ષિણાર્ધ ભાગમાં સૌધર્મ અને મેરુથી ઉત્તરાર્ધભાગમાં ઈશાન કલ્પ આવેલો છે. ઈશાન કલ્પ સૌધર્મથી કંઈક ઉપર છે. સૌધર્મ અને ઈશાન એ બંને વિમાનો ચંદ્રાકારના છે.

"ऐशानस्योपरि" इति ઐશાનની ઉપર એ કથન માત્ર ક્ષેત્રનો વિભાગ કરવાના હેતુથી છે, નહિ કે ઐશાનની ઉપર સમશ્રેણિમાં સનત્કુમાર છે એ જણાવવા. ઘણા યોજનો ગયા પછી સૌધર્મની સમશ્રેણિમાં સનત્કુમાર કલ્પ રહેલો છે, તથા ઐશાનની સમશ્રેણિમાં માહેંદ્ર કલ્પ રહેલો છે. માહેંદ્ર કલ્પ સનત્કુમારથી કંઈક ઉપર છે. આ બેની ઉપર ઘણા યોજનો ગયા પછી મધ્યમાં સંપૂર્ણ ચંદ્રાકારે બ્રહ્મલોક રહેલો છે.

**પ્રશ્ન–** પાંચમા કલ્પનું નામ બ્રહ્મ છે, છતાં આ સૂત્રમાં બ્રહ્મલોક એમ લોક શબ્દનો પ્રયોગ કેમ કરવામાં આવ્યો છે ?

**ઉત્તર–** બ્રહ્મ કલ્પમાં લોકાંતિક દેવો રહે છે એ જણાવવા બ્રહ્મની સાથે લોક શબ્દનો પ્રયોગ કરવામાં આવ્યો છે.

એ પ્રમાણે લાંતક, મહાશુક્ર અને સહસ્રાર એ ત્રણ કલ્પો (ક્રમશઃ) ઉપર ઉપર આવેલા છે. અહીં વિભક્તિનો જે ઉલ્લેખ કર્યો છે તે સામાન્યથી જ તિર્યંચ-મનુષ્યોના ઉપપાતનો ભેદ બતાવવા માટે છે. (હવે પછીના કલ્પોમાં કેવળ મનુષ્યો જ ઉત્પન્ન થાય છે.)

ત્યાર બાદ ઘણા યોજનો ઉપર ગયા પછી સૌધર્મ-ઐશાન દેવલોકની જેમ આનત અને પ્રાણત એ બે દેવલોક રહેલા છે. અહીં વિભક્તિનો ઉલ્લેખ બંને દેવલોકનો ઈંદ્ર એક જ છે એ જણાવવા માટે છે.

આનત-પ્રાણતની ઉપર સનત્કુમાર-માહેંદ્રની જેમ સમશ્રેણિમાં આરણ અને અચ્યુત દેવલોક રહેલા છે. વિભક્તિનો ઉલ્લેખ બંને દેવલોકનો ઈંદ્ર એક છે એ જણાવવા માટે છે.

તેની ઉપર નવ ગ્રૈવેયકો ઉપર ઉપર આવેલા છે. અહીં પણ વિભક્તિનો અલોપ અહીં સુધી સાપાય અને સાપાયથી શેષ(=નિરપાય) એ બંને પ્રકારના જીવોનો ઉપપાત થાય છે એ વિશેષતા બતાવવા માટે છે.

ત્યાર પછી ઉપર વિજય વગેરે ચાર વિમાનો પૂર્વદિશા આદિમાં પ્રદક્ષિણાના ક્રમથી આવેલા છે. વિભક્તિનો અલોપ આ ચારમાં અપાય-રહિત સમ્યગ્ ઉપપાત થાય છે એ ભેદ બતાવવા માટે છે. (સંખ્યાતા ભવોમાં મોક્ષમાં જનારા હોવાથી અપાયરહિત સમ્યગ્ ઉપપાત છે.)

તેનાથી કંઇક ઉપર (ચારની મધ્યમાં) સર્વાર્થસિદ્ધ છે. અહીં વિભક્તિનો અલોપ સર્વાર્થસિદ્ધના દેવો દ્વિચરમ ઉપપાતવાળા છે, અર્થાત્ અહીંથી મનુષ્યભવમાં ઉત્પન્ન થઇને મોક્ષ પામનારા છે એવો ભેદ બતાવવા માટે છે.

આ જ અર્થને ચિત્તમાં રાખીને ભાષ્યકાર કહે છે- "एवमासर्वार्थसिद्धाद्" આ પ્રમાણે ઉપર સર્વાર્થસિદ્ધ સુધી કલ્પ છે.

કલ્પના નામના કારણને "सुधर्मा" ઇત્યાદિથી કહે છે- શક્ર ઇંદ્રની સુધર્મા નામની સભા છે. અહીં સભા એટલે વિશેષ પ્રકારનો પ્રાસાદ. તે સભા તે કલ્પમાં છે માટે તે સૌધર્મ કહેવાય છે. અહીં સુધર્મા શબ્દને ચાતુરર્થિક [1]अण् પ્રત્યય લાગીને સૌધર્મ શબ્દ બન્યો છે. "इशानस्य" इत्यादि ઇશાન ઇંદ્રનો નિવાસ તે ઐશાન. અહીં "तस्य निवासः" એ અર્થમાં इशान શબ્દને अण् પ્રત્યય લાગ્યો છે.

"एवम् इन्द्राणाम्" इत्यादि સર્વ કલ્પો આ પ્રમાણે ઇંદ્રોના નિવાસને યોગ્ય નામવાળા છે. આ ભલામણ વાક્ય છે.

"ग्रैवेयकास्तु" इत्यादि લોકરૂપ પુરુષના ગ્રીવાના(=ડોકના) પ્રદેશમાં રહેલા હોવાથી ગ્રીવાના આભરણ રૂપ છે. આથી તે કલ્પો ગ્રૈવ, ગ્રીવ્ય, ગ્રૈવેય અને ગ્રૈવેયક એમ કહેવાય છે. ગ્રીવાના(=ડોકના) જેવા તે ગ્રીવા. ગ્રીવામાં થયેલા તે ગ્રૈવેયક. એ પ્રમાણે ગ્રીવામાં થયેલા ગ્રીવ્ય. એ પ્રમાણે ગ્રૈવેય (અને ગ્રૈવ). 'दिग्ग्रीवात्याश्च' એ સૂત્રથી પ્રત્યય લાગીને ગ્રૈવ વગેરે શબ્દો બન્યા છે.

(અહીં અશુદ્ધિ જણાય છે. સિદ્ધહેમશબ્દાનુશાસન વ્યાકરણના આધારે ગ્રૈવ વગેરે શબ્દો નીચે પ્રમાણેના સૂત્રોથી બન્યા છે.)

૧. "तस्य निवासः तस्यादूरभवः तदत्रास्ति तेन निर्वृत्तम्" આ ચાર અર્થોમાંથી કોઇ પણ અર્થમાં આવતા પ્રત્યયની 'ચાતુરર્થિક' સંજ્ઞા છે. (સિદ્ધહેમ શબ્દા. અ.૬ સૂ.૭૨)

दिगादि-देहांशाद् यः (૬-૩-૧૨૪) એ સૂત્રથી ગ્રીવા શબ્દને य પ્રત્યય લાગીને ગ્રીવ્ય શબ્દ બન્યો છે. ग्रीवायां भव=ग्रीव्यः ।

ग्रीवातोऽण् च (૬-૩-૧૩૨) એ સૂત્રથી अण् પ્રત્યય લાગીને ગ્રૈવ શબ્દ બન્યો છે અને एयण् પ્રત્યય લાગીને ગ્રૈવેય શબ્દ બન્યો છે. ग्रीवायां भवः=ग्रैवः, ग्रीवायां भवः=ग्रैवेयः ।)

એ પ્રમાણે ગ્રીવામાં પ્રાયઃ થયેલા તે ગ્રૈવેયકો. અહીં कुल-कुक्षि-ग्रीवाभ्यः श्वास्यलङ्कारेषु ठकञ् (પાણીનિ વ્યાકરણ અ.૪ પા.૨ સૂ.૯૬, સિદ્ધહેમશબ્દાનુશાસન અ.૬ પા.૩ સૂ.૧૨) એ સૂત્રથી ગ્રીવા શબ્દને અલંકાર અર્થમાં एयकम् પ્રત્યય લાગ્યો છે.

अनुत्तर એટલે સર્વ દેવોમાં પ્રધાન. અનુત્તર એ પાંચ દેવના નામવાળા જ વિશેષ પ્રકારના વિમાનો છે.

**ભાવાર્થ–** દેવો અનુત્તર છે એના કારણે એમના રહેવાના વિમાનો પણ અનુત્તર કહેવાય છે.

આ જ અન્વર્થ નામને કહે છે- "विजिता" इत्यादि, આત્મકલ્યાણમાં વિઘ્ન કરનારા હેતુઓ આ દેવોથી પરાભૂત કરાયા છે માટે તે દેવો વિજય, વૈજયંત અને જયંત કહેવાય છે. આત્મકલ્યાણમાં વિઘ્ન કરનારા હેતુઓથી તે દેવો પરાજય પામ્યા નથી માટે અપરાજિત કહેવાય છે. એ પ્રમાણે આત્મકલ્યાણના પ્રકૃષ્ટ સર્વ કાર્યોમાં જેઓ સિદ્ધ થયા છે=જેઓની શક્તિઓ હણાઇ નથી તે સર્વાર્થસિદ્ધ છે. મોક્ષના ઉદ્દેશવાળા સર્વ કાર્યોથી જે સિદ્ધ છે=પ્રસિદ્ધ છે તે સર્વાર્થસિદ્ધ છે. અથવા સર્વ અતિમનોહર શબ્દાદિ વિષયો સિદ્ધ થયા છે તેથી સર્વાર્થસિદ્ધ છે.

બીજી રીતે (અર્થને) "विजितप्रायाणि वा" ઇત્યાદિથી કહે છે- આસન્નભવ્ય હોવાના કારણે એમનાથી લગભગ કર્મો જિતાઇ ગયા છે. તથા उपस्थितभद्रा=જેમનું પરમકલ્યાણ નજીકમાં રહેલું છે તેવા છે. તથા સાધુભવમાં ક્ષુધા-પિપાસા વગેરે પરીષહોથી પરાભવ પામ્યા નથી માટે

અપરાજિત છે. એ પ્રમાણે સાંસારિક સર્વ કાર્યોમાં સિદ્ધ થયા છે=કૃતકૃત્ય થયા છે માટે સર્વાર્થસિદ્ધ છે. એ પ્રમાણે સકલ કર્મક્ષયરૂપ ઉત્તમ અર્થ લગભગ સિદ્ધ થઈ ગયો છે તેથી સિદ્ધપ્રાયોત્તમાર્થ છે. તથા એટલે તે રીતે. (તે રીતે એટલે એક ભવ કરીને કે સંખ્યાતા ભવો કરીને) તે રીતે મુક્તિ નજીક હોવાથી સિદ્ધપ્રાયોત્તમાર્થ છે.

આ રીતે વિજય આદિ દેવો પણ અપરાજિત અને સર્વાર્થસિદ્ધ છે. (૪-૨૦)

**टीकावतरणिका–** उपर्युपरीत्यनुवर्त्तमाने–

**ટીકાવતરણિકાર્થ–** ઉપર ઉપર એ પ્રમાણે ચાલ્યું આવે છે.

**ઉપર ઉપર સ્થિતિ આદિની અધિકતા–**

## स्थिति-प्रभाव-सुख-द्युति-लेश्या-विशुद्धीन्द्रियावधि-विषयतोऽधिकाः ॥४-२१॥

**સૂત્રાર્થ–** સ્થિતિ, પ્રભાવ, સુખ, દ્યુતિ, લેશ્યાવિશુદ્ધિ, ઇન્દ્રિયવિષય અને અવધિવિષય એ સાત બાબતો ઉપર ઉપરના દેવોમાં ક્રમશઃ અધિક અધિક હોય છે. (૪-૨૧)

**भाष्यं–** यथाक्रमं चैतेषु सौधर्मादिषूपर्युपरि देवाः पूर्वतः पूर्वत एभिः स्थित्यादिभिरर्थैरधिका भवन्ति ॥ तत्र स्थितिरुत्कृष्टा जघन्या च परस्ताद्वक्ष्यते । इह तु वचने प्रयोजनं येषामपि समा भवति तेषामप्युपर्युपरि गुणाधिका भवतीति यथा प्रतीयेत ॥ प्रभावतोऽधिकाः । यः प्रभावो निग्रहानुग्रहविक्रियापराभियोगादिषु सौधर्मकाणां सोऽनन्त-गुणाधिक उपर्युपरि । मन्दाभिमानतया त्वल्पतरसङ्क्लिष्टत्वादेते न प्रवर्तन्त इति ॥ क्षेत्रस्वभावजनिताच्च शुभपुद्गलपरिणामात्सुखतो द्युतितश्चानन्तगुणप्रकर्षेणाधिकाः ॥ लेश्याविशुद्ध्याऽधिकाः । लेश्यानियमः परस्तादेषां वक्ष्यते । इह तु वचने प्रयोजनं यथा गम्येत यत्रापि विधानतस्तुल्यास्तत्रापि विशुद्धितोऽधिका भवन्तीति ।

कर्मविशुद्धित एव वाधिका भवन्तीति ॥ इन्द्रियविषयतोऽधिकाः । यदिन्द्रियपाटवं दूरादिष्टविषयोपलब्धौ सौधर्मदेवानां तत्प्रकृष्टतरगुणत्वा-दल्पतरसङ्क्लेशत्वा-च्चाधिकमुपर्युपरीति । अवधिविषयतोऽधिकाः सौधर्मैशानयोर्देवा अवधिविषयेणाधो रत्नप्रभां पश्यन्ति तिर्यगसङ्ख्येयानि योजनशतसहस्राण्यूर्ध्वमास्वभवनात् । सान्त्कुमारमाहेन्द्रयोः शर्कराप्रभां पश्यन्ति तिर्यगसङ्ख्येयानि योजनशतसहस्राण्यूर्ध्वमास्वभवनात् । इत्येवं शेषाः क्रमशः । अनुत्तरविमानवासिनस्तु कृत्स्नां लोकनालिं पश्यन्ति । येषामपि क्षेत्रतस्तुल्योऽवधिविषयः तेषामप्युपर्युपरि विशुद्धितोऽधिको भवतीति ॥४-२१॥

**ભાષ્યાર્થ–** સૌધર્માદિમાં અનુક્રમે ઉપર ઉપરના દેવો નીચે નીચેના દેવોથી આ (સૂત્રોક્ત) સ્થિતિ આદિ અર્થોથી અધિક હોય છે. તેમાં ઉત્કૃષ્ટ અને જઘન્ય સ્થિતિ આગળ (અ.૪ સૂ.૨૯ વગેરેમાં) કહેવાશે. અહીં તો કહેવાનું પ્રયોજન એ છે કે જેમની સ્થિતિ સમાન છે તેમની પણ સ્થિતિ ગુણોની અપેક્ષાએ અધિક છે, અર્થાત્ સમાન સ્થિતિવાળા પણ ઉપર ઉપરના દેવોમાં પ્રભાવ વગેરે ગુણો અધિક છે એમ જણાય એ છે. હવે પ્રભાવથી અધિક છે એટલે નિગ્રહ, અનુગ્રહ, વિક્રિયા, પરાભિયોગાદિમાં સૌધર્મ દેવોનો જે પ્રભાવ છે તેના કરતા ઉપર ઉપરના દેવોમાં અનંતગુણ અધિક પ્રભાવ છે. તથા એમનામાં અભિમાન મંદ હોવાના કારણે સંક્લેશ અતિશય અલ્પ હોવાથી આ દેવો નિગ્રહાદિમાં પ્રવર્તતા નથી.

ક્ષેત્રના સ્વભાવથી ઉત્પન્ન થયેલા શુભ પુદ્ગલ પરિણામથી સુખથી અને કાંતિથી અનંત ગુણ પ્રકર્ષથી અધિક છે, અર્થાત્ તેઓને પૂર્વના (નીચેના) દેવલોકના દેવો કરતા અનંતગુણ વધારે સુખ અને કાંતિ હોય છે. લેશ્યાની વિશુદ્ધિ અધિક છે. એમની લેશ્યાનો નિયમ આગળ (અ.૪ સૂ.૨૩ માં) કહેવાશે. જ્યાં પ્રકારથી લેશ્યા તુલ્ય છે ત્યાં પણ ઉપર ઉપર અધિક વિશુદ્ધ લેશ્યા હોય છે એ જણાય તે માટે અહીં કહ્યું છે. અથવા કર્મવિશુદ્ધિથી જ અધિક હોય છે, અર્થાત્ કર્મની વિશુદ્ધિ અધિક હોય છે.

ઇન્દ્રિયોના વિષયોથી અધિક હોય છે. દૂરથી ઇષ્ટ વિષયની ઉપલબ્ધિમાં જે ઇન્દ્રિયની પટુતા સૌધર્મદેવોને હોય છે તે ઇન્દ્રિય પટુતા ઉપર ઉપર અધિક પ્રકૃષ્ટ ગુણના કારણે અને અધિક અલ્પ સંક્લેશના કારણે અધિક હોય છે.

અવધિજ્ઞાનના વિષયથી અધિક હોય છે. સૌધર્મ ઇશાનના દેવો અવધિજ્ઞાનથી નીચે રત્નપ્રભા પૃથ્વીને જુએ છે. તિર્ચ્છું અસંખ્ય લાખ યોજન, ઉપર પોતાના વિમાન સુધી(=વિમાનની ધજા સુધી) જુએ છે. સાનત્કુમાર-માહેન્દ્રના દેવો શર્કરાપ્રભા સુધી જુએ છે, તિર્ચ્છું અસંખ્ય લાખ યોજન અને ઉપર પોતાના વિમાન સુધી જુએ છે. આ પ્રમાણે બીજા દેવો ક્રમશઃ અવધિજ્ઞાનથી અધિક છે. અનુત્તરવિમાનવાસી દેવો તો સંપૂર્ણ લોકનાડીને જુએ છે. જેમના અવધિજ્ઞાનનો વિષય ક્ષેત્રથી તુલ્ય છે તેમનો પણ અવધિજ્ઞાનનો વિષય ઉપર ઉપર વિશુદ્ધિથી(=વિશુદ્ધિની અપેક્ષાએ) અધિક હોય છે. (૪-૨૧)

**टीका–** समुदायार्थः प्रकटः, अवयवार्थं त्वाह-'यथाक्रम'मित्यादिना यथाक्रमं चोक्तनीत्या एतेषु सौधर्मादिषु प्रागुपन्यस्तेषु देवाः, किमित्याह-पूर्वतः पूर्वत इति, पूर्वेभ्यः पूर्वेभ्यः प्रकारकल्पदेवेभ्यः एभिः स्थित्यादिभिः सप्तभिरर्थैः, किमित्याह-अधिका भवन्तीति। 'तत्रे'त्यादि, तत्र स्थितिरायुषु उत्कृष्टा जघन्या च परस्तात्-उपरिष्टाद्वक्ष्यते, इह तु 'वचने' उपन्यासेऽस्ति प्रयोजनमिदम्-'येषामपी'त्यादि, येषामपि समा भवति कथञ्चिदाधस्त्यतुल्या उपरितनानां तेषामुपर्युपरि, किमित्याह-गुणैः-सुखाहारग्रहणाल्पशरीरत्वादिभिः अधिका भवति, इत्येतद्यथा प्रतीयेत, इदं वचने प्रयोजनमिति, प्रभावतोऽधिका इति, प्रभावः-अचिन्त्या शक्तिः, एतदेवाह-यः प्रभावो निग्रहानुग्रहविक्रियापराभियोगा-दिष्विति, निग्रहानुग्रहौ प्रतीतौ, विविधा क्रिया विक्रिया अणिमादिक्रिया, पराभियोगो बलात् कारापणं सौधर्मकाणां देवानां स प्रभावोऽनन्तगुणाधिकः

उपर्युपर्यैशानादौ, मन्दाभिमानतया तु कारणात् तथाऽल्पतरसङ्क्लेशाच्च कारणात् न प्रवर्त्तन्ते निग्रहादिष्विति, क्षेत्रस्वभावजनिताच्चोपर्युपरि शुभपुद्गलपरिणामाद् अनादिपारिणामिकात् न प्रवर्त्तत इति, एवं सुखतः-आह्लादेन द्युतितश्च-देहच्छायया च अनन्तगुणप्रकर्षेणाधिका उपर्युपरीति, एवं लेश्याविशुद्ध्याऽधिकाः उपर्युपरि, लेश्यानियमः परस्ताद्-अग्रे एषां देवानां वक्ष्यते सूत्रकृदेव, इह तु वचने प्रयोजनमिदं यथा गम्येतैतत् यत्रापि विधानतो-विधानात् तुल्याः लेश्या-भिराधस्त्यैरुपरितनाः तत्रापि विशुद्धितः समानजातीया अधिका भवन्तीत्येतद्यथा गम्येत, तथा कर्मविशुद्धित एव चोपर्युपरि अधिका भवन्तीति विशुद्धिसूत्रावयवव्याख्या, शुभशुभतरपुण्यफलत्वादुपरिभागस्य, एवमिन्द्रियविषयतोऽधिका इत्येतद् व्याचष्टे-'यदिन्द्रियपाटव'मित्यादि इति प्रकटार्थं, एवमवधिविषयतोऽधिका इति, एतदेवाह-'सौधर्मै-शानयो'रित्यादिना अवधिविषयेण अनिन्द्रियमर्यादया, तिर्यगसङ्ख्येयानि योजनशतसहस्राण्यधिकानि पूर्वेभ्यः, एवं शेषाः क्रमश इति, ब्रह्मलोकलान्तकयोर्वालुकाप्रभां शुक्रसहस्रारयोः पङ्कप्रभां आनत-प्राणतयोरारणाच्युतयोश्च धूमप्रभां अधो, मध्यमग्रैवेयकास्तमःप्रभां उपरिग्रैवेयकास्तु महातमःप्रभामिति, अनुत्तरविमानवासिनः पुनः कृत्स्नां समस्तां लोकनाडीं लोकमध्यवर्तिनीं पश्यन्ति, न तु लोकमिति, 'येषा'मित्यादि येषामपि देवानामितिप्रक्रमः क्षेत्रतस्तुल्योऽवधिविषय उक्तः तेषामुपर्युपरि विशुद्धितो विशुद्ध्याऽधिको भवतीति ॥४-२१॥

**ટીકાર્થ–** સમુદિત અર્થ સ્પષ્ટ છે. અવયવાર્થને તો "यथाक्रमम्" ઇત્યાદિથી કહે છે- ઉક્ત રીતે અનુક્રમથી પૂર્વોક્ત સૌધર્માદિ કલ્પોમાં દેવો પૂર્વ પૂર્વ કલ્પના દેવોથી સ્થિતિ આદિ સાત વિષયોથી અધિક હોય છે.

**સ્થિતિ–** 'तत्र' इत्यादि તેમાં આયુષ્યની ઉત્કૃષ્ટ અને જઘન્ય સ્થિતિ આગળ (અ.૪ સૂ.૨૯ થી ૪૨ સુધી) કહેવામાં આવશે. છતાં અહીં

સ્થિતિનો જે ઉલ્લેખ કર્યો છે તેનું પ્રયોજન આ છે- ઉપરના જે દેવોની સ્થિતિ કથંચિત્ નીચેના દેવોની તુલ્ય હોય તેમની પણ ઉપર ઉપર (અધિક) સુખ, (અલ્પ) આહારગ્રહણ, નાનું શરીર વગેરે ગુણોથી અધિક હોય એવો બોધ થાય એ સ્થિતિનો ઉલ્લેખ કરવાનું પ્રયોજન છે.

**પ્રભાવ–** પ્રભાવ એટલે અચિંત્ય શક્તિ. આને જ કહે છે- નિગ્રહ, અનુગ્રહ, વિક્રિયા, પરાભિયોગ આદિમાં સૌધર્મ કલ્પવાસી દેવોનો જે પ્રભાવ હોય છે તે ઉપર ઉપર ઈશાન કલ્પવાસી દેવો વગેરેમાં અનંતગુણ અધિક હોય છે. અભિમાન મંદ હોવાના કારણે તથા સંક્લેશ અધિક અલ્પ હોવાના કારણે નિગ્રહાદિમાં પ્રવર્તતા નથી. નિગ્રહ અને અનુગ્રહ પ્રસિદ્ધ છે. વિવિધ ક્રિયા તે વિક્રિયા. અણિમાદિ ક્રિયા વિક્રિયા છે. પરાભિયોગ એટલે બીજાની પાસે બળાત્કારે કામ કરાવવું.

**સુખ-દ્યુતિ–** ક્ષેત્રસ્વભાવથી ઉત્પન્ન થયેલ અનાદિ પારિણામિક શુભ પુદ્ગલ પરિણામના કારણે આહ્લાદ રૂપ સુખથી, દેહકાંતિ રૂપ દ્યુતિથી ઉપર ઉપર ઉત્કૃષ્ટથી અનંત ગુણ અધિક હોય છે.

**લેશ્યાવિશુદ્ધિ–** એ પ્રમાણે લેશ્યાવિશુદ્ધિથી ઉપર ઉપર અધિક હોય છે. દેવોના લેશ્યાનિયમને સૂત્રકાર જ આગળ (અ.૪ સૂ.૨૩ માં) કહેશે. અહીં લેશ્યાના કથનમાં આ પ્રયોજન છે- જ્યાં લેશ્યાઓથી નીચેના દેવોથી ઉપરના દેવો શાસ્ત્રીય વિધાનથી તુલ્ય છે. ત્યાં પણ સમાન જાતિના દેવો વિશુદ્ધિની અપેક્ષાએ અધિક હોય છે એવો બોધ થાય એ અહીં લેશ્યાના કથનનું પ્રયોજન છે.

અથવા

**વિશુદ્ધિ–** કર્મવિશુદ્ધિની જ અપેક્ષાએ ઉપર ઉપર દેવો અધિક હોય છે. આ સૂત્રમાં રહેલા [૧]'વિશુદ્ધિ' એવા અવયવની વ્યાખ્યા છે.

ઉપર ઉપરના ભાગમાં દેવો ઉત્તરોત્તર અધિક શુભ પુણ્યફળવાળા હોય છે, તેથી ઉપર ઉપર કર્મની વિશુદ્ધિ અધિક હોય છે.

૧. પહેલાં લેશ્યાની વિશુદ્ધિ એવા અર્થ પ્રમાણે વ્યાખ્યા જણાવી. પછી લેશ્યા અને વિશુદ્ધિ એમ બે શબ્દ અલગ કરીને વિશુદ્ધિ શબ્દની વ્યાખ્યા કરી.

**ઈંદ્રિયવિષય–** એ પ્રમાણે ઈંદ્રિય વિષયથી અધિક હોય છે એમ કહે છે- यदिन्द्रियपाटवम्-इत्यादि ઈંદ્રિયની પટુતા એટલે દૂરથી ઈષ્ટવિષયને જાણવાની શક્તિ. સૌધર્મ દેવોની તે શક્તિ જેટલી છે તેનાથી ઉપર ઉપરના દેવોમાં (સત્ત્વાદિ) ગુણ અધિક પ્રકૃષ્ટ હોવાથી અને સંક્લેશ અધિક અલ્પ હોવાથી તે શક્તિ અધિક-અધિક હોય છે. આ પ્રમાણે અર્થ સ્પષ્ટ છે.

**અવધિવિષય–** એ પ્રમાણે અવધિવિષયથી અધિક છે. આને જ "सौधर्मेशानयोः" ઈત્યાદિથી કહે છે- સૌધર્મ-ઈશાનના દેવો ઈંદ્રિયની મર્યાદા વિના અવધિ વિષયથી નીચે રત્નપ્રભા પૃથ્વીને જુએ છે, તિર્યગ્ પૂર્વદેવોથી અસંખ્ય લાખ યોજન અધિક જુએ છે. ઉપર પોતાના વિમાન સુધી જુએ છે. સનત્કુમાર-માહેંદ્રના દેવો નીચે શર્કરા પ્રભા પૃથ્વી સુધી જુએ છે, તિર્યગ્ અસંખ્ય લાખ યોજન અને ઉપર પોતાના વિમાન સુધી જુએ છે.

**વૈમાનિક દેવોના અવધિજ્ઞાનના ક્ષેત્રનું યંત્ર**

| [redacted] | | | |
|---|---|---|---|
| ૧-૨ કલ્પ | પોતપોતાના વિમાનની ધજા સુધી | પહેલી પૃથ્વીના અંત સુધી | અસંખ્યાત યોજન સુધી, (ઉપર ઉપરના દેવો) અસંખ્યાત યોજન અધિક અધિક સમજવું. |
| ૩-૪ કલ્પ | | બીજી પૃથ્વીના અંત સુધી | |
| ૫-૬ કલ્પ | | ત્રીજી પૃથ્વીના અંત સુધી | |
| ૭-૮ કલ્પ | | ચોથી પૃથ્વીના અંત સુધી | |
| ૯ થી ૧૨ કલ્પ | | પાંચમી પૃથ્વીના અંત સુધી | |
| ૧ થી ૬ ગ્રૈવે. | | છઠ્ઠી પૃથ્વીના અંત સુધી | |
| ૭ થી ૯ ગ્રૈવે. | | સાતમી પૃથ્વીના અંત સુધી | |
| પાંચ અનુત્તર | | લોક નાલિકાના અંત સુધી | સ્વયંભૂરમણસમુદ્ર સુધી |

"एवं शेषाः क्रमशः" इति બ્રહ્મલોક-લાંતકના દેવો નીચે વાલુકાપ્રભા સુધી, શુક્ર-સહસ્રારના દેવો પંકપ્રભા સુધી, આનત-પ્રાણતના અને આરણ-અચ્યુતના દેવો ધૂમપ્રભા સુધી (નીચેના અને મધ્યમ ગ્રૈવેયકના દેવો) તમઃપ્રભા સુધી, ઉપરના ગ્રૈવેયકના દેવો મહાતમઃપ્રભા સુધી,

અનુત્તર વિમાનવાસી દેવો લોકમધ્યમાં રહેલી સંપૂર્ણ લોકનાડીને જુએ છે, પણ લોકને ન જુએ.

"येषाम्" इत्यादि જે દેવોને ક્ષેત્રથી અવધિવિષય તુલ્ય કહ્યો છે, તે દેવોને પણ ઉપર ઉપર વિશુદ્ધિ અધિક હોય છે, અર્થાત્ ઉપર ઉપરના દેવોને અવધિજ્ઞાન અધિક વિશુદ્ધ હોય છે. (૪-૨૧)

**टीकावतरणिका–** एवमाधिक्यमभिधायैषामेव हीनत्वमाह–

**ટીકાવતરણિકાર્થ–**આ પ્રમાણે દેવોની સ્થિતિ આદિ સંબંધી અધિકતાને કહીને હવે દેવોની જ (ગતિ આદિ સંબંધી) હીનતાને કહે છે–






**ઉપર ઉપર ગતિ આદિની હીનતા–**

## गति-शरीर-परिग्रहा-ऽभिमानतो हीनाः ॥४-२२॥

**સૂત્રાર્થ–** ગતિ, શરીર, પરિગ્રહ અને અભિમાન આ ચાર બાબતો ઉપર ઉપરના દેવોમાં ક્રમશઃ હીન હીન હોય છે. (૪-૨૨)

**भाष्यं–** गतिविषयेण शरीरमहत्त्वेन महापरिग्रहत्वेनाभिमानेन चोपर्युपरि हीनाः । तद्यथा-द्विसागरोपमजघन्यस्थितीनां देवानामासप्तम्यां गतिविषयस्तिर्यगसङ्ख्येयानि योजनकोटीकोटीसहस्राणि । ततः परतो जघन्यस्थितीनामेकैकहीना भूमयो यावत्तृतीयेति । गतपूर्वाश्च गमिष्यन्ति च तृतीयायां देवाः, परतस्तु सत्यपि गतिविषये न गतपूर्वा नापि गमिष्यन्ति। महानुभावक्रियातः औदासीन्याच्चोपर्युपरि देवा न गतिरतयो भवन्ति ॥ सौधर्मैशानयोः कल्पयोर्देवानां शरीरोच्छ्रायः सप्तरत्नयः । उपर्युपरि द्वयोर्द्वयोरेका रत्निर्हीना आसहस्रारात् । आनतादिषु तिस्रः । ग्रैवेयकेषु द्वे । अनुत्तरे एका इति ॥ सौधर्मे विमानानां द्वात्रिंशच्छतसहस्राणि। ऐशानेऽष्टाविंशतिः । सानत्कुमारे द्वादश । माहेन्द्रेऽष्टौ । ब्रह्मलोके चत्वारि शतसहस्राणि । लान्तके पञ्चाशत्सहस्राणि । महाशुक्रे चत्वारिंशत् । सहस्रारे षट् । आनतप्राणतारणाच्युतेषु सप्तशतानि । अधोग्रैवेयकाणां शतमेकादशोत्तरम् । मध्ये(यमे) सप्तोत्तरं शतम् ।

## કઈ કઈ નિકાયના, કયા કયા દેવોનું અવધિજ્ઞાનક્ષેત્ર કેવા આકારે છે તેનું ચિત્ર

| | | |
|---|---|---|
| પલ્યાકારે | પડહાકારે (બે પ્રકાર બતાવ્યા છે) | ઝલ્લરી આકારે |
|  |  |  |
| ભવનપતિ દેવોનું અવધિ | વ્યંતર દેવોનું અવધિ | જ્યોતિષ દેવોનું અવધિ |
| મૃદંગાકાર | પુષ્પચંગેરી આકારે | યવનાલિકાકારે |
|  |  |  |
| વૈમાનીક દેવોનું - અવધિ | નવગ્રૈવેયકનું અવધિ | અનુત્તર વાસીઓનું અવધિ |

**અવધિજ્ઞાનની આકાર પ્રરૂપણામાં ભિન્ન ભિન્ન મતો છે તેનો ગુરુગમથી સમન્વય કરવો.**

उपर्येकमेव शतम् । अनुत्तराः पञ्चेवेति । एवमूर्ध्वलोके वैमानिकानां सर्वविमानपरिसङ्ख्या चतुरशीतिः शतसहस्राणि सप्तनवतिश्च सहस्राणि त्रयोविंशानीति । स्थानपरिवारशक्तिविषयसम्पत्स्थितिष्वल्पाभिमानाः परमसुखभागिन उपर्युपरीति ॥

उच्छ्वासाहारवेदनोपपातानुभावतश्च साध्याः ।

उच्छ्वासः सर्वजघन्यस्थितीनां देवानां सप्तसु स्तोकेषु आहारश्चतुर्थकालः । पल्योपमस्थितीनामन्तर्दिवसस्योच्छ्वासो दिवसपृथक्त्वस्याहारः । यस्य यावन्ति सागरोपमानि स्थितिस्तस्य तावत्स्वर्धमासेषूच्छ्वासस्तावत्स्वेव वर्षसहस्रेष्वाहारः ॥ देवानां सद्वेदनाः प्रायेण भवन्ति, न कदाचिदसद्वेदनाः । यदि चासद्वेदना भवन्ति ततोऽन्तर्मुहूर्तमेव भवन्ति न परतः, अनुबद्धाः सद्वेदनास्तूत्कृष्टेन षण्मासान् भवन्ति ॥ उपपातः । आरणाच्युतादूर्ध्वमन्यतीर्थानामुपपातो न भवति । स्वलिङ्गिनां भिन्नदर्शनानामाग्रैवेयकेभ्य उपपातः । अन्यस्य सम्यग्दृष्टेः संयतस्य भजनीयं आसर्वार्थसिद्धात् । ब्रह्मलोकादूर्ध्वमासर्वार्थसिद्धाच्चतुर्दशपूर्वधराणामिति ॥ अनुभावो विमानानां सिद्धिक्षेत्रस्य चाकाशे निरालम्बस्थितौ लोकस्थितिरेव हेतुः । लोकस्थितिर्लोकानुभावो लोकस्वभावो जगद्धर्मोऽनादिपरिणामसन्ततिरित्यर्थः । सर्वे च देवेन्द्रा ग्रैवेयादिषु च देवा भगवतां परमर्षीणामर्हतां जन्माभिषेकनिष्क्रमणज्ञानोत्पत्तिमहासमवसरणनिर्वाणकालेष्वासीनाः शयिताः स्थिता वा सहसैवासनशयनस्थानाश्रयैः प्रचलन्ति । शुभकर्मफलोदयाल्लोकानुभावत एव वा । ततो जनितोपयोगास्तां भगवतामनन्यसदृशीं तीर्थकरनामकर्मोद्भवां धर्मविभूतिमवधिनाऽऽलोच्य संजातसंवेगाः सद्धर्मबहुमानात्केचिदागत्य भगवत्पादमूलं स्तुतिवन्दनोपासनहितश्रवणैरात्मानुग्रहमाप्नुवन्ति । केचिदपि तत्रस्था एव प्रत्युपस्थापनाञ्जलिप्रणिपातनमस्कारोपहारैः परमसंविग्नाः सद्धर्मानुरागोत्फुल्लनयनवदनाः समभ्यर्चयन्ति ॥४-२२॥

**ભાષ્યાર્થ–** ગતિના વિષયથી, શરીરની ઊંચાઇથી, મહાપરિગ્રહપણાથી અને અભિમાનથી ઉપર ઉપરના દેવો (નીચે નીચેના દેવોથી) હીન હોય છે. તે આ પ્રમાણે- બે સાગરોપમ જઘન્ય સ્થિતિવાળા દેવોની ગતિ સાતમી પૃથ્વી સુધી હોય છે. તિર્છી અસંખ્યાત હજારો કોટાકોટિ યોજન સુધી ગતિ હોય છે. ત્યારબાદ (નીચેની) સ્થિતિવાળા દેવોની એક એક ન્યૂન પૃથ્વીઓ જાણવી યાવત્ ત્રીજી પૃથ્વી સુધી જાણવું. દેવો ભૂતકાળમાં ત્રીજી પૃથ્વી સુધી ગયા છે અને ભવિષ્યકાળમાં ત્રીજી પૃથ્વી સુધી જશે. તેનાથી આગળ ગતિનો વિષય હોવા છતાં(=જવાની શક્તિ હોવા છતાં) ભૂતકાળમાં ગયા નથી અને ભવિષ્યકાળમાં જશે પણ નહીં. મહાનુભાવ-ક્રિયાથી(=ક્રોધાદિ દોષો અલ્પ હોવાથી) અને ઉદાસીનતાના કારણે (જિનભક્તિ સિવાય) ઉપર ગતિ કરવામાં અનુરાગવાળા હોતા નથી.

સૌધર્મ-ઇશાનના દેવોના શરીરની ઊંચાઇ સાત હાથ છે. ઉપર ઉપર સહસ્રાર સુધી બે બે દેવલોકમાં દેવોની ઊંચાઇ એક એક હાથ ન્યૂન હોય છે. આનતાદિ(ચાર)માં ત્રણ હાથ, ગ્રૈવેયકોમાં બે હાથ અને અનુત્તરોમાં એક હાથ શરીરની ઊંચાઇ છે.

સૌધર્મમાં ૩૨ લાખ, ઇશાનમાં ૨૮ લાખ, સાનત્કુમારમાં ૧૨ લાખ, માહેન્દ્રમાં ૮ લાખ, બ્રહ્મલોકમાં ૪ લાખ, લાંતકમાં ૫૦ હજાર, મહાશુક્રમાં ૪૦ હજાર, સહસ્રારમાં ૬ હજાર, આનતાદિ ચારમાં સાતસો. નીચેના ત્રણ ગ્રૈવયકમાં ૧૧૧, મધ્યમના ત્રણ ગ્રૈવેયકમાં ૧૦૭, ઉપરના ત્રણ ગ્રૈવેયકમાં ૧૦૦, અનુત્તરમાં ૫ વિમાનો છે.

આ પ્રમાણે ઊર્ધ્વલોકમાં વૈમાનિકોના સર્વ વિમાનોની સંખ્યા ૮૪ લાખ, ૯૭ હજાર ત્રેવીસ છે.

સ્થાન[1], પરિવાર[2], શક્તિ[3], વિષય[4], સંપત્તિ[5] અને [6]સ્થિતિમાં અલ્પ અભિમાનવાળા હોય છે. તથા ઉપર ઉપર પરમ સુખને અનુભવનારા હોય છે.

(૧) સ્થાન=દેવલોક વગેરે. (૨) પરિવાર=દેવો અને દેવીઓ. (૩) શક્તિ=અચિંત્ય સામર્થ્ય. (૪) વિષય=અવધિજ્ઞાન અને ઇન્દ્રિયનો વિષય. (૫) સંપત્તિ=વિભૂતિ. (૬) સ્થિતિ=આયુષ્યનું પ્રમાણ.

આ દેવો ઉચ્છ્વાસ, આહાર, વેદના, ઉપપાત, અનુભાવથી જાણવા યોગ્ય છે.

**ઉચ્છ્વાસ અને આહાર–** સર્વ જઘન્ય સ્થિતિવાળા દેવોનો સાત સ્તોકે એક ઉચ્છ્વાસ થાય છે અને આહાર એકાંતરે હોય છે. હવે પલ્યોપમની સ્થિતિવાળા દેવોનો એક દિવસે ઉચ્છ્વાસ થાય છે. ૨ થી ૯ દિવસે આહાર હોય છે. જેની જેટલા સાગરોપમ સ્થિતિ હોય તેનો તેટલા પખવાડિએ ઉચ્છ્વાસ અને તેટલા હજાર વર્ષે આહાર હોય છે.

**વેદના–** દેવોને પ્રાયઃ સદ્વેદના(=સાતા) હોય છે. ક્યારેય અસાતા ન હોય. જો અસાતા થાય તો એક અંતર્મુહૂર્ત સુધી જ થાય એનાથી વધારે કાળ સુધી નહીં. સતત સાતા ઉત્કૃષ્ટથી છ મહિના સુધી હોય.

**ઉપપાત–** આરણ અને અચ્યુતની ઉપર અન્ય દર્શનીયોનો ઉપપાત થતો નથી અને સ્વલિંગી મિથ્યાદષ્ટિઓનો ગ્રૈવેયક સુધી ઉપપાત થાય છે. સમ્યગ્દષ્ટિ સંયતનો ઉપપાત સર્વાર્થસિદ્ધ સુધી વિકલ્પ કરવા યોગ્ય છે, અર્થાત્ જુદા જુદા સમ્યગ્દષ્ટિ સંયતોની અપેક્ષાએ સર્વાર્થસિદ્ધ સુધીનાં કોઈપણ દેવલોકમાં ઉત્પન્ન થઈ શકે છે. ચૌદ પૂર્વધરોનો બ્રહ્મલોકથી પ્રારંભી સર્વાર્થસિદ્ધ સુધી ઉપપાત થાય છે.

**અનુભાવ–** વિમાનો અને સિદ્ધક્ષેત્ર આકાશમાં આલંબન વિના રહે છે તેમાં (અનાદિકાલીન) લોકસ્થિતિ જ કારણ છે. લોકસ્થિતિ, લોકાનુભાવ, લોકસ્વભાવ, જગદ્ધર્મ, અનાદિપરિણામસંતતિ એ શબ્દો એકાર્થવાચી છે. સર્વ દેવેન્દ્રો અને ગ્રૈવેયકાદિમાં રહેલા દેવો પરમર્ષિ અરિહંત ભગવાનના જન્માભિષેક, નિષ્ક્રમણ (દીક્ષા), જ્ઞાનોત્પત્તિ (કેવળજ્ઞાન) મહાસમવસરણ અને નિર્વાણના કાળે દેવો બેઠેલા હોય, સુતેલા હોય કે ઊભા રહેલા હોય (તો પણ) સહસા જ આસન, શયન, સ્થાન અને આશ્રયથી ચલાયમાન થાય છે, અર્થાત્ આસન વગેરે કંપે છે. શુભકર્મફળના ઉદયથી કે લોકાનુભાવથી આસન વગેરે ચલાયમાન થાય છે તેથી ઉત્પન્ન થયેલા ઉપયોગવાળા(=ઉપયોગ મૂકવાથી) તીર્થંકર

નામકર્મના ઉદયથી પ્રગટેલી ભગવાનની અસાધારણ ધર્મવિભૂતિને અવધિજ્ઞાનથી જોઇને સંવેગવાળા થયેલા તે દેવોમાંથી કેટલાક દેવો સદ્ધર્મના બહુમાનથી ભગવાનની પાસે આવીને સ્તુતિ, વંદન, ઉપાસના અને હિતકર શ્રવણથી આત્માના અનુગ્રહને પામે છે, અર્થાત્ આત્મહિત સાધે છે. પરમ સંવેગને પામેલા, સદ્ધર્મના અનુરાગથી વિકસિત નયન-વદનવાળા કેટલાક દેવો ત્યાં રહેલા જ પ્રત્યુપસ્થાપના (=ભગવાનની સન્મુખ રહીને) અંજલિ, પ્રણિપાત, નમસ્કાર રૂપ ભેટણાઓથી ભગવાનની પૂજા કરે છે. (૪-૨૨)

**टीका–** द्वन्द्वः, तृतीया तसिरिति सूत्रसमुदायार्थः । अवयवार्थं त्वाह- 'गतिविषयेणे'त्यादिना गतिविषयेण गतिगोचरेण उपर्युपरि हीना भवन्ति, एतदेव व्याचष्टे-'तद्यथे'त्यादिना द्वे सागरोपमे जघन्या स्थितिर्येषां ते तथाविधास्तेषां देवानां, किमित्याह-आ सप्तम्या इति, सप्तमीं यावदधो गतिगोचरः, तिर्यगसङ्ख्येयानि योजनकोटीनां कोटिसहस्राणि, एते च सनत्कुमारकल्पात् प्रभृति लभ्यन्ते, ततः परत इत्यादि सागरोपमद्वयादधः जघन्याल्पस्थितीनामिति, जघन्या अल्पा पल्योपमादिलक्षणा स्थितिर्येषां ते तथाविधाः, तथा च एकैकहीना भूमयोऽधो गतिविषयो यावत्तृतीयेति, यदिह जघन्या न्यूनतरा न्यूनतमा च स्थितिरिति, तत्रैते गतपूर्वा गमिष्यन्ति वा पूर्वसाङ्गतिकाः तृतीयां देवाः, परतस्तु जघन्यावस्थितिभ्यः सत्यपि गतिविषये शक्त्यपेक्षया न गतपूर्वाः कदाचित् नापि गमिष्यन्ति, महानुभावक्रियातः औदासीन्याच्च कारणादुपर्युपरि देवाः सामान्येनैव न गतिरतयो भवन्ति जिनाभिवन्दनादि मुक्त्वा, एवं शरीरमहत्त्वेनाप्युपर्युपरि हीना इत्येतदाह-'सौधर्मैशानयो'रित्यादिना सप्त रत्नयः इत्यत्र रत्निः हस्तः उपर्युपरि द्वयोर्द्वयोः कल्पयोरेकैकाभिर्हीनाः, न व्याप्तौ, किन्त्वासहस्रारात् सहस्रारं यावत्, एवं च सनत्कुमारमाहेन्द्रयोः षड् रत्नयः, ब्रह्म-लोकलान्तकयोः पञ्च, महाशुक्रसहस्रारयोश्चतस्र इति । 'आनतादिष्वि'-

त्यादि आनतप्राणतारणाच्युतेषु तिस्रो रत्नयः शरीरोच्छ्रायो देवानां, ग्रैवेयकेषु द्वे रत्नी अनुत्तरेष्वेका रत्नीति, महापरिग्रहत्वेन चोपर्युपरि हीना इति, तदाह-सौधर्मे विमानानां द्वात्रिंशत् शतसहस्राणि सामान्येन त्रयोदशस्वपि प्रस्तारेषु, ईशानेऽष्टाविंशतिः शतसहस्राणि त्रयोदशस्वपि प्रस्तारेषु सामान्येन, सनत्कुमारे द्वादश शतसहस्राणि सामान्येन द्वादशसु प्रस्तारेषु, माहेन्द्रेऽष्टौ शतसहस्राणि द्वादशसु प्रस्तारेषु सामान्येनैव, ब्रह्मलोके चत्वारि शतसहस्राणि षट् प्रस्तारेषु, लान्तके पञ्चाशत् सहस्राणि पञ्चसु प्रस्तारेषु, महाशुक्रे चत्वारिंशत् सहस्राणि चतुर्षु प्रस्तारेषु, सहस्रारे षट् सहस्राणि चतुर्ष्वेव प्रस्तारेषु, आनतप्राणतारणाच्युतेषु सप्त शतानि चतुर्षु चतुर्षु प्रस्तारेषु, अधोग्रैवेयाणां शतमेकादशोत्तरं त्रिषु प्रस्तारेषु, मध्यम इति मध्यमग्रैवेयाणां सप्तोत्तरं शतं त्रिष्वेव प्रस्तारेषु, उपर्युपरितन-ग्रैवेयाणामेकमेव शतं त्रिषु प्रस्तारेषु, अनुत्तराः पञ्चैव विमानभेदाः एकप्रस्तार एवेति, 'एवमूर्ध्वलोक'इत्यादिना सर्वसङ्ख्याभिधानं, अभिमानेन चोपर्युपरि हीना इत्येतद् व्याचष्टे-'स्थानपरिवारे'त्यादिना स्थानं च परिवारश्चेत्यादि द्वन्द्वः, स्थानं-कल्पादिः (परिवारः-देवा देव्यश्च) शक्तिः-सामर्थ्यं विषयः-अवध्यादिसम्बन्धी सम्पद्-विभूतिः स्थितिः-आयुष इयत्ता, एतेषु स्थानादिषु अल्पाभिमानाः अल्पाहङ्काराः, अत एव च परमसुखभागिन उपर्युपरि, अभिमानस्य दुःखस्वरूपत्त्वादिति, न केवलं गत्यादिहीनाः उच्छ्वासादिभिश्च दुःखनिबन्धनैः, कैरित्याह–

'उच्छ्वे'[१]त्यादि, उच्छ्वासश्चाहारश्चेत्यादि द्वन्द्वः, एभ्यश्च साध्य इति, तत्रोच्छ्वास इति द्वारपरामर्शः, सर्वजघन्यस्थितीनां दशवर्षसहस्रायुषां भवनपतिव्यन्तराणां उच्छ्वासः सप्तस्तोक इति सप्त स्तोकाः कालोऽस्य, सप्तस्तोकान्तरित इत्यर्थः, आहारश्चतुर्थकालः चतुर्थः कालोऽस्येति,

१. भाष्येऽवतरणिकाया अभावात् उच्छ्वासादिषु अधिकत्वहीनत्वोभयस्य यथायथं भावात् अत्रापि च सूत्रतयोक्तेरभावात् नैतत्सूत्रमिति ।

एकदिवसान्तरित इत्यर्थः, पल्योपमस्थितीनां देवानामन्तर्दिवसस्य दिवसाभ्यन्तरे उच्छ्वासो, दिवसपृथक्त्वस्याहारः, द्विप्रभृतिः आनवभ्य इत्यर्थः, 'यस्य यावन्ति' इत्यादि सुज्ञानं, सद्वेदनानुबन्धाः, न असद्वेदना भवति, यदि भवति तदा अन्तर्मुहूर्तमेव, अतः परं सद्वेदनानुबन्धाः, सद्वेदनाः पुनरुत्कृष्टेन षण्मासान् भवन्ति, ततः परं विच्छिद्यन्तेऽन्तमुहूर्तं, ततः पुनरनुवर्त्तत इति, उपपात इति द्वारपरामर्शः, आरणाच्युतादूर्ध्व-मन्यतीर्थानां द्रव्यलिङ्गमधिकृत्य उपपातो न भवति स्वलिङ्गिनां साधु-द्रव्यलिङ्गापेक्षया भिन्नदर्शनानां मिथ्यादृष्टीनां यावद् ग्रैवेयेभ्यः, ऊर्ध्वः उपपातो भवतीति वर्त्तते, ग्रैवेयेष्वेवोपपात इत्यर्थः, उपपातोऽन्यस्येति मिथ्यादृष्टेरन्यस्य, एतदाह–सम्यग्दृष्टेः संयतस्य भाज्यो विकल्पनीयः आ सर्वार्थसिद्धादिति, सौधर्मादारभ्य सर्वार्थसिद्धिं यावत्, जघन्यतस्तु न भवनपतिव्यन्तरेष्वित्यर्थः, 'ब्रह्मलोकादि'त्यादि, ब्रह्मलोकादूर्ध्वं, नातोऽधो जघन्यतोऽपि आ सर्वार्थसिद्धात् सर्वार्थसिद्धिं यावत् चतुर्दशपूर्वधराणां उपपात इति वर्त्तते । अनुभाव इति द्वारपरामर्शः, एतद्व्याचष्टे–'विमानानामि'त्यादिना आसनादिभिः प्रचलन्ति प्रमोदगर्भाः, तत्रासनैः कल्पोपपन्नाः शक्रादयः, शयनैः कल्पातीता अनुत्तराः, स्थानाश्रयैः ग्रैवेयकादय इति, तत्रस्था एव परमसंविग्नास्तथाजीतकल्पत्वादित्यनेन संवेगोऽत्र कारणमागमने किञ्चिदित्येतदाहेति ॥४-२२॥

**ટીકાર્થ–** ગતિ આદિ શબ્દોનો દ્વન્દ્વ સમાસ છે. દ્વન્દ્વ સમાસના અંતે તૃતીયા વિભક્તિના અર્થમાં तसि પ્રત્યય લાગ્યો છે. ગતિ, શરીર, પરિગ્રહ અને અભિમાનથી ઉપર ઉપરના દેવો હીન હોય છે. આ પ્રમાણે સૂત્રનો સમુદિત અર્થ છે. અવયવાર્થને તો गतिविषयेण ઇત્યાદિથી કહે છે-

**ગતિ–** ગતિવિષયથી (પોતાના સ્થાનથી બીજા સ્થળે જવાની શક્તિમાં) ઉપર ઉપરના દેવો હીન હીન હોય છે. આને જ तद्यथा ઇત્યાદિથી કહે છે-

બે સાગરોપમ જેટલી જઘન્ય સ્થિતિવાળા દેવો નીચે સાતમી પૃથ્વી સુધી અને તિર્યગ્ અસંખ્ય હજાર કોટાકોટિ યોજન સુધી જઇ શકે છે. આ દેવો સનત્કુમારથી માંડીને પ્રાપ્ત થાય છે. (કેમકે સનત્કુમારની જઘન્ય સ્થિતિ બે સાગરોપમ છે.) "ततः परम्" इत्यादि, બે સાગરોપમથી ન્યૂન પલ્યોપમ આદિ રૂપ જઘન્ય સ્થિતિવાળા દેવો એક એક ઓછી ઓછી ભૂમિ સુધી, યાવત્ ત્રીજી પૃથ્વી સુધી જઇ શકે છે. અહીં ઓછી, અધિક ઓછી જઘન્ય સ્થિતિ સમજવી.

તેમાં પૂર્વભવ સંબંધી મિત્ર દેવો ત્રીજી પૃથ્વી સુધી ભૂતકાળમાં ગયા છે, અને ભવિષ્યમાં જશે. ત્રીજી પૃથ્વી પછી તો જઘન્ય સ્થિતિની અપેક્ષાએ જવાની શક્તિ હોવા છતાં ભૂતકાળમાં ગયા નથી અને ભવિષ્યમાં જશે પણ નહિ. ઉપર ઉપરના દેવો મહાનુભાવક્રિયાથી (=કામ-ક્રોધાદિ દોષો અલ્પ હોવાના કારણે) અને ઔદાસીન્યના (=મધ્યસ્થભાવના) કારણે સામાન્યથી જ જિનવંદનાદિ કાર્ય સિવાય બીજે જવામાં ઉત્સાહવાળા હોતા નથી.

**શરીર–** એ પ્રમાણે શરીરની ઊંચાઇથી પણ દેવો ઉપર ઉપર હીન હોય છે એમ "सौधर्मैशानयोः" ઇત્યાદિથી કહે છે- સૌધર્મ-ઇશાન કલ્પમાં શરીરની ઊંચાઇ સાત હાથ હોય છે. "उपर्युपरि द्वयोर्द्वयोः" इति, તેનાથી ઉપર ઉપર બે બે દેવલોકમાં સહસ્રાર સુધી શરીરની ઊંચાઇ એક એક હાથ ન્યૂન હોય છે. આ નિયમ પ્રમાણે સનત્કુમાર-માહેંદ્રમાં છ હાથ, બ્રહ્મલોક-લાંતકમાં પાંચ હાથ, મહાશુક્ર-સહસ્રારમાં ચાર હાથ ઊંચાઇ હોય છે. न व्याप्तौ किन्त्वासहस्रात्=બે બે કલ્પોમાં એ વિધાન વ્યાપ્તિમાં નથી, અર્થાત્ સર્વ દેવલોકમાં એ નિયમ નથી, કિંતુ સહસ્રાર સુધી એ નિયમ છે. "आनतादिषु" इत्यादि, આનત-પ્રાણત-આરણ-અચ્યુતમાં ત્રણ હાથ, ગ્રૈવેયકોમાં બે હાથ અને અનુત્તરોમાં એક હાથ શરીરની ઊંચાઇ હોય છે.

**પરિગ્રહ–** મહાપરિગ્રહથી ઉપર ઉપરના દેવો હીન હોય છે. તેને કહે છે- સૌધર્મમાં સામાન્યથી તેરેય પ્રતરોમાં ૩૨ લાખ વિમાનો હોય છે.

ઈશાનમાં સામાન્યથી તેરેય પ્રતરોમાં ૨૮ લાખ, સનત્કુમારમાં સામાન્યથી બારેય પ્રતરોમાં બાર લાખ, માહેન્દ્રમાં સામાન્યથી બારેય પ્રતરોમાં ૮ લાખ, બ્રહ્મલોકમાં છ પ્રતરોમાં ચાર લાખ, લાંતકમાં ૫ પ્રતરોમાં ૫૦ હજાર, મહાશુક્રમાં ચાર પ્રતરોમાં ૪૦ હજાર, સહસ્રારમાં ૪ પ્રતરમાં છ હજાર, આનત-પ્રાણત-આરણ-અચ્યુતમાં ચાર-ચાર પ્રતરોમાં સાતસો, નીચેના ત્રણ ગ્રૈવેયકોમાં ૩ પ્રતરોમાં ૧૧૧, મધ્યમ ગ્રૈવેયકોમાં ત્રણ પ્રતરોમાં ૧૦૭, ઉપરના ગ્રૈવેયકોમાં ત્રણ પ્રતરોમાં ૧૦૦, અનુત્તરમાં એક પ્રતરમાં ૫ વિમાનો છે. एवमूर्ध्वलोक ઈત્યાદિથી સર્વ(=કુલ) સંખ્યા કહી છે. વૈમાનિક દેવોના વિમાનોની કુલ સંખ્યા ૮૪ લાખ, ૯૭ હજાર અને ૨૩ છે.

**અભિમાન–** અભિમાનથી ઉપર ઉપરના દેવો હીન હોય છે, અર્થાત્ ઉપર ઉપરના દેવોમાં અભિમાન હીન હોય છે. આને स्थान-परिवार ઈત્યાદિથી કહે છે- સ્થાન અને પરિવાર ઈત્યાદિ દ્વન્દ્વ સમાસ છે. **સ્થાન**=કલ્પ વગેરે, (**પરિવાર**=દેવ-દેવીઓ), **શક્તિ**=સામર્થ્ય, **વિષય**=અવધિ વગેરેનો વિષય. **સંપદ્**=વિભૂતિ, **સ્થિતિ**=આયુષ્યનું પરિમાણ. આ સ્થાનોમાં ઉપર ઉપરના દેવો અલ્પ અહંકારવાળા હોય છે, આથી જ ઉપર ઉપરના દેવો પરમ સુખના ભાગી હોય છે. કારણ કે અભિમાન દુઃખ સ્વરૂપ છે.

કેવળ ગતિ આદિથી હીન છે એમ નહિ, કિંતુ દુઃખનું કારણ એવા ઉચ્છ્વાસાદિથી પણ હીન હોય છે.

ઉચ્છ્વાસ વગેરે કઈ બાબતો છે એવા પ્રશ્નના ઉત્તરને કહે છે- 'उच्छ्वास०' इत्यादि ઉચ્છ્વાસ અને આહાર ઈત્યાદિ દ્વન્દ્વ સમાસ છે. ઉચ્છ્વાસ આદિ દ્વારોથી વિશેષ વિચારણા કરવી જોઈએ.

**ઉચ્છ્વાસ અને આહાર–** તેમાં વિવેચન માટે ઉચ્છ્વાસ એ પ્રમાણે દ્વારનું ગ્રહણ કર્યું છે. દશ હજાર વર્ષ આયુષ્યવાળા ભવનપતિ-વ્યંતર દેવો સાત સ્તોકના આંતરે શ્વાસ લે છે અને એક દિવસના આંતરે આહાર

## દરેક દેવલોકે વિમાનોની સંખ્યા

| [illegible] | [illegible] | [illegible] | [illegible] વિમાનો | [illegible] વિમાનો | [illegible] વિમાનો |
|---|---|---|---|---|---|
| ૧ | સૌધર્મ | ૧૩ | ૧,૭૦૭ | ૩૧,૯૮,૨૯૩ | ૩૨ લાખ |
| ૨ | ઈશાન | ૧૩ | ૧,૨૧૮ | ૨૭,૯૮,૭૮૨ | ૨૮ લાખ |
| ૩ | સનત્કુમાર | ૧૨ | ૧,૨૨૬ | ૧૧,૯૮,૭૭૪ | ૧૨ લાખ |
| ૪ | માહેન્દ્ર | ૧૨ | ૮૭૪ | ૭,૯૯,૧૨૬ | ૮ લાખ |
| ૫ | બ્રહ્મલોક | ૬ | ૮૩૪ | ૩,૯૯,૧૬૬ | ૪ લાખ |
| ૬ | લાંતક | ૫ | ૫૮૫ | ૪૯,૪૧૫ | ૫૦ હજાર |
| ૭ | મહાશુક્ર | ૪ | ૩૯૬ | ૩૯,૬૦૪ | ૪૦ હજાર |
| ૮ | સહસ્રાર | ૪ | ૩૩૨ | ૫,૬૬૮ | ૬ હજાર |
| ૯ | આનત | ૪ | ૨૬૮ | ૧૩૨ | ૪૦૦ |
| ૧૦ | પ્રાણત | ૪ | | | |
| ૧૧ | આરણ | ૪ | ૨૦૪ | ૯૬ | ૩૦૦ |
| ૧૨ | અચ્યુત | ૪ | | | |
| નીચેના ત્રણ ગ્રૈવેયક | | ૩ | ૧૧૧ | — | ૧૧૧ |
| મધ્યના ત્રણ ગ્રૈવેયક | | ૩ | ૭૫ | ૩૨ | ૧૦૭ |
| ઉપરના ત્રણ ગ્રૈવેયક | | ૩ | ૩૯ | ૬૧ | ૧૦૦ |
| પાંચ અનુત્તર | | ૧ | ૫ | — | ૫ |
| [illegible] | | [illegible] | [illegible] | [illegible] | [illegible] |

ગ્રહણ કરે છે. પલ્યોપમની સ્થિતિવાળા દેવો એક દિવસના આંતરે શ્વાસ લે છે, અને બેથી નવ દિવસે એકવાર આહાર લે છે. "यस्य यावन्ति" इत्यादि ત્યારબાદ જેમને જેટલા સાગરોપમની સ્થિતિ હોય, તેટલા પક્ષે એકવાર શ્વાસ લે છે, અને તેટલા હજાર વર્ષે આહાર લે છે.

**વેદના–** દેવો શુભવેદનાની(=સુખાનુભવની) પરંપરાવાળા હોય છે. તેમને અશુભવેદના(=દુ:ખાનુભવ) ન હોય. જો અશુભ વેદના થાય તો અંતર્મુહૂર્ત સુધી જ થાય. ત્યાર બાદ શુભવેદનાની પરંપરાવાળા હોય. શુભવેદના ઉત્કૃષ્ટથી છ મહિના સુધી હોય. ત્યારબાદ અંતર્મુહૂર્ત સુધી શુભવેદના વિચ્છેદ પામે છે. ત્યાર બાદ ફરી શુભવેદના પ્રવર્તે છે.

**ઉપપાત–** ઉપપાત એમ દ્વારનું ગ્રહણ કર્યું છે. આરણ-અચ્યુતથી ઉપર અન્યતીર્થિકોનો ઉપપાત ન થાય. સ્વલિંગી મિથ્યાદષ્ટિઓનો નવ ગ્રૈવેયક સુધી ઉપપાત થાય, અર્થાત્ ગ્રૈવેયકોમાં જ(=ગ્રૈવેયકો સુધી જ) ઉપપાત થાય.

द्रव्यलिङ्गमधिकृत्य=દ્રવ્યલિંગનો અધિકાર કરીને, અર્થાત્ અન્ય તીર્થીઓનો દ્રવ્યલિંગની(=પરલિંગની) અપેક્ષાએ આરણ-અચ્યુતથી ઉપર ઉપપાત ન થાય. જૈન સાધુલિંગને આશ્રયીને તો અચ્યુતથી ઉપર ઉપપાત થાય છે. માટે અહીં द्रव्यलिङ्गमधिकृत्य એમ લખ્યું છે.

साधुद्रव्यलिङ्गापेक्षया=જૈન સાધુના દ્રવ્યલિંગની અપેક્ષાએ स्वलिङ्गिनां પદ સમજવું. આથી સ્વલિંગી મિથ્યાદષ્ટિઓનો એટલે જૈનસાધુના દ્રવ્યલિંગને ધારણ કરનારા મિથ્યાદષ્ટિઓનો એવો અર્થ છે.

'अन्यस्य' इति, મિથ્યાદષ્ટિથી અન્યનો. આને કહે છે- સમ્યગ્દષ્ટિ સાધુનો ઉપપાત સર્વાર્થસિદ્ધ સુધી ભજનીય છે, અર્થાત્ સમ્યગ્દષ્ટિ સાધુ સૌધર્મથી પ્રારંભી સર્વાર્થસિદ્ધ સુધી ઉત્પન્ન થઇ શકે છે. જઘન્યથી પણ ભવનપતિ-વ્યંતરોમાં ઉપપાત ન થાય. "ब्रह्मलोकाद्" इत्यादि, ચૌદ પૂર્વધરોનો બ્રહ્મલોકથી પ્રારંભી સર્વાર્થસિદ્ધ સુધી ઉપપાત થાય. ચૌદ પૂર્વધરોનો જઘન્યથી પણ બ્રહ્મલોકથી નીચે ઉપપાત ન થાય.

**અનુભાવ–** अनुभावः એમ દ્વારનું ગ્રહણ કર્યું છે. આને જ "विमानानाम्" ઇત્યાદિથી કહે છે- વિમાનો અને સિદ્ધશિલા આલંબન વિના આકાશમાં સ્થિર રહે છે તેનું કારણ લોકસ્વભાવ જ છે. લોકસ્થિતિ, લોકપ્રભાવ, લોકસ્વભાવ, જગદ્ધર્મ અને અનાદિ પરિણામસંતતિ આ બધા શબ્દોનો એક જ અર્થ છે.

સર્વ ઇંદ્રો અને ગ્રૈવેયકાદિમાં રહેલા દેવો પરમર્ષિ અને અરિહંત એવા ભગવાનના જન્માભિષેક, દીક્ષા, કેવળજ્ઞાનોત્પત્તિ, મહાસમવસરણ અને નિર્વાણના સમયે પ્રમોદવાળા બનીને બેઠા હોય, સૂતા હોય કે રહેલા હોય, એકાએક જ આસન, શયન અને સ્થાનાશ્રયોની સાથે હાલી ઉઠે છે=કંપાયમાન થાય છે. તેમાં કલ્પોપપન્ન ઇંદ્ર વગેરે આસનોની સાથે, કલ્પાતીત અનુત્તર દેવો શયનોની સાથે, ગ્રૈવેયકો સ્થાનાશ્રયોની સાથે હાલી ઉઠે છે. આ જિનેશ્વરોના શુભકર્મફળના ઉદયથી કે લોકાનુભાવથી જ થાય છે. તેથી દેવો ઉપયોગ મૂકે છે, ભગવાનની તીર્થંકર નામકર્મથી પ્રગટેલી અસાધારણ તે ધર્મવિભૂતિને અવધિજ્ઞાનથી જોઇને સંવેગવાળા બનેલા કેટલાક દેવો સદ્ધર્મ પ્રત્યેના બહુમાનથી ભગવાનના ચરણોમાં(=પાસે) આવીને સ્તુતિ, વંદન, ઉપાસના, હિતશ્રવણોથી આત્મોપકારને પામે છે, અર્થાત્ આત્મહિતને કરે છે. કેટલાક દેવો તો ત્યાં રહીને જ ભગવાન જે દિશામાં હોય તે દિશાની સન્મુખ થઇને અંજલિ, પ્રણિપાત, નમસ્કાર, [૧]ઉપહારોથી પરમ સંવેગવાળા અને સદ્ધર્મના અનુરાગથી વિકસિત નયન-મુખવાળા થયા છતાં પૂજા કરે છે. (૪-૨૨)

**भाष्यावतरणिका–** अत्राह-त्रयाणां देवनिकायानां लेश्यानियमाऽभिहितः, अथ वैमानिकानां केषां का लेश्येति, अत्रोच्यते-

**ભાષ્યાવતરણિકાર્થ– પ્રશ્ન–** ત્રણેય દેવનિકાયોની લેશ્યાનો નિયમ કહ્યો. હવે કયા વૈમાનિકોની કઇ લેશ્યા છે ? અહીં ઉત્તર કહેવાય છે-

---

૧. સંસ્કૃત શબ્દ કોષમાં उपहार શબ્દનો પૂજાની સામગ્રી એવો અર્થ કર્યો છે.

**टीकावतरणिका–** 'अत्राहे'त्यादि सम्बन्धग्रन्थः, त्रयाणां देवनिकायानां भवनवास्यादीनां लेश्यानियमोऽभिहितः प्राक्, अथ वैमानिकानां सौधर्मादिनिवासिनां केषां का लेश्येति, अत्रोच्यते–

**ટીકાવતરણિકાર્થ–** "अत्राह" ઇત્યાદિ સંબંધ ગ્રંથ છે. અહીં શિષ્ય પ્રશ્ન કરે છે કે, ભવનવાસી વગેરે ત્રણ દેવનિકાયનો લેશ્યા સંબંધિ નિયમ પૂર્વે (અ.૪ સૂ.૨ અને ૭ માં) કહ્યો છે. હવે સૌધર્માદિમાં રહેનારા વૈમાનિકોમાં કોને કઇ લેશ્યા હોય ? અહીં ઉત્તર અપાય છે–

**વૈમાનિકનિકાયમાં લેશ્યા–**

## पीत-पद्म-शुक्ललेश्या द्वि-त्रि-शेषेषु ॥४-२३॥

**સૂત્રાર્થ–** બે, ત્રણ અને શેષ દેવલોકમાં અનુક્રમે પીત, પદ્મ અને શુક્લ લેશ્યા(=તે તે લેશ્યા જેવો શારીરિક વર્ણ) હોય છે. (૪-૨૩)

**भाष्यं–** उपर्युपरि वैमानिकाः सौधर्मादिषु द्वयोस्त्रिषु शेषेषु च पीतपद्मशुक्ललेश्या भवन्ति यथासङ्ख्यम् । द्वयोः पीतलेश्याः सौधर्मैशानयोः त्रिषु पद्मलेश्याः सानत्कुमारमाहेन्द्रब्रह्मलोकेषु । शेषेषु लान्तकादिष्वासर्वार्थसिद्धाच्छुक्ललेश्याः । उपर्युपरि तु विशुद्धतरेत्युक्तम् ॥४-२३॥

**ભાષ્યાર્થ–** ઉપર ઉપર સૌધર્માદિ બે દેવલોકમાં, ત્રણ દેવલોકમાં અને બાકીના દેવલોકમાં વૈમાનિકો અનુક્રમે પીત, પદ્મ અને શુક્લ લેશ્યાવાળા હોય છે. સૌધર્મ, ઇશાન એ બે દેવલોકમાં પીતલેશ્યા હોય છે. સાનત્કુમાર, માહેન્દ્ર અને બ્રહ્મલોક એ ત્રણ દેવલોકમાં પદ્મ લેશ્યા હોય છે અને બાકીના લાંતકાદિથી માંડીને સર્વાર્થસિદ્ધ સુધીના દેવલોકમાં શુક્લલેશ્યા હોય છે. પરંતુ ઉપર ઉપરની દેવલોકની લેશ્યા અધિક વિશુદ્ધ હોય છે. (૪-૨૩)

**टीका–** पूर्वत्र बहुव्रीहिः, उत्तरत्र द्वन्द्व इति सूत्रसमुदायार्थः । अवयवार्थ त्वाह 'उपर्युपरी'त्यादिना सुज्ञेयः ॥४-२३॥

**ટીકાર્થ–** પૂર્વના પદમાં બહુવ્રીહિ સમાસ છે, પછીના પદમાં દ્વન્દ્વ સમાસ છે. બે, ત્રણ અને શેષ કલ્પોમાં અનુક્રમે પીત, પદ્મ, શુક્લલેશ્યા હોય છે એમ સૂત્રનો સમુદિત અર્થ છે. અવયવાર્થને તો ભાષ્યકાર “उपर्युपरि” ઇત્યાદિથી કહે છે. અવયવાર્થ સુગમ છે. (૪-૨૩)

**भाष्यावतरणिका–** अत्राह- उक्तं भवता द्विविधा वैमानिका देवाः ‘कल्पोपपन्नाः कल्पातीताश्च’ (४-१८) इति । तत् के कल्पा इति । अत्रोच्यते-

**ભાષ્યાવતરણિકાર્થ–** અહીં શિષ્ય કહે છે- વૈમાનિક દેવો કલ્પોપપન્ન અને કલ્પાતીત એમ બે પ્રકારે છે એમ આપે કહ્યું છે. તેથી કલ્પો કયા છે ? અહીં ઉત્તર કહેવાય છે–

**કલ્પની અવધિ–**

**प्राग् ग्रैवेयकेभ्यः कल्पाः ॥४-२४॥**

**સૂત્રાર્થ–** ગ્રૈવેયકોની પૂર્વે કલ્પો છે. (૪-૨૪)

**भाष्यं–** प्राग्ग्रैवेयकेभ्यः कल्पा भवन्ति सौधर्मादय आरणाच्युतपर्यन्ता इत्यर्थः । अतोऽन्ये कल्पातीताः ॥४-२४॥

**ભાષ્યાર્થ–** ગ્રૈવેયકોની પહેલા કલ્પો છે, અર્થાત્ સૌધર્મથી પ્રારંભીને આરણ-અચ્યુત સુધી કલ્પો છે. તેનાથી બીજા દેવો કલ્પાતીત છે. (૪-૨૪)

**टीका–** ‘अत्राहोक्तं भवते’त्यादि सम्बन्धः सूत्रभाष्ये ऋज्वर्थे एव, नवरं ‘सभाजयन्तीति पूजयन्तीति चेति ॥४-२४॥

**ટીકાર્થ–** “अत्राहोक्तं भवता” ઇત્યાદિ સંબંધ છે, અર્થાત્ પૂર્વસૂત્રનો સંબંધ કરવા માટે છે. સૂત્ર અને ભાષ્યનો અર્થ સરળ છે. ફક્ત આ વિશેષ છે- सभाजयन्ति એટલે પૂજા કરે છે. (૪-૨૪)

**भाष्यावतरणिका–** अत्राह- किं देवाः सर्व एव सम्यग्दृष्टयो यद्भगवतां परमर्षीणामर्हतां जन्मादिषु प्रमुदिता भवन्ति इति । अत्रोच्यते- न सर्वे सम्यग्दृष्टयः किन्तु सम्यग्दृष्टयः सद्धर्मबहुमानादेव

तत्र प्रमुदिता भवन्त्यभिगच्छन्ति च । मिथ्यादृष्टयोऽपि च लोकचित्तानुरोधादिन्द्रानुवृत्त्या परस्परदर्शनात् पूर्वानुचरितमिति च प्रमोदं भजन्तेऽभिगच्छन्ति च । लोकान्तिकास्तु सर्व एव विशुद्धभावाः सद्धर्मबहुमानात्संसारदुःखार्त्तानां च सत्त्वानामनुकम्पया भगवतां परमर्षीणामर्हतां जन्मादिषु विशेषतः प्रमुदिता भवन्ति । अभिनिष्क्रमणाय च कृतसंकल्पान्भगवतोऽभिगम्य प्रहृष्टमनसः स्तुवन्ति सभाजयन्ति चेति-

**ભાષ્યાવતરણિકાર્થ– પ્રશ્ન–** શું દેવો બધા જ સમ્યગ્દષ્ટિ હોય છે જેથી પરમર્ષિ અરિહંત ભગવાનના જન્માદિ પ્રસંગે પ્રમુદિત થાય છે ?

**ઉત્તર–** બધા દેવો સમ્યગ્દષ્ટિ નથી હોતા(મિથ્યાદષ્ટિ પણ હોય છે) કિંતુ જે દેવો સમ્યગ્દષ્ટિ હોય છે તે દેવો સદ્ધર્મ પ્રત્યેના બહુમાનથી જ જન્માદિ પ્રસંગે પ્રમુદિત થાય છે અને (જન્માદિમાં) જાય છે. મિથ્યાદષ્ટિ દેવો પણ લોકચિત્તના અનુરોધથી, ઇન્દ્રના અનુસરણથી, એક-બીજાને જોવાથી અને પૂર્વના દેવોએ આચર્યું છે એથી જન્માદિ પ્રસંગે પ્રમોદને અનુભવે છે અને જાય છે.

લોકાંતિક દેવો તો બધા જ વિશુદ્ધભાવવાળા હોય છે અને સદ્ધર્મ પ્રત્યેના બહુમાનથી અને સંસારના દુઃખોથી દુઃખી થયેલા જીવોની અનુકંપાથી પરમર્ષિ અરિહંત ભગવંતોના જન્માદિ પ્રસંગે વિશેષથી પ્રમુદિત થાય છે. અભિનિષ્ક્રમણ માટે(=દીક્ષા લેવા માટે) જેમણે સંકલ્પ કર્યો છે એવા ભગવાનની પાસે જઇને હર્ષ પામેલા મનવાળા તે લોકાંતિક દેવો ભગવાનની સ્તુતિ કરે છે અને પૂજા કરે છે.

**લોકાંતિક દેવોનું સ્થાન–**

**ब्रह्मलोकालया लोकान्तिकाः ॥४-२५॥**

**સૂત્રાર્થ–** લોકાંતિક દેવોનું સ્થાન બ્રહ્મલોક છે. (૪-૨૫)

**भाष्यं–** ब्रह्मलोकालया एव लोकान्तिका भवन्ति नान्यकल्पेषु, नापि परतः । ब्रह्मलोकं परिवृत्त्याष्टासु दिक्षु अष्टविकल्पा भवन्ति ॥४-२५॥

**ભાષ્યાર્થ–** બ્રહ્મલોકમાં નિવાસવાળા જ દેવો લોકાંતિક છે. અન્ય કલ્પોમાં રહેલા દેવો અને બ્રહ્મલોકની ઉપર રહેલા પણ (દેવો) લોકાંતિક નથી. બ્રહ્મલોકને પરિવરીને આઠ દિશાઓમાં આઠ ભેદો છે. (૪-૨૫)

**टीका–** 'अत्राहे'त्यादि पातनिकाग्रन्थः, ससूत्रभाष्ये प्रकटार्थे एव, नवरं जन्मादिलोकान्तवर्तित्वात् लोकान्तिकाः, परित्तसंसारा इत्यर्थः, एते चाष्टविकल्पा भवन्ति ॥४-२५॥

**ટીકાર્થ–** अत्राह ઇત્યાદિ અવતરણિકા રૂપ ગ્રંથ છે. સૂત્ર અને ભાષ્યનો અર્થ સ્પષ્ટ જ છે. ફક્ત આ વિશેષ છે- જન્માદિ રૂપ લોકને અંતે રહેલા હોવાથી લોકાંતિક કહેવાય છે. અર્થાત્ તે દેવો પરિમિત સંસારી છે. એ દેવોના (દિશા-વિદિશાને આશ્રયીને) આઠ ભેદો છે. (૪-૨૫)

તે આ પ્રમાણે–

**નવ પ્રકારના લોકાંતિક દેવોનાં નવ નામો–**

**सारस्वता-ऽऽदित्य-वह्न्य-ऽरुण-गर्दतोय-तुषिता-**

**ऽव्याबाध-मरुतः ( अरिष्टाश्च ) ॥४-२६॥**

**સૂત્રાર્થ–** સારસ્વત, આદિત્ય, વહ્નિ, અરુણ, ગર્દતોય, તુષિત, અવ્યાબાધ, મરુત અને અરિષ્ઠ (એમ નવ પ્રકારના) લોકાંતિક દેવો છે. (૪-૨૬)

**भाष्यं–** एते सारस्वतादयोऽष्टविधा देवा ब्रह्मलोकस्य पूर्वोत्तरादिषु दिक्षु प्रदक्षिणं भवन्ति यथासङ्ख्यम् । तद्यथा-पूर्वोत्तरस्यां दिशि सारस्वताः, पूर्वस्यामादित्याः, इत्येवं शेषाः ॥४-२६॥

**ભાષ્યાર્થ–** આ સારસ્વત વગેરે આઠ પ્રકારના દેવો બ્રહ્મલોકની ઈશાન વગેરે દિશાઓમાં પ્રદક્ષિણાકારે અનુક્રમે રહેલા છે. તે આ પ્રમાણે- ઈશાન દિશામાં સારસ્વતો, પૂર્વદિશામાં આદિત્ય દેવો રહેલા છે. એ પ્રમાણે બાકીના દેવો દિશા-વિદિશાઓમાં રહેલા છે. (૪-૨૬)

**टीका–** 'तद्यथे'त्यादि सपातनिकं सूत्रं निगदसिद्धमेव, नवरं अत्र दिग्ग्रहणं सामान्येन दिग्विदिक्प्रतिपत्त्यर्थं, ब्रह्मलोकाधोव्यवस्थित-रिष्ठविमानप्रस्तरवर्त्तिन्यो मल्लाक्षवाटकसंस्थिताः अरुणवरसागरसमुद्-भूतातिबहलतमस्कायप्रभवाः कृष्णराज्योऽष्टौ भवन्ति, यासां मध्येन प्रयान् देवोऽप्येकः संक्षोभमापद्येतेति वृद्धाः, तत्र द्वयोर्द्वयोः कृष्ण-राज्योर्मध्यभागे एते भवन्ति, तत्र मध्येऽरिष्ठा इति, एते चासन्नभव्या इत्येतत् सामान्यादेवाह ॥४-२६॥

**ટીકાર્થ–** तद्यथा ઇત્યાદિ અવતરણિકા સહિત સૂત્ર બોલતાં જ સમજાઇ જાય તેવું છે. ફક્ત આ વિશેષ છે- અહીં દિશાનું ગ્રહણ સામાન્યથી દિશા-વિદિશાના બોધ માટે છે.

### કૃષ્ણરાજી


બ્રહ્મલોકની નીચે રહેલા અરિષ્ઠ વિમાનના પ્રતરમાં રહેલી, મલ્લના અખાડાના આકારવાળી અરુણવર સમુદ્રમાં ઉત્પન્ન થયેલી, અતિશય ઘણા અંધકાર સમૂહમાંથી(=અંધકારના પુદ્ગલોની) બનેલી આઠ કૃષ્ણ-રાજીઓ છે. દેવ પણ એકલો કૃષ્ણરાજીઓની મધ્યમાંથી જાય તો અત્યંત ક્ષોભને પામે એમ વૃદ્ધો કહે છે. તેમાં બે બે કૃષ્ણરાજીની મધ્યમાં લોકાંતિક દેવો છે. કૃષ્ણરાજીઓની મધ્યમાં અરિષ્ઠ દેવો છે.

[**પ્રશ્ન–** આ પ્રમાણે તો નવ ભેદો થાય છે. ભાષ્યકારે તો આઠ ભેદો જણાવ્યા છે. તો શું આમાં દોષ નથી ?

**ઉત્તર–** ભાષ્યકારે તો દિશા-વિદિશામાં રહેલા આઠ ભેદો જણાવ્યા છે. પરંતુ રિષ્ટ વિમાનની પ્રતરમાં રહેલા રિષ્ટ નામના દેવો સહિત નવ ભેદો થાય છે. માટે કોઇ દોષ નથી. વળી- આગમમાં તો નવ ભેદો જ જણાવ્યા છે.]

આ દેવો આસન્નભવ્ય હોય છે એમ સામાન્યથી જ કહેવામાં આવે છે. (૪-૨૬)

## અષ્ટ કૃષ્ણરાજીનું ચિત્ર




આ ચિત્ર અષ્ટ કૃષ્ણરાજીનું છે, એ કૃષ્ણરાજીઓ જ્યાં તમસ્કાય વિરામ પામે છે, ત્યાં એટલે બ્રહ્મલોકના ત્રીજા રિષ્ટપ્રતરે જ્યાં નવ લોકાંતિક વિમાનો ચારે દિશાવર્તી આવ્યા છે તેના અંતરાલે દરેક દિશામાં ત્રિકોણથી સંયુક્ત ચતુષ્કોણથી બે-બેને જોડેલ થઈને કૃષ્ણરાજીઓ મળીને કુલે ૮ છે. તેમાં અભ્યંતર કૃષ્ણરાજી ચતુષ્કોણાકારે (અખાડાવત્) અને બાહ્ય ત્રિકોણાકારે વર્તે છે. એ કૃષ્ણરાજી વૈમાનિક દેવકૃત છે, આયામ અસંખ્ય યોજન સહસ્ર, વિષ્કંભ સંખ્યેય યોજન સહસ્ર, પરિક્ષેપ અસંખ્યેય યોજન સહસ્ર છે. આ કૃષ્ણરાજી પૃથ્વી પરિણામ રૂપ છે. જલ પરિણામ રૂપ નહિ, તેમાં સૂક્ષ્મ જીવો ઉત્પન્ન થાય છે.

## વિજયાદિ ચાર વિમાનના દેવોનો સંસારકાળ–

## विजयादिषु द्विचरमाः ॥४-२७॥

**સૂત્રાર્થ–** વિજયાદિ ચાર વિમાનોમાં બે વાર જનારા ચરમશરીરી હોય છે. (૪-૨૭)

**भाष्यं–** विजयादिष्वनुत्तरेषु विमानेषु देवा द्विचरमा भवन्ति। द्विचरमा इति ततश्च्युताः परं द्विर्जनित्वा सिध्यन्तीति । सकृत्सर्वार्थ-सिद्धमहाविमानवासिनः । शेषास्तु भजनीयाः ॥४-२७॥

**ભાષ્યાર્થ–** વિજય વગેરે અનુત્તર વિમાનમાં દેવો દ્વિચરમ ભવવાળા હોય છે. દ્વિચરમ એટલે ત્યાંથી ચ્યવ્યા પછી બે વાર જન્મીને સિદ્ધ થાય છે. સર્વાર્થસિદ્ધ નામના મહાવિમાનમાં રહેનારા દેવો એકવાર જન્મીને સિદ્ધ થાય છે. બાકીના દેવો તો ભજનીય છે, અર્થાત્ એમના ભવો નિયત નથી. (૪-૨૭)

**टीका–** चतुर्षु विमानेष्विति सूत्रसमुदायार्थः । अवयवार्थं त्वाह-'विजयादिष्वि'त्यादिना 'विजयादिष्वि'ति विजयवैजयन्तजयन्तापराजितेषु चतुर्षु अनुत्तरेष्विति, तदन्यव्यावृत्त्यर्थमेतत्, एतेषु विमानेषु देवाः किमित्याह-द्विचरमा भवन्ति, द्विचरमत्वमेव स्पष्टयन्नाह-द्विचरमा इति किमुक्तं भवति ?, ततश्च्युता इति विजयादिभ्यश्च्युताः परमुत्कर्षेण द्विर्जनित्वा द्विरुत्पद्य सिद्ध्यन्तीति, विजयादिविमानाच्च्युतो मनुष्येषु सिद्ध्यतीत्यर्थः, सकृत् सर्वार्थसिद्धमहाविमानवासिन इति, सकृद् एकं वारं जनित्वा सर्वार्थसिद्धे महाविमाने समुत्पद्य ततश्च्युता मनुष्येषु सिद्ध्यन्तीति, शेषास्तु भाज्या इति, शेषाः पुनर्वैमानिकाः सामान्यदेवा भाज्या इति कदाचित् सकृद् द्विस्त्रिः चतुःप्रभृति वा मनुष्येषु जन्मासाद्य सिध्यन्तीति ॥४-२७॥

**ટીકાર્થ–** વિજયાદિ ચાર વિમાનોમાં દેવો દ્વિચરમ હોય છે એમ સૂત્રનો સમુદિત અર્થ છે. અવયવાર્થને તો ભાષ્યકાર "विजयादिषु" ઇત્યાદિથી કહે છે- વિજય, વૈજયંત, જયંત અને અપરાજિત એ ચાર

અનુત્તરોમાં દેવો દ્વિચરમ હોય છે. અનુત્તર શબ્દનો ઉલ્લેખ અનુત્તર સિવાયના વિજયાદિનો નિષેધ કરવા માટે છે. દ્વિચરમ શબ્દના અર્થને સ્પષ્ટ કરતા ભાષ્યકાર કહે છે- વિજયાદિમાંથી ચ્યવેલા જીવો ઉત્કૃષ્ટથી બે વાર (મનુષ્યભવમાં) ઉત્પન્ન થઈને સિદ્ધ થાય છે, અર્થાત્ વિજયાદિ વિમાનમાંથી ચ્યવેલો જીવ મનુષ્યોમાં (બે વાર ઉત્પન્ન થઈને) સિદ્ધ થાય છે. સર્વાર્થસિદ્ધ મહાવિમાનમાં એકવાર ઉત્પન્ન થઈને ત્યાંથી ચ્યવેલા જીવો મનુષ્યોમાં સિદ્ધ થાય છે.

"शेषास्तु भाज्याः" इति, બાકીના વૈમાનિક સામાન્ય દેવો ક્યારેક એક વાર, ક્યારેક બે વાર, ક્યારેક ત્રણ વાર, ક્યારેક ચાર વગેરે વાર મનુષ્યોમાં જન્મ પામીને સિદ્ધ થાય છે. (૪-૨૭)

**भाष्यावतरणिका–** अत्राह- उक्तं भवता जीवस्यौदयिकेषु भावेषु तिर्यग्योनिगतिरिति, तथा स्थितौ 'तिर्यग्योनीनां च' इति । आस्रवेषु च 'माया तैर्यग्योनस्य' इति । तत्के तिर्यग्योनय इति । अत्रोच्यते-

**ભાષ્યાવતરણિકાર્થ–** આપે જીવના ઔદયિકભાવોમાં (૨-૬) 'તિર્યંચયોનિગતિ' એમ કહ્યું છે, તથા સ્થિતિમાં 'તિર્યગ્યોનિવાળાઓની' (૩-૧૮) એમ કહ્યું છે. અને આસ્રવોમાં (૬-૧૭) 'તિર્યગ્યોનિના' એમ કહેશો. તેથી તિર્યગ્યોનિવાળા કોણ છે ? અહીં ઉત્તર કહેવાય છે–

**टीकावतरणिका–** 'अत्राहे'त्यादि सम्बन्धग्रन्थः, उक्तं भवता द्वितीयेऽध्याये जीवस्यौदयिकेषु भावेषु निरूप्यमाणेषु तिर्यग्योनिरित्युक्तं, तथा स्थितौ निरूप्यमाणायां तृतीयाध्यायपरिसमाप्तौ 'तिर्यग्योनीनां चे'त्युक्तं आश्रवेषु निरूप्यमाणेषु 'तैर्यग्योनस्ये'ति वक्ष्यते षष्ठ इति, तत्के तिर्यग्योनय इति प्रक्रमात् प्रश्न इति, उच्यते–

**ટીકાવતરણિકાર્થ–** अत्राह इत्यादि ગ્રંથ પછીના સૂત્રનો સંબંધ કરવા માટે છે. અહીં શિષ્ય કહે છે- આપે બીજા અધ્યાયમાં છઠ્ઠા સૂત્રમાં ઔદયિક ભાવોનું નિરૂપણ કરવાના અવસરે તિર્યગ્યોનિ (તૈર્યગ્યૌન)

એમ કહ્યું છે. તથા સ્થિતિનું નિરૂપણ કરવાના અવસરે ત્રીજા અધ્યાયના અંતે (છેલ્લા સૂત્રમાં) "તિર્યગ્યોનિવાળાઓનું" એમ કહ્યું છે. આશ્રવોનું નિરૂપણ કરવાના અવસરે "માયા તિર્યગ્યોનિના આયુષ્યનું કારણ છે" એમ છઠ્ઠા અધ્યાયમાં (સૂત્ર ૧૭માં) કહેવામાં આવશે. તેથી તિર્યગ્યોનિ-વાળા કોણ છે ? એવા પ્રશ્નનો અવસર છે. પ્રત્યુત્તર કહેવાય છે–

**તિર્યંચસંજ્ઞાવાળા પ્રાણીઓ–**

**औपपातिकमनुष्येभ्यः शेषास्तिर्यग्योनयः ॥४-२८॥**

**સૂત્રાર્થ–** ઔપપાતિક(=દેવો-નારકો) અને મનુષ્ય સિવાયના જીવો તિર્યગ્યોનિવાળા(=તિર્યંચો) છે. (૪-૨૮)

**भाष्यं–** औपपातिकेभ्यश्च नारकदेवेभ्यो मनुष्येभ्यश्च यथोक्तेभ्यः शेषा एकेन्द्रियादयस्तिर्यग्योनयो भवन्ति ॥४-२८॥

**ભાષ્યાર્થ–** ઔપપાતિક નારક-દેવોથી અને યથોક્ત મનુષ્યોથી બીજા એકેન્દ્રિયાદિ જીવો તિર્યંચયોનિવાળા છે. (૪-૨૮)

**टीका–** प्रायो निगदसिद्धमेव, नवरमेकेन्द्रियादयः पञ्चेन्द्रियावसाना इति ॥४-२८॥

**ટીકાર્થ–** ભાષ્ય લગભગ બોલતાં જ સમજાઇ જાય તેવું છે. ફક્ત આ વિશેષ છે- એકેંદ્રિયથી માંડીને પંચેંદ્રિય સુધીના જીવો જાણવા. (૪-૨૮)

**भाष्यावतरणिका–** अत्राह- तिर्यग्योनिमनुष्याणां स्थितिरुक्ता । अथ देवानां का स्थितिरिति । अत्रोच्यते-

**ભાષ્યાવતરણિકાર્થ– પ્રશ્ન–** તિર્યંચયોનિવાળા અને મનુષ્યોની સ્થિતિ કહી. હવે દેવોની કેટલી સ્થિતિ છે ?

**ઉત્તર–** અહીં કહેવામાં આવે છે–

**टीकावतरणिका–** 'अत्राहे'त्यादि सम्बन्धग्रन्थः स्थितिरुक्ता तृतीयेऽध्याये, अथ देवानां भवनवास्यादीनां का स्थितिः ? इति, अत्रोच्यते–

**ટીકાવતરણિકાર્થ–** अत्राह ઇત્યાદિ ગ્રંથ પૂર્વસૂત્રની સાથેના સંબંધનો ગ્રંથ છે. અહીં શિષ્ય કહે છે- તિર્યંચોની અને મનુષ્યોની સ્થિતિ (અ.૩ સૂ.૧૭-૧૮ માં) કહી. હવે દેવોની કેટલી સ્થિતિ છે ? અહીં ઉત્તર આપવામાં આવે છે–

**સ્થિતિનો અધિકાર–**

**स्थितिः ॥४-२९॥**

**સૂત્રાર્થ–** હવે પછી સ્થિતિ કહેવામાં આવશે. (૪-૨૯)

**भाष्यं–** स्थितिरित्यत ऊर्ध्वं वक्ष्यते ॥४-२९॥

**ભાષ્યાર્થ–** અહીંથી આગળ સ્થિતિ કહેવાશે. (૪-૨૯)

**टीका–** एतद्व्याचष्टे-स्थितिरित्यत ऊर्ध्वमध्यायपरिसमाप्तेर्वक्ष्यति ॥४-२९॥

**ટીકાર્થ–** હવે પછી આ અધ્યાય પૂર્ણ થાય ત્યાં સુધી સ્થિતિ(=આયુષ્ય) કહેશે. (૪-૨૯)

**टीकावतरणिका–** तथा चाह–

**ટીકાવતરણિકાર્થ–** તે પ્રમાણે કહે છે–

**ભવનપતિનિકાયમાં દક્ષિણાર્ધના ઇન્દ્રોની ઉત્કૃષ્ટ સ્થિતિ–**

**भवनेषु दक्षिणार्धाधिपतीनां पल्योपममध्यर्धम् ॥४-३०॥**

**સૂત્રાર્થ–** ભવનોમાં દક્ષિણાર્ધ અધિપતિની(=ઇન્દ્રની) દોઢ પલ્યોપમ ઉત્કૃષ્ટ સ્થિતિ છે. (૪-૩૦)

**भाष्यं–** भवनेषु तावद्भवनवासिनां दक्षिणार्धाधिपतीनां पल्योपम-मध्यर्धं परा स्थितिः । द्वयोर्द्वयोर्यथोक्तयोर्भवनवासीन्द्रयोः पूर्वो दक्षिणा-र्धाधिपतिः पर उत्तरार्धाधिपतिः ॥४-३०॥

**ભાષ્યાર્થ–** ભવનોમાં ભવનવાસી દક્ષિણાર્ધ અધિપતિઓની ઉત્કૃષ્ટ સ્થિતિ દોઢ પલ્યોપમ છે. યથોક્ત બે બે ભવનવાસી ઇન્દ્રોમાં પૂર્વનો ઇન્દ્ર દક્ષિણાર્ધાધિપતિ છે. પછીનો ઇન્દ્ર ઉત્તરાર્ધાધિપતિ છે. (૪-૩૦)

**टीका–** समुदायार्थः प्रकटः, अवयवार्थं त्वाह-'भवनेष्वि'त्यादिना भवनेषु तावत् सामान्येन दक्षिणार्धाधिपतीनां रुचकविभागेनार्धनिकायेन्द्राणां धरणादीनां पल्योपममुक्तलक्षणं अध्यर्धमिति अधिकमर्धमस्मिंस्तदिदमध्यर्धं, सार्धमित्यर्थः, किमित्याह-परा स्थितिरुत्कृष्टेत्यर्थः, अनेन जघन्याया आक्षेपः, सन्देहापनोदाय स्पष्टमाह-'द्वयोर्द्वयो'रित्यादि द्वयोर्द्वयोर्यथोक्तयोरिति पूर्वोक्तयोर्भवनवासीन्द्रयोः चमरबलिधरणभूतानन्दादिक्रमेण पूर्वः उपन्यासक्रमाद् दक्षिणार्धाधिपतिः पर उत्तरार्धाधिपतिरिति ॥४-३०॥

**ટીકાર્થ–** સૂત્રનો સમુદિત અર્થ સ્પષ્ટ છે. અવયવાર્થને ભાષ્યકાર "भवनेषु" ઇત્યાદિથી કહે છે- ભવનોમાં દક્ષિણાર્ધના ભવનવાસી અધિપતિઓની [1]સામાન્યથી દોઢ પલ્યોપમ ઉત્કૃષ્ટ સ્થિતિ છે. આનાથી જઘન્યસ્થિતિનો નિષેધ કર્યો. દક્ષિણાર્ધના અધિપતિની એટલે મેરુના મધ્યવર્તી આઠ રુચક પ્રદેશોની અપેક્ષાએ થતાં વિભાગથી અર્ધી નિકાયના ધરણ વગેરે ઇંદ્રોની.

સંદેહને દૂર કરવા માટે સ્પષ્ટ કહે છે- ભવનવાસી બે ઇંદ્રોમાં પૂર્વે (અ.૪ સૂ.૬ માં) કહ્યું તેમ ચમર, બલિ, ધરણ, ભૂતાનંદ એ ક્રમથી જે ઇંદ્ર પહેલાં કહ્યો છે તે દક્ષિણાર્ધાધિપતિ છે અને પછી કહ્યો છે તે ઉત્તરાર્ધાધિપતિ છે.(૪-૩૦)

**टीकावतरणिका–** तदाह–

**ટીકાવતરણિકાર્થ–** ઉત્તરાર્ધના અધિપતિની સ્થિતિને કહે છે–

**ભવનપતિનિકાયમાં ઉત્તરાર્ધના ઇન્દ્રોની ઉત્કૃષ્ટ સ્થિતિ–**

**शेषाणां पादोने ॥४-३१॥**

**સૂત્રાર્થ–** શેષ ભવનપતિના ઇન્દ્રોની સ્થિતિ પોણા બે પલ્યોપમ છે. (૪-૩૧)

૧. આગળ ૩૨ મા સૂત્રમાં વિશેષ કહેવાના છે માટે અહીં 'સામાન્યથી' એમ જણાવ્યું છે.

**भाष्यं–** शेषाणां भवनवासिष्वधिपतीनां द्वे पल्योपमे पादोने परा स्थितिः । के च शेषा ? उत्तरार्धाधिपतय इति ॥४-३१॥

**ભાષ્યાર્થ–** બાકીના ભવનવાસી અધિપતિઓની ઉત્કૃષ્ટ સ્થિતિ પોણા બે પલ્યોપમ છે.

**પ્રશ્ન–** બાકીના અધિપતિઓ કોણ છે ?

**ઉત્તર–** બાકીના અધિપતિઓ ઉત્તરાર્ધાધિપતિઓ છે. (૪-૩૧)

**टीका–** समुदायार्थः प्रकटः, अवयवार्थमाह-'शेषाणामि'त्यादि शेषा दक्षिणार्धाधिपतिभ्यः उत्तरार्धाधिपतयः तेषां भवनवासिष्वधिपतीनां भूतादीनां द्वे पल्योपमे पादोने चतुर्थभागोने परा स्थितिर्भवतीति पूर्ववत्, केवलं शेषा उत्तरार्धाधिपतय इति ॥४-३१॥

**ટીકાર્થ–** સમુદિત અર્થ સ્પષ્ટ છે. અવયવાર્થને કહે છે- "शेषाणाम्" इति, દક્ષિણાર્ધના અધિપતિઓથી બાકી રહેતા ઉત્તરાર્ધના ભૂત વગેરે ભવનવાસી અધિપતિઓની ચોથો ભાગ ન્યૂન બે પલ્યોપમની(=પોણા બે પલ્યોપમની) ઉત્કૃષ્ટ સ્થિતિ છે. શેષ એટલે ઉત્તરાર્ધના અધિપતિઓ. (૪-૩૧)

**टीकावतरणिका–** एवं सामान्येन तदभिधाय विशेषेणायुर्द्वारमाह–

**ટીકાવતરણિકાર્થ–** આ પ્રમાણે સામાન્યથી આયુષ્યને કહીને વિશેષથી આયુષ્યદ્વારને કહે છે–

**ભવનપતિનિકાયના ઈન્દ્રોની સ્થિતિમાં અપવાદ–**

## असुरेन्द्रयोः सागरोपममधिकं च ॥४-३२॥

**સૂત્રાર્થ–** અસુરેન્દ્રોની સ્થિતિ અનુક્રમે એક સાગરોપમ અને કંઈક અધિક સાગરોપમ છે. (૪-૩૨)

**भाष्यं–** असुरेन्द्रयोस्तु दक्षिणार्धाधिपत्युत्तरार्धाधिपत्योः सागरोपम-मधिकं च यथासङ्ख्यं परा स्थितिर्भवति ॥४-३२॥

**ભાષ્યાર્થ–** દક્ષિણાર્ધાધિપતિ અને ઉત્તરાર્ધાધિપતિ એ બે અસુરેન્દ્રોની ઉત્કૃષ્ટ સ્થિતિ યથાસંખ્ય ૧ સાગરોપમ અને સાધિક ૧ સાગરોપમ છે. (૪-૩૨)

**टीका–** समुदायार्थः प्रकटः, अवयवार्थं त्वाह–'असुरेन्द्रयोरि'त्यादिना असुरेन्द्रयोः पुनः दक्षिणार्धाधिपत्युत्तरार्धाधिपत्योश्चमरबलिसंज्ञयोः किमित्याह–यथासङ्ख्यं सागरोपममधिकं च कियतापि परा स्थितिर्भवतीति पूर्ववत् ॥४–३२॥

**ટીકાર્થ–** સમુદિતાર્થ સ્પષ્ટ છે. અવયવાર્થને તો "असुरेन्द्रयोः" ઈત્યાદિથી કહે છે- દક્ષિણાર્ધાધિપતિ ચમર અને ઉત્તરાર્ધાધિપતિ બલિ એ બે અસુરેન્દ્રોની ઉત્કૃષ્ટ સ્થિતિ અનુક્રમે એક સાગરોપમ અને કંઈક અધિક એક સાગરોપમ છે. (૪-૩૨)

**टीकावतरणिका–** सागरोपमस्थितिसाधर्म्यात् व्यन्तरज्योतिष्कौ विहायेदमाह–

**ટીકાવતરણિકાર્થ–**સાગરોપમની સ્થિતિની સમાનતા હોવાથી વ્યંતર-જ્યોતિષ્કોને છોડીને આ કહે છે–

## सौधर्मादिषु यथाक्रमम् ॥४–३३॥

**સૂત્રાર્થ–** હવે સૌધર્મ આદિ દેવલોકની અનુક્રમે ઉત્કૃષ્ટ સ્થિતિ કહેવાશે. (૪-૩૩)

**भाष्यं–** सौधर्ममादिं कृत्वा यथाक्रममित ऊर्ध्वं परा स्थितिर्वक्ष्यते ॥४–३३॥

**ભાષ્યાર્થ–** હવે પછી અનુક્રમે સૌધર્માદિની ઉત્કૃષ્ટ સ્થિતિ કહેવાશે. (૪-૩૩)

**टीका–** एतद् व्याचष्टे–'सौधर्ममादिमि'त्यादिना सौधर्मं कल्पमादिं कृत्वा सर्वार्थसिद्धविमानान्तानां यथाक्रममिति ऊर्ध्वं परा उत्कृष्टा स्थितिर्वक्ष्यते ॥४–३३॥

**ટીકાર્થ–** "सौधर्ममादिम्" ઇત્યાદિથી આયુષ્યને કહે છે- હવે સૌધર્મ દેવલોકથી પ્રારંભી સર્વાર્થસિદ્ધ વિમાન સુધીના દેવોની ઉત્કૃષ્ટ સ્થિતિ અનુક્રમે કહેવાશે. (૪-૩૩)

**टीकावतरणिका–** एनामेवाह–

**ટીકાવતરણિકાર્થ–** સૌધર્માદિ દેવલોકની ઉત્કૃષ્ટ સ્થિતિને જ કહે છે–

## सागरोपमे ॥४-३४॥

**સૂત્રાર્થ–** સૌધર્મ કલ્પના દેવોની બે સાગરોપમ ઉત્કૃષ્ટ સ્થિતિ છે. (૪-૩૪)

**भाष्यं–** सौधर्मे कल्पे देवानां परा स्थितिर्द्वे सागरोपमे इति ॥४-३४॥

**ભાષ્યાર્થ–** સૌધર્મકલ્પમાં દેવોની ઉત્કૃષ્ટ સ્થિતિ બે સાગરોપમ છે. (૪-૩૪)

**टीका–** एतद् व्याचष्टे-'सौधर्मे'त्यादिना सौधर्मे कल्पे प्रागुपन्यस्ते देवानामिन्द्रसामानिकादीनां परा उत्कृष्टा स्थितिर्द्वे सागरोपमे इति ॥४-३४॥

**ટીકાર્થ–** "सौधर्मे" ઇત્યાદિથી ઉત્કૃષ્ટ સ્થિતિને કહે છે- પૂર્વોક્ત સૌધર્મ કલ્પમાં ઇંદ્ર-સામાનિક આદિ દેવોની ઉત્કૃષ્ટ સ્થિતિ બે સાગરોપમ છે. (૪-૩૪)

## अधिके च ॥४-३५॥

**સૂત્રાર્થ–** ઇશાન કલ્પના દેવોની કંઇક અધિક બે સાગરોપમ ઉત્કૃષ્ટ સ્થિતિ છે. (૪-૩૫)

**भाष्यं–** ऐशाने द्वे एव सागरोपमे अधिके परा स्थितिर्भवति ॥४-३५॥

**ભાષ્યાર્થ–** ઇશાન (કલ્પમાં) દેવોની ઉત્કૃષ્ટ સ્થિતિ સાધિક બે સાગરોપમ છે. (૪-૩૫)

**टीका–** एतद् व्याचष्टे-'ऐशान'इत्यादिना यथाक्रमं ग्रहणात् ऐशाने कल्पे द्वे सागरोपमे अधिके कियताऽपि परा स्थितिर्भवतीति ॥४-३५॥

**ટીકાર્થ–** "ऐशाने" ઇત્યાદિથી ઉત્કૃષ્ટ સ્થિતિને કહે છે- પૂર્વે (૩૩મા સૂત્રમાં) यथाक्रमम् એવો ઉલ્લેખ કર્યો હોવાથી આ સૂત્રમાં ઇશાનકલ્પ સમજવો. ઇશાન કલ્પના દેવોની કંઇક અધિક બે સાગરોપમ ઉત્કૃષ્ટ સ્થિતિ છે. (૪-૩૫)

## सप्त सनत्कुमारे ॥४-३६॥

**સૂત્રાર્થ–** સનત્કુમાર કલ્પમાં સાત સાગરોપમ ઉત્કૃષ્ટ સ્થિતિ છે. (૪-૩૬)

**भाष्यं–** सनत्कुमारे कल्पे सप्त सागरोपमानि परा स्थितिर्भवति ॥४-३६॥

**ભાષ્યાર્થ–** સનત્કુમાર કલ્પમાં દેવોની ઉત્કૃષ્ટ સ્થિતિ સાત સાગરોપમની છે. (૪-૩૬)

## विशेष-त्रि-सप्त-दशैकादश-त्रयोदश-पञ्चदशभिरधिकानि च ॥४-३७॥

**સૂત્રાર્થ–** સાત સંખ્યામાં વિશેષ, ૩, ૭, ૧૦, ૧૧, ૧૩, ૧૫ સાગરોપમ વધારવાથી અનુક્રમે માહેન્દ્ર આદિ કલ્પના દેવોની ઉત્કૃષ્ટ સ્થિતિ થાય છે. (૪-૩૭)

**भाष्यं–** एभिर्विशेषादिभिरधिकानि सप्त माहेन्द्रादिषु परा स्थितिर्भवति । सप्तेति वर्तते । तद्यथा- माहेन्द्रे सप्त विशेषाधिकानि । ब्रह्मलोके त्रिभिरधिकानि सप्त, दशेत्यर्थः । लान्तके सप्तभिरधिकानि सप्त, चतुर्दशेत्यर्थः । महाशुक्रे दशभिरधिकानि सप्त सप्तदशेत्यर्थः । सहस्रारे एकादशभिरधिकानि सप्त अष्टादशेत्यर्थः । आनतप्राणतयोस्त्रयोदश-भिरधिकानि सप्त, विंशतिरित्यर्थः । आरणाच्युतयोः पञ्चदशभिरधिकानि सप्त, द्वाविंशतिरित्यर्थः ॥४-३७॥

**ભાષ્યાર્થ–** આ (સૂત્રોક્ત) વિશેષાદિથી અધિક સાત સાગરોપમ માહેન્દ્ર આદિ દેવોની ઉત્કૃષ્ટ સ્થિતિ થાય છે. સપ્ત એ પ્રમાણે ઉપરના સૂત્રથી ચાલ્યું આવે છે. તેથી આ પ્રમાણે- માહેન્દ્રમાં વિશેષાધિક સાત સાગરોપમ. બ્રહ્મલોકમાં ૩થી અધિક ૭, અર્થાત્ ૧૦. લાંતકમાં ૭થી અધિક ૭, અર્થાત્ ૧૪. મહાશુક્રમાં ૧૦થી અધિક ૭, અર્થાત્ ૧૭. સહસ્રારમાં ૧૧થી અધિક ૭, અર્થાત્ ૧૮. આનત-પ્રાણતમાં ૧૩થી અધિક ૭, અર્થાત્ ૨૦. આરણ-અચ્યુતમાં ૧૫થી અધિક ૭, અર્થાત્ ૨૨ સાગરોપમ ઉત્કૃષ્ટ સ્થિતિ હોય છે. (૪-૩૭)

**ભાવાર્થ–** સાત સંખ્યા ઉપરના સૂત્રથી આ સૂત્રમાં ચાલી આવે છે. આ વિશેષ આદિથી અધિક સાત સાગરોપમ માહેંદ્ર આદિ કલ્પોમાં ઉત્કૃષ્ટ સ્થિતિ છે. તે આ પ્રમાણે–

માહેંદ્રની .......... ૭+વિશેષ=સાધિક ૭ સાગરોપમ

બ્રહ્મલોકની ......... ૭+૩=૧૦ સાગરોપમ

લાંતકની .......... ૭+૭=૧૪ સાગરોપમ

મહાશુક્રની ......... ૭+૧૦=૧૭ સાગરોપમ

સહસ્રારની ......... ૭+૧૧=૧૮ સાગરોપમ

આનત-પ્રાણતની ... ૭+૧૩=૨૦ સાગરોપમ

આરણ-અચ્યુતની ... ૭+૧૫=૨૨ સાગરોપમ (૪-૩૭)

## आरणाच्युतादूर्ध्वमेकैकेन नवसु ग्रैवेयकेषु विजयादिषु सर्वार्थसिद्धे च ॥४-३८॥

**સૂત્રાર્થ–** આરણ-અચ્યુત કલ્પની સ્થિતિ પછી એક એક સાગરોપમની વૃદ્ધિ કરવાથી અનુક્રમે નવ ગ્રૈવેયક, વિજયાદિ ચાર અને સર્વાર્થસિદ્ધ વિમાનની ઉત્કૃષ્ટ સ્થિતિ થાય છે. (૪-૩૮)

**भाष्यं–** आरणाच्युतादूर्ध्वमेकैकेनाधिका स्थितिर्भवति नवसु ग्रैवेयकेषु विजयादिषु सर्वार्थसिद्धे च । आरणाच्युते द्वाविंशतिर्ग्रैवेयकेषु पृथगेकैकेनाधिका त्रयोविंशतिरित्यर्थः । एवमेकैकेनाधिका सर्वेषु नवसु यावत्सर्वेषामुपरि नवमे एकत्रिंशत् । सा विजयादिषु चतुर्ष्वप्येकेनाधिका द्वात्रिंशत् । साप्येकेनाधिका सर्वार्थसिद्धे त्वजघन्योत्कृष्टा त्रयस्त्रिंशदिति ॥४-३८॥

**ભાષ્યાર્થ–** આરણ-અચ્યુતથી ઉપર એક એકથી અધિક સ્થિતિ નવ ગ્રૈવેયકોમાં, વિજયાદિમાં અને સર્વાર્થસિદ્ધમાં હોય છે. તે આ પ્રમાણે- આરણ-અચ્યુતમાં બાવીશ, ગ્રૈવેયકોમાં અલગ અલગ એક એકથી અધિક, અર્થાત્ ૨૩ વગેરે (સાગરોપમ). એ પ્રમાણે એક એકથી અધિક નવ ગ્રૈવેયકોમાં સ્થિતિ હોય છે. બધાની ઉપર નવમા ગ્રૈવેયકમાં ૩૧ સાગરોપમની સ્થિતિ હોય છે. તે સ્થિતિ વિજયાદિ ચારમાં એકથી અધિક છે, અર્થાત્ ૩૨ સાગરોપમ છે. તે પણ સ્થિતિ એકથી અધિક સર્વાર્થસિદ્ધમાં છે. સર્વાર્થસિદ્ધ વિમાનમાં તો અજઘન્ય અનુત્કૃષ્ટ સ્થિતિ ૩૩ સાગરોપમ છે. (૪-૩૮)

**टीका–** 'सनत्कुमार' इत्यादि निगदसिद्धं यावत् सर्वार्थसिद्धे अजघन्योत्कृष्टा त्रयस्त्रिंशदिति, नवरं नवसु ग्रैवेयकेष्विति विभक्त्यलोपः सूत्रे एकैकेनाधिकानीति नियतविषयनियमार्थः, विजयादिष्विति तु द्व्यधिकसङ्ख्यानियमार्थः, सर्वार्थसिद्ध इति चाजघन्योत्कृष्टसङ्ख्यानियमार्थ इति, आरणाच्युतादिति कृतैकवद्भावो निर्देशः, आरणोपलक्षितो वा इतिकृत्वा ॥४-३६-३७-३८॥

**ટીકાર્થ–** सनत्कुमारे इत्यादि (ત્રણ સૂત્રો અને તેમનું ભાષ્ય) બોલતાં જ સમજાઇ જાય તેવું છે. યાવત્ સર્વાર્થસિદ્ધ વિમાનમાં અજઘન્ય-ઉત્કૃષ્ટ સ્થિતિ ૩૩ સાગરોપમ છે. ફક્ત આ વિશેષ છે- नवसु ग्रैवेयकेषु એ પ્રમાણે વિભક્તિના લોપનો અભાવ સૂત્રમાં "એક એકથી અધિક" એ પ્રમાણે નિયત વિષયના નિયમન માટે છે, અર્થાત્ દરેક ગ્રૈવેયકમાં એક

| [illegible] | [illegible] |
|---|---|
| ૧ ગ્રૈવેયક | ૨૩ સાગરોપમ |
| ૨ ગ્રૈવેયક | ૨૪ સાગરોપમ |
| ૩ ગ્રૈવેયક | ૨૫ સાગરોપમ |
| ૪ ગ્રૈવેયક | ૨૬ સાગરોપમ |
| ૫ ગ્રૈવેયક | ૨૭ સાગરોપમ |
| ૬ ગ્રૈવેયક | ૨૮ સાગરોપમ |

| [illegible] | [illegible] |
|---|---|
| ૭ ગ્રૈવેયક | ૨૯ સાગરોપમ |
| ૮ ગ્રૈવેયક | ૩૦ સાગરોપમ |
| ૯ ગ્રૈવેયક | ૩૧ સાગરોપમ |
| વિજયાદિ ચાર | ૩૨ સાગરોપમ |
| સર્વાર્થસિદ્ધ | ૩૩ સાગરોપમ |
| | |

એક સાગરોપમની વૃદ્ધિ સમજાય એ માટે છે. (અન્યથા નવેય ગ્રૈવેયકમાં ભેગી એક સાગરોપમની વૃદ્ધિ સમજાય અને એથી નવેય ગ્રૈવેયકોમાં ૨૩ સાગરોપમ સ્થિતિ સમજાય.)

'विजयादिषु' એવો નિર્દેશ બેથી અધિક સંખ્યાના નિયમન માટે છે, અર્થાત્ ચારેય વિમાનોમાં એક જ સાગરોપમની વૃદ્ધિ જણાવવા માટે છે. आरणाच्युताद् એ નિર્દેશમાં એકવદ્ભાવ સમાસ કરાયો છે અથવા आरणोपलक्षितः अच्युतः=आरणाच्युतः એમ મધ્યમપદલોપી સમાસ છે. (૪-૩૬-૩૭-૩૮)

**भाष्यावतरणिका—** अत्राह- मनुष्यतिर्यग्योनिजानां परापरे स्थिती व्याख्याते । अथौपपातिकानां किमेकैव स्थितिः परापरे न विद्येते इति । अत्रोच्यते-

**ભાષ્યાવતરણિકાર્થ— પ્રશ્ન—** મનુષ્યોની અને તિર્યંચયોનિમાં ઉત્પન્ન થયેલા જીવોની ઉત્કૃષ્ટ-જઘન્ય સ્થિતિ કહી. હવે ઔપપાતિકોની શું એક જ સ્થિતિ છે ? ઉત્કૃષ્ટ-જઘન્ય નથી ? અહીં ઉત્તર કહેવાય છે—

**टीकावतरणिका—** 'अत्राहे'त्यादि सम्बन्धग्रन्थः, मनुष्यतिर्यग्योनीनां किमित्याह-परापरे जघन्योत्कृष्टे स्थिती व्याख्याते 'नृस्थिती' इत्यादिना प्राक्, अथौपपातिकानां नारकदेवानां किमेकैव परा स्थितिः, परापरे न विद्येते स्थिती इति, अत्रोच्यते—

**ટીકાવતરણિકાર્થ–** અહીં શિષ્ય પ્રશ્ન કરે છે, મનુષ્યો અને તિર્યંચોની જઘન્ય-ઉત્કૃષ્ટ સ્થિતિ કહી. હવે ઔપપાતિકોની(=નારક-દેવોની) શું એક જ સ્થિતિ છે ? જઘન્ય-ઉત્કૃષ્ટ નથી ? અહીં ઉત્તર આપવામાં આવે છે.

**જઘન્યસ્થિતિના અધિકારનો પ્રારંભ–**

**अपरा पल्योपममधिकं च ॥४-३९॥**

**સૂત્રાર્થ–** સૌધર્મ-ઈશાનમાં જઘન્ય સ્થિતિ અનુક્રમે એક પલ્યોપમ અને સાધિક એક પલ્યોપમ છે. (૪-૩૯)

**भाष्यं–** सौधर्मादिष्वेव यथाक्रममपरा स्थितिः पल्योपममधिकं च। अपरा जघन्या निकृष्टेत्यर्थः । परा प्रकृष्टा उत्कृष्टेत्यनर्थान्तरम् । तत्र सौधर्मेऽपरा स्थितिः पल्योपममैशाने पल्योपममधिकं च ॥४-३९॥

**ભાષ્યાર્થ–** સૌધર્માદિમાં જ અનુક્રમે જઘન્ય સ્થિતિ એક પલ્યોપમ અને સાધિક ૧ પલ્યોપમ છે. અપરા સ્થિતિ એટલે જઘન્ય સ્થિતિ. પરા એટલે ઉત્કૃષ્ટ સ્થિતિ. પરા, પ્રકૃષ્ટા, ઉત્કૃષ્ટા, એ બધા શબ્દોનો એક અર્થ છે. તેમાં સૌધર્મમાં જઘન્ય સ્થિતિ એક પલ્યોપમ અને ઐશાનમાં સાધિક એક પલ્યોપમ છે. (૪-૩૯)

**टीका–** निगदसिद्धमेव ॥४-३९॥

**ટીકાર્થ–** આ સૂત્ર બોલતાં જ સમજાઇ જાય તેવું છે. (૪-૩૯)

**टीकावतरणिका–** एवम्–

**ટીકાવતરણિકાર્થ–** એ પ્રમાણે–

**सागरोपमे ॥४-४०॥**

**સૂત્રાર્થ–** સનત્કુમારમાં જઘન્ય સ્થિતિ બે સાગરોપમ છે. (૪-૪૦)

**भाष्यं–** सनत्कुमारेऽपरा स्थितिर्द्वे सागरोपमे ॥४-४०॥

**ભાષ્યાર્થ–** સનત્કુમારમાં જઘન્ય સ્થિતિ બે સાગરોપમ છે. (૪-૪૦)

**टीका–** एतद् व्याचष्टे-सनत्कुमारे कल्पे तृतीये अपरा जघन्या स्थितिः, द्वे सागरोपमे इति ॥४-४०॥

**ટીકાર્થ–** જઘન્ય આયુષ્યને કહે છે- ત્રીજા સનત્કુમાર કલ્પમાં જઘન્ય સ્થિતિ બે સાગરોપમ છે. (૪-૪૦)

## अधिके च ॥४-४१॥

**સૂત્રાર્થ–** માહેન્દ્રમાં જઘન્ય સ્થિતિ સાધિક બે સાગરોપમ છે. (૪-૪૧)

**भाष्यं–** माहेन्द्रे जघन्या स्थितिरधिके द्वे सागरोपमे ॥४-४१॥

**ભાષ્યાર્થ–** માહેન્દ્રમાં જઘન્ય સ્થિતિ સાધિક બે સાગરોપમ છે. (૪-૪૧)

**टीका–** एतद् व्याचष्टे-माहेन्द्रे कल्पे जघन्या स्थितिः, किमित्याह-अधिके द्वे सागरोपमे इति ॥४-४१॥

**ટીકાર્થ–** જઘન્ય આયુષ્યને કહે છે- માહેંદ્ર કલ્પમાં જઘન્ય સ્થિતિ સાધિક બે સાગરોપમ છે. (૪-૪૧)

## परतः परतः पूर्वा पूर्वाऽनन्तरा ॥४-४२॥

**સૂત્રાર્થ–** માહેન્દ્ર પછીના દેવલોકમાં પોતપોતાની પૂર્વના દેવલોકની ઉત્કૃષ્ટ સ્થિતિ પ્રમાણે જઘન્ય સ્થિતિ છે. (૪-૪૨)

**भाष्यं–** माहेन्द्रात्परतः पूर्वा परानन्तरा जघन्या स्थितिर्भवति। तद्यथा-माहेन्द्रे परा स्थितिर्विशेषाधिकानि सप्त सागरोपमाणि सा ब्रह्मलोके जघन्या भवति। ब्रह्मलोके दश सागरोपमाणि परा स्थिति सा लान्तके जघन्या। एवमासर्वार्थसिद्धादिति। (विजयादिषु चतुर्षु परा स्थितिस्त्रयस्त्रिंशत्सागरोपमाणि सा त्वजघन्योत्कृष्टा सर्वार्थसिद्ध इति) ॥४-४२॥

**ભાષ્યાર્થ–** માહેન્દ્ર પછી પૂર્વેની ઉત્કૃષ્ટ સ્થિતિ પછી પછીની જઘન્ય સ્થિતિ છે. તે આ પ્રમાણે- માહેન્દ્રમાં ઉત્કૃષ્ટ સ્થિતિ વિશેષાધિક સાત સાગરોપમ છે, તે સ્થિતિ બ્રહ્મલોકમાં જઘન્ય છે. બ્રહ્મલોકમાં ઉત્કૃષ્ટ સ્થિતિ ૧૦ સાગરોપમ છે, તે સ્થિતિ લાંતકમાં જઘન્ય છે. એ પ્રમાણે સર્વાર્થસિદ્ધ સુધી જાણવું.

(વિજયાદિ ચારમાં ઉત્કૃષ્ટ સ્થિતિ ૩૩ સાગરોપમ છે, તે અજઘન્ય અનુત્કૃષ્ટ સ્થિતિ સર્વાર્થસિદ્ધમાં છે.) (૪-૪૨)

## ભવનપતિ દેવ-દેવીઓની ઉત્કૃષ્ટ સ્થિતિનું યંત્ર

| | | |
|---|---|---|
| અસુરકુમાર | દક્ષિણના દેવો | ૧ સાગરોપમ |
| | દક્ષિણની દેવીઓ | ૩॥ પલ્યોપમ |
| | ઉત્તરના દેવો | સાધિક ૧ સાગરોપમ |
| | ઉત્તરની દેવીઓ | ૪॥ પલ્યોપમ |
| નાગકુમારાદિ ૯ | દક્ષિણના દેવો | ૧॥ પલ્યોપમ |
| | દક્ષિણની દેવીઓ | ૦॥ પલ્યોપમ |
| | ઉત્તરના દેવો | દેશોન બે પલ્યોપમ |
| | ઉત્તરની દેવીઓ | દેશોન એક પલ્યોપમ |

દરેક પ્રકારના ભવનપતિ નિકાયના દેવ-દેવીઓની જઘન્ય સ્થિતિ ૧૦ હજાર વર્ષ છે. વ્યંતરનિકાયમાં દરેક પ્રકારના દેવોની ઉત્કૃષ્ટ સ્થિતિ ૧ પલ્યોપમ અને દરેક પ્રકારની દેવીઓની ઉત્કૃષ્ટ સ્થિતિ ૦॥ પલ્યોપમ છે. દરેક પ્રકારની દેવ-દેવીઓની જઘન્ય સ્થિતિ ૧૦ હજાર વર્ષ છે.

## જ્યોતિષ દેવ-દેવીઓની ઉત્કૃષ્ટ-જઘન્ય સ્થિતિનું યંત્ર

| | | |
|---|---|---|
| ચંદ્ર-દેવો[1] | ૧ લાખ વર્ષ અધિક ૧ પલ્યોપમ | ૦। પલ્યોપમ |
| ચંદ્ર-દેવીઓ | ૫૦ હજાર વર્ષ અધિક ૦॥ પલ્યોપમ | ૦। પલ્યોપમ |
| સૂર્ય-દેવો | ૧ હજાર વર્ષ અધિક ૧ પલ્યોપમ | ૦। પલ્યોપમ |
| સૂર્ય-દેવીઓ | ૫૦૦ વર્ષ અધિક ૦॥ પલ્યોપમ | ૦। પલ્યોપમ |
| ગ્રહ-દેવો | ૧ પલ્યોપમ | ૦। પલ્યોપમ |
| ગ્રહ-દેવીઓ | ૦॥ પલ્યોપમ | ૦। પલ્યોપમ |
| નક્ષત્ર-દેવો | ૦॥ પલ્યોપમ | ૦। પલ્યોપમ |
| નક્ષત્ર-દેવીઓ | સાધિક ૦। પલ્યોપમ | ૦। પલ્યોપમ |
| તારા-દેવો | ૦। પલ્યોપમ | ૧/૮ પલ્યોપમ |
| તારા-દેવીઓ | સાધિક ૧/૮ પલ્યોપમ | ૧/૮ પલ્યોપમ |

૧. ભવનપતિ આદિ ચારે નિકાયમાં ઈન્દ્રોની અને ઈન્દ્રાણીઓની સ્થિતિ ઉત્કૃષ્ટ જ હોય છે. ઈન્દ્રની દેવની અપેક્ષાએ અને ઈન્દ્રાણીની દેવીની અપેક્ષાએ ઉત્કૃષ્ટ સ્થિતિ હોય છે.

## વૈમાનિક દેવીઓની ઉત્કૃષ્ટ જઘન્ય સ્થિતિનું યંત્ર

| [illegible] | [illegible] | [illegible] | [illegible] |
|---|---|---|---|
| સૌધર્મ | પરિગૃહીતા | ૭ પલ્યોપમ | ૧ પલ્યોપમ |
| સૌધર્મ | અપરિગૃહીતા | ૫૦ પલ્યોપમ | ૧ પલ્યોપમ |
| ઈશાન | પરિગૃહીતા | ૯ પલ્યોપમ | સાધિક ૧ પલ્યોપમ |
| ઈશાન | અપરિગૃહીતા | ૫૫ પલ્યોપમ | સાધિક ૧ પલ્યોપમ |

## વૈમાનિક દેવોની ઉત્કૃષ્ટ જઘન્ય સ્થિતિનું યંત્ર

| [illegible] | [illegible] | [illegible] |
|---|---|---|
| ૧ કલ્પ | ૨ સાગરોપમ | ૧ પલ્યોપમ |
| ૨ કલ્પ | સાધિક ૨ સાગરોપમ | સાધિક ૧ પલ્યોપમ |
| ૩ કલ્પ | ૭ સાગરોપમ | ૨ સાગરોપમ |
| ૪ કલ્પ | સાધિક ૭ સાગરોપમ | સાધિક ૨ સાગરોપમ |
| ૫ કલ્પ | ૧૦ સાગરોપમ | ૭ સાગરોપમ |
| ૬ કલ્પ | ૧૪ સાગરોપમ | ૧૦ સાગરોપમ |
| ૭ કલ્પ | ૧૭ સાગરોપમ | ૧૪ સાગરોપમ |
| ૮ કલ્પ | ૧૮ સાગરોપમ | ૧૭ સાગરોપમ |
| ૯ કલ્પ | ૧૯ સાગરોપમ | ૧૮ સાગરોપમ |
| ૧૦ કલ્પ | ૨૦ સાગરોપમ | ૧૯ સાગરોપમ |
| ૧૧ કલ્પ | ૨૧ સાગરોપમ | ૨૦ સાગરોપમ |
| ૧૨ કલ્પ | ૨૨ સાગરોપમ | ૨૧ સાગરોપમ |
| ૧ ગ્રૈવેયક | ૨૩ સાગરોપમ | ૨૨ સાગરોપમ |
| ૨ ગ્રૈવેયક | ૨૪ સાગરોપમ | ૨૩ સાગરોપમ |
| ૩ ગ્રૈવેયક | ૨૫ સાગરોપમ | ૨૪ સાગરોપમ |
| ૪ ગ્રૈવેયક | ૨૬ સાગરોપમ | ૨૫ સાગરોપમ |
| ૫ ગ્રૈવેયક | ૨૭ સાગરોપમ | ૨૬ સાગરોપમ |
| ૬ ગ્રૈવેયક | ૨૮ સાગરોપમ | ૨૭ સાગરોપમ |
| ૭ ગ્રૈવેયક | ૨૯ સાગરોપમ | ૨૮ સાગરોપમ |
| ૮ ગ્રૈવેયક | ૩૦ સાગરોપમ | ૨૯ સાગરોપમ |
| ૯ ગ્રૈવેયક | ૩૧ સાગરોપમ | ૩૦ સાગરોપમ |
| વિજયાદિ ચાર | ૩૨ સાગરોપમ | ૩૧ સાગરોપમ |
| સર્વાર્થસિદ્ધ | ૩૩ સાગરોપમ | — |

**टीका—** एतद् व्याचष्टे-'माहेन्द्रात् परत' इत्यादिना माहेन्द्रात् कल्पात् परतः ब्रह्मलोकादारभ्य पूर्वा स्थितिः परा उत्कृष्टा, किमित्याह-अनन्तरा-जघन्या स्थितिर्भवति, उपरितनकल्प इत्यर्थः, एतदेव दर्शयति-'तद्यथे'त्यादिना माहेन्द्रे कल्पे परा स्थितिः सप्त सागरोपमाणि उक्ता सा ब्रह्मलोके जघन्या भवति, एवं ब्रह्मलोके दश सागरोपमाणि परा स्थितिरुक्ता, सा लान्तके जघन्या भवति, अतिदेशमाह-'एवमि'त्यादिना आ सर्वार्थसिद्धादिति सर्वार्थसिद्धं यावत्, आङ् मर्यादायां, विजयादिषु चतुर्षु विजयवैजयन्तजयन्तापराजितेषु परा स्थितिस्त्रयस्त्रिंशत्, एवं परतः परतः पूर्वा पूर्वाऽनन्तरेति यावतूभय(सं)भवः तावद्द्रष्टव्यम्, अत एव एतेष्विति, जघन्या एकत्रिंशदेव, उत्कृष्टा त्रयस्त्रिंशत्, मुख्यवृत्त्यैव सूत्रेऽभिधानात्, यथोक्तं प्रज्ञापनायाम्-विजयवेजयंतजयंतापराजिअदेवाणं केवइअं कालं ठिती पण्णत्ता ?, गोयमा ! जहण्णेणं एगतीसं सागरोवमाइं, उक्कोसेणं तेत्तीसं, सव्वट्ठसिद्धगदेवाणं पुच्छा, गोयमा ! अजहण्णमणुक्कोसेणं तेत्तीसं सागरोवमाइं ठिती पण्णत्ता," एतदाह-'से'त्यादि तासां विजयादिसम्बन्धिनी उत्कृष्टा स्थितिः, किमित्याह-अजघन्योत्कृष्टा तथैकरूपैव सर्वार्थसिद्ध इति ॥४-४२॥

**ટીકાર્થ—** જઘન્ય આયુષ્યને કહે છે- માહેંદ્રકલ્પ પછીના દેવલોકમાં પોતપોતાની પૂર્વના દેવલોકની જે ઉત્કૃષ્ટ સ્થિતિ છે તે પછીના અનંતર દેવલોકની જઘન્ય સ્થિતિ થાય છે. તે આ પ્રમાણે- માહેંદ્ર કલ્પમાં ઉત્કૃષ્ટ સ્થિતિ સાત સાગરોપમ કહી છે, તે બ્રહ્મલોકમાં જઘન્ય સ્થિતિ છે. એ પ્રમાણે બ્રહ્મલોકમાં દશ સાગરોપમ ઉત્કૃષ્ટ સ્થિતિ છે, તે લાંતકમાં જઘન્ય સ્થિતિ છે.

**ભલામણને કહે છે—** એ પ્રમાણે સર્વાર્થસિદ્ધ સુધી જાણવું. અહીં આઙ્ અવ્યય મર્યાદા અર્થમાં છે. વિજયાદિ ચારમાં- વિજય, વૈજયંત, જયંત, અપરાજિત એ ચારમાં ઉત્કૃષ્ટ સ્થિતિ ૩૩ સાગરોપમ છે. આ પ્રમાણે

પછી પછીથી અનંતર પૂર્વ પૂર્વની જઘન્ય સ્થિતિ ત્યાં સુધી જાણવી કે જ્યાં સુધી પછી અને પૂર્વ એમ ઉભયનો સંભવ હોય. આથી જ વિજયાદિ ચારમાં જઘન્યસ્થિતિ ૩૧ જ સાગરોપમ છે. ઉત્કૃષ્ટ ૩૩ સાગરોપમ છે. કેમકે સૂત્રમાં મુખ્યવૃત્તિથી જ આ પ્રમાણે કહ્યું છે. પ્રજ્ઞાપના સૂત્રમાં કહ્યું છે કે, "હે ભગવંત ! વિજય, વૈજયંત, જયંત, અપરાજિત દેવોની સ્થિતિ કેટલા કાળની કહી છે ? હે ગૌતમ ! જઘન્યથી ૩૧ સાગરોપમ અને ઉત્કૃષ્ટથી ૩૩ સાગરોપમ સ્થિતિ કહી છે. સર્વાર્થસિદ્ધ વિમાનના દેવોની સ્થિતિના પ્રશ્નમાં જવાબ આ પ્રમાણે છે- હે ગૌતમ ! સર્વાર્થસિદ્ધ વિમાનોના દેવોની અજઘન્ય અનુત્કૃષ્ટ સ્થિતિ ૩૩ સાગરોપમ કહી છે."

આને ભાષ્યકાર કહે છે- 'सा' इत्यादि, વિજયાદિમાં જે ૩૩ સાગરોપમ ઉત્કૃષ્ટ સ્થિતિ છે તે અજઘન્ય-ઉત્કૃષ્ટ સ્થિતિ છે=જઘન્ય નહિ અને ઉત્કૃષ્ટ નહિ તેવી એક રૂપ જ સ્થિતિ સર્વાર્થસિદ્ધમાં છે. (૪-૪૨)

## नारकाणां च द्वितीयादिषु ॥४-४३॥

**સૂત્રાર્થ–** બીજીથી સાતમી નરક સુધીમાં પૂર્વ નરકભૂમિની જે ઉત્કૃષ્ટ સ્થિતિ છે, તે પછીની નરક ભૂમિની જઘન્ય સ્થિતિ છે. (૪-૪૩)

**भाष्यं–** नारकाणां च द्वितीयादिषु भूमिषु पूर्वा पूर्वा परा स्थितिरन्तरा परतः परतोऽपरा भवति । तद्यथा- रत्नप्रभायां नारकाणामेकं सागरोपमं परा स्थितिः सा जघन्या शर्कराप्रभायाम् । त्रीणि सागरोपमाणि परा स्थितिः शर्कराप्रभायाम्, सा जघन्या वालुकाप्रभायामिति । एवं सर्वासु । तमःप्रभायां द्वाविंशतिः सागरोपमाणि परा स्थितिः सा जघन्या महातमःप्रभायामिति ॥४-४३॥

**ભાષ્યાર્થ–** નારકોની બીજી આદિ પૃથ્વીમાં પૂર્વની ઉત્કૃષ્ટ સ્થિતિ પછી પછીની પૃથ્વીના નારકોની જઘન્ય સ્થિતિ થાય છે. તે આ પ્રમાણે- રત્નપ્રભામાં નારકોની ૧ સાગરોપમ ઉત્કૃષ્ટ સ્થિતિ છે, તે શર્કરાપ્રભામાં જઘન્ય સ્થિતિ છે. શર્કરાપ્રભામાં ૩ સાગરોપમ ઉત્કૃષ્ટ સ્થિતિ છે તે

વાલુકાપ્રભામાં જઘન્ય સ્થિતિ છે. એ પ્રમાણે બધી પૃથ્વીઓમાં જાણવું. તમઃપ્રભાપૃથ્વીમાં ૨૨ સાગરોપમ ઉત્કૃષ્ટ સ્થિતિ છે, તે મહાતમઃપ્રભામાં જઘન્ય સ્થિતિ છે. (૪-૪૩)

**टीका–** परतः परतः पूर्वा पूर्वाऽनन्तरेति सूत्रमुक्तसम्बन्धमेवेति न सम्बन्ध उक्तः, एतद्व्याचष्टे–'नारकाणां चे'त्यादिना, नारकाणां च, न केवलं देवानां, द्वितीयादिषु भूमिषु शर्कराद्यासु पूर्वा पूर्वा परा उत्कृष्टा स्थितिः सागरोपमादिलक्षणा, न व्यवहिता, किन्त्वनन्तरा, किमित्याह–परतः परतः अग्रतोऽग्रतः अपरा भवति, जघन्येत्यर्थः, एतदेव व्याचष्टे–'तद्यथे'त्यादिना निगदसिद्धं यावत् ॥४-४३॥

**ટીકાર્થ–** આ સૂત્રથી પૂર્વનું સૂત્ર परतः परतः पूर्वा पूर्वाऽन्तरा એવું છે. (એથી) સંબંધ કહેવાઈ જ ગયો હોવાથી સંબંધ કહ્યો નથી. नारकाणां च ઇત્યાદિથી જઘન્ય આયુષ્યને કહે છે- કેવળ દેવોની જ નહિ, કિંતુ નારકોની પણ શર્કરા વગેરે બીજી આદિ ભૂમિમાં પૂર્વ પૂર્વ નરક ભૂમિની સાગરોપમ આદિ જે ઉત્કૃષ્ટ સ્થિતિ છે, તે અનંતર પછી પછીની નરક ભૂમિની જઘન્ય સ્થિતિ છે. આને જ तद्यथा ઇત્યાદિથી જ કહે છે- રત્નપ્રભામાં નારકોની એક સાગરોપમ ઉત્કૃષ્ટ સ્થિતિ છે, તે શર્કરાપ્રભામાં જઘન્ય સ્થિતિ છે. શર્કરાપ્રભામાં ત્રણ સાગરોપમ ઉત્કૃષ્ટ સ્થિતિ છે, તે વાલુકાપ્રભામાં જઘન્ય સ્થિતિ છે. એ પ્રમાણે સર્વ પૃથ્વીઓમાં જાણવું. તમઃપ્રભા પૃથ્વીમાં ૨૨ સાગરોપમ ઉત્કૃષ્ટ સ્થિતિ છે તે મહાતમઃપ્રભામાં જઘન્ય સ્થિતિ છે.

तद्यथा ઇત્યાદિ ભાષ્ય બોલતાં જ સમજાઈ જાય તેવું છે. (૪-૪૩)

## दशवर्षसहस्राणि प्रथमायाम् ॥४-४४॥

**સૂત્રાર્થ–** પહેલી નરકભૂમિમાં જઘન્યસ્થિતિ ૧૦ હજાર વર્ષ છે. (૪-૪૪)

**भाष्यं–** प्रथमायां भूमौ नारकाणां दश वर्षसहस्राणि जघन्या स्थितिः ॥४-४४॥

**ભાષ્યાર્થ–** પહેલી પૃથ્વીમાં નારકોની જઘન્ય સ્થિતિ ૧૦ હજાર વર્ષ છે. (૪-૪૪)

**टीका–** एतदपि निगदसिद्धमेव ॥४-४४॥

**ટીકાર્થ–** આ સૂત્ર પણ બોલતાં જ સમજાઇ જાય તેવું છે. (૪-૪૪)

## भवनेषु च ॥४-४५॥

**સૂત્રાર્થ–** ભવનપતિનિકાયના દેવોની પણ જઘન્ય સ્થિતિ ૧૦ હજાર વર્ષ છે. (૪-૪૫)

**भाष्यं–** भवनवासिनां च दश वर्षसहस्राणि जघन्या स्थितिः ॥४-४५॥

**ભાષ્યાર્થ–** ભવનવાસી દેવોની જઘન્ય સ્થિતિ ૧૦ હજાર વર્ષ છે. (૪-૪૫)

**टीका–** एवं भवनेषु चेत्याद्यपि ॥४-४५॥

**ટીકાર્થ–** એ પ્રમાણે 'भवनेषु च' ઇત્યાદિ પણ બોલતાં જ સમજાઇ જાય તેવું છે. (૪-૪૫)

## व्यन्तराणां च ॥४-४६॥

**સૂત્રાર્થ–** વ્યંતર નિકાયના દેવોની પણ જઘન્ય સ્થિતિ ૧૦ હજાર વર્ષ છે. (૪-૪૬)

**भाष्यं–** व्यन्तराणां च देवानां दश वर्षसहस्राणि जघन्या स्थितिः ॥४-४६॥

**ભાષ્યાર્થ–** વ્યંતર દેવોની જઘન્ય સ્થિતિ ૧૦ હજાર વર્ષ છે. (૪-૪૬)

**टीका–** एवं 'व्यंतराणां चे'ति ॥४-४६॥

**ટીકાર્થ–** એ પ્રમાણે 'व्यन्तराणां च' બોલતાં જ સમજાઇ જાય તેવું છે. (૪-૪૬)

**परा पल्योपमम् ॥४-४७॥**

**સૂત્રાર્થ–** વ્યંતર દેવોની ઉત્કૃષ્ટ સ્થિતિ ૧ પલ્યોપમ છે. (૪-૪૭)

**भाष्यं–** व्यन्तराणां परा स्थितिः पल्योपमं भवति ॥४-४७॥

**ભાષ્યાર્થ–** વ્યંતરોની ઉત્કૃષ્ટ સ્થિતિ ૧ પલ્યોપમ છે. (૪-૪૭)

**टीका–** एवं 'परा पल्योपमे'त्यादि, सर्वं ससूत्रं भाष्यं निगदसिद्धं यावत् अध्यायपरिसमाप्तिरिति ॥४-४७॥

**ટીકાર્થ–** એ પ્રમાણે 'परा पल्योपमम्' ઇત્યાદિ અધ્યાયની પૂર્ણતા સુધીનું બધુંય સૂત્ર સહિત ભાષ્ય બોલતાં જ સમજાઇ જાય તેવું છે. (૪-૪૭)

**ज्योतिष्काणामधिकम् ॥४-४८॥**

**સૂત્રાર્થ–** જ્યોતિષ્ક દેવોની ઉત્કૃષ્ટ સ્થિતિ કંઇક અધિક એક પલ્યોપમ છે. (૪-૪૮)

**भाष्यं–** ज्योतिष्काणां देवानामधिकं पल्योपमं परा स्थितिर्भवति ॥४-४८॥

**ભાષ્યાર્થ–** જ્યોતિષ્ક દેવોની ઉત્કૃષ્ટ સ્થિતિ સાધિક એક પલ્યોપમ છે. (૪-૪૮)

(**વિશેષાર્થ–** ગ્રહ, નક્ષત્ર અને તારાની ઉત્કૃષ્ટ સ્થિતિ આગળ કહેવાના હોવાથી અહીં સૂર્ય અને ચંદ્રની ઉત્કૃષ્ટ સ્થિતિ જણાવી છે. સૂર્યની હજાર વર્ષ અધિક ૧ પલ્યોપમ અને ચંદ્રની લાખ વર્ષ અધિક એક પલ્યોપમ ઉત્કૃષ્ટ સ્થિતિ છે.)

**ग्रहाणामेकम् ॥४-४९॥**

**સૂત્રાર્થ–** ગ્રહોની ઉત્કૃષ્ટ સ્થિતિ એક પલ્યોપમ છે. (૪-૪૯)

**भाष्यं–** ग्रहाणामेकं पल्योपमं स्थितिर्भवति ॥४-४९॥

**ભાષ્યાર્થ–** ગ્રહોની ઉત્કૃષ્ટ સ્થિતિ ૧ પલ્યોપમ છે. (૪-૪૯)

**नक्षत्राणामर्धम् ॥४-५०॥**

**સૂત્રાર્થ–** નક્ષત્રોની ઉત્કૃષ્ટ સ્થિતિ અર્ધ પલ્યોપમ છે. (૪-૫૦)

**भाष्यं–** नक्षत्राणां देवानां पल्योपमार्धं परा स्थितिर्भवति ॥४-५०॥

**ભાષ્યાર્થ–** નક્ષત્ર દેવોની ઉત્કૃષ્ટ સ્થિતિ અડધો પલ્યોપમ છે. (૪-૫૦)

**तारकाणां चतुर्भागः ॥४-५१॥**

**સૂત્રાર્થ–** તારાઓની ઉત્કૃષ્ટ સ્થિતિ પા(=૧/૪) પલ્યોપમ છે. (૪-૫૧)

**भाष्यं–** तारकाणां च पल्योपमचतुर्भागः परा स्थितिः ॥४-५१॥

**ભાષ્યાર્થ–** તારાઓની ઉત્કૃષ્ટ સ્થિતિ પા (૧/૪) પલ્યોપમ છે. (૪-૫૧)

**जघन्या त्वष्टभागः ॥४-५२॥**

**સૂત્રાર્થ–** તારાઓની જઘન્ય સ્થિતિ ૧/૮ પલ્યોપમ છે. (૪-૫૨)

**भाष्यं–** तारकाणां तु जघन्या स्थितिः पल्योपमाष्टभागः ॥४-५२॥

**ભાષ્યાર્થ–** તારાઓની જઘન્ય સ્થિતિ પલ્યોપમનો આઠમો ભાગ (૧/૮ પલ્યોપમ) છે. (૪-૫૨)

**चतुर्भागः शेषाणाम् ॥४-५३॥**

**સૂત્રાર્થ–** શેષ જ્યોતિષ્ક દેવોની જઘન્ય સ્થિતિ પા(=૧/૪) પલ્યોપમ છે. (૪-૫૩)

**भाष्यं–** तारकाभ्यः शेषाणां ज्योतिष्काणां चतुर्भागः पल्योपमस्यापरा स्थितिः ॥४-५३॥

**ભાષ્યાર્થ–** તારાઓ સિવાયના જ્યોતિષ્ક દેવોની જઘન્ય સ્થિતિ પલ્યોપમનો ૪થો ભાગ(=૧/૪ પલ્યોપમ) છે. (૪-૫૩)

આ પ્રમાણે સ્વોપજ્ઞ ભાષ્ય સહિત તત્ત્વાર્થાધિગમ સૂત્રમાં ચોથો અધ્યાય પૂર્ણ થયો.

(**વિશેષાર્થ–** તારાઓની જઘન્ય સ્થિતિ ઉપરના સૂત્રમાં કહી હોવાથી શેષ તરીકે જ્યોતિષ્કના ચાર ભેદો રહે છે. ચાર ભેદોમાં પણ સૂર્ય-ચંદ્ર ઇંદ્રોની, તેમની ઇંદ્રાણીઓની અને વિમાનાધિપતિ દેવોની જઘન્ય સ્થિતિ નથી. આથી અહીં શેષ તરીકે સૂર્યાદિ ચારના વિમાનોમાં રહેનારા સામાન્ય દેવો સમજવા.)

॥ आचार्यहरिभद्रोद्धृतायां श्रीतत्त्वार्थडुपडुपिकावृत्तौ चतुर्थोऽध्यायः समाप्तः ॥

## ભાવાનુવાદકારની પ્રશસ્તિ

આ પ્રમાણે પ.પૂ. આચાર્ય શ્રી હરિભદ્રસૂરિ મહારાજા વડે શરૂ કરાયેલી (અને છઠ્ઠા અધ્યાયના ૨૩મા સૂત્રમાં विनयसम्पन्नता પદ સુધી પૂર્ણ કરાયેલી) પછી છઠ્ઠા અધ્યાય સુધી આચાર્ય શ્રી યશોભદ્રસૂરિ વડે પૂર્ણ કરાયેલી અને ત્યાર પછી(=સાતમા અધ્યાયથી બાકી રહેલી ટીકા) તેમના શિષ્ય વડે પૂર્ણ કરાયેલી તત્ત્વાર્થાધિગમ સૂત્રની **ચોથા અધ્યાય**ની ડુપડુપિકા નામની ટીકાનો સિદ્ધાંત મહોદધિ પરમ પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજાના પટ્ટાલંકાર પરમ ગીતાર્થ પરમ પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય હીરસૂરીશ્વરજી મહારાજાના પટ્ટાલંકાર ગચ્છસ્થવિર પરમ પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય લલિતશેખર-સૂરીશ્વરજી મહારાજાના પટ્ટાલંકાર પંચસૂત્ર, પંચવસ્તુ, પંચાશક, ધર્મબિંદુ, યોગબિંદુ, ઉપદેશપદ, ઉપદેશમાલા (પુષ્પમાલા), શ્રાદ્ધદિનકૃત્ય, વીતરાગસ્તોત્ર, શીલોપદેશમાલા, અષ્ટક પ્રકરણ, નવપદ પ્રકરણ, યોગદૃષ્ટિ સમુચ્ચય, શ્રાવકધર્મવિધિપ્રકરણ, ચૈત્યવંદન મહાભાષ્ય, યતિલક્ષણ સમુચ્ચય, ગુરુતત્ત્વવિનિશ્ચય, સંબોધ પ્રકરણ, પ્રશમરતિ પ્રકરણ, શ્રાવક પ્રજ્ઞપ્તિ આદિ અનેક ગ્રંથોના ભાવાનુવાદકાર પરમ પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય રાજશેખરસૂરીશ્વરજી મહારાજકૃત ગુર્જર (ગુજરાતી) ભાવાનુવાદ પૂર્ણ થયો.

## ચોથો અધ્યાય

देवाश्चतुर्निकायाः ॥४-१॥

तृतीयः पीतलेश्यः ॥४-२॥

दशा-ऽष्ट-पञ्च-द्वादश-विकल्पाः कल्पोपपन्नपर्यन्ताः ॥४-३॥

इन्द्र-सामानिक-त्रायस्त्रिंश-पारिषद्या-ऽऽत्मरक्ष-लोकपाला-ऽनीक-
प्रकीर्णका-ऽऽभियोग्य-किल्बिषिकाश्चैकशः ॥४-४॥

त्रायस्त्रिंश-लोकपालवर्ज्या व्यन्तर-ज्योतिष्काः ॥४-५॥

पूर्वयोर्द्वीन्द्राः ॥४-६॥

पीतान्तलेश्याः ॥४-७॥

कायप्रवीचारा आ ऐशानाद् ॥४-८॥

शेषाः स्पर्श-रूप-उऽशब्द-मनःप्रवीचारा द्वयोर्द्वयोः ॥४-९॥

परेऽप्रवीचाराः ॥४-१०॥

भवनवासिनो-ऽसुर-नाग-विद्युत्-सुपर्णा-ऽग्नि-वात-
स्तनितोदधि-द्वीप-दिक्कुमाराः ॥४-११॥

व्यन्तराः किन्नर-किम्पुरुष-महोरग-गन्धर्व-यक्ष-राक्षस-
भूत-पिशाचाः ॥४-१२॥

ज्योतिष्काः सूर्याश्चन्द्रमसो ग्रह-नक्षत्र-प्रकीर्णतारकाश्च ॥४-१३॥

मेरुप्रदक्षिणा नित्यगतयो नृलोके ॥४-१४॥

तत्कृतः कालविभागः ॥४-१५॥

बहिरवस्थिताः ॥४-१६॥

वैमानिकाः ॥४-१७॥

कल्पोपपन्नाः कल्पातीताश्च ॥४-१८॥

उपर्युपरि ॥४-१९॥

सौधर्मेशान-सनत्कुमार-माहेन्द्र-ब्रह्मलोक-लान्तक-महाशुक्र-सहस्रारेष्वानत-प्राणतयोरारणाच्युतयोर्नवसु ग्रैवेयकेषु विजय-वैजयन्त-जयन्ता-ऽपराजितेषु सर्वार्थसिद्धे च ॥४-२०॥

स्थिति-प्रभाव-सुख-द्युति-लेश्या-विशुद्धीन्द्रियावधि-विषयतो-ऽधिकाः ॥४-२१॥

गति-शरीर-परिग्रहाभिमानतो हीनाः ॥४-२२॥

पीत-पद्म-शुक्ललेश्या द्वि-त्रि-शेषेषु ॥४-२३॥

प्राग् ग्रैवेयकेभ्यः कल्पाः ॥४-२४॥

ब्रह्मलोकालया लोकान्तिकाः ॥४-२५॥

सारस्वता-ऽऽदित्य-वह्न्य-ऽरुण-गर्दतोय-तुषिता-ऽव्याबाध-मरुतः (अरिष्ठाश्च) ॥४-२६॥

विजयादिषु द्विचरमाः ॥४-२७॥

औपपातिकमनुष्येभ्यः शेषास्तिर्यग्योनयः ॥४-२८॥

स्थितिः ॥४-२९॥

भवनेषु दक्षिणार्धाधिपतीनां पल्योपममध्यर्धम् ॥४-३०॥

शेषाणां पादोने ॥४-३१॥

असुरेन्द्रयोः सागरोपममधिकं च ॥४-३२॥

सौधर्मादिषु यथाक्रमम् ॥४-३३॥

सागरोपमे ॥४-३४॥

अधिके च ॥४-३५॥

सप्त सनत्कुमारे ॥४-३६॥

विशेष-त्रि-सप्त-दशैकादश-त्रयोदश-पञ्चदशभिरधिकानि च ॥४-३७॥

आरणाच्युतादूर्ध्वमेकैकेन नवसु ग्रैवेयकेषु विजयादिषु सर्वार्थसिद्धे च ॥४-३८॥

अपरा पल्योपममधिकं च ॥४-३९॥

सागरोपमे ॥४-४०॥

अधिके च ॥४-४१॥

परतः परतः पूर्वा पूर्वाऽनन्तरा ॥४-४२॥

नारकाणां च द्वितीयादिषु ॥४-४३॥

दशवर्षसहस्राणि प्रथमायाम् ॥४-४४॥

भवनेषु च ॥४-४५॥

व्यन्तराणां च ॥४-४६॥

परा पल्योपमम् ॥४-४७॥

ज्योतिष्काणामधिकम् ॥४-४८॥

ग्रहाणामेकम् ॥४-४९॥


नक्षत्राणामर्धम् ॥४-५०॥


तारकाणां चतुर्भागः ॥४-५१॥


जघन्या त्वष्टभागः ॥४-५२॥


चतुर्भागः शेषाणाम् ॥४-५३॥


## વિદ્વદ્વર્ય પરમ પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય રા




















































# રાજશેખરસૂરીશ્વરજી મહારાજા આદિએ કરેલું સાહિત્ય સર્જન




(બે ભાગ)



Tejas Printers
AHMEDABAD M. 98253 47620